
# પ્રભુપ્રાપ્તિનો પંથ




-શ્રી યોગેશ્વરજી

## NOTICE

### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*

E-book

| | |
|---|---|
| Title | : Prabhu Prapti no Panth |
| Language | : Gujarati |
| Version | : 2.0 |
| Pages | : 117 |
| Created | : April 14, 2008. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી


(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



### શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બાગને સૌરભ ધરીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બાગને સલિલ ધરીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ બાગને જ્યોતિ ધરીએ.
જીવન એક યાત્રા, વિરાટ યાત્રા,
એના યાત્રી બનીને બાગને યાત્રા કરીએ

યોગેશ્વરના આશિષ

**<u>અનુક્રમણિકા</u>**


૧. આધ્યાત્મિકતાની આવશ્યકતા
૨. વર્તમાનકાળમાં કેવા ધર્મની જરૂર?
૩. અસંગશસ્ત્રની અનિવાર્યતા
૪. ઈશ્વર-સાક્ષાત્કારની આવશ્યકતા
૫. ઈશ્વરનો સાક્ષાત્કાર
૬. આવશ્યકતા છે સ્ત્રીશક્તિની
૭. ગુરૂની આવશ્યકતા છે કે નહીં ?
૮. ગૃહસ્થાશ્રમ
૯. ઈશ્વરની અસીમ શક્તિમાં વિશ્વાસ
૧૦. ત્રણ દુર્લભ વસ્તુઓ
૧૧. માનવજીવન
૧૨. ધર્માનુષ્ઠાન
૧૩. કેળવણી એટલે
૧૪. વિદ્યા
૧૫. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર
૧૬. શાંતિનું રહસ્ય
૧૭. વિચારની શક્તિ
૧૮. જીવનધોરણ
૧૯. ઉષઃકાળ
૨૦. ત્રણ મહામંત્રો
૨૧. ગ્રામસુધારણા
૨૨. દહેજપ્રથા
૨૩. કાગડા જેવા કે કૂતરા જેવા ?
૨૪. રામનવમી
૨૫. શ્રાવણી
૨૬. નૂતનવર્ષ - દીવાળી
૨૭. ભગવાન બુદ્ધની ભૂમિ
૨૮. સામ્યવાદીઓના ઈશ્વર
૨૯. મધમાખી બનો
૩૦. સ્થિતિ
૩૧. શાંતિનો ઉપાય
૩૨. સંસ્કારોના સિંચનનો સમય
૩૩. વિચાર અને આચાર
૩૪. કર્તવ્યપાલન
૩૫. કેળવણી
૩૬. આશીર્વાદરૂપ અવસ્થા
૩૭. બ્રાહ્મી સ્થિતિ
૩૮. વદનં પ્રસાદસદનમ્
૩૯. જીવનયાત્રા
૪૦. માયા
૪૧. મનનું મહત્વ
૪૨. અનાસક્તિ
૪૩. જ્ઞાનના પ્રકાર
૪૪. અધ્યાત્મયોગનું અનુષ્ઠાન
૪૫. સિદ્ધાંતનિષ્ઠા
૪૬. સરળ સાધનો
૪૭. સંગ
૪૮. રામનવમી વિશે
૪૯. શ્રેય અને પ્રેય
૫૦. એક સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ
૫૧. ઈશ્વર
૫૨. શાંતિની સમસ્યા
૫૩. પ્રજ્ઞાવાદ
૫૪. દૃષ્ટિપૂતં ન્યસેત પાદમ્
૫૫. સા વિદ્યા યા વિમુક્તયે
૫૬. શાંતિની વિચારણા
૫૭. સાધનાનો સમન્વય
૫૮. વિચારોની શક્તિ
૫૯. દેવતાનું દર્શન
૬૦. ધર્મસ્ય તત્વં નિહિતં ગુહાયામ્

૬૧. જીવનો પુણ્યપ્રવાસ
૬૨. દુરાચાર
૬૩. ભાડૂતી ઘર
૬૪. સહયોગ
૬૫. ભક્તિના પ્રકાર


☼ ☼ ☼ ☼ ☼

## 1. આધ્યાત્મિકતાની આવશ્યકતા

માણસ એવી શક્તિ મેળવે કે શોધ કરે જેના પ્રભાવથી એ આકાશમાં ઊડી શકે, બીજાના મનની વાત કરી શકે, દીર્ઘાયુ બની શકે, સુખોપભોગનાં સઘળાં સાધનો વસાવી શકે, પ્રકૃતિનાં તત્વોને નાથી શકે, અને ભૂતભાવિના પડદાને હઠાવી શકે, તો પણ શું ? એ કદાચ સર્વ પ્રકારના જ્ઞાનવિજ્ઞાનના સંગ્રહ જેવો બની જાય તો પણ શું ? ભૌતિકક્ષેત્રે એ બધી સિદ્ધિઓનું મહત્વ જરૂર મનાવાનું પરંતુ આત્મિક ક્ષેત્રે માનવ જેને માટે તલસે છે એ બધું એથી એને ભાગ્યે જ મળવાનું. જે શાંતિ, સુખ, આનંદ, સ્વતંત્રતા, મુક્તિ કે પૂર્ણતાને માટે એ ઝંખે છે, એની સિદ્ધિ માટે તો એણે બીજી દિશામાં જ પ્રયાસ કરવો પડવાનો. એના વિના એ ઝંખના સફળ નહિ જ થઈ શકવાની.

જ્યાં સુધી માણસ પોતે સદગુણ, સદવિચાર ને સત્કર્મની મૂર્તિ નથી બન્યો અથવા એને માટેની કોશિશ પણ નથી કરતો; જ્યાં સુધી પોતાના મન ને પોતાની ઈન્દ્રિયો પર કાબૂ કરવાનો પ્રયત્ન નથી કરતો; વિશાળ, ઉદાર, સેવાપરાયણ તથા સ્નેહમય નથી બનતો; અને સંસારની વિનાશીતા તેમજ વિષયોની ક્ષણભંગુરતાને સમજીને મનને તેમાંથી પાછું વાળીને અવિનાશી ઈશ્વરમાં નથી પરોવતો; ત્યાં સુધી એનું જીવન મંગલ નથી થઈ શકતું. અને એ બીજાનું મંગલ પણ નથી કરી શકતો.

આપણા અને બીજાના જીવનને સુખમય કરવા માટે આપણે આદર્શ માનવ થવાની તથા આ પૃથ્વી પર સ્નેહ, સંપ તેમજ સહકારથી આદર્શ રીતે જીવવાની જરૂર છે. એનું નામ જ ધર્મ. ધર્મ અથવા આધ્યાત્મિકતા એ મંગલમય કામમાં મદદરૂપ થાય છે માટે જ એની મહત્તા છે. અને એનો અનાદર કરનારે જાણવું જોઈએ કે, આજે એની આવશ્યકતા સૌથી વધારે છે - માનવધર્મની આવશ્યકતા. માનવની પાસે બીજું બધું હશે પરંતુ એના પોતાના સહજ ધર્મ જેવી માનવતા નહીં હોય તો એ બધું એને સંપૂર્ણ સૂખ-શાંતિ નહી આપી શકે અને સંસારને સ્વર્ગીય પણ નહીં કરી શકે.

☼ ☼ ☼ ☼ ☼

## 2. વર્તમાન કાળમાં કેવા ધર્મની જરૂર છે?

વર્તમાન કાળ ચિંતનનો ને મંથનનો કાળ છે. કોઈ એને વૈજ્ઞાનિક ઉત્કર્ષનો કાળ કહે છે તો કોઈ બુદ્ધિવાદનો. એ કાળને સંક્રાતિ કાળ તરીકે પણ ઓળખવામાં આવે છે, અસ્થિરતાનો કાળ પણ કહેવામાં આવે છે, અથવા તો લોકશાહીના ઉદયકાળ તરીકે પણ એનો ઉલ્લેખ કરવામાં આવે છે. નીતિ, ધર્મ કે આધ્યાત્મિકતાનાં મૂલ્યોના નાશના કાળ તરીકે પણ એનો નિર્દેશ નથી થતો એમ નહીં. ઘણાયે વાસ્તવવાદી વિચારકોનું માનવું છે કે વર્તમાન પ્રજામાંથી ધર્મની રસવૃત્તિ, રુચિ કે શ્રદ્ધા ઓસરતી જાય છે. ખાસ કરીને સુશિક્ષિત કહેવાતી નવી પેઢીની અંદર ધર્મની ભાવના ડગમગતી જાય છે. એને ધર્મના અનુષ્ઠાનમાં એટલી બધી આસ્થા નથી રહી.

એ પરિસ્થિતિથી ધર્મોપાસકોમાંના કેટલાય સ્વભાવિક રીતે જ સચિંત બન્યા છે. તેમને થાય છે કે શાસ્ત્રોમાં જે ઘોર કલિકાળનું વર્ણન કરવામાં આવ્યું છે તે કલિકાળ એની પરિસીમાએ પહોંચ્યો કે શું ? અથવા તો ધરતી હવે રસાતાળ જવા બેઠી ? એમની ચિંતા તદ્દન અસ્થાને છે એવું નહિ કહી શકાય. તેમની વ્યગ્રતામાં વર્તમાન પરિસ્થતિનો પડઘો પડે છે એ સાચું છે. પરંતુ એ પણ સાચું છે કે કેવળ વ્યગ્ર બનવાથી કાંઈ જ નહિ વળે અથવા તો વિશેષ હેતુ નહિ સરે. પરિસ્થિતિ જેવી છે તેવી છે, અને કંઈક અંશે ગંભીર છે એ પણ સાચું. પરંતુ એમાંથી માર્ગ કાઢ્યા વિના અને એના પર ઊંડો વિચાર કર્યા વિના નથી ચાલે તેમ. એટલે જ કહું છું કે પ્રજાની અંદર ધર્મની શ્રદ્ધા નથી અથવા તો ઓસરતી જાય છે એવી ફરિયાદ કે ચિંતા કર્યા કરવાને બદલે પ્રજાને કેવા ધર્મની જરૂર છે અને પ્રજાએ કેવા ધર્મમાં રુચિ રાખવી જોઈએ, તેનો વિચાર કરવાની અથવા તો તેની રૂપરેખા દોરી બતાવવાની જરૂર છે. સંભવ છે કે એ પ્રવૃત્તિ લાભકારક થઈ શકે.

વર્તમાનકાળમાં કેવા ધર્મની આવશ્યકતા છે ? મને લાગે છે કે બાહ્ય રૂપરંગ ને ક્રિયાકાંડ પર બહુ ભાર મુકવાને બદલે ધર્મને જો જીવનોપયોગી, લોકપ્રિય ને વર્તમાનકાળ સાથે બંધબેસતો બનાવવો હશે, તો તેની જીવનશુદ્ધિની શક્યતા ને શક્તિ પર આપણે વધારે ભાર મૂકવો જોઈએ. એ શક્તિ ને શક્યતાનું વિસ્મરણ થાય અથવા તો એની ઉપેક્ષા કરવામાં આવે તે કોઈનાય હિતમાં નથી. છતાં પણ આજે એના તરફ દુર્લક્ષ થઈ રહ્યું છે - એ વાત સાચી છે.

કોઈ પણ ધર્મ માણસને કેટલે અંશે માણસ બનાવી શકે છે અને માનવતાના ઉચ્ચ ગુણધર્મોથી યુક્ત કરે તેના પરથી એની કિંમત નક્કી કરી શકાય છે. એની મહત્તા પણ એના પરથી જ આંકી શકાય છે. નાના કે મોટા, સાધારણ કે અસાધારણ દરેક ધર્મમાં ઓછાવત્તા પ્રમાણમાં એવી શક્તિ હોય છે જ. એમાં માનનાર અને એને આચનાર એનો લાભ કેટલા પ્રમાણમાં લે છે અને એની મદદથી કેટલા પ્રમાણમાં આગળ વધે છે એના પર બધો આધાર રહેતો હોય છે. ધર્મના જીવનશુદ્ધિના અગત્યના અંગ તરફ જેટલું પણ ધ્યાન આપવામાં આવે એટલું ઓછું છે. પ્રજાનું લક્ષ એના તરફ જેટલું પણ વધારે પ્રમાણમાં ખેંચવામાં આવે એટલું લાભકારક છે. વર્તમાન પ્રજાને નીતિનાં મૂળ તત્વોની અનિવાર્ય આવશ્યકતા છે. સત્ય, દયા, સંયમ, સંપ, સહકાર ને શુદ્ધિનું બળ એમાંથી ઓછું થતું જાય છે. એને લીધે વ્યક્તિ તથા સમષ્ટિનું જીવન કથળી ગયું છે. જીવનને સુદૃઢ બનાવવા માટે ધર્મના હૃદય જેવા નીતિનાં મૂળ તત્વો એની આગળ રજૂ કરવાં પડશે

અને એને એમાં રસ લેતો કરવો રહેશે. માણસ કયો ધર્મ પાળે છે કે કયા ધર્મમાં માને છે તે મહ્ત્વનું નથી, પરંતુ એ આ મૂળભૂત વાતનો, ધર્મના હૃદયનો સ્વીકાર કરે છે કે નહીં એ જ મહ્ત્વનું છે. કેમ કે એના જીવનવિકાસની સાથે એનો સંબંધ વિશેષ છે. એ વધારે ઉપયોગી છે.

એટલે વર્તમાન પ્રજાને આપણે ધર્મના હૃદયને, નીતિનાં મૂળ તત્વોને સમજાવવાની જરૂર છે. એનો આગ્રહ એ કેળવતી થાય એવી પ્રેરણા એને પૂરી પાડવાની છે એ પદ્ધતિ એને માટે આશીર્વાદરૂપ થઈ પડશે ને સર્વસ્વીકૃત જેવી થશે.

ધર્મને નામે ભેદભાવ ઊભા કરનારી, ઘર્ષણો જન્માવનારી, ચડસાચડસીમાં પડનારી તેમજ પક્ષાપક્ષીને પ્રબળ કરનારી પ્રવૃત્તિઓ હવે નહી ચાલે. એવી વૃત્તિ તથા પ્રવૃત્તિઓ અળખામણી થઈ ચૂકી છે, અળખામણી થતી જાય છે અને વિશેષ અળખામણી થઈ પડશે. વર્તમાન પ્રજા એ પદ્ધતિનું સમર્થન, પોષણ નહીં કરી શકે. આજે મનુષ્યનું મન એક વિશ્વના સિદ્ધાંત તરફ વળતું જાય છે ત્યારે ધર્મનું કર્તવ્ય પણ એ જ થઈ પડે છે કે એ આ અવનીમાં દેખાતી સપાટી પરની ભિન્નતાની અંદર જે અભિન્નતા કે એકતાની મંગલમય વીણા વાગી રહી છે તેની તરફ સૌનું લક્ષ ખેંચે અને એ રીતે જગતના જુદાજુદા જીવોમાં ભ્રાતૃભાવના કેળવવામાં સહકાર આપે. અંદર અંદરની સ્પર્ધાઓ, ચડસાચડસી, સંકુચિતતા તથા તિરસ્કારવૃત્તિને એ પોષે નહીં. પરંતુ એનો વિરોધ તથા પ્રતિકાર કરે. એવો ધર્મ જ આજે આવશ્યક છે, અને કલ્યાણકારક પણ એ જ થઈ શકશે. ધર્મની અંદર એની શક્તિ રહેલી છે ને એનો જેટલો પણ લાભ લેવાય એટલો ઓછો છે.

મનુષ્યજીવન તથા મનુષ્યની પાસે જે છે તે બધું એના પોતાના જ સુખપભોગ માટે ના હોઈ શકે, પરંતુ એમાં બીજાનો હિસ્સો પણ હોય, અને બીજાના હિતને માટે પણ એનો ઉપયોગ થવો જોઈએ. એ હકિકત પ્રત્યેક સુસંસ્કૃત ધર્મે સ્વીકારેલી છે. એ હકીકતનું સ્મરણ આજની ને ભવિષ્યની બધી જ પ્રજાને માટે ઉપયોગી છે. વિવેકી અને અવિવેકી મનુષ્યમાં મુખ્ય તફાવત એટલો જ છે કે અવિવેકી મનુષ્ય કેવળ પોતાના સ્વાર્થ સારું શ્વાસ લે છે, જ્યારે વિવેકી મનુષ્ય પોતાના જીવનવિકાસનો વિચાર તો કરતો જ હોય છે, પરંતુ બીજાને માટે પણ જીવતો હોય છે. પોતાની પાસે જે કાંઈ છે તેનો ઉપયોગ બીજાને માટે કરવા તે તત્પર રહે છે. તેની કેટલીક વિશેષતાઓમાંની એક એ પણ હોય છે. આજની અને આવતીકાલની પ્રજા એ વિશેષતાને પોતાના જીવનમાં ધારણ કરે, મૂર્તિમાન બનાવે કે ઉતારે તે જરૂરી છે. એથી હિત જ સધાશે એ નક્કી છે.

આનો અર્થ શું થાય તે જાણો છો ? સેવાભાવ કે સહકાર. **'सहनो भुनक्तु'** 'સાથે મળીને ભોગવીએ' ની ઉક્તિમાં ઉપનિષદના પ્રાત:સ્મરણીય ઋષિએ એ ભાવના વણી લીધી છે. એ ધર્મભાવનાને આજની પ્રજા પસંદ કરશે. પસંદ કરશે એટલું જ નહી, પરંતુ તે પ્રમાણે ચાલશે, તેને જીવનમાં ઉતારશે, તો જીવન જ્યોતિર્મય થશે ને ધન્ય બનશે. જ્યાં જ્યાં એ સદભાવના ફરી વળશે ત્યાં ત્યાં પરિણામ મંગલ આવશે એમાં શંકા નથી.

ધર્મના આવા સર્વોપયોગી મૂળ તત્વો પર ભાર મૂકવામાં આવે તો ધર્મની આવશ્યકતા સમજાયા વિના નહિ રહે અને તે લોકપ્રિય થશે. નવી પેઢી તેને જરૂર સ્વીકારશે. આજે એવા જીવનોપયોગી ધર્મની જ જરૂર છે.

## ૩. અસંગશસ્ત્રની અનિવાર્યતા

શ્રીમદ્ ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને અને એની દ્વારા સમસ્ત જનસમાજને, એક નવા જ શસ્ત્રના ઉપયોગની ભલામણ કરી છે. એ વખતના, આજના અને સર્વકાળના સંસારને માટે એ શસ્ત્ર આમ અજાયબીમાં નાખી દે એવું અસરકારક, અવનવું તથા અનોખું છે. એ શસ્ત્ર કયું છે તે જાણો છો ? અસંગશસ્ત્ર. ભગવાન શ્રીકૃષ્ણે એને વાપરવાની ભલામણ કરતાં કહ્યું છે કે આ સંસારરૂપી વૃક્ષની શાખાઓ ઉપર અને નીચે બધે જ ફેલાયેલી છે. તે શાખાઓ પ્રકૃતિના ત્રણ ગુણોથી ફાલેફૂલે છે. એ વિશાળ સંસારવૃક્ષના આદિઅંતનો તથા રૂપનો તાગ સહેલાઈથી નથી મેળવી શકાતો. એનો પાર પામવાનું કામ અતિશય કપરું છે. કેવળ અસંગશસ્ત્રથી જ એ વૃક્ષનું છેદન કરી શકાય છે. માટે અસંગશસ્ત્રને ધારણ કરીને એને કાપવા કે નિર્મૂળ કરવા માટે તૈયાર થઈ જવું. અસંગશસ્ત્રથી સજ્જ થનારા વિવેકી પુરુષને એ વૃક્ષનો ભય નથી રહેતો.

પરંતુ અસંગશસ્ત્ર એટલે શું ? માણસો કહેશે કે આ શસ્ત્ર તો તદ્દન નવું છે. આ શસ્ત્ર વિશે તો અત્યાર સુધી સાંભળ્યું જ ન હતું. બીજા ઘણાંયે શસ્ત્રોનાં નામ સાંભળ્યા છે પરંતુ આ શસ્ત્ર તો કોઈ જુદી જ જાતનું લાગે છે. ગીતાએ વળી આવું શસ્ત્ર ક્યાંથી કાઢ્યું ? બરાબર છે. શસ્ત્ર જુદી જ જાતનું એ સાચું છે છતાં પણ ખૂબ જ ઉપયોગી, આવશ્યક અથવા કિમતી છે, તેથી તેનો પરિચય કર્યા વિના નહીં ચાલે. તેની માહિતી મેળવવી જ પડશે. બીજા શસ્ત્રોની જેમ આ અસંગ-શસ્ત્ર કોઈ યુદ્ધભૂમિમાં લડવા માટે કામ લાગનારું બહારનું શસ્ત્ર નથી, પરંતુ તે અંદરનું શસ્ત્ર છે. એની ઉત્પત્તિ મનની અંદર જ થાય છે, અને મનની અંદર એનો વાસ હોય છે. કોઈ બહારની યુદ્ધભૂમિમાં નહી, પરંતુ અંદરની યુદ્ધભૂમિમાં જે સનાતન સંઘર્ષ ચાલ્યા કરે છે તેમાં લડવા માટે એ કામ લાગે છે. મનને દ્વંદ્વોથી મુક્ત કરે છે. અહંતા, મમતા અને આસક્તિના પાશમાંથી છોડાવે છે, શાંતિ આપે છે. પરમાત્મા-પરાયણ કરે છે. અને સંસારમાં રહેવા છતાં માણસના અંતરઆત્માને સંસારની પ્રવૃત્તિઓથી ખરડાવા નથી દેતું. માણસના મન અને અંતરને એ સંસારથી પર રાખે છે અને સંસારના સુખાસ્વાદમાં સંતૃપ્ત થઈને ભાન ભૂલીને બેસી રહેતાં બચાવે છે. એની આગળ એ જીવનની પૂર્ણતાના મૂળભૂત ને મહાન ધ્યેયને રજૂ કરે છે ને શક્તિ આપે છે. એ શસ્ત્રનો સમ્યક ઉપયોગ કરનારની દશા કેવી અનેરી થઈ જાય છે તે જાણો છો ? પેલા પ્રખ્યાત ભક્તકવિએ પોતાની આવી જ પ્રસિદ્ધ કાવ્યપંક્તિમાં કહ્યું છે કે, 'અગ્નિને ઉધઈ ન લાગે, મહામણિને મેલ જોને' તેના જેવી. અગ્નિને ઉધઈની અસર નથી ને મહામણીને મેલ નથી લાગતો ! તેવી રીતે એ શસ્ત્રના પ્રયોગમાં સિદ્ધહસ્ત થનાર પુરુષને સંસારનો મેલ નથી લાગતો અને સંસારની ઉધઈની અથવા તો વિકૃતિઓની અસર પણ નથી થતી. એ એમનાથી અલિપ્ત રહે છે.

ગીતાના બીજા અધ્યાયની ભાષામાં કહીએ તો એ સ્થિતપ્રજ્ઞ બની જાય છે. ગુરુ નાનક એવા પુરુષનો પરિચય આપતાં કહે છે કે,

અકલ કલા ખેલત નર જ્ઞાની,<br>
        જૈસે નાવ ચલે ચારો દિશ,<br>
ધ્રુવતારા પર રહત નિશાની,

અકલ કલા ખેલત નર જ્ઞાની

પાણીમાં નાવ ફાવે ત્યાં ફરે છે, પરંતુ એનું નિશાન હંમેશા ધ્રુવ તારા તરફ રહેતું હોય છે. તેવી રીતે અસંગશસ્ત્રવાળો પુરુષ સંસારમાં રહીને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતો હોય તો પણ એનું લક્ષ્યસ્થાન એક ઈશ્વર જ રહે છે. એનું મન પરમાત્મામાં જ રહે છે. એની પ્રવૃત્તિઓ પરમાત્માની પ્રસન્નતાને માટે જ થતી હોય છે. એ સંસારના પદાર્થો કે વિષયોમાં બંધાઈ નથી જતો, મોહાંધ નથી થતો અને પોતાના જીવનધ્યેયનું તથા પરમાત્માનું વિસ્મરણ પણ નથી કરતો. એવું વિસ્મરણ એ કરી જ નથી શકતો. એ જાણે છે કે સંસાર ગમે તેવો આકર્ષક અને સુખદાયક હોવા છતાં સ્થાયી નથી, પરિવર્તનશીલ છે, અને એક દિવસ એમાંથી ચાલતી પકડવાની છે.

એટલે જીવનનો જે સોનેરી સમય મળ્યો છે તે સમય સંસારમાં ભાન ભૂલીને બેસી રહેવાને બદલે, પોતાના ને બીજાના હિત માટે જ વાપરવો જોઈએ. એવી ઊંડી ને સાચી સમજણથી પ્રેરાઈને તે પોતાની પ્રવૃત્તિઓનું ચક્ર ગોઠવતો હોય છે. અને કાર્યક્રમ પણ એને સહાયક થાય એવી રીતે જ યોજતો હોય છે. સંસારમાં તે જીવે છે અને વિવિધ વ્યવહારમાં ભાગ પણ લે છે, પરંતુ ભ્રાંત બનીને નહીં પણ તદ્દન તટસ્થ રહીને કે સાક્ષીરૂપ થઈને. જીવનના રહસ્યમય નાટકનો એ કુશળ છતાં સદાયે સાવધ અને અલિપ્ત અભિનેતા બની રહે છે. એનાં સારા-નરસા, સુખદ કે દુઃખદ, અનુકૂળ કે પ્રતિકૂળ પાઠથી પ્રભાવિત થઈને એ ભાન નથી ભૂલી જતો. પરિણામે એ જીવનનો, જીવનના વ્યવહારનો ને સંસારનો સાચો આનંદ લૂંટી શકે છે, અને એનો લાભ લઈને પોતાનું સાર્થક્ય કરે છે.

આટલા સ્પષ્ટીકરણ પછીથી હવે અસંગશસ્ત્રનો અર્થ બરાબર સમજાઈ ગયો હશે. એ શસ્ત્રથી થતા લાભનો ખ્યાલ આવ્યો હશે, અને એ શસ્ત્રની ઉપયોગિતા પણ સમજાઈ હશે. અસંગશસ્ત્ર એ બીજું કોઈ શસ્ત્ર નથી પણ સંગદોષથી બચાવનારું અનાસક્તિનું શસ્ત્ર છે, તેની સ્પષ્ટતા કરવાની હવે બાકી નહીં રહી હોય. માણસ સંસારના જે પદાર્થો, વિષયો, પ્રસંગો તથા સંજોગોની અસર નીચે આવે છે એની સારી-માઠી છાપો એના પર પડ્યા કરે છે. એ છાપોની પ્રતિક્રિયા રૂપે એ સુખી-દુઃખી પણ થતો હોય છે. સંકલ્પ-વિકલ્પ ને વાસનાથી યુક્ત બને છે અને બંધનોમાં બંધાય છે. હર્ષ ને શોક, અહંતા ને મમતા તથા રાગ અને દ્વેષ એને ઘેરી વળે છે. એનું નામ જ વિશાળ શાખાવાળો સુદૃઢ સંસાર. એ જેમ બહાર છે તેમ અંદર પણ છે. અંદર તો એનું મૂળ છે એમ કહીએ તો ચાલે. એ સંસારને નિરર્થક ને નહીંવત્ કરવાને માટે અસંગશસ્ત્રનો પ્રયોગ કરવાનો છે. એ શસ્ત્રના ઉપયોગમાં ક્રમે ક્રમે સિદ્ધહસ્ત બનવાનું છે. એવી સિદ્ધહસ્તતા પ્રાપ્ત કરીને સંસારના સંજોગો, પ્રસંગો, વિષયો ને પદાર્થોની પ્રતિક્રિયામાંથી મુક્તિ મેળવવાની છે. એ પ્રતિક્રિયા આપણને ચંચળ ના કરે, વ્યગ્ર ના બનાવે, આપણી માનસિક સ્વસ્થતા ને શાંતિનો નાશ ના કરી નાખે, અને જીવનના પુણ્યમય પ્રવાસમા અંતિમ આદર્શની વિસ્મૃતિ ના કરી દે એ જોવાનું છે. આટલી સિદ્ધિ થઈ જાય એટલે થયું.

☼ ☼ ☼ ☼ ☼

## 4. ઈશ્વરના સાક્ષાત્કારની અનિવાર્ય આવશ્યકતા

ઈશ્વરનો સાક્ષાત્કાર કાંઈ એમનેમ થાય છે કે ? એને માટે સૌથી પહેલી, મૂળભૂત અથવા અનિવાર્ય આવશ્યકતા ઈશ્વરને માટેના પ્રબળ પ્રેમની છે. એવો પ્રેમ ના પ્રગટે ત્યાં સુધી ઈશ્વરનાં દર્શન કે સાક્ષાત્કારની આશા ના રાખી શકાય. એવો પવિત્ર, પ્રખર ને સતત પ્રેમ જ ઈશ્વરની પાસે પહોંચાડી શકે તેમ છે. એ પ્રેમનું સ્વરૂપ કેવું હોય છે તે જાણો છો ? અનિર્વચનીય. એટલે કે વાણીથી વ્યક્ત ના કરી શકાય તેવું. વાણી દ્વારા જે વ્યક્ત થાય છે એ તો એનો આછોપાતળો આભાસ જ હોય છે. ખરી રીતે તો એ અનુભવની વસ્તુ છે. એવો પ્રેમ પ્રગટે ત્યારે જ ધાર્યું કામ થઈ શકે.

પ્રેમનો પ્રવાહ મનુષ્યના જીવનમાં પેદા નથી થતો એવું થોડું છે ? જીવનમાં પ્રેમનો પ્રવાહ પેદા તો થાય છે જ, પરંતુ એની દિશા જુદી હોય છે. જુદી એટલે કે સંસારિક. સાંસારિક વસ્તુઓને લક્ષ્ય કરીને પ્રેમનો એ પ્રવાહ હંમેશા પ્રબળમાં પ્રબળ રૂપે વહેતો હોય છે અને કેટલીકવાર તો આશ્ચર્યચક્તિ કરી નાખે એવી રીતે પણ વહેતો હોય છે. પ્રેમના એ પ્રબળ પ્રવાહને બાહોશ ઈજનેર બનીને ઈશ્વરની દિશામાં વાળવામાં આવે તો ઈશ્વરનો સાક્ષાત્કાર દૂર ન રહી શકે. પુરાણકાળમાં ભગીરથે સ્વર્ગલોકમાં વહેનારી ગંગાને પોતાના પિતૃઓના ઉદ્ધારની ઈચ્છાથી જેમ મૃત્યુલોકમાં વાળીને વહેતી કરી, તેમ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની તમન્નાવાળા પુરુષે પ્રેમની ગંગાને સંસારના વિવિધ વિષયોમાંથી પાછી વાળીને ઈશ્વર તરફ વહેવડાવવી પડશે. એ પ્રેમ જ્યારે ઉત્કટ બનશે ત્યારે એના પરિણામરૂપે વ્યાકુળતા પેદા થશે. ઈશ્વરના દર્શનને માટે અંતર અધીરું બનશે અને ઈશ્વર સિવાય બીજું કશું જ નહીં ગમે. અંતરની દુનિયામાં એવા ઉષ:કાલનો આવિર્ભાવ થવાથી ઈશ્વરના સાક્ષાત્કારરૂપી સૂર્યોદયને થતાં વાર નહી લાગે.

એ પ્રેમની કલ્પના કરવામાં મદદ મળે એ માટે એક નાનોસરખો દાખલો આપું. કોઈ વાર કોઈનો છોકરો ખોવાયો હોય છે ત્યારે છાપામાં જાહેરખબર આવે છે. એમાં આવી જાતનું લખાણ લખાયું હોય છે :

ચિ. ભાઈ જનાર્દન,

તું ઘરમાંથી કોઈને કશું કહ્યા વિના અચાનક ક્યાંક જતો રહ્યો છે, ત્યારથી તારી બા ખૂબ જ કલ્પાંત કરે છે. એણે ખાવા-પીવાનું પણ છોડી દીધું છે. મારી તબિયત પણ બગડી ગઈ છે અને મને ઊંઘ નથી આવતી. તો તું જ્યાં હોય ત્યાંથી તરત ઘેર પાછો આવી જજે. પૈસા જોઈતા હોય તો મંગાવજે. તું જતો રહ્યો એટલા માટે તને કોઈ ઠપકો નહિ આપે.

જોયું ને ? છોકરો ઘેરથી જતો રહ્યો છે, તેમાં માબાપની દશા કેટલી બધી કરૂણ થઈ ગઈ છે ? એમને રડવું આવે છે, ખાવાનું નથી ભાવતું અને ઊંઘ પણ નથી આવતી. સંસારનો પ્રેમ એવો છે એટલે એવું થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. એવી સ્થિતિ સાવ સ્વાભાવિક છે. પરંતુ પરમાત્માને માટે કોઈને એવો પ્રેમ થયો અને એવી જાહેરખબર આપવાનું કે, એવો પ્રેમપત્ર લખવાનું મન થયું ? એવી જાહેરખબર કદાચ કોઈ છાપું નહિ લે અને એવો પ્રેમપત્ર પણ કોઈયે પોસ્ટ-ઓફિસ પહોચતો નહિ કરી શકે : એ તો પોતાના અંતરમાં જ લખવો પડશે. છતાં પણ એને લિપિબદ્ધ કરવાની ઈચ્છા કોઈને થઈ ખરી ? પરમાત્માને એવી રીતે કોણે

પ્રેમપૂર્વક લખ્યું ને કહ્યું કે, હે મારા પ્રિયતમ પરમાત્મા ! ન જાણે કેટલાય વખતથી તમે મને છોડીને ચાલ્યા ગયા છો. તમે ગયા છો ત્યારથી મને શાંતિ નથી મળતી ને ચેન નથી પડતું. હું બેચેન બનીને ફર્યા કરું છું. મને ભોજન નથી ભાવતું ને ઊંઘ પણ નથી આવતી. તો મારી સ્થિતિનો વિચાર કરીને તમે જ્યાં હો ત્યાંથી મારી પાસે વહેલી તકે આવી પહોંચજો. તમે લક્ષ્મીના સ્વામી છો એટલે પૈસા મોકલવાનો તો પ્રશ્ન જ નથી. પરંતુ તમે આટલો વખત જતા રહ્યાં તેને માટે, જ્યારે મળશો ત્યારે ઠપકો નહિ આપું.

એવા પ્રેમ વિના ઈશ્વરનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે ? મીરાં, રામકૃષ્ણ પરમહંસ ને ચૈતન્ય મહાપ્રભુમાં એવો પ્રેમ પ્રગટ્યો. બાકી સામાન્ય માણસે તો એની કલ્પના જ કરવાની રહે છે. એટલે એમનો સાક્ષાત્કાર પણ એને માટે કલ્પના જ રહે છે ને વાસ્તવિકતા નથી બનતી.

ધ્યાનની ઊંડી દશામાં પણ ઈશ્વરદર્શન થઈ શકે છે પણ તે અનૂભૂતિ માટે પણ ઈશ્વર તથા સાધનાને માટેનો ઉત્કટ પ્રેમ તો જોઈશે જ. તેના સિવાય મનોરથ સફળ નહિ જ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## 5. ઈશ્વરનો સાક્ષાત્કાર

એક ભાઈ પોતાના પત્રમાં લખે છે : પહેલા તો મને લાગતું'તું કે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એ રમત વાત છે. તેમાં કોઈયે મોટા પરાક્રમની જરૂર નથી પડતી. ઈશ્વરનું દર્શન ચપટી વગાડતામાં થઈ શકે છે પરંતુ બે-ત્રણ મહાપુરૂષોનાં જીવનચરિત્રો વાંચ્યા પછી હવે મને લાગે છે કે, ઈશ્વરનો સાક્ષાત્કાર કોઈ ધારવા જેટલી સહેલી વસ્તુ નથી. તેની ગંભીરતાનો મને ખ્યાલ આવ્યો છે. તેને માટે કેટલો બધો પ્રેમ જોઈએ, દ્રઢ કે મક્કમ નિર્ધાર જોઈએ, સમર્પણભાવ કે કેટલી બધી ભોગ આપવાની તૈયારી જોઈએ, લગન તથા મહેનત જોઈએ, તેનો પહેલાં મને આટલો સ્પષ્ટ ખ્યાલ ન હતો. હવે એનું સાચું રેખાચિત્ર મારી નજર આગળ આવી ગયું છે.

સાચું છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કોઈ રમત વાત છે અને ચપટી વગાડતામાં થઈ શકે છે એવું કેટલાય અનુભવવિહોણા માણસોનું માનવું છે. એવી માન્યતાને લીધે કેટલાક ક્ષણિક આવેશ કે ઉશ્કેરાટને વશ થઈને કેટલીક વાર ઘરનો ત્યાગ પણ કરતા હોય છે. એમના મનમાં એમ હોય છે કે ત્યાગ કરીને એકાંત અને શાંત સ્થાનમાં રહેવા જઈશું એટલે તરત જ ઈશ્વરનું દર્શન થઈ જશે. ઈશ્વર આપણી રાહ જોઈને ઉભો હશે, પરંતુ વાસ્તવિકતાનો સામનો કરવાનો વખત આવે છે ત્યારે તેમને ખબર પડે છે કે વાત ધારવા જેટલી સહેલી નથી. એકાંતસેવનનાં કષ્ટો, એકાંતસેવનના પરિણામે પેદા થનારી બીજી નાનીમોટી સમસ્યાઓ અને સાધનાની સફળતામાં થતા વિલંબને લીધે એમનો ઉત્સાહ ઓસરી જાય છે. એ નાહિમંત ને નિરાશ થાય છે તથા કેટલીક વાર પોતાની જાતમાંથી, ઈશ્વરમાંથી, તેમજ સાધનામાંથી શ્રદ્ધા ખોઈ  બેસે છે. એમાં ઈશ્વરનો કે સાધનાનો દોષ નથી હોતો, પરંતુ એમનો પોતાનો જ દોષ હોય છે એ સહેલાઈથી સમજી શકાય તેવી વાત છે. તેમના ખોટા ખ્યાલો, ભાવો કે વિચારો જ એને માટે જવાબદાર હોય છે.

એટલે પહેલેથી જ સમજી લેવાની જરૂર છે કે ઈશ્વરનો સાક્ષાત્કાર કોઈ રમત વાત નથી. તે વાતવાતમાં કે ચપટી વગાડતામાં થઈ જાય એમ પણ નથી. તેને માટે તો મોટામાં મોટી તૈયારી જાઈએ છે. યોગ્યતા જોઈએ છે, ને લાંબા વખતના એકધારા શ્રદ્ધાપૂર્વકના પુરૂષાર્થની જરૂર પડે છે. એવી યોગ્યતાથી સંપન્ન નહિ હોય એવા સાધકોને ઈશ્વરના સાક્ષાત્કારના માર્ગમાં નિરાશા જ મળશે એ દેખીતું છે. ઉપનિષદમાં કહ્યું છે કે, 'તદ્ દૂરે તદ્વન્તિકે' - ઈશ્વર દૂર પણ છે અને સમીપ પણ છે. એ કથનના ભાવાર્થને સમજી લેવાની જરૂર છે. ઈશ્વર સૌનાય હૃદયમાં રહેલા છે અને પ્રાણની પાસે છે એટલું જ નહિ, એવી કોઈ જગ્યા નથી કે જ્યાં ઈશ્વર ના હોય. જડ અને ચેતનમાં એ વ્યાપક છે. છતાં પણ સમીપમાં સમીપ રહેલા એ ઈશ્વરનો સાક્ષાત્કાર કેટલાકને થાય છે ?  જે પોતાના હૃદયને નિર્મળ કરે છે, મન અને ઈન્દ્રિયો પર કાબૂ કરે છે, વિવેકી બને છે, અને પ્રેમના પાવન પ્રકાશને પ્રગટ કરે છે, એ સમીપસ્થ પરમાત્માનો પરિચય કરી શકે છે. બાકી જે સદાચાર ને નીતિથી વિરુદ્ધ મનસ્વી રીતે જીવે છે, કુકર્મ કરે છે, જે અવિવેકી છે, ભ્રાંત છે ને જરૂરી શ્રદ્ધાભક્તિ તથા સાધનાથી સંપન્ન નથી, તેને માટે પરમાત્મા પાસે હોવા છતાં કોસો દૂર છે. એટલે પરમાત્માને પાસે રાખવા કે દૂર રહેવા દેવા એ માણસના પોતાના હાથમાં છે. તે જેવી જાતનું જીવન જીવશે ને જેવી યોગ્યતા પેદા કરશે તેના પર તેનો આધાર રહેશે.

પરમાત્માના સાક્ષાત્કાર અથવા તો ઈશ્વરના દર્શનનું કામ કઠિન અથવા તો અશક્ય એટલા માટે લાગે છે કે માણસની અંદર એને માટેની પૂરતી તૈયારીનો અભાવ છે. ઈશ્વરને માટેનો જે ઉત્કટ પ્રખર પ્રેમ જોઈએ તે પ્રેમ એની અંદર પ્રગટ નથી થયો એને લીધે એનું હૃદય ઈશ્વરને માટે રડતું નથી, તલપાપડ બનતું નથી કે આકુળવ્યાકુળ નથી થતું. પછીથી એને ઈશ્વરદર્શન કેવી રીતે થાય ? ઈશ્વરના દર્શનને માટે મીરાંબાઈ, રામકૃષ્ણ પરમહંસ અને ચૈતન્ય મહાપ્રભુ જેવી વેદના કે લગની, નરસિંહ મહેતા જેવી ભક્તિ તથા તુકારામના વૈરાગ્ય જેવા વૈરાગ્યની જરૂર છે. એ ઉપરાંત શ્રી અરવિંદના જેવી એકાંતિક સતત સાધના પણ અનિવાર્ય છે. એવો પ્રેમ, એવી વેદના, લગની, ભક્તિ, વૈરાગ્ય ભાવના કે સાધનાપરાયણતા મોટાભાગના માણસોમાં પેદા જ ક્યાં થાય છે ? એટલે મોટાભાગના માણસોને માટે ઈશ્વર દૂર ને દૂર જ રહે છે. એમને ઈશ્વરની પાસે લાવવાની કે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની ઈચ્છા જ નથી હોતી. જેમની ઈચ્છા હોય છે તેમની ઈચ્છા આવશ્યક સાધનોના અભાવે અધૂરી જ રહી જાય છે. એમનામાં પણ એવો ઉત્કટ પ્રેમ, વૈરાગ્ય ને પુરુષાર્થ ભાગ્યે જ મળે છે. પછી ઈશ્વરનું દર્શન કેવી રીતે થાય ? ચપટી વગાડતામાં કે રમત વાતમાં તો થાય જ ક્યાંથી ?

માણસના મનમાં કાંઈ એક પ્રકારની ઈચ્છા હોય છે ? અનેક પ્રકારની દુન્યવી ઈચ્છાઓ એમાં રાસ રમ્યા કરતી હોય છે. ભાતભાતના ને જાતજાતના વિચારો તથા ભાવો એમાં પ્રગટ થાય છે અને એની લાલસાઓનો પણ અંત નથી હોતો. એને લીધે મન સદાયે ડહોળાયેલું રહે છે. એ વિચારો, ઈચ્છાઓ, લાલસાઓ કે ભાવો શુભ છે કે અશુભ એ વાતને જવા દઈએ તો પણ, એટલી વાત તો ચોક્કસ છે કે એમને ઠેકાણે ઈશ્વરીય ભાવો ને વિચારો પેદા થવા જોઈએ અને ઈશ્વરદર્શનની ઉત્કટ ઈચ્છા કે લાલસાનો આવિર્ભાવ થવો જોઈએ. ઈશ્વરદર્શન માટેની એ એક અતિઆવશ્યક પૂર્વશરત છે. પરંતુ એ શરતના પાલનમાં મોટા ભાગનાં માણસો જ નહિ પણ સાધકો પાછા પડે છે. દુન્યવી આકર્ષણો, સ્નેહસંબંધો, વાસનાઓ, મમતાઓ ને તૃષ્ણાઓમાંથી એ ઊંચા જ નથી આવતા. હવે તમે જ વિચાર કરો કે એમને માટે ઈશ્વરદર્શન શું સરળ વસ્તુ બની શકે તેમ છે ? ઈશ્વરદર્શનની ઈચ્છા રાખનાર સાધકોએ પોતાના અંતરનું ઊંડું નિરીક્ષણ કરવું પડશે. એમાંથી બધી જાતની લૌકિક લાલસાઓ, તૃષ્ણાઓ, આકાંક્ષાઓ, આસક્તિઓ અને રસવૃત્તિઓને ક્રમે ક્રમે ને કઠોર બનીને કાઢી નાખવી પડશે અને એની અંદર એક ઈશ્વરની ઈચ્છા, વાસના, તૃષ્ણા, લાલસા, આસક્તિ કે રસવૃત્તિને પ્રસ્થાપિત કરવી પડશે. અંતરના છૂપામાં છૂપા ખૂણામાં અને રોમેરોમમાં સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી જોવામાં આવે કે એક્ષ-રે ક્લિનિકમાં તપાસવામાં આવે તો પણ, એક ઈશ્વરના પ્રેમ તથા ઈશ્વરની લગન વિના બીજું કાંઈ જ ના દેખાય એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું પડશે. આજે તો પરિસ્થિતિ એકદમ ઊલટી છે. સૂક્ષ્મદર્શક યંત્રની કે એક્ષ-રે ક્લિનિકની મદદ વિના જ સહેલાઈથી કહી શકાય તેમ છે કે માણસના મનમાં, અંતરમાં, રોમેરોમમાં ને જીવનના પ્રત્યેક પાસામાં કે વ્યવહારમાં બીજું બધું જ દેખાય છે પરંતુ ઈશ્વર નથી દેખાતો. અથવા તો દેખાય છે તો ભૂલેચૂકે ક્યાંક ખૂણાના પ્રદેશમાં અને એ પણ કોઈક વિરલ પળ, ધન્ય ઘડી, નક્ષત્ર કે પ્રહરમાં. ઈશ્વરદર્શન માટેની પૂર્વભૂમિકા એવી પાંગળી ન જ હોઈ શકે. એની ભૂમિકાના પરિણામે ઈશ્વરનું મંગલમય દર્શન ના થઈ શકે તો તેમાં ઈશ્વરનો નહિ પરંતુ એ ભૂમિકાનો જ દોષ છે એ નક્કી સમજી લેવું.

યોગ્ય ભૂમિકા તૈયાર થાય તો ઈશ્વરનો સાક્ષાત્કાર સહજ બની જાય છે એ વાત યાદ રાખીને નિરાશા ને નિર્બળતાને ખંખેરી કાઢીને એવી ભૂમિકાની તૈયારીમાં લાગી જવાની જરૂર છે.

☼ ☼ ☼ ☼ ☼

## 6. આવશ્યક્તા છે સ્ત્રી-શક્તિની

ધ્રુવની માતા સુનીતિને ભારત નથી ભૂલ્યું.

તુલસીદાસને તુલસીદાસ કરનારી એની સ્ત્રી રત્નાવલિ ઈતિહાસમાં અમર છે.

રામકૃષ્ણ પરમંહસના વિકાસમાં શારદાદેવીનો ફાળો પણ કાંઈ ઓછો ન હતો. એ જો વચ્ચે આવત તો રામકૃષ્ણ કદાચ આટલા મહાન ના બની શક્યા હોત.

કસ્તૂરબાએ ગાંધીજીને આપેલો સહકાર ભારતીય સ્વતંત્રતાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયલો છે.

છત્રપતિ શિવાજીને એની માતા જીજીબાઈએ બાળપણથી જ બહાદૂરીનું પિયૂષપાન પાયેલું. આગળ પર પણ એણે એને પ્રકાશ પૂરો પાડ્યો. રામાયણ અને મહાભારત ગ્રંથોમાંથી ને વીર પુરૂષોના જીવનમાંથી પ્રેરક કથાવાર્તા સંભળાવીને તથા અનેક રીતે ઉત્સાહ પૂરો પાડીને શિવાજીને શૂરવીર કરવામાં એણે અગત્યનો ભાગ ભજવી બતાવ્યો.

મોટા થતાં શિવાજીએ શૂરવીર ને ધર્મપરાયણ બનીને પ્રજાની રક્ષાને માટે બનતા બધા જ પ્રયત્નો કર્યા અને ખોવાયેલા રાજ્યને પાછું મેળવ્યું. શિવાજીના એ પુરૂષાર્થમાં જીજીબાઈના સંસ્કારસિંચનનો ફાળો કાંઈ ઓછો ન હતો.

એવાં બીજાં અનેક ઉદાહરણ આપી શકાય. પરંતુ એમનું તાત્પર્ય એ જ છે કે સ્ત્રીએ પુરૂષના જીવનઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

આજના સંક્રાંતિકાળમાં દેશને આવશ્યકતા છે એવી સ્ત્રી-શક્તિની, જે પુરૂષની પ્રગતિમાં સહાયક શાય, જે પતિને વિલાસી બનાવવાને બદલે મોહનિદ્રામાંથી જગાડી કર્તવ્યનું ભાન કરાવે, જરૂર છે એવી જનેતાઓની જે પોતાના પુત્રપુત્રીઓને પારણાંમાંથી જ પ્રેરણા પાય, જે એમને ગળથૂથીમાંથી જ બહાદૂર બનવા, પવિત્ર જીવન જીવવા, નીતિ, ન્યાય કે નેકીના નિયમોને વળગી રહેવા, લોકસેવક થવા અથવા આદર્શ માનવ બનીને જીવનનો ઉત્તમ ઉપયોગ કરવા દિક્ષા આપે. માતાઓ ધારે તો એ દિશામાં ઘણું કરી શકે તેમ છે. એ જ્યાં છે ત્યાં રહીને, પોતાના બાળકોને ઉત્તમ ને નીડર બનાવવાની કોશિશ કરી, ઘરને વિદ્યાલય બનાવી શકે છે. માટે જ માતાને શિક્ષક કરતાં પણ શ્રેષ્ઠ કહી છે. રાષ્ટ્રના નવનિર્માણનો કે રાષ્ટ્રની સુદ્રઢતાનો પાયો એ સરળતાથી નાખી શકે છે. પરંતુ એને માટે સૌથી પહેલાં તો એણે પોતાની જાતનું ઘડતર કરવું પડશે. ઉત્તમ અથવા આદર્શ, સંયમી ને શક્તિશાળી બનવું પડશે. ત્યારે જ એ બીજાને માટેની પ્રેરણાદાયી દેવી થઈ શકશે. માતા તરીકે, બહેન તરીકે, સ્ત્રી તરીકે, કુમારિકા તરીકે, શિક્ષિકા કે સેવિકા સ્વરૂપે - બધી રીતે એ એના પોતાના વ્યક્તિત્વને સર્વોત્તમ બનાવીને જ બીજાને ઉપયોગી થઈ શકશે, વ્યક્તિત્વનો અનાદર કરીને અથવા સ્ત્રી મટીને તો નહિ જ.

એક બીજી વાત પણ કહી દઉં ?

અઢારેક વરસની બ્રહ્મવાદિની ગાર્ગીએ જનકની સભામાં મહર્ષિ યાજ્ઞવલ્ક્યને શાસ્ત્રચર્ચા માટે આહ્વાન કર્યું.

બુદ્ધ ધર્મના પ્રચારની ધગશથી, અશોકની પુત્રી સંઘમિત્રાએ પોતાના ભાઈ મહેન્દ્રની સાથે આજીવન કૌમાર્યવ્રતનો નિશ્ચય કરીને લંકા તરફ પ્રયાણ કર્યું.

શંકર અને મંડનમિશ્રની ચર્ચા વખતે મંડનમિશ્રની સ્ત્રી ભારતીએ બંનેની ઈચ્છાઅનુસાર અધ્યક્ષપદ ગ્રહણ કર્યું.

ઝાંસીની રાણીએ જીવનના છેલ્લા શ્વાસ સુધી ઝઝુમવાના સંકલ્પ સાથે સંગ્રામમાં ઝંપલાવ્યું.

ઉચ્ચ શિક્ષણ પામેલી કેટલીય કન્યાઓ કલકત્તાના દક્ષિણેશ્વરમાં લોકસેવાનું વ્રત લઈને સમાજને ઉપયોગી થવાની અભિલાષાથી આજે પણ તાલીમ મેળવે છે.

એવાં ઉદાહરણ પણ કેટલાંય છે. એનો સાર પણ એ જ કે તમને પણ તેવી રીતે જીવનના કોઈયે રૂચિકર ક્ષેત્રમાં આગળ વધવાની ને બીજાને ઉપયોગી થવાની ઈચ્છા થાય છે ખરી ? તમારામાં પણ પ્રચંડ સ્ત્રીશક્તિ પડેલી છે. એ સુષુપ્ત દશામાં હોય તો એને જગાડી તથા પ્રબળ બનાવી બીજાને માટે હિતકારક બની શકો છો. એ કામ તમારા હાથમાં છે. તમારી પાસે પણ સમાજ ઘણી મોટી આશા રાખે છે. ધારો તો તેને પૂરી કરી શકો છો. એવી સ્ત્રી-શક્તિની આજે આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼



## 7. ગુરૂની આવશ્યકતા છે કે નહીં ?

ગુરુની આવશ્યકતા છે કે નથી એ પ્રશ્ન કોઈ કોઈ સાધકને સતાવ્યા કરે છે. કોઈ કોઈ સાધક તરફથી એ પ્રશ્ન પૂછાય છે પણ ખરો. આમ તો એ પ્રશ્નમાં ના સમજાય એવું અટપટું કશું જ નથી, અને એ પ્રશ્ન એમને એટલો બધો ના સતાવત, પરંતુ એમને માટે એ સમસ્યા એટલા માટે ઊભી થઈ છે કે એમના પોતાના વિચારો સ્થિર નથી, અને કેટલાક નામાંકિત, પ્રમાણભૂત તેમજ વિશ્વસનીય પુરૂષો તરફથી એવા વિચારો વહેતા કરવામાં આવે છે કે ગુરૂની આવશ્યકતા બિલકુલ નથી. ગુરૂ આપણો ઉદ્ધાર કરી શકે તેમ નથી. માટે ગુરૂ કરવાનો કે કોઈને ગુરૂરૂપે માનવાનો કોઈ અર્થ નથી. પરમ સત્યનો પાવન પ્રકાશ માણસની અંદર છે, અને એને આખરે તો તે પોતાની અંદરથી જ પ્રાપ્ત થવાનો છે. એ પ્રકાશનું પ્રાગટ્ય કોઈ બીજું નથી કરાવી શકવાનું. માટે બાહ્ય ગુરુની ઈચ્છા રાખવી નકામી છે. માણસે પોતે જ પોતાના ગુરુ થવાનું છે.

એવા વિચારોના શ્રવણમનન તથા વાચનના પરિણામે એમના મનમાં હલચલ પેદા થાય છે ને ખળભળાટ મચે છે. એમની માન્યતા ને શ્રદ્ધાના પાયા હલવા માંડે છે. ગુરુ માટેની ઊંડી ભાવના કે લાગણી એમના દિલમાંથી મટતી નથી અને સાથે સાથે નામાંકિત તથા પ્રમાણભૂત કહેવાતા પેલા માન્ય ઉપદેશકોના ઉપદેશ પણ એમને ગળે જોઈએ એટલા પ્રમાણમાં નથી ઉતરતા, એટલે એમની દશા ત્રિશંકુ જેવી થઈ જાય છે. નથી એ ગુરુનો કે ગુરુ કરવાની ભાવનાનો ત્યાગ કરી શકતા કે નથી ગુરુમાં જેવી જોઈએ તેવી શ્રદ્ધા જાગૃત કરી શકતા. હિંચકાની પેઠે એમની ચિત્તવૃત્તિ ચંચળ બનીને આમતેમ ઝુલ્યા કરે છે ને સ્થિરતાને ધારણ નથી કરી શકતી. એવા માણસો શંકાશીલ બને, ભ્રાંતચિત્ત થાય, કિંકર્તવ્યવિમૂઢ બને અને કોઈ વાર અવસર આવતાં પોતાના આત્મસંતોષને માટે ગુરુની આવશ્યકતા છે કે નથી એવો પ્રશ્ન પૂછે અને પ્રશ્નના ઉત્તરની આશા રાખે એ તદ્દન સ્વાભાવિક છે.

આપણે ત્યાં પ્રગતિવાદ અથવા તો આધુનિકતાને નામે હમણાં હમણાં જે નવો પવન વાવા માંડ્યો છે એની એક મોટી ખાસિયત એ છે કે તે જૂનાનો સદંતર વિરોધ કરે છે અને એને ઠેકાણે નવું આવવું જોઈએ એવો આગ્રહ રાખે છે. જૂના વિચારો, રિવાજો, સિદ્ધાંતો, ગ્રંથો અને જૂની વ્યવસ્થાઓ તથા સંસ્થાઓ તેને માન્ય નથી, માટે તેમને ઉખેડી નાખીને કે નિર્મૂળ કરીને નવાની સંસ્થાપના કરવાનો તે આગ્રહ રાખે છે. જૂનું તેટલું બધું સોનું છે - એવું કહેવાનો આપણો આશય નથી. જૂનામાં ક્યાંય કંચન હોય તો ક્યાંય કથીર પણ હોય; ક્યાંક પવિત્ર પારદર્શક પાણી હોય તો ક્યાંક તેના પર જામી ગયેલી લીલ પણ હોય; ક્યાંક પ્રજ્વલિત પાવક હોય, ક્યાંક કેવળ તણખા હોય તો ક્યાંક રાખ પણ હોય; એમાં અવલોકન, સંશોધન ને સુધારણાને અવકાશ હોઈ શકે. એ માટેનો પ્રમાણિક પ્રયાસ આવકારદાયક ને સ્તુત્ય પણ કહેવાય. તેને બદલે જૂનું બધું કથીર છે, માલ વગરનું છે, ઉપેક્ષા કરવા યોગ્ય કે કાઢી નાખવા જેવું છે, તથા એ જૂનું છે માટે જ એનો વિરોધ કે ઉપહાસ કરવા જેવો છે એવું નક્કી ને જડ વલણ અખત્યાર કરવામાં આવે, અને એને જ પ્રગતિવાદ અથવા આધુનિકતાની નિશાની માનવામાં આવે ત્યારે એવા વલણ સાથે આપણે સંમત ના જ થઈ શકીએ અને એવી આધુનિકતાને અંજલિ પણ ના આપી શકીએ. જૂના અને નવા બંનેનો વિચાર પોતાની બુદ્ધિથી કરવો જ પડશે. જૂનામાં બધું સારું ના લાગતું હોય તો બધું ખરાબ પણ નથી અને એવી જ સ્થિતિ

નવાની પણ છે. એમાં પણ સારા-નરસાનું સંમિશ્રણ જ છે. એટલે બંનેની બાબતમાં હંસક્ષીરન્યાયને કામે લગાડવો પડશે. જૂનાને ખાતર જૂનાનો આગ્રહ અથવા અસ્વીકાર અને નવાની ખાતર જ નવા પ્રત્યે સૂગ કે શ્રદ્ધા - એ બંને પ્રકારના ભયસ્થાનોમાંથી બચવાનું છે.

એક બીજી વાતનો ઉલ્લેખ કરી લઉં ? જેને પ્રાચીન કહેવામાં આવે છે તે વિચારો, ભાવો, માન્યતાઓ, સિદ્ધાંતો, સંસ્થાઓ ને વ્યવસ્થાઓની પાછળ અનુભવનું પીઠબળ છે. આટલાં બધાં વરસો સુધી તે જીવંત છે તેનું કારણ કેટલાક કહે છે તેમ કેવળ પરંપરા, રૂઢિ કે અંધશ્રદ્ધા નથી, કિન્તુ તેમની પોતાની તર્કબદ્ધતા, શક્તિ ને સંગીનતા છે. એટલે તો વારંવારના વિરોધ છતાં એ આજે પણ જીવંત છે. તેમને સહાનુભૂતિથી સમજવાની કોશિશ કરવાને બદલે કાંઈક નવું કહી કે કરી નાખવાની ધૂન કે લગનમાં તેમનો વગર વિચાર્યે વિરોધ જ કર્યા કરશો તો તેમને ધારો છો તેમ ઉખેડીને ફેંકી તો નહીં જ શકો, પરંતુ લોકોના મહામહેનતે ઊભા કરેલા વિશ્વાસને હલાવી નાંખશો અને નુકશાન પહોંચાડશો એ તો નક્કી જ છે. લોકોને જ્યાં સુધી કોઈ નવી ને સારી વ્યવસ્થા નહીં આપો ત્યાં સુધી જૂનાના અંત આણવાના કામમાં તમને સફળતા નહિ જ મળે. તમારી એવી પ્રવૃત્તિથી વિશેષ હેતુ પણ નહિ સરે.

ગુરુની આવશ્યકતાનો સ્વીકાર પૂરતા ચિંતનમનન અને અનુભવ પછીથી થયેલો છે. આત્મિક ઉન્નતિની અભિલાષાવાળી વ્યક્તિને ગુરુની આવશ્યકતા છે જ. ખાસ કરીને યોગમાર્ગમાં તો ગુરુ વિના ચાલે જ નહીં. ગુરુ વિના માર્ગ કોણ બતાવશે ? ઉત્સાહ કોણ આપશે ? ગૂંચ કોણ ઉકેલશે ? અને મંઝીલ પર પહોંચવાનું પીઠબળ કોણ પૂરું પાડશે ? મોટાભાગના માણસો ગુરુની મદદ વિના ભાગ્યે જ આગળ વધી શકશે. તેનાથી ડરવાનું ને તેનો વિરોધ કરવાનું શું કામ છે ? તે તો પિતાતુલ્ય છે, માયાળુ માતા છે, મિત્ર છે અને માર્ગદર્શક છે. ગુરુની સંસ્થામાં કોઈ દોષ દેખાતા હોય તો તેમને દૂર કરવાનો પ્રયાસ જરૂર કરો. પરંતુ ગુરૂનો અથવા એની પાછળની લોકોપયોગી ભાવનાનો વિરોધ કદાપી સફળ નહિ થઈ શકે.

જીવનમાં એવો તબક્કો પણ આવશે જ્યારે બાહ્ય ગુરુની જરૂર નહિ રહે. પરંતુ તે ક્યારે ? મન જ્યારે નિર્મળ ને સાત્વિક બનશે અને ઈન્દ્રિયોનો સંયમ સહજ થશે ત્યારે એવું મન માર્ગદર્શકનું કામ કરી શકશે. હૃદયની શુદ્ધિ સધાતાં અંદર રહેલા ઈશ્વર સાથે સંબંધ બંધાશે અને ઈશ્વરની પ્રેરણા તથા ઈશ્વરનું પથપ્રદર્શન પ્રાપ્ત થશે. શુદ્ધ થયેલું હૃદય અને એમાં રહેલો ઈશ્વરી પ્રકાશ જ પછી ગુરુનું કામ કરશે. એવા વિશાળ અર્થમાં કહી શકાય કે માણસ પોતે જ પોતાનો ગુરુ થઈ શકશે.

કવિ દયારામે ગાયું પણ છે કે

"મન તણો ગુરુ મન કરીશ તો તો સાચી વસ્તુ જડશે,

દયા, દુઃખ કે સુખ માન પણ સાચું કહેવું પડશે."

પરંતુ એવી ઊંચી ભૂમિકા પર પહોચેલા સાધકો કેટલા ? આંગળીના વેઢા ગણી શકાય એટલા પણ ભાગ્યે જ મળી શકે. વધારે ભાગના લોકો તો હજુ તદ્દન પ્રાથમિક દશામાં, આરંભની ભૂમિકામાં જ જીવી રહ્યા છે. તે પોતાના પ્રકાશદાતાને ઝંખે છે. માર્ગદર્શકની માંગણી કરે છે. શ્રદ્ધાસ્પદને માટે શ્રદ્ધાભક્તિથી પ્રાર્થના કરે છે. આગળ વધવાની ઈચ્છા રાખે છે. પરંતુ પ્રગતિનો સાચો ને સ્પષ્ટ ખ્યાલ ના હોવાથી આગળ નથી વધી શકતા. કોઈ આગળ વધ્યા છે તો કોઈ ક્યાંક અટકી પડ્યા છે. એવા બધાને ગુરુની જરૂર રહેવાની જ.

તે બહારના ગુરુને બદલે અંદરના અથવા મનના ગુરુ નહિ કરી શકવાના. એવી રીતે વિકાસ પણ નહિ કરવાના. એટલે તો મનના ગુરુ માટેની ભલામણ કરનાર દયારામને પણ બહારના ગુરુ કરવા પડેલા. પહેલા બહારના ગુરુ, પછી અંદરના. બહારના ગુરુમાં શ્રદ્ધાભક્તિ રાખનારે અંદરના ગુરુનો સંબંધ છેવટે તો કરવાનો રહેશે જ. એવો સંપર્ક સાધી ચૂકેલા કોઈક ગણ્યાંગાંઠ્યા ઉન્નતિના રાજમાર્ગ પર આગેકૂચ કરવા માગતા બીજા જીવોને તો બાહ્ય ગુરુની આવશ્યકતા રહેશે જ રહેશે. એમાં કાંઈ ખોટું પણ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. ગૃહસ્થાશ્રમ

ગૃહસ્થાશ્રમનો આદર્શ, સુખમય કે સ્વર્ગીય બનાવવાને માટે લગભગ પ્રત્યેક પતિપત્નીની ઈચ્છા હોય છે. પરંતુ ગૃહસ્થાશ્રમ સુખમય, સ્વર્ગીય કે આદર્શ બને કેવી રીતે ? કેવળ ઈચ્છા કરવાથી, આકાંક્ષા સેવવાથી કે ભાવના રાખવાથી જ બધું કામ પૂરું થાય છે ? એ માટે તો પરસ્પરનો સાચી દિશાનો, જરૂરી સમજપૂર્વકનો પુરુષાર્થ જોઈએ. ઘર તથા લગ્નજીવનને સુખમય તથા શાંતિસભર બનાવવાને માટે પતિ તથા પત્ની બંનેની અંદર આવશ્યક ગુણો હોવા જોઈએ. એ ગુણોની આછીપાતળી રૂપરેખા શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધના ત્રેવીસમા અધ્યાયમાં આપવામાં આવી છે અને એ પણ એ અધ્યાયના બીજા અને ત્રીજા શ્લોકમાં. એ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે, દેવહૂતિએ વિશ્વાસથી, પોતાની પવિત્રતાથી, સ્વમાનથી, મન અને ઈન્દ્રિયોના નિગ્રહથી, સેવાથી, સ્નેહથી તેમજ મધુરી વાણીથી, કામવાસના, દંભ, દ્વેષ, લોભ, અભિમાન તથા દોષોનો ત્યાગ કરીને, પ્રમાદ અથવા આળસ છોડીને નિત્ય ને નિયમિત રીતે કર્તવ્યપરાયણ રહીને પોતાના તેજસ્વી પતિને પ્રસન્ન કર્યા.

દેવહૂતિનું કર્દમ ઋષિ સાથે લગ્ન થયું અને દેવહૂતિ એમની સાથે અત્યારના સુપ્રસિદ્ધ સિદ્ધપુર ક્ષેત્રમાં રહેવા લાગી. એ વખતના દિવસોની સ્મૃતિ એ શ્લોકોમાં અંકિત કરવામાં આવી છે. એ શ્લોકોમાં મનુ અને શતરૂપાની પુત્રી દેવહૂતિના ઉત્તમ વ્યક્તિત્વનો પડઘો તો પડે છે જ, પરંતુ સાથે સાથે ગૃહસ્થાશ્રમનાં રથનાં બે પૈડાં જેવી સ્ત્રી અને પુરુષ બંનેની યોગ્યતા કેવી હોવી જોઈએ એની ગર્ભિત સૂચના પણ મળી રહે છે. ઘરને આદર્શ અથવા સુખી બનાવવાની જવાદારી એકલી સ્ત્રીની જ નથી પરંતુ પુરુષની પણ છે. સ્ત્રી અને પુરુષ બંનેએ એને માટે પ્રયત્નશીલ રહેવાનું છે, એ હકિકતને ખાસ યાદ રાખવાની જરૂર છે. સ્ત્રીને સીતા બનવાનો આદેશ આપવામાં આવે એ બરાબર છે, પણ સાથે સાથે પુરુષે પણ રામ બનવાનું છે. એનો ઈન્કાર કર્યે નહિ ચાલે. સ્ત્રી સીતા બનશે પરંતુ પુરુષ જો રામ બનવાનો પ્રયત્ન કરવાને બદલે રાવણ રહેશે તો ગૃહજીવનને સુખમય બનાવવાનું સ્વપ્નું, સ્વપ્નું જ રહેશે ને વાસ્તવિકતામાં નહિ પલટાઈ શકે. સ્ત્રીની પેઠે પુરુષે પણ લગ્નજીવનને આદર્શ બનાવવા માટે પોતાનો યોગ્ય ફાળો આપવો જોઈએ. એવી આશા એની પાસેથી રાખવામાં આવે છે તે યોગ્ય છે. એ દૃષ્ટિએ જોતાં આ શ્લોકનું મહત્વ ઘણું મોટું છે. કેમકે તેમાંથી સ્ત્રી ને પુરુષનાં આવશ્યક લક્ષણો તારવી શકાય તેમ છે.

દેવહૂતિમાં કયાં કયાં વિશેષ લક્ષણો હતાં અને લગ્નજીવનને સુખી બનાવવા માંગનારાં સ્ત્રી-પુરુષોમાં કેવા લક્ષણો હોવા જોઈએ, એનો ઉલ્લેખ આ પ્રમાણે કરી શકાય :

સૌથી પહેલું લક્ષણ તો વિશ્વાસનું છે. પતિ-પત્ની બન્નેને એકમેકમાં વિશ્વાસ હોવો જોઈએ. વિશ્વાસ વિના ગૃહજીવન ટકી કે સમૃદ્ધ બની જ ના શકે. પરસ્પરની શંકા-કુશંકાની આંધી ગૃહજીવનને અસ્થિર બનાવી દે છે કે વેરવિખેર કરી નાખે છે. પતિ-પત્નીને એકમેકમાં શંકા ન હોવી જોઈએ.

પરંતુ શંકારહિત, વિશ્વાસપૂર્ણ સ્વચ્છ વાતાવરણ પેદા થાય કેવી રીતે ? સ્ત્રી તથા પુરુષ બંનેનું જીવન પારદર્શક કે પવિત્ર હોય તો જ. સ્ત્રી કે પુરુષમાંથી કોઈ એકનું ચારિત્ર્ય ચોખ્ખું ન હોય તો બન્નેમાંથી કોઈ એકને શંકાકુશંકા સ્વાભાવિક રીતે જ થયા કરે. પરિણામે ગૃહજીવન કથળી જાય. એટલે પવિત્રતાને બીજા

લક્ષણ તરીકે ગણાવવામાં આવ્યું છે. પુરુષે પરસ્ત્રી માતા સમાન તથા સ્ત્રીએ પરપુરુષને પિતા સમાન માનીને એકમેકમાં સંતોષ માનતા શીખવું જોઈએ.

એની સાથેસાથે એકમેકના સ્વભાવનો ખ્યાલ રાખીને એકમેકની સાથે સારું વર્તન કરતા શીખવું જોઈએ. એકાંતમાં કે બીજાની હાજરીમાં અપમાનજનક, તોછડાઈભર્યા વર્તનનો ત્યાગ કરવો જોઈએ. લગ્નજીવન અમર્યાદ વિલાસનું લાયસન્સ નથી પરતું વૃત્તિઓને અંકુશમાં રાખવાનું સાધન છે. એમ સમજીને સંયમનું પાલન પણ કરતા રહેવું જોઈએ તથા પ્રેમની વૃદ્ધિ કરવી જોઈએ.

ઘર અથવા લગ્નજીવન અથવા તો વ્યક્તિગત જીવનને સુખી તથા સફળ બનાવવા માટે એક બીજા મૂલ્યવાન મહામંત્રનો ઉલ્લેખ પણ આ સુદંર શ્લોકોમાં કરવામાં આવ્યો છે. એ મહામંત્ર છે મધુર વાણીનો. વાણીમાં એવી શક્તિ છે કે જેથી ઘર અથવા તો જીવન સુધરે છે ને બગડે છે પણ ખરું. વાણી વિરોધીઓમાં સંપ કરાવે છે અને સંપ તથા સુખશાંતિથી રહેનારામાં ફાચર પડાવે છે. વાણી મિત્રો ને દુશ્મનો બંને બનાવી શકે છે, અને સફળતા તથા નિષ્ફળતા અથવા તો જય અને પરાજય બંને પણ અપાવે છે. એ ભૂષણ પણ બની શકે છે ને દૂષણ પણ. તારક પણ થાય છે ને મારક પણ. તમે એનો કેવી રીતે ઉપયોગ કરો છો તેના પર આધાર રહે છે. પતિપત્નીએ તો મીઠી વાણી બોલતાં શીખવું જ જોઈએ. કટુ વચન તથા ગાળાગાળીને ઘરમાંથી કાયમને માટે વિદાય આપવી જોઈએ તો જ ઘર સુખી થઈ શકે. આજે આપણા ગૃહજીવનના પાયા કથળી ગયા છે કે કથળવા માંડ્યા છે. કારણ કે આવા જીવનોપયોગી મહામંત્રોની ઉપેક્ષા થઈ રહી છે. આપણે એમનાથી વંચિત થતા જઈએ છીએ. એ પરિસ્થિતિમાં પરિવર્તન આણવું પડશે. એ મંત્રોની જીવનમાં પ્રતિષ્ઠા કરવી પડશે. એમને આચરણમાં ઉતારવાના રહેશે. તો જ પરિસ્થિતિ સુધરશે ને આપણા ગૃહસ્થાશ્રમો જે વિખવાદના ઘરરૂપ બની ગયા છે તે શાંતિના સ્થાનરૂપ થઈ જશે.

ભાગવતના એ સુદર સારગર્ભિત શ્લોકોમાં એક બીજી વાત પણ સમાવી લેવામાં આવી છે. દેવહૂતિએ પોતાના પતિ કર્દમની સેવાસુશ્રૂષા કરી, પણ કેવી રીતે ? કામવાસના, લાલસા, દંભ, દ્વેષ, લોભ, મદ, પ્રમાદ, અનિયમિતતા તથા દુર્ગુણોનો ત્યાગ કરીને. એવી રીતે સતત કર્તવ્યપરાયણ રહેવાથી જ એ પતિને પ્રસન્ન કરી શકી. આ વાતને જો વિશાળ અર્થમાં લેવામાં આવે તો એવું કહી શકાય કે પતિ તથા પત્ની બંનેએ પોતપોતાના કર્તવ્યનો વિચાર કરીને વર્તવું. કર્તવ્ય કે ફરજપાલનમાં કોઈએ પણ પ્રમાદી ના બનવું જોઈએ. પત્નીની પેઠે પતિએ પણ કામુકતા, શરીરલાલસા, દંભ, દ્વેષ, લોભ, મદ, પ્રમાદ તથા દુર્ગુણોનો ત્યાગ કરીને વિશુદ્ધ સ્નેહ તથા સેવાભાવથી સંપન્ન થઈને રહેવું જોઈએ. સદવર્તનની આવશ્યકતા એકને જ છે અને બીજાને બિલકુલ નથી એવું નથી સમજવાનું. સુખમય અને આદર્શ જીવન જીવવાનો પુરુષાર્થ જ્યારે બંને પક્ષો તરફથી અને પ્રામણિકપણે કરવામાં આવે ત્યારે જ તેની કિંમત થાય છે ને તે સફળ પણ ત્યારે જ થાય છે. એક પક્ષને માટે જ્યારે વિશુદ્ધ વર્તનનો આગ્રહ રાખવામાં આવે છે અને બીજો પક્ષ તેની સદંતર ઉપેક્ષા કરે ત્યારે બંનેની વચ્ચેના સુખશાંતિના સુખદ સામ્રાજ્યની સ્થાપના ભાગ્યે જ થઈ શકે. એવો આગ્રહ આકાશકુસુમવત્ નિરર્થક જ થઈ પડે.

ભાગવતના આ શ્લોકો વરસો પહેલાં લખાયા છે પરંતુ એમનો સંદેશ સર્વકાલીન છે. આજે પણ એ શ્લોકમાંથી એવી જ પ્રેરણા પ્રાપ્ત કરી શકાય છે અને ભવિષ્યમાં પણ, માનવનું મન જાગૃત હશે ત્યાં સુધી

એવી જ પ્રેરણા પ્રાપ્ત કરી શકાશે. આપણા પ્રાચીન ધર્મગ્રંથોમાં આજના જમાનાને માટે જીવનોપયોગી સંદેશો નથી સમાયો એવું કેવી રીતે કહી શકાય ? એ સંદેશ તો સનાતન છે. કાળના વીતવાની સાથે એ કરમાઈ જાય તો ભલે, પરંતુ વિલુપ્ત તો નથી જ થવાનો. ફક્ત એ સંદેશને શોધી કાઢવાની, સમજવાની ને જીવનમાં ઉતારવાની જરૂર છે. તો આપણા શાસ્ત્રો કેવળ શાસ્ત્રો કે પારાયણ કરવા માટેનાં પુસ્તકો જ ના રહે, પણ જીવનને અવનવો આશીર્વાદરૂપ આકાર આપનારા કે ઘાટ પ્રદાન કરનારા સજીવ સાધનો બની રહે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. ઈશ્વરની અસીમ શક્તિમાં વિશ્વાસ

ઈશ્વરની અસીમ શક્તિમાં તમને વિશ્વાસ છે કે નહિ એ મુદ્દો ખાસ મહત્વનો છે. જો એવી શક્તિમાં તમને વિશ્વાસ હશે, તો તમારું કામ સરળ થઈ રહેશે. આધ્યાત્મિક જીવનમાં એવો જાગ્રત, અખંડ અથવા અચળ વિશ્વાસ મહામૂલ્યવાન કડીરૂપ થઈ પડશે. એ પ્રેરણા આપશે ને શક્તિસંચાર કરશે. તમને થશે કે એક મહાન શક્તિની મીટ તમારા પર સદાયે મંડાયેલી છે અને એ તમને મદદ કરવા તૈયાર છે. એ તમને હંમેશા જુએ છે, સાંભળે છે, તથા માર્ગદર્શન આપે છે. સુખને દુઃખની, મહેફીલની ને મુસીબતની બધી જ પળોમાં એ તમારી પાસે છે. એની આગળ તમે તમારા હૃદયને રજૂ કરી શકો છો અને એની મદદ પણ મેળવી શકો છો. તમને ખાતરી થશે કે જીવનના આ જટિલ પ્રવાસમાં તમે સાવ એકલા નથી પરંતુ એ મહાશક્તિનો તમને સાથ છે અને એવો સાથ છે જેનો કદી પણ અંત આવે એમ નથી.

પછી તમારું જીવન સહેતુક કે સાર્થક થઈ રહેશે. તમે યંત્રની પેઠે, જીવવાને ખાતર કે કોઈ પણ જાતના ધ્યેય વિના નિરર્થક નહીં જીવો. તમારા શ્વાસપ્રશ્વાસ કીંમતી બનશે ને તમારું શરીરધારણ સફળ થયેલું લાગશે. એ શક્તિની વધારે ને વધારે પાસે પહોંચવા અથવા એ શક્તિ સાથે સીધો સંબંધ બાંધીને એને ઓળખવા કે એનો અપરોક્ષ અનુભવ કરવા માટે તમે કોશિશ કરશો, અને એવી રીતે જીવનને ધન્ય બનાવશો.

એ શક્તિમાં કેવળ બૌદ્ધિક વિશ્વાસ નહીં ચાલે. એથી વિશેષ હેતુ નહિ સરે. એ વિશ્વાસ હૃદયના ઊંડાણનો જોઈશે. તો જ તે જરૂરી લાભ પહોંચાડી શકશે એ યાદ રાખો.

☼ ☼ ☼ ☼ ☼

## 10. ત્રણ દુર્લભ વસ્તુઓ

શંકરાચાર્યે વરસો પહેલાં એમના વિખ્યાત વેદાંતગ્રંથ વિવેકચૂડામણિમાં કહ્યું છે કે, ત્રણ વસ્તુઓ ખરેખર દુર્લભ છે અને ઈશ્વરનો અનુગ્રહ અથવા દૈવની અનુકૂળતા હોય તો જ પ્રાપ્ત થઈ શકે તેવી વિરલ છે. એક તો મનુષ્યત્વ, બીજું મુમુક્ષત્વ અને ત્રીજું મહાપુરુષનો સમાગમ. જગતમાં બીજી બધી વસ્તુઓ સર્વસામાન્ય છે અને સહેલાઈથી મળી શકે એમ છે, પરંતુ આ ત્રણ વસ્તુઓ કોઈક જ ઠેકાણે ને કોઈકના જ જીવનમાં મળતી હોય છે. તુલસીદાસે કહ્યું છે તેમ સુત, દારા તથા લક્ષ્મી તો પાપીની પાસે પણ હોઈ શકે પણ પેલી શંકરાચાર્યે કહેલી ત્રણ દુર્લભ વસ્તુઓ તો કોઈ વિરલ પુણ્યશાળીને જ પ્રાપ્ત થતી હોય છે. શંકરાચાર્યે એવો નિર્દેશ કરતો શ્લોક વિવેકચૂડામણિમાં વરસો પહેલાં લખ્યો છે છતાં પણ એનું મહત્વ આજે પણ એવું જ તાજું છે અને એ શ્લોક આજે જ લખાયો હોય એવું લાગ્યા કરે છે.

શંકરાચાર્યના જમાનામાં જેવી પરિસ્થિતિ હતી તેવી પરિસ્થિતિ આજે પણ કાયમ છે. એટલે એ શ્લોકનો સંદેશ આજે પણ એવો જ સનાતન છે.

શંકરાચાર્યે કહેલી ત્રણ દુર્લભ વસ્તુઓમાં પહેલી દુર્લભ વસ્તુ મનુષ્યત્વ છે. મનુષ્ય શરીર તો પ્રાપ્ત થયું અને મનુષ્ય તરીકે ઓળખાયા પણ ખરા. પરંતુ એટલાથી જ કંઈ મનુષ્યત્વ આવ્યું એમ ના કહી શકાય. મનુષ્યશરીર પ્રાપ્ત થવું એ એક વાત છે અને મનુષ્યત્વથી પંડિત થવું એ જુદી વાત છે. બધા જ મનુષ્યો મનુષ્યત્વથી સંપન્ન નથી હોતા. એમના જીવનમાં વધારે ભાગે દાનવતાનું દ્વંદ્વયુદ્ધ ચાલતું હોય છે અને એ માનવતાના ગુણધર્મોથી વંચિત હોય છે. બહારના રૂપરંગ અથવા તો આકાર પરથી એમને કહેવાને ખાતર માનવ કહી શકાય ખરા, પરંતુ અંદરખાનેથી જોતાં અને મૂલવતાં એમને માનવનાં મહામૂલ્યવાન મહિમાવાળા નામથી સંબોધવાનું મન ભાગ્યે જ થતું હોય છે.

બાહ્ય રૂપરંગથી મનુષ્ય થયા એટલે કાંઈ સાચા અર્થમાં માનવ થોડું જ થવાય છે ? સાચા અર્થમાં માનવ થવા માટે તો માનવતાના ગુણધર્મો જોઈએ, મનુષ્યત્વ જોઈએ, તેમજ દાનવતાના દુર્ગુણો ને દુષ્કર્મોથી સંબંધ વિચ્છેદ થયો હોવો જોઈએ. ત્યારે જ મનુષ્યત્વની પ્રાપ્તિ થઈ એમ કહી શકાય. મોટાભાગના માણસોના જીવનનું પૃથ્થકરણ કરવામાં આવે તો શું દેખાશે ? સ્વાર્થ, લાલસા, કૂડકપટ, કઠોરતા, નિર્દયતા, રાગદ્વેષ, સંકુચિતતા, બીજાને સમજવાની વૃત્તિનો અભાવ, બીજાના ભોગે માલદાર બનવાની પ્રવૃત્તિ અને જાણે કે દુન્યવી વસ્તુઓના સંગ્રહને માટે જ ધર્મ-અધર્મ કે નીતિ-અનીતિના વિચારને તિલાંજલિ આપીને સતત શ્રમ કરવા માટે શરીર ધારણ કર્યું હોય એવો જીવનવ્યવહાર. એમની વાણી કડવી હોય છે. એમના વિચારો વિકૃત તથા નુકસાનકારક હોય છે અને એમનું વર્તન વિપથગામી હોય છે. બીજાનું હિત કરવાની, પ્રમાણિકતાથી ચાલવાની ને બીજાને ઓછા કે વત્તા પ્રમાણમાં મદદરૂપ થવાની ભાવના, લાગણી કે વિચારણા એમની અંદર ભાગ્યે જ દેખાય છે. સત્ય ને શુભની સાથે તો એમણે છૂટાછેડા જ લીધા હોય છે. જીવન શાને માટે મળ્યું છે અને એનો વધારેમાં વધારે સારો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનો વિચાર એ નથી કરતા. એવા વિચારમાં એમને રસ જ નથી હોતો. એમના કર્મો એમને માટે તથા જે સમાજમાં એ રહે છે તે સમાજને માટે પણ અમંગલ હોય છે. સંક્ષેપમાં કહીએ તો ગીતાના સોળમા

અધ્યાયમાં વર્ણવેલી આસુરી સંપત્તિના એ પ્રતિનિધિ હોય છે. એવા આસુરી સંપત્તિના મૂર્તિમંત સ્વરૂપ જેવા મનુષ્યો સંસારમાં ઘણા છે અને એમણે મનુષ્યત્વની પ્રાપ્તિ કરવાનું બાકી છે એ હકિકતનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. માણસે સૌથી પહેલાં તો માનવતાની માવજત કરવાની અથવા તો મનુષ્યતાને કેળવવાની જરૂર છે. તેની વિના સુખશાંતિમય જીવન ને જગતની રચના આકાશકુસુમ સમી અશક્ય જ થઈ પડવાની.

બીજી દુર્લભ વસ્તુ મુમુક્ષુત્વ છે. મુમુક્ષુત્વ એટલે મુક્ત થવાની, પૂર્ણ બનવાની, પરમશાંતિની પ્રાપ્તિ કરવાની કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઈચ્છા. સર્વ પ્રકારના બંધનોમાંથી મુક્તિ મેળવીને પરમ સુખશાંતિનો આસ્વાદ લેવાની એવી અદમ્ય ઈચ્છા પણ કોઈની અંદર જ પેદા થાય છે ને જોવા મળે છે. મનુષ્યત્વની પ્રાપ્તિ કદાચ થઈ જાય કિન્તુ મુમુક્ષુત્વનું પ્રાગટ્ય થવું મુશ્કેલ છે. માણસ વિદ્વાન, જ્ઞાની કે પંડિત હોઈ શકે, શાસજ્ઞ પણ બની શકે, યોગી ઉપાસક કે ભક્ત પણ થઈ શકે, એ બધા કઠિન કહેવાતા પદને પ્રાપ્ત કરી લે, તો પણ મુમુક્ષુ ન બની શકે. એ મુમુક્ષુ હોય અથવા ન પણ હોય. મુમુક્ષુ થવાનું કામ મુશ્કેલ છે.

એ મુમુક્ષુત્વનું સ્વરૂપ કેવું છે તે જાણો છો ? ખૂબ જ ભૂખ લાગે અથવા તરસ લાગે અથવા ચારે તરફથી આગ સળગે, તો તેમાંથી છૂટવા માટે કેવી ઉત્કટ ઈચ્છા થાય છે ? અશાંતિ અને અલ્પતામાંથી નિવૃત્ત થવાની તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની એવી ઉત્કટ ઈચ્છા અથવા તો એથી પણ વધારે ઉત્કટ ઈચ્છાને મુમુક્ષુત્વ કહી શકાય. એ ઈચ્છા ક્ષણભંગુર અથવા અલ્પજીવી ન હોવી જોઈએ. મુક્ત થવાની એવી તીવ્ર ઈચ્છા અત્યંત દુર્લભ છે, એમ કહેવાય છે, તે સંપૂર્ણ સાચું છે ને કોઈકના જીવનમાં જ જાગી ઊઠે છે. માનવસમાજનું વિહંગાવલોકન કરીએ તો એ વસ્તુની પ્રતીતિ સહેલાઈથી થઈ શકે છે.

માનવતાના ગુણધર્મોથી અલંકૃત થવાય અને મુક્ત, પૂર્ણ, પ્રશાંતિપ્રાપ્ત કે પરમાત્માદર્શી થવાની ઉત્કટ ઈચ્છા પણ જાગી ઉઠે, પરંતુ એ ઈચ્છાનો અમલ કરવા માટેના યોગ્ય કાર્યક્રમની જ ખબર ના હોય તો ? એ ઈચ્છા ભાગ્યે જ ફળવતી બની શકે. એ ઈચ્છાને સફળ કરવા માટેની સાધના બતાવનાર સ્વાનુભવી મહાપુરુષ પણ જોઈએ. એવા મહાપુરૂષ દ્વારા અવારનવાર માર્ગદર્શન મળવાથી કામ સરળ બની જાય. પરંતુ એવા સ્વાનુભવી મહાપુરૂષ કાંઈ જેને તેને ને જ્યાં ત્યાં મળે છે ? એ સહેલાઈથી નથી મળતા. માટે તો શંકરાચાર્યે કહ્યું છે કે એવા મહાપુરૂષનો સમાગમ દુર્લભ છે. ત્રીજી દુર્લભ વસ્તુ તરીકે એ એનો ઉલ્લેખ કરે એ બરાબર જ છે.

સ્વાનુભવી સાચા સત્પુરૂષો જીવનના સંરક્ષકનું કામ કરે છે એ સાચું છે. એમના સાંનિધ્યમાં માણસને હૂંફ મળે છે, સુખશાંતિનો અનુભવ થાય છે, પ્રકાશ સાંપડે છે, અને જીવનપથના પ્રવાસ પર અવનવી પ્રેરણાથી પ્રેરિત થઈને પ્રયાણ કરાય છે. ઈશ્વરની કૃપાથી એવા સત્પુરૂષોનો સહવાસ સરળ બને છે. જેને એવો સહવાસ સાંપડી જાય છે તેને પછી જીવનના ઉદ્ધારની ચિંતા રહેતી નથી. એવા સત્પુરૂષોની સંખ્યા આજે ઓછી થઈ છે, છતાં પણ તે છે જ નહિ એવું નથી સમજવાનું. તે મળી શકે છે. છેવટે તો માણસે પોતે જ એવા સત્પુરૂષ થઈ જવાનું છે. પણ આરંભમાં એમની સંગતિ ને સહાયતા લગભગ અનિવાર્ય હોય છે અને આશીર્વાદરૂપ થઈ પડે છે.

મનુષ્યત્વ, મુમુક્ષુત્વ ને મહાપુરૂષના સંશ્રયની એ ત્રણે દુર્લભ વસ્તુઓને સુલભ કરીને અથવા તો એમાંથી કોઈ એકનો પણ આધાર લઈએ તો જીવન સુખી થાય તથા કૃતાર્થ બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## 11. માનવજીવન

દિલ્હીનું સ્ટેશન કેટલું બધું મોટું છે ? ત્યાંથી કેટલી બધી ગાડીઓ ઉપડે છે ? ઉત્તરમાં અમૃતસર, પઠાનકોટ, સિમલા તરફ જવું હોય તો પણ ત્યાંથી જવાય છે. હરિદ્વાર, ઋષિકેશ, બદરીનાથ તરફ આગળ વધાય છે, પશ્ચિમમાં મુંબઈ તરફ જવાય છે, પૂર્વે કલકત્તા અને આસામ તરફ પહોંચવા માટે હાવરા એકસપ્રેસ અને આસામ મેલ મળે છે, તો દક્ષિણમાં છેક નીચે મદ્રાસ, બેંગ્લોર તથા કન્યાકુમારી જવાની ગાડી પણ મળે છે. ત્યાંથી મધ્ય ભારતમાં પણ ઈચ્છાનુસાર સ્થળે જઈ શકાય છે, અને ક્યાંય ના જવું હોય તો પ્લેટફોર્મ પર બેસી શકાય છે અથવા પાછા ઘેર સ્વસ્થાને પહોંચી શકાય છે.

માનવજીવન એવું મહાન વિશાળ જંકશન છે. એમાં પ્રવેશીને, માનવશરીરના પવિત્ર પ્રસિદ્ધ પ્લેટફોર્મ પર પહોંચીને, ઉત્તરમાં જઈ શકાય, ઉર્ધ્વલોકની યાત્રા કરી શકાય; નીચે પણ જઈ શકાય, અધોગતિને પણ નોતરી શકાય. પશુપક્ષી વનસ્પતિની યોનિમાં પણ પ્રવેશી શકાય, અને ક્યાંય અન્યત્ર ના જવું હોય તો ‘પુનરપિ જનનં પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનમ્’ ની ઉક્તિ અનુસાર માનવશરીરને પુનઃ પુનઃ પામીને પ્રાકૃત ભોગાનુભવોમાં જ રહી શકાય. ક્યાં જવું છે - આગળ વધવું છે કે પાછળ પડવું છે, એનો વિચાર માનવે પોતે જ કરી લેવાનો છે અને તદનુસાર પુરૂષાર્થને પ્રારંભવાનો છે. માનવશરીર દેવોનેય દુર્લભ કહેવાય છે. સાધનોનું ધામ અને મોક્ષનું મંગલમય દિવ્ય દ્વાર મનાય છે. સર્વોત્તમ સૌભાગ્યથી સાંપડેલું છે. એને મેળવીને આત્મોન્નતિની દૈવી દુનિયામાં આગળ વધીએ, સન્મુન્નતિ સાધીએ, અને અન્યને માટે પણ ઉપયોગી બનીએ તો કેવું સારું ? આપણે માનવશરીરમાં આવીને એક નિર્ણયાત્મક સ્થળે ઊભા છીએ. જે તરફ જવું હશે તે તરફ જઈ શકાશે. સુખ કે દુઃખ, હર્ષ કે શોક, શાંતિ અથવા અશાંતિ, અભ્યુત્થાન અથવા અધઃપતન - જેની પણ પસંદગી કરીશું તેની પ્રાપ્તિ કરી શકાશે. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે, ઉદ્ધરેદાત્મનાત્માનમ્ એટલે કે પોતાની જાતે પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ. એ આદેશને અનુસરીને માનવજીવનનો સમ્યક્ સદ્દુપયોગ કરીને ઉત્તરોત્તર આગળ વધજો, પાછળ ના પડતા. નવજીવનને મેળવજો, એનાથી વંચિત ના બનતા.

માનવજીવન શાને માટે મળ્યું છે એનો વિચાર કરો. આ શરીર કેવળ ખાવા, પીવા, ભોગ ભોગવવા, ગમે તેવી પ્રવૃત્તિ કરવા અને એક દિવસ અજ્ઞાત રીતે જન્મીને અજ્ઞાત રીતે અદ્રશ્ય થવા માટે મળ્યું છે ? ના, એને મુક્તિનું મંગલ મંદિરદ્વાર કહ્યું છે. સાધનોનું ધામ ગણ્યું છે. એનો સમ્યક્ સદ્દુપયોગ કરીને સુખી થવાય છે, શાંતિ પમાય છે, બંધનમુક્ત બનાય છે એ તો ખરું જ, પરંતુ સાથે સાથે અન્યને સુખી કરાય છે, શાંતિ અપાય છે, ક્લેશ-પરિતાપ-અજ્ઞાન-બંધનમાંથી મુક્તિ ધરાય છે. એની શક્યતા અને શક્તિ અનંત, અસાધારણ, ધાર્યા કરતાં ઘણી મોટી છે. એને જે જેમતેમ ફગાવી દેશે તે પાછળથી પસ્તાશે તો પણ કશું નહી વળે. માટે અત્યારથી જ ઊઠો. જાગો. ચેતો. એનો સદ્દુપયોગ કરવાનો સંકલ્પ કરીને એની પૂર્તિના પ્રામાણિક પ્રયત્નમાં લાગી જાવ.

☼ ☼ ☼ ☼ ☼

## 12. ધર્માનુષ્ઠાન

ભારતમાં બધે ઠેકાણે એક જાતની સર્વસામાન્ય મનોવૃત્તિનું દર્શન થાય છે. લોકોને પૂછીએ કે જપ શા માટે કરો છો, ધ્યાન શા માટે ધરો છો, તીર્થયાત્રાએ કેમ નીકળો, તો લગભગ એકસરખો જ ઉત્તર મળે છે કે કેમ ? પુણ્યનો સંચય કરવા કે પરલોકમાં સુખી થવા. શરીર છૂટ્યા પછી સદગતિ થાય તથા સ્વર્ગાદિ લોકમાં રહેવાનું અને એશઆરામ કરવાનું મળે એ જ અમારું લક્ષ્ય છે. એ લક્ષ્યથી પ્રેરાઈને જ અમે ધાર્મિક ક્રિયાઓ કર્યા કરીએ છીએ. આ લોકમાં તો જેમતેમ કરીને જીવી રહ્યા છીએ, પરંતુ પરલોકને નથી બગાડવો. પરલોકમાં આ લોકને દુર્લભ ભોગપદાર્થોની પ્રાપ્તિ થશે ને સુખી થવાશે, તો ઘણું છે. એવી રીતે ધર્મકર્મ કરનારા લોકોની વૃત્તિ વધારે ભાગે પરલોકવાદી બની ગઈ છે. ધર્માનુષ્ઠાન કે સત્કર્મને આ જીવન અને આ લોકની સાથે કોઈ સંબંધ જ ના હોય અને પરલોકના અથવા તો વર્તમાન જીવન પછીના બીજા જીવનના સુખોપભોગ સાથે જ લેવાદેવા હોય, એવું મનાવા લાગ્યું છે. એટલે એના સ્વાભાવિક પરિણામરૂપે ધર્મનું અનુષ્ઠાન કરીને, આ લોકમાં જ સુખશાંતિ પ્રાપ્ત કરવાની ને વર્તમાન જીવનને જ સત્વશીલ કે સમૃદ્ધશાળી બનાવવાની વૃત્તિ ભાગ્યે જ સેવાય છે. એ તરફ લક્ષ પણ ઓછું રહે છે, અને એને માટેના પ્રયત્નો પણ ભાગ્યે જ કરવામાં આવે છે.

પ્રશ્ન એ થાય છે અને કેટલાય લોકો તરફથી એવો પ્રશ્ન પૂછવામાં પણ આવે છે, ભારતનો ધર્મ શું આવો ઉધાર છે ? એને આ લોકની સાથે કશો જ સંબંધ નથી ? એનું અનુષ્ઠાન પરલોકને લક્ષ્ય કરીને જ, પરલોકના સુખોપભોગને માટે જ કરવામાં આવે છે, અને સાંપ્રત જીવનની એ સદાને માટે ઉપેક્ષા કરે છે ? એની મદદથી વર્તમાન જીવનની સમસ્યાનો ઉકેલ કરીને એને સુખી ને સમૃદ્ધ ના બનાવી શકાય ? એ ધર્માચરણનું ફળ આ જીવનમાં તો પ્રાપ્ત જ નહિ થવાનું, એનો અર્થ એમ કે એને માટે પરલોકમાં જ પ્રતિક્ષા કરવાની એમ ને ? અને પરલોકમાં એ ફળ મળશે એની ખાતરી શી ? અરે, પરલોકની પોતાની જ ક્યાં ખાતરી છે ? એના અસ્તિત્વમાં જ શંકા છે. અને ધારો કે શંકા ના હોય તો પણ, કેવળ પરલોકનો જ વિચાર કરીને ધર્માચરણ કરવું અને આ લોક તરફ બિલકુલ ઉદાસીન રહેવું એ શું બુદ્ધિસંગત છે ? એવા ધર્માચરણને અને એનો ઉપદેશ આપનારા ધર્મને આદર્શ કેવી રીતે કહી શકાય ?

આવી પ્રશ્નપરંપરા પેદા થાય એ તદ્દન સ્વાભાવિક છે. એ પ્રશ્નપરંપરાને અને પાછળ કામ કરનારા મનને સહાનુભૂતિથી સમજી શકાય તેમ છે. એટલા માટે તો એના ઉત્તરમાં આપણે કહીએ છીએ કે ભારતીય ધર્મ તથા ધર્માચરણ તમે જેમ માનો છો તેમ ઉધાર નથી, પરંતુ નગદ છે. પરલોકનો વિચાર ને સ્વીકાર એમાં કરવામાં આવ્યો છે એ સાચું છે, પરંતુ એકલા પરલોકને જ લક્ષ્ય કરીને ધર્માનુષ્ઠાન કરવું એવું નથી કહેવામાં આવ્યું. આ લોક તથા વર્તમાન જીવન એમાં મહત્વનો ભાગ ભજવે છે, કેન્દ્ર સ્થાને છે, તથા તેને સુધારવા, શીલવાન કરવા, શક્તિશાળી બનાનવા તેમજ સુખશાંતિથી સંપન્ન કરવા માટે જ એનો આશ્રય લેવાનો છે. માણસ તન, મન અને અંતરના અથવા તો અવિદ્યાના પરિણામે પેદા થયેલા અહંતા, મમતા, આસક્તિ અને રાગદ્વેષના જે અનેકાઅનેક બંધનોથી બંધાયેલો છે તે બંધનોમાંથી મુક્ત કરીને આત્માના અપરોક્ષ અનુભવ દ્વારા એને પરમશાંતિ ને પૂર્ણતાની મૂર્તિ બનાવી દેવો એ ધર્મનું પ્રયોજન કે લક્ષ્ય છે. અને

એ ધ્યેની સિદ્ધિ આ વર્તમાન જીવનમાં તથા આ લોકમાં જ કરી લેવાની છે : બીજા જીવનમાં તથા બીજા લોકમાં નહિ. એ વાત ભારતના ધર્મગ્રંથોએ કેટલેય ઠેકાણે સ્પષ્ટ કરી છે. એના પ્રતિનિધિત્વરૂપે જ ઉપનિષદે પેલી વિચારધારા રજૂ કરી છે કે **इह येदवेदीदथ सत्यमस्ति, न येदिहावेदित महती विनष्टिः** - જો આ જીવન દ્વારા, આ લોકમાં જ આત્માને જાણી લીધો તો ઘણું સારું થયું. કિન્તુ જો આ લોકમાં, આ જીવન દ્વારા આત્મદર્શન ના કર્યું તો મોટું નુકશાન થયું, અથવા તો સર્વનાશ થઈ ગયો. માટે **उत्तिष्ठ** -ઊઠો, **जाग्रत** -જાગો, **प्राप्य वरान्निबोधत** - મહાન પુરૂષોની પાસે પહોંચીને આત્મા વિશે જાણી લો.

એટલે આ લોકનો અનાદર કરવાનો તથા પરલોકને જ સર્વકાંઈ માની આગળ વધવાનો આદેશ ભારતીય ધર્મ કે તત્વજ્ઞાને નથી આપ્યો. પરલોકનો સ્વીકાર એણે અવશ્ય કર્યો છે, એનો વિચાર કરવાનું પણ કહ્યું છે. આ લોકમાં અને આ જીવનમાં પૂર્ણતાને માટે અપૂર્ણ રહેલો પુરૂષાર્થ બીજા જીવનમાં આગળ ચાલે છે. અને ફળે છે. જીવનના સાતત્યની સાંકળનો આ જીવન તો એક અંકોડો માત્ર છે. એ બધું એણે શીખવ્યું છે ખરું, પરંતુ આ લોક તેમજ વર્તમાન જીવનના ભોગે, એની ઉપેક્ષા કરીને ધર્માનુષ્ઠાન કરવાનો ઉપદેશ એણે નથી આપ્યો; સાથે સાથે જે લોકો ઈહલોકને તથા વર્તમાન જીવનને જ સર્વકાંઈ સમજી બેઠા છે અને આંખ મીંચીને ગળાબૂળ ડૂબી રહ્યા છે તેવા -'આ લોક મીઠો, પરલોક કોણે દીઠો'- ની ફિલસૂફીવાળાની સામે તે લાલબત્તી ધરે છે ને કહે છે કે આ જીવનને અને આ લોકને જ સર્વકાંઈ ના સમજી લેતા. તમારી બુદ્ધિ અને વિચારશક્તિ અથવા અનુભૂતિ કાચી હોય એટલે જન્માંતર નથી ને પરલોક પણ નથી એવું ના માની લેતા. આ લોકને જ સર્વસ્વ સમજી લેવાની ને પરલોકની જ સુખોપભોગ સામગ્રી તથા સદગતિની આશા રાખીને આગળ વધનારી એ બંને પ્રકારની મનોવૃત્તિનાં ભયસ્થાનો કે જોખમો રજૂ કરીને એ સૌને સાવધ કરે છે. આ લોક ને પરલોક - બંનેના સુધારનો એનો ઉપદેશ છે.

છતાં પણ પરલોકની જ લાલસા રાખીને લોકો ધર્માચરણ કરે છે એ વિચિત્ર છે. એવા લોકોને આપણે કહીશું કે કેવળ પરલોકનો ને બીજા જીવનનો જ વિચાર કરીને બેસી ના રહો. એની મોહિનીમાં ના પડો. ધર્મનું આચરણ આ લોકને સુખી કરવા, શાંતિમય બનાવવા ને વર્તમાન જીવનને પુષ્ટ કરવા માટે છે. માટે આ લોકને સુધારો, સુખી કરો, ને શાંતિમય બનાવો. તમારે બીજા કયા સ્વર્ગલોકની લાલસા છે ? સ્વર્ગલોકની લાલસા રાખવા કરતાં આપણી આ પૃથ્વીને પવિત્ર, પ્રેમમય, મધુમય તથા સુંદર ને સરસ બનાવો. એમાંથી નરકની નિશાનીઓનો નાશ કરીને એને સ્વર્ગની સૌરભથી ભરી દો. જે વર્તમાન છે કે તમારી સામે છે, તેને સાચા દિલથી ચાહતાં, સુધારતાં ને સમૃદ્ધ કરતાં શીખો. ધર્મ ને તત્વજ્ઞાનના નામે અત્યાર સુધી આપણે વર્તમાન જીવનની, સમાજની ને લોકની ભારે હાનિ કરી છે. હવે એ ભૂલને સુધારવી પડશે. જે જીવનનો આપણે લાભ લઈએ છીએ, ને જે ધરતી પર શ્વાસ લઈએ છીએ એની અવજ્ઞા કરવાનો આદેશ આપણા ધર્મે કદી પણ નથી આપ્યો. એ વાતને સમજી લઈએ તો જીવનમાં નવો પ્રાણ પેદા થાય, સુખશાંતિ છવાઈ જાય અને આ મૃત્યુલોક આપણે માટે અમૃતલોક બની જાય. ધર્મનું આચરણ આપણને અહીં પણ આત્મસંતોષ આપે સુખી કરે, અને આપણા માટે ઉધાર નહીં પરંતુ ખરેખર નગદ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## 13. કેળવણી એટલે

કેળવણી સમસ્ત જીવનને કેળવવાની સાધના અથવા કળા છે. એ દ્વારા સંપૂર્ણ વ્યક્તિત્વ કેળવાય છે. તન, મન, વચન અને કર્મ બધું જ. એ માનવને માનવતાથી મંડિત કરે છે, એની અંદરની દિવ્યતાને બહાર લાવે છે અને સ્વધર્મમાં પ્રતિષ્ઠત બનાવે છે. કેળવણી એ નરમાંથી નારાયણ બનવાનો, પુરૂષમાંથી પુરૂષોત્તમપદે પહોંચવાનો સેતુ છે.

કેળવણી વિશે આઝાદી પહેલા અને પછી વિભિન્ન વિચારો થયા છે. આજે તો કેળવણી પરિવર્તન માગે છે. કેળવણીમાં ફેરફારની જરૂર છે, એમ કહેવાની ફેશન થઈ ગઈ છે. નવી કેળવણીની જરૂર છે, કેળવણીમાં સુધારો કરવો છે, પણ કેવી જાતનો સુધારો ? આનું સ્પષ્ટ ચિત્ર કે ચોક્કસ આયોજન થતું નથી તે કમનસીબી છે.

આજે કેળવણીમાં પરિવર્તન લાવી, નવા તંત્રને સુયોજિત, સ્પષ્ટ વિચારધારાથી યુક્ત બનાવવાની યોજનાની જરૂર છે. એકવાર કેળવણીના પરિવર્તનની દિશા નક્કી થઈ ને તેનું આયોજન ઘડાયું તો તેના અમલીકરણ માટે ઘણું ઘણું કરવાનું રહે છે.

વેદ ઉપનિષદ કાળથી વિદ્યાને અમૃતત્વનો સેતુ કહી છે. સેતુ એવી વસ્તુ છે જેને સહારે રામ સમુદ્ર પાર કરી શક્યા. લંકા જીતી શક્યા અને સીતાનું સંમિલન થયું. કેળવણી-વિદ્યા એ સેતુ છે. સારા મનથી ને સદબુદ્ધિથી સંસારની વિષમતાને પાર કરી જવાય છે. ત્યાર પછી શાંતિ ને સિદ્ધિરૂપી સીતા પ્રાપ્ત થાય છે.

ભગવાન શંકરાચાર્ય આ વિદ્યા - કેળવણીને વર્ણવે છે. શંકરાચાર્યની કેળવણીની વ્યાખ્યા આજના જેવી નથી. આજે તો વિદ્યાનું ફળ શું ? કેળવણી શાને માટે ? કેળવણી લીધા પછી શું સાધવાનું ? એમ પૂછાય છે. કેળવણી લીધા પછી અસત્યમાંથી નિવૃત્ત થવાનું તેમ શંકરાચાર્ય કહે છે. આજે ચારે બાજુ અસત્યો છે, ભ્રષ્ટાચાર છે, ષડયંત્રો છે, જીવનમાં ડગલે ને પગલે અસત્ય છે, સંસારના પદાર્થ પણ અસત્ય, અનિત્ય, ક્ષણભંગુર છે. આપણે વિષયોના, રસોના, રૂપોના, મમતાનાં, આકર્ષણોમાં બંધાયેલા છીએ અને તેને કારણે જ પરમ સત્તાનું જ્ઞાન નથી થતું. આપણે અસત્યોથી, અસત્ પદાર્થોમાંથી મન ઉપરામ કરવાનું છે. સત્યની સત્તાને ઓળખીને સમગ્ર જીવનને સત્યમય કરવાનું છે. આ કેળવણીની ખરી વ્યાખ્યા છે. માનવ અનીતિ, દાનવતા, રાવણત્વથી બચે અને માનવતાથી મંડિત બની મુક્ત શ્વાસ લે તે કેળવણીનું કે વિદ્યાનું મહાન લક્ષ્ય હોવું જોઈએ.

શંકરાચાર્ય કહે છે જ્ઞાન કયું ? જ્ઞાન એ છે કે જે ઈન્દ્રિયોને શાંત કરતા શીખવે, મન પર પ્રભુત્વ મેળવતાં શીખવે. આજના માનવની સામે પ્રલોભનો છે, આકર્ષણો છે. બાહ્ય પદાર્થોથી, ભૌતિક સુખાકારીથી માનવ આકર્ષાય છે. માનવ તેનો પ્રતિકાર કરી શકતો નથી. માનવ જો પ્રતિકારશક્તિ જન્માવે તો સમસ્ત જીવનને કેળવી શકે છે. કેળવાયેલો માનવ અન્યના સુખ માટે જીવતો થાય છે. અન્યના શ્રેયમાં, ઉત્કર્ષમાં ને સમુત્થાનમાં પ્રવૃત્ત થાય છે. આ કેળવણીનું કામ છે.

કેળવાયેલો પોતે માયાના બંધનોમાંથી મુક્ત થાય છે. અશાંતિમાંથી શાંતિમાં પ્રતિષ્ઠિત બને છે, અને એવા હજારોને બંધનમાંથી મુક્તિ અપાવે છે, ત્રસ્ત જીવોને શીતળ છાયા પ્રદાન કરાવે છે. ઉજડાયેલા વેરાન

જીવોના જીવનમાં હરિયાળી ક્રાંતિ આણે છે. માનવ બલિદાન અને સમર્પણ માટે શક્તિ રેડવા બહાર આવે તે કેળવણીનું કામ છે.

આવી વિદ્યાથી વિભૂષિત સંયમી, સદાચારી માનવ માનવતાનાં મૂલ્યોવાળો બને છે. કેળવણીમાં જો આ આવે તો બધી ઉચ્છૃંખલતા દૂર થાય છે.

પહેલાના જમાનામાં આખલાઓ હતા - અત્યારે પણ છે, બીજા સ્વરૂપે. આ આખલાઓને પલોટવામાં આવતા અથવા નાથવામાં આવતા. આમ કરી તેને કેળવાતા, પરિણામે તેમની પાસેથી સારું કામ લઈ શકાતું. આમ માનવનું મન, બુદ્ધિ, ઈન્દ્રિયો આખલા જેવા છે. તેને કેળવવા પડે, નાથવા પડે ને કયા માર્ગે જવું તે શીખવવું પડે. આ કામ કેળવણીનું છે.

કેળવણીમાં જુદાજુદા વિષયો જેવા કે ઈતિહાસ, ભૂગોળ અને ભાષા શીખવવામાં આવે છે. પરંતુ વિષયો ભણાવવા તે મહત્વનું લક્ષ્ય નથી. માનવની શક્તિઓનો સંપૂર્ણ વિકાસ થાય, માનવ આદર્શ બની રાષ્ટ્રને ઉપયોગી બને એ મહત્વનું લક્ષ્ય છે.

આજે દેશમાં અનેક યુનિવર્સિટીઓ અને કોલેજો છે, દર વર્ષે અનેક સ્નાતકો, ડબલ ગ્રેજ્યુએટો ને ડિગ્રીધરો મોટી સંખ્યામાં બહાર આવે છે, પરંતુ ઉપર વર્ણવ્યા તેવા કેળવાયેલા સ્નાતકો કેટલા ? તેવા વિદ્યાવ્યાસંગી કેટલા ?

આજે ભણતર વધ્યું છે, પરંતુ નીતિમત્તા, ચારિત્ર્યનિર્માણનું સ્તર નીચે ઊતર્યું છે. આઝાદી પહેલાં ગાંધીજીએ કેળવણીમાં આમૂલ ક્રાંતિ આણી હતી. તેમણે દેશવાસીઓને સમર્પિત થવાની, ફનાગીરી, મરી ફીટવાની, પોતાના સ્વાર્થને નગણ્ય ગણવાની, રાષ્ટ્રને ઊંચે લાવવાની જે કેળવણી શીખવી હતી તેનો આજે હ્રાસ થયો છે. એ સમયે દેશભાવનાના રંગે આખો દેશ રંગાયેલો હતો. આજે દેશભાવના વિસરાઈ છે એવું અમારા જેવા તટસ્થોને લાગે છે.

આજે દેશમાં ઠેર ઠેર બધાં જ ક્ષેત્રોમાં 'ઉત્પાદન વધારો'નો જપ જપાય છે. પણ માનવતા વધારો - તેનો વિચાર કોઈ નથી કરતું. મનુષ્યતા, રાષ્ટ્રીયતા, બલિદાનની ભાવના જે ગાંધીજીએ, સરદાર પટેલે, વધારવા કહ્યું હતું તે આજે વધારવાની જરૂર છે. આ ભાવના નહીં વિકસી તો કેળવણીના બીજા વિષયો આપણને સમુન્નત નહીં બનાવી શકે.

જર્મની, ઝેકોસ્લોવેકિયા અને બીજા રાષ્ટ્રો સમૃદ્ધ થઈ શક્યા તે આપણી આંખ સામે જોઈએ છીએ, કારણ કે તેમણે યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના જગાડી, દેશ માટે સમર્પિત થવાની ભાવના જગાડી.

શિક્ષકબંધુઓ, અધ્યાપકો, સર્વ કેળવણીમાં છે. તે એવા મંદિરના દેવતાઓ છે કે જેમના હાથે રાષ્ટ્રનું મૂલ્યવાન કામ થવાનું છે. અધ્યાપકોએ એવા બનવાનું છે કે તેઓ જ્યાં બેઠા છે તે સ્કૂલ નહીં, રાષ્ટ્રનું મંગલ મંદિર બને અને તે મંદિરના વિદ્યાર્થીઓ જીવતા દેવતાઓ બને. અધ્યાપકોનું જીવન એવું આદર્શ બનવું જોઈએ. જેના વડે ભાવિ પેઢી નિર્માણ થવાની છે તે આદર્શ અને રાષ્ટ્રપ્રેમી બને.

દરેકે આજે એવું વિચારવાની જરૂર છે કે હું ગમે તે ક્ષેત્રમાં હોંઉ, ડોક્ટર, ઈજનેર, વકીલ, અધ્યાપક ગમે તે હોઉં પણ દેશ સમુન્નત બને, દેશની તરક્કી થાય, દેશની શાન વધે તેવાં કાર્ય કરવાની જરૂર છે.

કેળવણીનું ક્ષેત્ર એવું પવિત્ર ક્ષેત્ર છે કે તેમાં ઘણું સારું કાર્ય થઈ શકે છે. ત્યાગના, બલિદાનના પાઠો યુવાનોને શિખવી, એમાં વારિસિંચન કરી તેને સાદગીના, સયંમના ને શિસ્તના સંસ્કાર આપી ભવિષ્યમાં ઘણું કામ લઈ શકાય. જો શિક્ષકો દસ વર્ષ આવું ઊમદા કાર્ય આ યુવાન ઉછરતી પેઢી સાથે લે તો સ્વરાજ્યનું સ્વપ્ન, સુરાજ્ય બનાવવા માટેનું સ્વપ્ન છે તે સિદ્ધ થાય.

જેને ક્યાંય નોકરી ન મળી, જે ક્યાંય ચાલી ન શકે, જે બધેથી પાછો પડે તે શિક્ષક બને-આવી સમાજની માન્યતા ખોટી છે. શિક્ષણક્ષેત્રમાં ઉત્તમ ને અનુશાસનવાળા મનુષ્યો હોવા જોઈએ. આ ક્ષેત્ર ઉત્તમ છે એમ સમજી તેમાં આવવું જોઈએ. સમાજની-સરકારની યોજનાઓ પણ એવી જોઈએ. આ ક્ષેત્રમાં આવનારાઓને જરા પણ તકલીફ, મુસીબત ન પડવી જોઈએ.

આપણો દેશ આઝાદ થયો ત્યારથી નેતાઓ દેશના યુવાનો પાસેથી રાષ્ટ્રીયતાની ને સેવાભાવનાની અપેક્ષા રાખે છે. પંડિત જવાહરલાલ નહેરુ પોતાના વીલમાં લખે છે કે 'મને ભારતીય સાંસ્કૃતિક પરંપરા પ્રત્યે માન છે, આનું કારણ આ સંસ્કૃતિપ્રેમ મને વારસામાં મળ્યો છે. દેશના હિમાલય, ગંગા અને પવિત્ર ગ્રંથો પ્રત્યે મને માન છે' - નહેરુજીની આ ભાવનાનો પ્રાર્થનાઓમાં નિત્ય ઉચ્ચાર કરવાનો વિચાર શ્રી એમ. સી. ચાગલાએ રજૂ કર્યો હતો. પરંતુ હું કહું છું કે આના નિત્ય પાઠથી શું મળવાનું છે ? આપણી શાળાઓમાં થતી પ્રાર્થનાઓ જીવંત નથી, તે તો રૂઢ છે. બાળકોને તે કરવી પડે છે, માટે કરે છે. જો પ્રાર્થનામાં આવવાનું મરજિયાત કરીએ તો પછી જુઓ ! આ બધું રૂઢ બની જાય છે. આપણે નહેરુજીના મનમાં સંસ્કૃતિનું જે ગૌરવ ઉદભવ્યું તેના જેવી યોજના ક્યાં બનાવી છે ?

સંસ્કૃતિ શેમાં છે ? આપણા વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, આપણા શંકરાચાર્ય, બુદ્ધ, મહાવીર આચાર્યોની શ્રેણી, આપણા ગુરુ નાનક, સંત તુલસીદાસ જેવા સંતો - આ બધાંના જીવન, કવન ને ઉપદેશમાં સંસ્કૃતિ છે. સંસ્કૃતિમાંથી કોને કાઢી શકીશું ?

આજની કેળવણીમાં આવી કયી સંસ્કૃતિ છે કે જેને લઈને આપણે ગૌરવ લઈ શકીશું ? આજના એમ.એ.વાળાને આપણી સંસ્કૃતિનું, આપણી ગીતાનું જ્ઞાન નથી.

ડો. રાધાકૃષ્ણનના કમિશને સંસ્કૃતિનાં શિક્ષણની વાત કરી હતી. કેળવણી અંગે ત્યાર પછી અનેક કમીશનો નિમાયાં, પરંતુ બધું રૂઢ જ રહ્યું. શિક્ષણ જેવા મહત્વના કામમાં વર્ષો ગયાં, પણ નિર્ણય નથી કરી શક્યા.

બધા કહે છે કે નૈતિક ને સંસ્કૃતિનાં શિક્ષણની જરૂર છે, પરંતુ તે આવતું કેમ નથી - તેની નવાઈ છે. જે ચીલાચાલુ છે, સમય બહારનું છે, જેણે જાણવાની જરૂર નથી તેને આજે હજુ ભણાવવામાં આવે છે. આ બધા માટે શિક્ષણની પદ્ધતિઓમાં પરિવર્તન કરવાની જરૂર છે.

પરીક્ષામાં ચોરીની વાતો છૂટથી થાય છે. તેમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો બંને સંડોવાયાની વાતો બહાર આવે છે - જો આમ થતું હોય તો એક વર્ષ ઉઘાડા પુસ્તક સાથે પરીક્ષા રાખો. માત્ર પરીક્ષા જ શું કામ ? અઠવાડિયે વિદ્યાર્થીની ટેવો, સુઘડતા, સ્વચ્છતા, રુચિ જુઓ. તેની સાથે સંવાદ યોજો. વિદ્યાર્થીઓ પ્રત્યે ખુલ્લા બનો, આ પણ કેળવણી છે.

આજના વિદ્યાર્થીઓ ઉચ્છૃંખલ છે, તેમનામાં અશિસ્ત છે એમ કહેવામાં આવે છે. વિદ્યાર્થીઓ પ્રોફેસર, પ્રિન્સિપાલને પણ સાંભળતા નથી એમ મને કહેવામાં આવે છે. પણ મારો અનુભવ જુદો છે. મને પ્રેમથી વિદ્યાર્થીઓ સાંભળે છે, સમય કરતાં વધુ સાંભળે છે. વિદ્યાર્થીઓ તો સાંભળે, ભણે - જો આપણે રસપ્રદ રીતે તેમને ભણાવીએ. શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે કેવી રીતે બોલવું, તેમનામાં રસ કેવી રીતે જન્માવવો, વર્તન કેવી રીતે કરવું - આ બધું જાણવા જેવું છે. શિક્ષક એવા બનવા જોઈએ કે વિદ્યાર્થી પિરિયડની રાહ જુએ. જો વિદ્યાર્થીઓને કંટાળો ન આવે તો વર્ગની શિસ્ત એમ જ જળવાય છે.

આ બધા માટે નૈતિક, સાંસ્કૃતિક કેળવણી દાખલ કરવાની અને તે દિશામાં સારા ઉત્તમ માણસોને તેમાં પ્રયોજવાની જરૂર છે.

☼ ☼ ☼ ☼ ☼

## 14. વિદ્યા

વિદ્યા શેને માટે છે ? એનું પ્રયોજન અથવા ધ્યેય શું છે ? આદ્ય શંકરાચાર્યે એ વિશે પોતાના વિચારોને વ્યક્ત કરતાં કહ્યું છે કે **विद्या फलंस्यात् असतो निवृतिः ।** વિદ્યા અસત્યમાંથી મુક્તિ આપે છે કે નિવૃત્ત કરે છે. સંસારમાં પરમ સત્ય એક પરમાત્મા જ છે. પરમાત્મા અજન્મા, અવિકારી, અજર, અમર અથવા અવિનાશી છે. પરમાત્મા સિવાય સંસારના સઘળા પદાર્થો પરિવર્તનશીલ છે. એ પરિવર્તનશીલ પ્રકૃતિના પરિવર્તનશીલ પદાર્થોની પ્રીતિ અથવા આસક્તિનો અંત આણવો અને પરમાત્માને જાણી એમની અંદર પ્રતિષ્ઠિત બનવું - એ વિદ્યાનો એકમાત્ર અગત્યનો આદર્શ છે. એને માટે અસત્ય-છળકપટ અને અનાત્મ પદાર્થોની પ્રીતિનો પરિત્યાગ કરવો જોઈએ.

વિદ્યા મેળવી હોય, પરંતુ માનવી સત્યપરાયણ અને સદાચારી ના બન્યો હોય તો તેવી વિદ્યા શું કામની ? જે વિદ્યા કે જ્ઞાનથી માનવ અહંકારી, ઉદ્ંડ અનાચારી કે ઘમંડી બને ને વિલાસી થાય તે વિદ્યા જીવનનું શ્રેય સાધી શકે નહિ. વિદ્યા કે જ્ઞાનની મદદથી મન અને ઈન્દ્રિયોના સંયમની સિદ્ધિ સાધવાની પ્રેરણા તથા શક્તિ સાંપડવી જોઈએ. શ્રી આદ્ય શંકરાચાર્યે કહેલું છે કેઃ **तज्ज्ञानं प्रशमकरं यदिन्द्रियाणां, तज्ज्ञेयं यदुपनिषत्सु निश्चितार्थम् ।** જ્ઞાન ઈન્દ્રિયોનો સંયમ શીખવે છે, મનનો કાબૂ કરવાની કળાનું કૌશલ બક્ષે છે, અને પરમશાંતિથી સંપન્ન બનાવીને જીવનને કૃતાર્થ કરે છે. વેદ તથા ઉપનિષદાદિ ધર્મગ્રંથોએ જે પરમતત્વનું સંશયવિપર્યરહિત નિશ્ચયાત્મક સ્વાનુભવપૂર્વકનું પ્રતિપાદન કર્યું છે તે પરમાત્માની સાથે સંબંધ બાંધતા અને એમનો સાક્ષાત્કાર કરતાં શીખવે છે.

પેલા પ્રાચીન સુભાષિતમાં જણાવ્યું છે કે, વિદ્યા વિનયી કરે છે અને માનવને સાચા અર્થમાં માનવ બનાવે છે. સુપાત્ર માનવો પુરૂષાર્થી થઈને ધની અથવા સંપત્તિશાળી બને છે - ધની થઈને ધર્મનું આચરણ કરે છે અને ધર્માચરણથી સુખને અનુભવે છે.

ધર્માચરણ સદા સુખશાંતિની સૃષ્ટિ કરે છે અને ધર્મનો ઉપયોગ ધર્મકર્મોના અનુષ્ઠાન માટે કરવો જોઈએ. સમાજમાં ધર્માચરણ વધે અથવા સૌ કોઈ સાચા માનવીય ધર્મ સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પ્રારંભે તો સર્વત્ર સુખશાંતિ, સમૃદ્ધિ ને સંવાદિતા છવાઈ જાય. ધર્માચરણ સામાજિક સ્થિરતાનો, સંવાદિતાનો ને સંગીનતાનો પાયો છે.

વિદ્યાનો અંતિમ આદર્શ પરમાત્માનો સાક્ષાત્કાર સાધવાનો છે તો પણ વિદ્યા ભૌતિક વિષયોની અવજ્ઞા કરે છે એવું નથી સમજવાનું. આપણે ત્યાં પ્રાચીન કાળથી મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળીની ઉપાસના પ્રચલિત છે. મહાસરસ્વતી જ્ઞાનની અધિષ્ઠાત્રી છે. જીવનમાં એની આવશ્યકતા છે, પરંતુ જીવન મહાલક્ષ્મીની સેવાથી પણ સંપન્ન હોવું જોઈએ. લક્ષ્મીનો અનાદર સુસંસ્કૃત સમાજને માટે કલ્યારણકારક નથી બનતો. લક્ષ્મી, સરસ્વતીના આસને ના વિરાજી શકે - તો પણ એનું પોતાનું આગવું આસન છે જ. મહાકાળી કાળની સ્વામિની છે. એની આરાધનાથી માનવ મૃત્યુંજય બનવાની સાધના કરીને આત્મદર્શન કરીને એકાત્માને અનુભનવે છે. વિદ્યાની સાર્થકતા જીવનની એવી પરિશુદ્ધિ ને પૂર્ણતામાં

સમાયેલી છે. એનું ગૌરવીત ગાતાં કહ્યું છે કે **सा विद्या या विमुक्तये ।** જે વિમુક્તિ માટે છે તે વિદ્યા છે. શેમાંથી વિમુક્તિ ? દુર્ગુણમાંથી ને દુષ્કર્મમાંથી. સમસ્ત પ્રકારની સંકીર્ણતામાંથી, આસુરી સંપત્તિમાંથી, પશુતામાંથી, ભ્રાંતિમાંથી, આસક્તિમાંથી, અવિદ્યામાંથી મુક્તિ. એવી મુક્તિને સાધીએ તો વિદ્યા સફળ થાય ને જીવન જ્યોતિર્મય બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## 15. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર - એ કહેવત આપણે ત્યાં પ્રાચીનકાળથી પરંપરાગત રીતે ચાલી આવે છે. કહેવત નાની છે છતાં ગુણવત્તાની અથવા સત્વશીલતાની દૃષ્ટિએ મોટી છે. એ સૂચવે છે કે મનુષ્ય જ્ઞાત અથવા અજ્ઞાત રીતે, એક અથવા બીજા કારણથી ભૂલ કરે છે. જ્યાં સુધી એ પૂર્ણતા પર નથી પહોચ્યો, મુક્ત કે સંપૂર્ણ નથી બન્યો, પરિશુદ્ધિની પરિસીમા પર નથી પહોંચ્યો, ત્યાં સુધી એની અંદર કોઈ ને કોઈ પ્રકારની ત્રુટિ કહેવાની. અને એ ત્રુટિને લીધે ભૂલ પણ થયા કરવાની.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર એ સાચું હોવા છતાં એ ભૂલને સમજીને સુધારી શકે છે, અને એણે ભૂલને સમજીને સુધારવી જોઈએ, એ પણ એટલું જ સાચું છે. જે ભૂલ પકડીને સુધારવાનો પ્રયત્ન કરવાને બદલે ભૂલનું પુનરાવર્તન કર્યા કરે છે, એ મનુષ્ય દયાપાત્ર અને આદર્શ મનુષ્ય ના કહી શકાય. વિવેકી મનુષ્ય એક વાર, બે વાર, ત્રણ વાર ભૂલનો ભોગ બન્યા પછી પણ એ ભૂલને સુધારી લે છે. એનું પુનરાવર્તન નથી થવા દેતો. એ આત્મનિરીક્ષણ અને આત્મસંશોધન કરે છે, ક્રમે ક્રમે આગળ વધતાં એવી અવસ્થા પર પહોંચે છે જ્યારે એનાથી કોઈ ભૂલ જ નથી થતી. એ સત્યને, ન્યાયને, નીતિને, માનવતાને મંગલ માર્ગે પગલાં ભરે છે. મનુષ્યમાંથી મનુષ્યોત્તમ બને છે.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે એ વાતને સમજીને જેણે ભૂલ કરી હોય, અથવા જે ભૂલ કરતા હોય તેમનો તિરસ્કાર ના કરીએ, તેમને ઉતારી ના પાડીએ. એમનું અપમાન પણ ના કરીએ. એમના પ્રત્યે સહાનુભૂતિ રાખીએ. એમને સહાનુભૂતિથી સમજવાની કોશિશ કરીએ, મદદ પહોંચાડીએ, બને તો ફરી વાર ભૂલના ભોગ ના બનવાનું પરિબળ પૂરું પાડીએ. કેટલાયને અનિચ્છાએ, નિરૂપાયે, સંજોગોને વશ થઈને, ભૂલના ભોગ બનવું પડ્યું હોય છે. એને માટે એમને ખેદ પણ થતો હોય છે, પીડા પહોંચતી હોય છે, પશ્ચાતાપ થાય છે. એમને તિરસ્કારવાથી કોઈ હેતુ નહિ સરે. એમને આશ્વાસન આપવું, પથપ્રદર્શન કરવું આવશ્યક છે. એવી રીતે જ એમની સેવા થઈ શકશે. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે એ સાચું હોવા છતાં એ ભૂલમાંથી મુક્તિ મેળવી શકે છે એ પણ એટલું જ સાચું છે. સંસારના આધ્યાત્મિક ઈતિહાસનું અવલોકન કરવાથી જણાય છે કે, જેમને જીવનમાં અનેક પ્રકારની ત્રુટિઓ તથા દોષો હતા તે જાગ્રત બન્યા, દોષોમાંથી મુક્તિ મેળવીને મહામાનવ - આદર્શ માનવ બન્યા ને પ્રશાંતિ પામ્યા. સૂરદાસે પોતાના પદમાં ગાયું છે કે -

અજામિલ ગીધ વ્યાધ ઈનમેં કહો કોન સાધ,
પંછી કો પદ પઢાત, ગણિકા  કો તારી
દીનન દુઃખ હરન દેવ સંતન હિતકારી.

જીવનને ત્રુટિરહિત, દોષરહિત કરવા માટે ઈશ્વરનું શરણ લઈએ, પ્રાર્થના કરીએ, સત્સંગનો રસ કેળવીએ, આત્મસુધારનો સંકલ્પ સેવીએ, અને ભૂલ કરનારાને ક્ષમા કરીને ત્રુટિરહિત જીવન જીવવાનો અવસર પૂરો પાડીએ તો જીવન બદલાઈ જાય, અધિકાધિક ઉપયોગી અને આશીર્વાદરૂપ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## 16. શાંતિનું રહસ્ય

એક સાચી બનેલી પ્રાચીન કથા છે. ગામની એક સન્નારી ખૂબ જ ચિંતાતુર બનીને આજુબાજુ સર્વત્ર શોધ કરી રહેલી. એના ઘરને બંધ કરીને કલાકો પહેલાં એ બહારગામ ગયેલી. ઘરની કૂંચી ક્યાં મૂકવામાં આવી છે તેની માહિતી ના મળવાથી એ અસ્વસ્થ થઈને સઘળે શોધખોળ કરવા માંડી, પરંતુ કુચીનો પત્તો ના લાગ્યો, ત્યારે નિરાશ બની. એ જ વખતે કોઈએ એને જણાવ્યું કે તારા ગળામાં શું લટકે છે ? એણે જોયું તે એ કુંચી જ હતી. એના આશ્ચર્ય અને આનંદનો અંત ના રહ્યો. એના ઘરને ઉઘાડીને એણે એમાં પ્રવેશ કર્યો.

માનવ પણ આજે શાંતિની શોધમાં છે. શાંતિની પ્રાપ્તિ માટે એ ચારે તરફ પુરૂષાર્થ કરે છે તો પણ એને સંપૂર્ણ સનાતન શાંતિ નથી સાંપડતી. અનેક પ્રકારના પ્રયત્નો પછી એને સમજાય છે અથવા કોઈ સ્વાનુભવસંપન્ન સત્પુરૂષ દ્વારા સમજાવામાં આવે છે કે, જે શાંતિને પોતે શોધે છે અથવા ઝંખે છે એ તો એની અંદર જ છે. એની કૂંચી એની પાસે જ છે. પોતાના દિલમાં ડોકિયું કરવાથી અને આત્માની સાથે અનુસંધાન સાધવાથી એ શાંતિની સંપ્રાપ્તિ સહેલાઈથી, સંપૂર્ણપણે થઈ શકે તેમ છે.

ઉપનિષદ કહે છે :

એકોવશી સર્વભૂતાન્તરાત્મા, એકં રૂપં બહુધા યઃ કરોતિઃ ।
તમાત્મસ્થં યેડનુપશ્યંતિ ધીરાસ્તેષાં શાંતિઃ શાશ્વતી નેતરેષામ્ ॥

અર્થાત્ જે એક છે, સૌના શાસક છે, ભૂતોના અંતરાત્મા છે, એક હોવા છતાં અનેક રૂપોને ધારે છે, એમને અંતરાત્મામાં અવલોકે છે, તેમને શાશ્વતી શાંતિ સાંપડે છે. બીજાને નથી સાંપડતી.

નિત્યોડનિત્યાનાં ચેતનશ્ચેતનાનાં, એકો બહુનાં યો વિદ્ધાતિ કામાન્ ।
તમાત્મસ્થ યેડનુપશ્યંતિ ધીરાસ્તેષાં સુખં શાશ્વતં નેતરેષામ્ ॥

એટલે કે અનિત્ય પદાર્થોમાંથી નિત્ય, અચેતનમાં ચેતન, એક હોવા છતાં અનેકની આકાંક્ષાઓની પૂર્તિ કરનારા પરમાત્માને જે બુદ્ધિમાન પુરુષો પોતાની અંદર પેખે છે તેમને જ સનાતન સુખ સાંપડી શકે છે. બીજાને નથી સાંપડી શકતું.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના અઢારમા અધ્યાયના ઉપસંહાર વખતે કહેવામાં આવ્યું છે કે ઈશ્વર સર્વ ભૂતોનાં હૃદયપ્રદેશમાં વિરાજે છે. એ પોતાની માયાથી જીવોને યંત્ર પર આરૂઢ હોય તેમ ફેરવે છે. એ ઈશ્વરનું સર્વભાવે શરણ લો. એમના અસાધારણ આલૌકિક અનુગ્રહથી સર્વોત્તમ સનાતન શાંતિની તથા અવિચલ પરમપદની પ્રાપ્તિ થશે.

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદેશોડર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્ સર્વભૂતાનિ યંત્રરૂઢાનિ માયયા ॥
તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારતં ।
તત્પ્રસાદાં પરાશાંતિ સ્થાનં પ્રોસ્યસિ શાશ્વતમ્ ॥

એ શ્લોકોનો સૂચિતાર્થ સ્પષ્ટ છે. પરમાત્મા પરમ શાંતિસ્થ હોવાથી, એમના પ્રત્યે અભિમુખ બનવામાં ના આવે, એમની સાથે સંબંધ રાખવામાં અને એમને ઓળખવામાં ના આવે ત્યાં સુધી સંપૂર્ણ સનાતન સાંતિ સાંપડી શકે નહિ. શાંતિના મંગલ મંદિરને ખોલવાની કૂંચી માનવની પોતાની પાસે છે. એની અંદરનો આત્મા શાંતિસ્વરૂપ છે. એની પાસે જેટલા પ્રમાણમાં પહોચવામાં આવે એટલા પ્રમાણમાં શાંતિથી સંપન્ન બની શકાય. શાંતિનું સાચું રહસ્ય એ જ છે.

☼ ☼ ☼ ☼ ☼

## 17. વિચારની શક્તિ

વિચારની શક્તિ અસાધારણ અને અનંત છે. એની મદદથી નાનાં-મોટાં કેટલાયે કાર્યો કરી શકાય છે. વિચારોનો અથવા ભાવોનો પ્રભાવ આપણા પોતાના આંતરજગત અને બાહ્યજગત પર ઓછાવત્તા પ્રમાણમાં પડ્યા કરે છે. એનાથી આપણું પોતાનું વ્યક્તિત્વ ઘડાય છે અને બાહ્ય વાતાવરણને અસર પહોંચે છે.

એક મનોવૈજ્ઞાનિકે પોતાના ઉદ્યાનમાં એક છોડને, અવજ્ઞા અને અપમાનપૂર્વક પાણી પાયું અને પાસેના બીજા છોડને અભિરૂચિ, આદર, સન્માનસહિત, અનુરાગની અભિવ્યક્તિ કરતાં પાણી પાયું. બન્ને છોડ પ્રત્યેના ભાવ તથા વિચારતરંગો જુદાજુદા અથવા પરસ્પર વિરોધી હતાં. એનું પરિણામ બીજે દિવસે દેખાયું. ત્યારે એને ભાન કે વિચારના અદ્રષ્ટ આંદોલનોનાં સામર્થ્યની પ્રતીતિ થઈ. પહેલા છોડ પર નિસ્તેજ, નીરસ, મ્લાન જેવું પુષ્પ પ્રગટી ઊઠેલું અને બીજા છોડ પર તેજસ્વી, રસમય, તાજાં, પરિમલ પ્રસન્ન પુષ્પની સૃષ્ટિ થયેલી.

એક રોગીને રોગમુક્ત કરના માટેનાં સઘળા દાક્તરી ઉપચારો નિષ્ફળ જતાં સ્નેહીજનોએ ઉપચારોને બંધ કરીને એને માટે પ્રાર્થના પ્રારંભી અને એમના આશ્ચર્ય વચ્ચે થોડાક દિવસો પછી રોગી રોગમુક્ત થયો. એને પુનર્જીવનની પ્રાપ્તિ થઈ. બાબરે પોતાના પુત્ર હુમાયુને પ્રાર્થના દ્વારા વ્યાધિમુક્ત કર્યાની કથા જાણીતી છે.

વિચારો તથા ભાવોના આંદોલનો વિશ્વના વાયુમંડળમાં વહ્યા ને વિહર્યા કરે છે. એમનો સર્વનાશ થતો નથી. આજે આપણે જેવા છીએ તેવા આપણા ભૂતકાલીન ભાવો તથા વિચારોને લીધે જ થયા છીએ અને ભવિષ્યમાં પણ ભાવો તથા વિચારોના અનુસંધાનમાં જ આપણા વ્યક્તિત્વનું નિર્માણ થશે. વિશ્વના, આપણી આજુબાજુનાં વાયુમંડળને વિશદ કરવા ને વિશદ રાખવાના કલ્યાણકાર્યમાં આપણે સુંદર, પ્રેમમય, વિમલ ભાવો ને વિચારોને વહેવડાવીને મહત્વનો ફાળો આપી શકીએ અને રાગદ્વેષયુક્ત સ્વાર્થી અપવિત્ર ભાવો અને વિચારોને વહેતા બંધ કરીને મહત્વનું યોગદાન કરી શકીએ. આપણે બીજાની શાંતિ, સુખાકારી, સમૃદ્ધિ, સમુન્નતિ, મુક્તિ, પૂર્ણતા તથા દુઃખમુક્તિના વિચારોને વહેતા કરીએ અને સૌના મંગલ માટે પ્રાર્થીએ એ પણ એક સેવા છે. એમ કરીને વિશ્વના સદભાવોના ઓક્સિજનની અભિવૃદ્ધિ કરીએ. કોઈનું અમંગલ ના ઈચ્છીએ અને એની રાગદ્વેષ અથવા ઈર્ષ્યા ના રાખીએ, કોઈનું અમંગલ ના ઈચ્છીએ અને એવી રીતે આપણી આજુબાજુના કાર્બોનિક એસીડ ગેસને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે પણ વધારવાનું નિમિત્ત ના બનીએ. વૈદિક ઋષિઓ પ્રાર્થે છે :

તન્મે મન: શિવ સંકલ્પમસ્તુ ! અર્થાત્ મારું મન મંગલ વિચારવાળું બની જાવ.

☼ ☼ ☼ ☼ ☼

## 18. જીવનધોરણ

આજુબાજુ બધે જ અને કેટલાય વખતથી જીવનધોરણને ઉપર લાવવાની કે સુધારવાની વાતો ચાલે છે. જીવનધોરણને ઉપર ઉઠાવવાની વાતની પાછળનો મુખ્ય અને એકમાત્ર આશય માનવ ભૌતિક રીતે સમૃદ્ધ બને અથવા સંપત્તિશાળી થાય તે છે. માનવ પોતાના જીવનની જરૂરિયાતોને સુચારુપે પહોંચી વળે, પુરી કરે કે સંતોષે, એ ઈચ્છવા યોગ્ય છે અને જીવનધોરણને ઉપર ઉઠાવવામાં કે ઊંચે લાવવામાં એને માટેનો આગ્રહ કામ કરે છે. છતાં પણ જીવનધોરણને ઊંચું લાવવાની પાછળ જે ભૌતિક અને કેવળ ભૌતિક ભાવના સેવવામાં આવે છે તે બરાબર નથી. માનવ ભૌતિક રીતે સુખી, સમૃદ્ધિશાળી અને સંપત્તિમાન બનશે તો પણ જો માનવતાની દૃષ્ટિએ, નૈતિક અથવા માનવીય મૂલ્યોના આવિષ્કાર, સંરક્ષણ તથા સંવર્ધન દ્વારા આગળ નહિ વધે એટલું જ નહિ પરંતુ પાછળ રહેશે તો એના જીવનને આદર્શ નહિ બનાવી શકે. જે સમાજમાં એ શ્વાસ લે છે તે સમાજની સુખશાંતિ કે સમુન્નતિ પણ નહિ સાધી શકે. એટલે જીવનધોરણને ઉપર ઉઠાવવાની વાત કરતી વખતે કેવળ ભૌતિક નહિ પરંતુ માનવીય રીતે પણ જીવનનું સ્તર ઉપર ઊઠે તેનું ધ્યાન રાખવું જોઈએ અને મહત્વ માનવું જોઈએ.

માણસ ભૌતિક રીતે વૈભવી, ઐશ્વર્યશાળી અથવા સંપન્ન બને પરંતુ અસત્યપરાયણ હોય, છળકપટ કરતો હોય, વિશ્વાસઘાતી હોય, સ્વાર્થ-અહંતા-મમતા-શોક-વાસના-લાલસા તથા ભયથી ભરપૂર હોય તો એ જીવનના ધોરણ કે સ્તરને ઉચ્ચ ના કહી શકાય. એવા એકાંગી જીવનધોરણની ભલામણ અથવા પ્રશંસા પણ ના કરી શકાય. એવું જીવન કોઈનું કલ્યાણ ના કરી શકે. છતાં પણ એવા માનવીય જીવનધોરણને સુધારવા અને ઉપર ઉઠાવવાની સ્મૃતિ સરખી પણ નથી કરાવવામાં આવતી અને બધું જ ધ્યાન, એકમાત્ર સાંસારિક સમૃદ્ધિ જ સર્વ કાંઈ હોય એમ માની એની પર જ કેન્દ્રિત કરવામાં આવે છે. પરિણામે જીવનને સમૃદ્ધ અને સંપત્તિશાળી બનાવવા જેટલા પ્રયત્નો કરવામાં આવે છે તેટલા પ્રયત્નો સદબુદ્ધિ, સદવિચાર અથવા સદભાવ અને સત્કર્મની અભિવૃદ્ધિને માટે નથી કરવામાં આવતા. મોટાભાગના માનવો એને લીધે માનવીય અને નૈતિક વિકાસથી વંચિત રહી જાય છે. એમને એવા જીવનવિકાસની જેવી જોઈએ તેવી સ્મૃતિ નથી રહેતી. સંસારના સ્વરૂપને છે એના કરતાં સુંદર, સ્વચ્છ, સુધામય અને સુખસભર બનાવવું હોય તો ભૌતિક અને માનવીય જીવનસ્તરને ઉપર ઉઠાવીને માનવને માનવીય મૂલ્યોથી મંડિત કરવાના પ્રયત્નો કરવાની આવશ્યકતા છે.

જીવનધોરણના એ બંને શિખરો સર કરવાથી જીવનનું સાચું શ્રેય સાધી શકાશે. આજે આપણે અન્નમોરચે કટોકટીની વાત કરીએ છીએ. એક વ્યક્તિ પાસે અન્નની અધિકતા હોય છે છતાં બીજી અન્નની આવશ્યકતાવાળી વ્યક્તિને માટે એનું અન્ન કામ લાગતું નથી. અન્ન સડી કે બગડી જાય છે, એને નાખી દેવામાં આવે છે, તો પણ આવશ્યકતાવાળાને માટે નથી વપરાતું. જેની પાસે વસ્ત્ર, ધન, પદ અને અધિકાર છે એ બીજાને ઉપયોગી થવાની કોશિશ નથી કરતા. એને લીધે એક પ્રકારની ખોટી કટોકટી પેદા થાય છે ને બીજા મુસીબતમાં મુકાય છે. એનું કારણ ચારિત્ર્યની કટોકટી - Crisis of character - હોય છે. એટલે કોઈ પણ પ્રજાને સાચા અર્થમાં સ્વસ્થ, સુખી અને શક્તિશાળી કરવા માટે એને સાંસારિક સંપત્તિથી અને

જીવનોપયોગી આવશ્યકતાઓથી સંપન્ન કરવાની સાથે સાથે એની અંદર માનવતાના મૂલ્યોને વિકસાવીને એને પરહિતકારક બનાવવાની આવશ્યકતા છે. એવાં પરહિતકારક માનવતામંડિત માનવો ભૂખે રહીને પણ બીજાને પોતાનું ભોજન આપશે, પરહિતને માટે જ જીવશે, પદ-પ્રતિષ્ઠા-સત્તા-લક્ષ્મીની લાલસામાં નહી પડે, પ્રલોભનોથી નહીં ડગે, કર્તવ્યનિષ્ઠ રહેશે, ને કોઈ સ્થળે, કોઈ કારણે, દાનવતાના શિકાર નહી બને. જીવનનું ધોરણ એકલી લક્ષ્મી તથા સંપત્તિથી ઊંચું નથી આવતું. સદવિચાર, સદભાવ તથા સત્કર્મથી ઊંચું આવી શકે છે, એ યાદ રાખીએ તો આપણને ને બીજાને લાભ થાય. દેશમાં દેખાતી ચારિત્ર્યની કટોકટી - Crisis of character - દૂર થાય. દેશને એકલાં શસ્ત્રો, એકલી સેના અને સાંસારિક સમુન્નતિ રક્ષી ને સુદૃઢ નથી બનાવી શકતાં. એની ચારિત્ર્યશીલ પ્રજા જ સુરક્ષિત અને શક્તિશાળી બનાવતા હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## 19. ઉષઃકાળ

ઉષઃકાળ કેટલો બધો આકર્ષક, આહ્લાદક અને સુંદર હોય છે ? દિવસમાં એક જ વાર આવતા એ અદભૂત આનંદદાયક ઉષઃકાળ વખતે આકાશમાં ઊંડી શાંતિ અને આનંદ છવાઈ જાય છે. અમૃતલોકની અદ્રષ્ટ દેવી ઉષા પૂર્વ દિશામાં રમણીય રંગોળી પૂરે છે. એથી આખુંય આકાશ અવનવું બને છે. અનોખા રૂપરંગ ધરે છે. પ્રભાતના પ્રથમ પ્રહરમાં ક્યાંક સુમધુર શ્રવણમંગલ સંગીતની સ્વાદુ સુરાવલિ છૂટે છે. એનો આસ્વાદ માણતાં પવનની લલિત લહરીઓ લાસ્ય નૃત્ય કરે છે. પંખીઓની પંક્તિ નવજીવનના, પ્રમાદના પરિત્યાગના, અભિનવ પુરૂષાર્થના, સંપ, સંગઠન ને સનાતન સ્નેહના સંદેશા સંભળાવતી, દેવદૂતની જેમ સ્વતંત્રતાનું જયગાન ગાતી નીકળી પડે છે. સાગર પોતાના ઉત્તુંગ તરંગોમાં અંતરની ઊર્મિની અભિવ્યક્તિ કરતાં હિલાળે ચઢે છે. મંદિરોમાં આરતી, આરાધના, ઘંટનાદ થાય છે. ગોવાળો ગાયો સાથે વનવિહારે નીકળે છે. ખેડૂતો અવનવી આશા, શ્રદ્ધા, મહાત્વાકાંક્ષા સાથે ખેતરને માર્ગે આગળ વધે છે. ક્યાંક નવજીવનનો સંદેશો આપતું નિનાદ જગાવતું બ્યુગલ વાગે છે. પ્રકૃતિની તંદ્રા દૂર થઈ ગઈ છે. એણે રાતભર કેટકેટલો પ્રખર, પ્રસન્નતાપૂર્વકનો પુરૂષાર્થ કર્યો છે ત્યારે ઉષઃકાળનો આ અનોખો અવસર આવી પહોંચ્યો છે. રજની વીતી ગઈ છે ને અવનવી આકાંક્ષાઓ, પ્રેરણાઓ, શક્યતાઓ અને પ્રકાશ રશ્મિઓના પાર્ષદ જેવું પ્રભાત પુનઃ પ્રગટ થયું છે.

પ્રભાતના આ પ્રવિત્ર પરમાણુઓનો, પ્રભાતની આ પરમ પ્રસન્ન, પ્રેરક પવન લહેરીઓનો લેવાય એટલો લાભ લો. આબોહવા અનુકૂળ છે. વાયુમંડળમાં તાજગી ફરી વળી છે. આ અનુપમ આહ્લાદક અવસરની અવજ્ઞા નથી કરવાની. એને આળસમાં નથી વીતાવવાનો. નવી નવી યોજનાઓ ઘડવાની છે. સૌની સુખાકારી, શાંતિ, સમુન્નતિ તથા સ્વતંત્રતાના સંકલ્પો કરવાના છે. રાષ્ટ્રીય અભ્યુત્થાનના પુનિત પંથે પ્રમાણિકતાપૂર્વક પ્રયાણ કરવાનું છે. શંકા, ભ્રાંતિ, અહંતા, મમતા, રાગદ્વેષ, વિસંવાદ, પૂર્વગ્રહોને પરિત્યાગીને મોહનિદ્રાની નાગચૂડમાંથી મુક્તિ મેળવવાની છે.

દેશ આપણો છે, આપણે માટે છે, આપણું સર્વકાંઈ દેશને માટે છે. એને અધિકાધિક સ્વસ્થ, શાંત, સમૃદ્ધ, શક્તિશાળી ને યશસ્વી બનાવવા આપણા ક્ષેત્ર દ્વારા, આપણી શક્તિની મર્યાદામાં રહીને, સંયુક્ત રીતે પ્રયત્ન કરવાનો છે. દેશની શાનને વધારવાની છે. ખેડૂતો, ખેતમજૂરો, કારખાનામાં કામ કરનારાઓ, વિદ્યાર્થીઓ ને વિદ્યાગુરુઓ, ડોક્ટરો, વકીલો, ન્યાયમૂર્તિઓ, વેપારીઓ, સૈનિકો ને સેનાનાયકો, સૌએ સર્વજનસુખ અને સર્વજનહિતના મંગલ મહામંત્રને જપવાનો છે. વીસ મુદ્દાના આર્થિક કાર્યક્રમનો ઉષઃકાલ દેશમાં પ્રગટ થયો છે એનો સૌએ લાભ લેવાનો અથવા અમલ કરવાનો છે. એ કાર્યક્રમ સમાજમાં સર્વત્ર, આપણી આજુબાજુ ફેલાયેલા દુઃખ, દૈન્ય, અંધકાર અને ભેદભાવનો અંત આણવા માટે આપવામાં આવ્યો છે. એનો એકનિષ્ઠ અમલ અનેક રીતે આશીર્વાદરૂપ બનશે. દેશમાં નવી પ્રેરણા, પ્રસન્નતાની અવનવી પવનલહરી પ્રગટાવશે, અંધકારનો અંત આણીને પાવન પ્રકાશના કિરણોને ફેલાવશે. સમાજની સુખદ કાયાપલટ કરશે.

ઉષાની પાછળ જેમ સૂર્ય પ્રગટે છે તેમ શાંતિ, સુખાકારી, સમૃદ્ધિ, સર્વહિત સંસિદ્ધિના સ્વર્ગીય સૂર્યોદયની સૃષ્ટિ કરશે. ઉષઃકાળનો આવો અવસર ફરી ફરી નથી આવતો. રાષ્ટ્રના જીવનમાં, એના પ્રતિતિરૂપી લલિત લલાટમાં, લાંબે વખતે એકાદ વાર જ આવે છે. એને વ્યર્થ વેડફી નાખવાને બદલે એનો પૂરેપૂરો લાભ લઈએ. એનો લાભ લેવાથી દુઃખની રાત્રિ દૂર થશે, પ્રસન્નતાનું પરિપૂર્ણ પ્રગતિસૂચક પ્રભાત પ્રગટી ઉઠશે, અને આપણે આઝાદીના આરંભથી સેવેલા સુખ તથા સમૃદ્ધિના સ્વપ્નો સાકાર બનશે. એમને આપણે જ સાકાર કરી શકીશું - તમે અને અમે બધા જ. આપણો પારસ્પરિક સ્નેહ, સંપ, સદભાવ, સહયોગ આવશ્યક છે.

રજની જશે ને પ્રભાત ઉઘડશે, સ્મિત કરશે પ્રેમાળ,  
દિવ્ય ગણોના વદન મનોહર, હૈયે વસ્યા ચિરકાળ ...  
... જે મેં ખોયા હતા ક્ષણવાર.

☼ ☼ ☼ ☼ ☼

## 20. ત્રણ મહામંત્રો

ભારત એક વિશાળ દેશ છે. એની આબાદી અસાધારણ છે. એમાં અનેક ધર્મો, સંપ્રદાયો, મતો તથા પંથો પ્રવર્તે છે. સૌ પોતપોતાની અભિરુચિ અને પસંદગી પ્રમાણેના ધર્મ કે સંપ્રદાયનો આશ્રય લે છે. એ બાબતની એમને બંધારણીય અને સાંસ્કૃતિક સ્વતંત્રતા છે. એક સંપ્રદાયના અનુયાયીઓ બીજા સંપ્રદાયના અનુનાયીઓને દબાવે, વગોવે, તિરસ્કારે, હલકાં ગણે, એને બદલે એમની પ્રત્યે પ્રેમ તથા સહાનુભૂતિ રાખે એ ઈચ્છવા જેવું અને આવકારદાયક છે. સર્વધર્મ સમભાવ અથવા સર્વ સંપ્રદાયો પરત્વે આદરભાવ રાખવાની એવી વૃત્તિનો વધારે વિકાસ થાય અને સાંપ્રદાયિક વૈમનસ્ય, ચડસાચડસી તથા કટુતાને દૂર કરવામાં આવે એ ઈચ્છવા જેવું છે. બિનસાંપ્રદાયિકનો અર્થ કોઈએ કોઈ પણ ધર્મનું પાલન ના કરવું એવો નથી થતો; પરંતુ પ્રત્યેકને પોતાના ધર્મનું પાલન કરવાનું પ્રિય છે, માટે બીજાના ધર્મપાલન પ્રત્યે પણ આદર રાખવો જોઈએ એવો થાય છે.

ભારતે લોકશાહી પ્રથાનો સ્વીકાર કરીને લોકશાહીને માર્ગે આગળ વધવાનો નિર્ણય કર્યો છે. લોકશાહીમાં લોકોની સામૂહિક ઈચ્છાનો આદર થાય છે. એમની સમૂહગત આકાંક્ષાઓને લક્ષમાં લેવાય છે. રાજ્ય મુખ્યત્વે - પહેલેથી છેવટ સુધી લોકોના હાથમાં હોય છે. લોકો એના આત્મા હોય છે. શાસન કોઈ એક જ વ્યક્તિ - પછી તે ગમે તેટલી કુશળ, પ્રભાવોત્પાદક કે શક્તિશાળી હોય તો પણ તેની ધૂન, તેનો આગ્રહ-દુરાગ્રહ કે ગમા-અણગમાને આધીન બનીને નથી ચાલતું. શાસક વ્યક્તિનું મહત્વ એટલું નથી હોતું જેટલું જનસમૂહનું હોય છે. એમાં સૌને વિચારો ને વાણીની, અભિવ્યક્તિની ને વ્યક્તિગત વિકાસની સંપૂર્ણ સ્વત્રંતા હોય છે. નિર્ણયો લોકોની સંમતિથી લેવાય છે અને લોકો પર લાદવામાં નથી આવતા. એમાં વિરોધ હોય છે ને વિરોધને આવકારવામાં તથા સમય પર સન્માનવામાં આવે છે. વિરોધને શત્રુતા નથી મનાતો અને એને અપમાનિત કરવાનો, દબાવવાનો કે યંત્રણા આપવાનો પ્રયાસ નથી થતો પરંતુ સમજાવવાનો ને જીતવાનો પ્રયત્ન થાય છે. વિરોધ પણ ખંડનાત્મક, લોકશાહી વિરોધી, જવાબદારીના જ્ઞાન વગરનો, કરવા માટે કરાનારો, ઉચ્છ્રંખલ નથી હોતો, પરંતુ જવાબદારીના ભાનવાળો, શિષ્ટ, શિસ્તબદ્ધ અને રચનાત્મક હોય છે. એમાં પ્રત્યેક વ્યક્તિ રાષ્ટ્રને પોતાનું સમજે છે. એને માટે ગૌરવ ગણે છે. એની સમુન્નતિને માટે સમર્પિત બને છે અને એનાં સુખદુઃખને પોતાનાં ગણે છે.

ભારતે સમાજવાદને પંથે પ્રયાણ કરવાનો સંકલ્પ કર્યો છે. સમાજવાદના અર્થો ગમે તેવી રીતે કરવામાં આવતા હોય તો પણ એનો એક આદર્શ અર્થ એ છે કે રાષ્ટ્રની પાસે જે કાંઈ છે તેના પર એની પ્રજાનો, સમાજનો અધિકાર છે. એનો ઉપયોગ થોડા મૂઠ્ઠીભર શાસકો, નેતાઓ, શ્રીમંતો, અથવા અમલદારોને માટે નહીં, પરંતુ સર્વ જનસમાજને માટે થવો જોઈએ. Classes ને કાજે નહિ પણ Masses ને કાજે કરવો જોઈએ. એ દ્વારા સૌની સુરક્ષા, શાંતિ, સ્વસ્થતા, સુખાકારી, સમુન્નતિ સધાવી જોઈએ. કોઈ ક્ષુધાર્ત કે બેકાર ન રહે, ઘર વગરનું ના રહે, અશિક્ષિત અને આળસુ ના રહે, દીન-હીન-બદ્ધ-ત્રસ્ત-લાચાર ના બને, અન્યાય-અધર્મ-ભેદભાવ- ભ્રષ્ટાચાર-શોષણ-દુરાચાર-અત્યાચારનો શિકાર ના બને, એનું ધ્યાન રાખવું પડે છે. શુદ્ધ, સ્વતંત્ર, ન્યાયપૂર્ણ, વ્યક્તિનો આદર કરતી સમાજરચના કરવી રહે છે. માનવે સ્વાર્થી કે એકલપેટા બનવાને

બદલે સામાજિક વૃત્તિ, વિચારસરણી ને વ્યવહારવાળા બનવું પડે છે. પોતાનું સઘળું સમાજનું સમજીને સમાજને માટે વાપરવા તૈયાર રહેવું પડે છે.

બિનસાંપ્રદાયિકતા, લોકશાહી તથા સમાજવાદ ભારતના ત્રણ મહામંત્રો છે. એમને જીવનમાં અપનાવવા તૈયાર થઈએ તો આપણાં અનેક અનિષ્ટોનો અસરકારક ઈલાજ થાય ને દેશ સુખી બની જાય. આપણે સૌ સમજીએ કે આપણા પર ભારતની શાન તથા સમુન્નતિનો આધાર છે. આપણે જ એના ઘડવૈયા ને ભાગ્યવિધાતા છીએ. આપણે ભારત છીએ. ભારતની ઉન્નતિમાં આપણી સમુન્નતિ સમાયેલી છે, એની અવનતિમાં આપણું અધઃપતન. કાશ્મીર મારું મસ્તક છે ને કન્યાકુમારી મારાં ચરણ. જગન્નાથપુરી ને દ્વારકા બે હાથ તથા વિંધ્યાચળ કમર. દેશની અસંખ્ય સરિતાઓ મારી રક્તવાહિનીઓ છે. આ દેશને ઉપયોગી થવા માટે જ મારું શરીરધારણ છે, મારું સર્વકાંઈ છે.

☼ ☼ ☼ ☼ ☼

## 21. ગ્રામસુધારણા

ભારતની ભૂમિ ખેતીપ્રધાન છે. એના મોટાભાગના માનવો શહેરોમાં નહિ પરંતુ ગામડામાં વસે છે. મોટાભાગની વિશાળ વસ્તીને ગ્રામજીવન સાથે જ વધારે કામ પડે છે. એટલે દેશના સર્વાંગિણ વિકાસની કે વિશાળ હિતની કોઈ પણ યોજના બને એમાંથી ગામડાંઓ અને ગ્રામપ્રજા કેવી રીતે બાકાત રહી શકે ? એવી યોજના-ગ્રામજીવન પ્રત્યે દુર્લક્ષ કરનારી યોજના-ને વિકાસની પરિપૂર્ણ, ત્રુટિરહિત વિકાસયોજના ના કહી શકાય. દિન-પ્રતિદિન એવી ફરિયાદ સાંભળવામાં આવે છે, અને એ ફરિયાદ એકદમ અકારણ અને આધાર વિનાની નહિ જ હોય કે વિકાસ યોજનાનું લક્ષ્ય મોટેભાગે શહેરો હોય છે અને ગામડાં એનાથી વંચિત રહી જાય છે. ગામડામાં સ્વાવલંબી, સ્વમાની, સ્વસ્થ જીવનનિર્વાહની શક્યતાઓ અલ્પ હોવાથી અને શહેરોમાં એની અધિકતા હોવાને લીધે અને કેટલાંક અન્ય કારણોને લીધે, ગામડાં દિન-પ્રતિદિન તૂટતાં જાય છે ને શહેરોના વિસ્તાર તથા વસવાટમાં વૃદ્ધિ થાય છે. આપણા રાષ્ટ્રને શક્તિશાળી, સમૃદ્ધ, સુખી, સશ્યશ્યામલ કરવા માટે આપણે ગામડાંના, એની સાથે સંકળાયેલા ખાતરના, ખેતીના, પાણીના, વિજળીના ને પશુપાલનના પ્રશ્નોને લક્ષમાં લઈને એમના સંતાષકારક સર્વદિશીય, સર્વાંગિણ સમાધાન માટે આયોજન કરવું જોઈએ. ગ્રામપ્રજાની સુખાકારી, શાંતિ ને સમૃદ્ધિ માટે એમની પોતાની અંદર જાગૃતિ પેદા કરવી જોઈએ. ગ્રામપંચાયતો અને અન્ય એવા રાજકીય તથા સાંસ્કૃતિક માધ્યમો દ્વારા એમને ઉપયોગી થવાની અને એમના જીવનને અધિકાઅધિક સ્વચ્છ, સુશિક્ષિત, સુસંસ્કૃત, સમૃદ્ધ ને સુખમય કરવાની પ્રવૃત્તિઓ આદરવી જોઈએ.

ભારતનાં લાખો કરોડો ગામડાંઓ, ગ્રામજનો અને એમના અનેકવિધ પ્રશ્નો પરત્વે આપણે ઉદાસીન નથી. 'જય જવાન જય કિસાન'ના ઉદગારો એમના સૂચક છે. ભારત એના ગામડાઓમાં પણ વસે છે, એ આપણે જાણીએ છીએ. એ ગામડાંના વિકાસનું ધ્યાન આઝાદી પછી રાખવામાં આવ્યું છે. એમાં ક્યાંય ત્રુટિઓ અને અપૂર્ણતાઓ રહી ગઈ હોય તો એ ત્રુટિઓ અને અપૂર્ણતાઓનો અંત આણવાનો પ્રામાણિક પ્રયત્ન વીસ મુદ્દાના અભિનવ કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યો છે. એ કાર્યક્રમ દ્વારા ગામડાંઓને ને ગ્રામપ્રજાના પ્રશ્નોને કેટલી બધી અગ્રિમતા આપવામાં આવી છે, એનું અનુમાન તો એટલા પરથી જ કરી શકાશે કે વીસ મુદ્દાના એ કલ્યાણ કાર્યક્રમમાંના પ્રથમ ૨ થી ૯ જેટલા મુદ્દા એને જ મળતા છે. એટલે એ કાર્યક્રમ મોટેભાગે ગ્રામસુધારણાનો સુયોજિત કાર્યક્રમ છે, એવું અતિશયોક્તિ વિના કહી શકાય.

એ મુદ્દા આ રહ્યાઃ

૧. ખેતીની જમીન પર ટોચમર્યાદાનો અમલ અને વધારાની જમીનની ઝડપી વહેંચણી. જમીનને લગતા દફતરનું સંકલન.

૨. ભૂમિહીનો તેમજ ગરીબ વર્ગને વસવાટની જમીન આપવાની જોગવાઈઓમાં ઝડપ.

૩. વેઠની પ્રથાની સમાપ્તિ.

૪. ગ્રામકરજ ફેડવાની યોજના. ભૂમિહીન ખેતમજૂરો, નાના ખેડૂતો તથા કારીગરોના વસૂલાતની મોકુફી.

૫. લઘુત્તમ - ઓછામાં ઓછા ખેતમજૂરીના કાયદાઓની ફેરવિચારણા.

૬. વધુ પચાસ લાખ જમીન સિંચાઈ હેઠળ લાવવાની વાત. ભૂમિગત જળના ઉપયોગ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ.

૭. વિદ્યુતવેગી વિદ્યુત કાર્યક્રમ, કેન્દ્રના નિયંત્રણ હેઠળના સુપર થર્મલ સ્ટેશન.

૮. હાથશાળ ક્ષેત્રના વિકાસ માટે નવો વિકાસ કાર્યક્રમ.

યોજના કાગળ પર ગમે તેટલી આકર્ષક, અવનવી ને પ્રેરણાત્મક હોય, પરંતુ એનો અમલ કરવામાં ન આવે તો એ સાકાર, સફલ કે સાર્થક ના બની શકે. આવશ્યકતા અને અનિવાર્ય આવશ્યકતા એના અમલની છે. એને માટે લાગતાવળગતા સૌએ કટિબદ્ધ બનવાનું છે. એ યોજનાને અનુસરવામાં આવશે તો ગામડાં નંદનવન બનશે અને શહેરો તરફની દોટ ઘટવા માંડશે. ખેડૂતો ને ખેતમજૂરો ઋણમુક્ત ને સુખી બનશે.

☼ ☼ ☼ ☼ ☼

## 22. દહેજપ્રથા

દહેજપ્રથાનો અંત આણો. પૈઠણ, કરિયાવર, દહેજ ગમે તે નામથી ઓળખાતી ને ચાલતી એ કુપ્રથાનો અંત આણો. વરવિક્રય કે કન્યાવિક્રય-લગ્નને નામે કરવામાં આવતા ગમે તેવા વિક્રયને દુર કરો. લગ્નને આવશ્યકતા, કર્તવ્ય, ફરજ અને પ્રભુતામાં પગલાં પાડનારી પવિત્ર પ્રક્રિયાને બદલે વ્યાપાર, સ્વાર્થસિદ્ધિ તથા બદલો લેવાના વ્યવસાયમાં પલટાવનારી, એના મૂળભૂત ગૌરવને હણનારી, અને એનું અસાધારણ અપમાન કરનારી એ પ્રથા પર પ્રતિબંધ મૂકો. એના પ્રતિકૂળ પરિણામોથી વર-કન્યાની અને લાગતાવળગતા સૌની રક્ષા કરો. ચારેકોરથી એવો અવાજ ઊઠી રહ્યો છે. એ એક સારો, આદરપાત્ર, અપનાવવા જેવો અવાજ છે.

એવાં કેટલાય કુટુંબો છે જે દહેજમાં કે કરિયાવારમાં મોટી રકમ આપવી પડતી હોવાથી પોતાની યુવાન પુત્રીઓને પરણાવી નથી શકતા. વરપક્ષ તરફથી લગ્ન માટે અથવા કહો કે લગ્નની ફી રૂપે હજારોની રકમ માંગવામાં આવે છે. જે ગમે તેમ કરીને, દેવાદાર બનીને પણ એટલી રકમ આપે છે, એમની કન્યાઓનાં લગ્નજીવન પણ સુખી બને છે એવું નથી હોતું. એમને દર વર્ષે કાંઈ ને કાંઈ ઉમેરો કરવો જ પડે છે, ને કેટલાય કિસ્સાઓમાં વધારે ને બીજી રકમ મેળવવાની મહેચ્છાથી પ્રેરાઈને વરરાજા બીજી, ત્રીજી ને ચોથી વાર લગ્ન કરવા તૈયાર થાય છે. લગ્ન એમને માટે આજીવિકાનું કે મોજશોખનું સાધન બને છે. એથી ઊલટું કેટલેય ઠેકાણે વરવિક્રય થતા હોય છે અથવા વરરાજાને ખરીદવામાં આવતા હોય છે. લગ્નના ઉમેદવાર બનવાની ઈચ્છાવાળા યુવક પાસેથી કન્યાપક્ષ તરફથી મોટી રકમોની અને અન્ય સામગ્રીઓની માંગણી કરવામાં આવે છે. એને લીધે યોગ્યતાવાળા કેટલાય ગરીબ યુવકોને અનિચ્છાએ અવિવાહિત જીવન જીવવું પડે છે. કેવળ લક્ષ્મી કે સંપત્તિને જોરે જ કેટલાય આર્થિક રીતે પછાત વર્ગોનો ગેરલાભ લઈને લગ્ન કરી શકે છે.

કન્યા કે વરપક્ષ તરફથી લગ્નની વિધિને અનુસરીને પોતપોતાની શક્તિ અથવા સાધનસંપત્તિની મર્યાદામાં રહીને પોતાના પુત્ર કે પોતાની પુત્રીના વર્તમાન અને ભાવી જીવનને સરળ, સુખી ને સમૃદ્ધ કરવા સ્વેચ્છાનુસાર ચોક્કસ સહાયતા કરવામાં આવે એ વાત જુદી છે અને એમની લાચારી કે ગરજનો ગેરલાભ લઈને વરકન્યાના બજારુ વસ્તુની પેઠે ભાવ નક્કી કરવામાં આવે અને એમને વસુલ કરવાનો યેનકેન પ્રકારેણ આગ્રહ સેવવામાં આવે એ વાત તદ્દન જુદી, ઉત્તેજન નહીં આપવા જેવી અને વિપરિત છે. એનો અંત આવવો જ જોઈએ. વાસ્તવિક રીતે વિચારીએ તો અત્યાર સુધી કેટલાંય સુશિક્ષિત સ્ત્રી-પુરુષોએ એની સામે વિરોધ ઉઠાવ્યો છે અને કેટલાય જ્ઞાતિમંડળોએ એનો નવા નિયમો દ્વારા અંત આણ્યો છે. છતાં પણ દેશ વિશાળ અને એની વસ્તી પણ વિરાટ છે, એ દૃષ્ટિએ જોતાં એ દિશામાં વધારેને વધારે સુધારાને માટે અવકાશ છે. એ કુપ્રથાથી મુક્ત મંડળો કરતાં એ પ્રથાથી યુક્ત મંડળો વધારે છે.

ગયે અઠવાડિયે જ એક ભાઈ મારી પાસે આવીને રડવા લાગ્યા ને બોલ્યા કે વરપક્ષ તરફથી મોટી રકમની માંગણી કરવામાં આવે છે. મારાથી એટલી રકમ આપી શકાય તેમ નથી. એથી મારી પુત્રીનું લગ્ન

અશક્ય થઈ ગયું છે. પુત્રીએ નિર્ણય કર્યો છે કે હું પૈસા આપીને લગ્ન નહીં કરું. એના કરતાં કુંવારી રહીશ. સુશિક્ષિત છું તો કમાઈને નિર્વાહ કરીશ.

મેં કહ્યું તો એમાં ખોટું શું છે ? રડવાનું શું છે ? એ કન્યાને ધન્યવાદ ઘટે છે.

દહેજપ્રથાનો અંત કોણ આણે ? એવી સંસ્કારી, સુશિક્ષિત, સ્વમાની યુવતીઓ અને એવા યુવકો, સંકલ્પ કરે કે ધનને આપીને કે લઈને લગ્ન નહીં કરીએ. જ્ઞાતીમંડળો, પંચાયતો, સાંસ્કૃતિક મંડળો, રોટરી - લાયન જેવી ક્લબો અને સત્સંગ મંડળો પોતપોતાના સભ્યો અને શુભેચ્છકો માટે એના નિયમો કરે. શિક્ષણ સંસ્થાઓ, વર્તમાનપત્રો, લેખકો, સેવકો સૌ એને માટે લોકમતને તૈયાર કરે. તો દહેજના એ અસાધારણ અનિષ્ટનો અંત આણવાનું કામ અશક્ય નહીં રહે. યુવક-યુવતીઓએ એને માટે જાગૃત બનવાની આવશ્યકતા છે. દહેજપ્રથાનો લાભ લેનાર તથા પોષનારનો સામાજીક બહિષ્કાર કરવો જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## 23. કાગડા જેવા કે કૂતરા જેવા

એકવાર અમે કાગડાઓને થોડુંક ખાવાનું નાખ્યું. એને અવલાકીને એક કાગડો આવ્યો. એણે ખાવાનું શરૂ કરતાં પહેલાં એના જાતિજનોને કાગ-કાગ કરીને નિમંત્રણ આપ્યું. થોડી વારમાં કેટલાક કાગડાઓ આવી પહોંચ્યા. એકમેકને નિહાળીને સૌ ઉત્સાહિત બન્યા, આનંદમાં આવી ગયા અને નાચવા માંડ્યા. પછી સૌએ કોઈ પ્રકારના ક્લેશ સિવાય, સંપ અને સહયોગની સદભાવનાથી પ્રેરાઈને ખાવા માંડ્યું. પોતાનું કાર્ય પૂરું કરીને કાગડાઓ કોઈયે પ્રકારના કોલાહલ વિના વિદાય થયા.

બીજે દિવસે અમે કૂતરાને રોટલો નાખ્યો. કૂતરાએ એને પગ નીચે દબાવી રાખ્યો અને આજુબાજુ જોયું કે કોઈ બીજો કૂતરો તો આવતો નથીને ? એક કૂતરો આવતો દેખાયો તો એણે એના તરફ ઘૂરકવા ને ભસવા માંડ્યું. એણે પગને રોટલા પર જ દબાવી રાખ્યો. બીજો કૂતરો નિરુપાય તથા લાચાર બનીને એક તરફ ઊભો રહ્યો ને વિદાય થયો ત્યારે જ એને નિરાંત વળી.

માનવોની પ્રકૃતિ પણ એવી દ્વિવિધ છે. એક પ્રકારનાં માનવો ભેગા મળીને ખાવામાં, પોતાની પાસે જે કંઈ છે તેનો સદ્ઉપયોગ કરવામાં, એ દ્વારા બીજાને સુખશાંતિ પહોચાડવામાં, સંતોષ આપવામાં માને છે. એમની વૃત્તિ અને પ્રવૃત્તિ એવી જ હોય છે. બીજી જાતના માનવો એકલપેટા થવામાં, અધિકાર જમાવવામાં, સ્વાર્થી બનવામાં અને પોતાની જ સુખશાંતિ સમૃદ્ધિનો વિચાર કરવામાં આનંદ માને છે. એમની પ્રકૃતિ એવી જ હોય છે. એ પ્રકૃતિના માનવો યેનકેનપ્રકારેણ ધની બનવાની, લાંચરુશ્વતની, અનાચારની, ભેળસેળની અને અન્ય અનૈતિક સમાજવિરોધી પ્રવૃત્તિઓ કર્યા કરે છે.

આપણે ત્યાં શિક્ષણ વધતું જાય છે, સાહિત્ય વધતું જાય છે, પુસ્તકાલયો, સ્વાધ્યાયમંડળો અને સત્સંગભવનો વધતાં જાય છે, પરંતુ સંસ્કાર વધે છે ? આપણે કેળવાતા જઈએ છે ? આપણા જીવનમાં માનવતાની માવજત થતી જાય છે કે માનવતાનો મૃત્યુઘંટ વાગે છે ? આપણો વ્યવહાર પેલા કાગડા જેવો છે કે કૂતરા જેવો ? સૌના સુખમાં સુખી બનવાની, સૌને સુખ પહોંચાડવાની, સૌના દુઃખમાં દુઃખી થવાની અને અન્યને દુઃખી ના કરવાની વૃત્તિ તથા પ્રવૃત્તિનો આધાર લઈએ તો જીવનનું કલ્યાણ કરી શકીએ. ત્યારે જ આપણે સુસંસ્કૃત કહેવાઈએ. આપણી સાંસ્કૃતિક પરંપરા આપણી પાસેથી એવી આશા રાખે છે.

☼ ☼ ☼ ☼ ☼

## 24. રામનવમી

વરસો વીતી ગયાં છે તો પણ રામનવમીનો ઉત્સવ એકધારા ઉત્સાહ અને પ્રેમપૂર્વક ઉજવાયા કરે છે. ભારતવર્ષની પ્રજાના હૃદયમાં સૌથી વધારે મહત્વનું સ્થાન જમાવનારા બે મહાપ્રતાપી અવતાર કોટિના મહાપુરુષો - રામ અને કૃષ્ણ. બંને લોકહૃદયમાં જીવંત છે. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના આજના જન્મદિનના શુભાવસર પર ચારેકોર આનંદ આનંદ થઈ રહ્યો છે. અયોધ્યામાં વરસો પહેલાં પ્રકટેલા રામને સમસ્ત ભારતવર્ષની પ્રજાએ પોતાના માન્યા છે. આજે સંત તુલસીદાસે ગાયા પ્રમાણે ઠેરઠેર રામના જન્મોત્સવના આનંદમાં બપોરે બાર વાગે ગવાશેઃ

જયજય સુરનાયક જનસુખદાયક પ્રનતપાલ ભગવંતા,
ગોદ્વિજહિતકારી જય અસુરારી સિંધુસુતા પ્રિયકંતા.
પાલન સુર ધરની, અદભુત કરની, મરમ ન જાનઈ કોઈ,
જો સહજ કૃપાલા, દીનદયાલા, કરહું અનુગ્રહ સોઈ.

જયજય અવિનાશી, સબ ઘટ બાસી, વ્યાપક પરમાનંદા,
અબિગત ગોતીતં, ચરિત પુનીતં, માયારહિત મુકુંદા.
જેહી લાગી બીરાગી, અતિ અનુરાગી બિગતમોહ મુનિવૃંદા,
નિસિબાકર ધ્યાવહિ ગુનગન ગાવહિ જયતિ સચ્ચિદાનંદા.

રામ આટલા બધાં વરસો વીત્યા પછી પણ ભારતીય પ્રજાના હૃદયસિંહાસન પર એકછત્ર શાસન કેમ કરી રહ્યા છે, એનો ઉત્તર મેળવવા માગનારે એમના જીવનમાં દૈવી કર્મોનું અને એમની દ્વારા પ્રવાહિત થનારા જીવનોપયોગી સંદેશનું સ્મરણ કરવાનું છે. રામ તત્વજ્ઞાનીની દૃષ્ટિએ સૌના હૃદયમાં રમનારા અથવા યોગી, જ્ઞાની ને ભક્ત જેમનો આશ્રય લઈને આનંદ અનુભવે છે અને જેમનામાં રમે છે તે પરમાત્મા છે. સામાન્ય સાંસારિક દૃષ્ટિએ એ દશરથના પુત્ર રામ છે. પ્રજા એમને એક આદર્શ પુત્ર ને પતિ તરીકે, આદર્શ ભ્રાતા ને સખા તરીકે તથા આદર્શ રાજા તરીકે ઓળખે છે અને અતિશય અનુરાગ તેમજ આદરભાવ સહિત યાદ કરે છે.

નીતિ ને સદાચારના પ્રતીક જેવા રામના જીવનમાં નીતિમત્તાનું દર્શન પહેલેથી જ થઈ રહે છે. રામાયણમાં વર્ણવ્યા પ્રમાણે મહારાજ દશરથે એક દિવસ પોતાના મસ્તક પર એક સફેદ વાળ જોયો ને વિચાર્યું કે જીવનનો વિશ્વાસ નથી. ચંચળ વિનાશશીલ જીવન પાણીના પ્રબળ પ્રવાહની પેઠે વહ્યા કરે છે. એવા જીવન પર કાળનો છેવટનો પડદો પડી જાય તે પહેલાં મારે ચેતવું જોઈએ. સંસારના વિષયો ને રાજકાજમાંથી મનને પાછું વાળવું જોઈએ અને આત્મકલ્યાણની સાધનામાં ચિત્તની સમસ્ત વૃત્તિઓને પરોવવી જોઈએ. બીજે દિવસે એમણે મહર્ષિ વશિષ્ટની સલાહ લઈને રામનો રાજ્યાભિષેક કરવાનો સંકલ્પ કર્યો.

રામને એની માહિતી મળી ત્યારે એમને એ વાતનો ઉલ્લાસ ના થયો. એમને થયું કે રઘુકુળમાં અમે ચારે ભાઈઓ સાથે રમ્યા ને મોટા થયા છીએ તો કેવળ મને જ રાજ્યાભિષેક માટે શા માટે પસંદ કરવામાં આવે છે ? એવી તટસ્થ, અનાસક્ત, મોહરહિત, લાલસાવિહીન અવસ્થા શ્રીરામ સિવાય બીજા કોનામાં હોઈ શકે ? આજના માણસોને નાનોસરખો ઈલ્કાબ મળતાં કે પદપ્રતિષ્ઠાની પ્રાપ્તિ થતાં ઉન્માદ ચઢે છે ને પદપ્રતિષ્ઠાને પ્રાપ્ત કરવા તે નીતિના બધા જ નિયમોને નેવે મૂકીને કોશિશ કરે છે, ત્યારે એ સંદર્ભમાં શ્રીરામનું આવું નિરપેક્ષ આદર્શ વ્યક્તિત્વ કેટલું બધું વિરાટ લાગે છે ? સહજ રીતે સાંપડનારો રાજ્યાભિષેક પણ એમને સુખ પ્રદાન નથી કરી શકતો કે માદક નથી બનાવતો. એમની વિવેકશક્તિ એવી જ અચળ રહે છે.

રામનો રાજ્યાભિષેક એ વખતે થઈ પણ ના શક્યો. માતા કૈકેયીએ મંથરાની મદદથી કે મંથરાએ કૈકેયીની મદદથી રામને માટે વનમાં જવાની માગણી કરી અને એને અનુસરીને રામને વનમાં જવાનું થયું. વનમાં વિભિન્ન વિપત્તિઓ વેઠવી પડી તો પણ એમના પ્રાણની પ્રસન્નતા એ સ્થિતપ્રજ્ઞ હોવાથી મટી નહિ. વનવાસમાંથી પાછા અયોધ્યા આવ્યા અને એમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો ત્યારે પણ એમનું મન નિર્વિકાર જ રહ્યું. એવા પુરુષની પ્રશસ્તિ ના થાય તો બીજા કોની થાય ? તુલસીદાસજીને રામની એ નિર્વિકાર સ્થિતપ્રજ્ઞ દશા ગમી છે એટલું જ નહિ પણ અંજલિ પ્રદાન કરવા યોગ્ય લાગી છે. એટલે એમણે સરસ શ્લોકમાં ગાયું છેઃ

प्रसन्नतायां न गतामिषेकतस्तथा न मम्भौ वनवासदुःखतः ।
मुखाम्बुजश्री रघुनंदनस्य मे सदास्तु सा मंजुलमंगलप्रदा ॥

અભિષેકને લીધે જે મુખમંડળ પર પ્રસન્નતા ના ફરી વળી ને વનવાસને લીધે દુઃખની છાયા ના પ્રસરી એ રામના મુખમંડળની શોભા સદાને સારું મધુમય ને મંગલ હો.

તુલસીદાસજી આપણને પરોક્ષ રીતે સૂચવવા માંગે છે કે માનવે પ્રાપ્તિ તથા અપ્રાપ્તિમાં, લાભ ને હાનિમાં, જય-પરાજયમાં, માનાપમાનમાં, સંપત્તિ-વિપત્તિમાં તથા સંયોગ ને વિયોગની સારીનરસી પળોમાં એવી જ રીતે સ્વસ્થચિત્ત રહેતા, શાંતિને અનુભવતાં ને પ્રસન્નતાનો આસ્વાદ લેતાં શીખવાનું છે. પરિસ્થિતિ એને પ્રભાવિત ના કરે, પરવશ ના બનાવે, ને ભાન ના ભૂલાવે, એ માટેનું આવશ્યક આત્મબળ તૈયાર કરવું જોઈએ. પોતાની અંદરની ને બહારની પ્રકૃતિ એને કઠપૂતળીની જેમ પંગુ બનાવે ને નચાવે નહીં એનું ધ્યાન રાખવું જોઈએ.

કોઈ કહેશે કે સીતાનું હરણ થયું ત્યારે રામ રડ્યા નહોતા ? આપણે કહીશું કે રડ્યા હતા, કારણ કે એ લાગણીવિહીન નહોતા. ના રડ્યા હોત કે લાગણીપ્રદર્શન ના કર્યું હોત તો પણ લોકો એમની ટીકા કરત. પરંતુ એ લાગણીનો અનુભવ એમને વિપથગામી ના કરી શક્યો કે ભાન ના ભૂલાવી શક્યો. એ એમની વિશેષતા હતી.

ચિત્રકૂટ પર એમને મળવા ને શક્ય હોય તો અયોધ્યામાં પાછા લઈ જવા માટે ભરત આવ્યા ત્યારે એ સૌથી પહેલાં કોને મળ્યા તે ખબર છે ? **'प्रथम राम मिलई कैकेयी'** તુલસીદાસે જણાવ્યું છે કે, સૌથી પ્રથમ એ કૈકેયીને મળ્યા. કૈકેયીએ એમની પ્રત્યે દુર્વ્યવહાર કરીને એમના દુઃખનું નિમિત્ત ઊભું કર્યું હોવાથી

એને સ્વાભાવિક રીતે જ સંકોચ થતો હતો. એ સંકોચને શમાવવા માટે રામ એને મળ્યા ને કહેવા લાગ્યા : માતા, તમે તો વિધિના ફળપ્રદાનમાં અથવા કર્મફળપ્રયોજનમાં કેવળ નિમિત્ત જ બન્યા છો. તમને હું કશો જ દોષ નથી દેતો. એમના શબ્દો સાંભળીને કૈકેયીને વધારે પશ્ચાતાપ થયો. પરંતુ એ પશ્ચાતાપ હવે મોડો પડ્યો. પોતાનું અહિત કરનાર કે અહિતમાં નિમિત્ત બનનાર પ્રત્યે એવી સદભાવના અથવા નિર્વૈરબુદ્ધિ બીજું કોણ રાખી શકે ? રામે કૈકેયીને કહ્યું કે તમે તો મારા પર અજ્ઞાત રીતે અનુગ્રહ કર્યો છે. એ અનુગ્રહને લીધે હું વનમાં વિવિધ પ્રદેશોનું નિરીક્ષણ કરી શકીશ, મહાત્મા પુરુષોને મળી શકીશ ને જીવનને જ્યોતિર્મય બનાવી શકીશ.

પંચવટીમાં રામ સુવર્ણમૃગની પાછળ દોડ્યા. સીતાનું હરણ થયું. રામ-લક્ષ્મણ સાથે જટાયુને શાંતિ આપીને સીતાની શોધમાં નીકળ્યા. શબરીને મળ્યા. હનુમાનની મદદથી સુગ્રીવના મિત્ર બન્યા. સીતાને મેળવવા મનોરથ ને પ્રયત્નો કરવા લાગ્યા ને રાવણાદિનો નાશ કરીને સીતાને મેળવીને અયોધ્યાપતિ થયા. એમની જીવનકથા આમ પૂરી થાય છે.

आदौ रामतपोवनधिगमनं हत्वा मृगं कांचनं,
वैदेहीहरणं जटायुमरणं सुग्रीवसंभाषणम् ।
वालीनिग्रहणं समुद्रतरणं लंकापुरीदाहनम्,
पश्चात् रावणकुंभकर्णहननं एतद्धि रामायणम् ॥

એવું વરસોથી ગવાય છે, પરંતુ નિષાદ જેવા પરપ્રીતિ કરનારા રામે પોતાના રાજ્યાભિષેક પછી કરેલી પ્રજાની સેવા સુવર્ણાક્ષરે લખાયેલ, અવિસ્મરણીય ને પ્રેરક છે. એમણે પ્રજાહિતને માટે કરેલાં મંગલમય કાર્યો આજના ને ભવિષ્યના રાજકર્તાને પ્રેરણા પ્રદાન કરે તેવાં છે. એ વખતે પ્રજા મોટે ભાગે આસુરી સંપત્તિથી મુક્ત અને સુખી હતી, સદાચારી હતી, ને રામ એના ઉત્કર્ષનું પૂરેપૂરું ધ્યાન રાખતા. એમનું રાજ્ય રામરાજ્ય કહેવાતું. પ્રજા એવા રામરાજ્યની ઈચ્છા રાખે છે, પરંતુ એ ઈચ્છાની પૂર્તિ માટે રાજકર્તાઓ રામ જેવા પ્રજાહિતના ચિંતક, નિસ્વાર્થ ને સેવાભાવી હોવા જોઈએ. રામે પ્રજાના પછાત વર્ગ પ્રત્યે પણ પ્રેમ રાખેલો અને એના અભ્યુત્થાનમાં આનંદ માનેલો તેમ સૌ પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ. પ્રજા એમના જીવનમાંથી કુટુંબપ્રેમ, સાર્વત્રિક ભ્રાતૃભાવ, સેવાભાવ, સંયમ, ત્યાગ ને પવિત્રતાના પાઠ શીખી શકે છે. એવા પાઠ શીખવવામાં આવે તો જીવન આજે પણ ઉજ્જવળ બને ને રામનવમીનો ઉત્સવ સફળ બને. એ ભાવનાથી શ્રીરામનું સ્તવન કરીએ અને એમના શુભશીર્વાદ માગીએ.

શ્રીરામચંદ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ-ભય દારુણમ,
નવકંજલોચન કંજમુખ કરકંજ પદકંજારુણમ્
કંદર્પ અગણિત અમિત છબિ નવ નીલ નીરજ સુંદરમ,
પટપીત માનહું તડિત રુચિ શુચિ નૌમિ જનકસુતાવરમ્
ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્ય વંશ નિકંદમ્,
રઘુનંદ આનંદકંદ કૌશલચંદ દશરથનંદનમ્
શિરમુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ,

આજાનુભુજ શરચાપધર સંગ્રામજિત ખરદૂષણમ્
ઈતિ વદતિ તુલસીદાસ શંકર-શેષ-મુનિ-મનરંજનમ્,
મમ હૃદયકુંજ નિવાસ કરુ, કામાદિ ખલદલગંજનમ્

શ્રીરામની સાથે હનુમાનના નામને પણ કેમ ભૂલાય ? એમની સેવા અમર છે. એમના સેવાભાવને, એમની નિષ્ઠાને જીવનમાં વણી લેવાની જરૂર છે.

सीयाराममय सब जग जानी ।
करहु प्रणाम जोरी जुगपानी ।

એ રામાયણ વચનને અનુસરીને ચરાચર જગતને રામસીતામય માનીને હાથ જોડીને પ્રણામ કરીએ. એટલું જ નહીં પરંતુ જગતને વધારે ને વધારે સુખમય, શાંતિસભર, સમૃદ્ધ અને આનંદમય બનાવવાને માટે હનુમાન અને એમના સ્વામી રામની પેઠે સર્વસમર્પણ કરીને બનતું બધું જ કરી છૂટીએ, તો જગત છે તેના કરતાં અધિક આનંદદાયક અને કલ્યાણકારક બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## 25. શ્રાવણી

તહેવારોના બીજા લાભો તો અનેક છે. પરંતુ એમણે રાષ્ટ્રીય સંસ્કૃતિની અખંડિતતા અને સુરક્ષિતતાને અક્ષય રાખવામાં કેટલો બધો મહત્વનો સહયોગ પ્રદાન કર્યો છે એ ખાસ વિચારવા જેવું છે. એમણે પ્રદેશના, દિશા-પ્રદિશાના કે કાળના, ભાષાના, મતમતાંતરના, વેશભૂષાના ને સભ્યતાવિષયક પરંપરાગત આચારવિચારના બાહ્ય ભેદભાવોને ભૂંસી નાખીને કે ગૌણ કરીને રાષ્ટ્રીય એકતાની દૈવી દૃષ્ટિનું સર્જન ને સંવર્ધન કરવામાં જે મહત્વનો ફાળો આપ્યો છે એ અતિશય અમુલખ છે.

વરસોથી એમણે પ્રત્યક્ષ કે પરોક્ષ, જ્ઞાત કે અજ્ઞાત રીતે, એ દિશામાં કાર્ય કર્યું છે. શ્રાવણીના પવિત્ર પર્વનો જ વિચાર કરો, એ પર્વનો ઉત્સવ ઉત્તર-દક્ષિણ-પૂર્વ ને પશ્ચિમ સર્વત્ર થાય છે. બધા જ પ્રદેશની, સમસ્ત રાષ્ટ્રની પ્રજા એનો એકસરખો આદર કરે છે.

પરંતુ આપણા પર્વો ને તહેવારોને જીવંત કરવા ને શક્તિશાળી બનાવવા માટે એમની પાછળના જીવનોપયોગી શક્તિસંચારક સંદેશને સમજવાની આવશ્યકતા છે. એ સંદેશને લીધે જ એ આટલાં બધાં વરસોથી અમર રહીને નિત્યનૂતન જેવા જણાઈ રહ્યા છે. શ્રાવણીના પર્વની પાછળનું પ્રયોજન પણ કાંઈ નાનું-સૂનું તો નથી જ.

ભારતના પ્રાતઃસ્મરણીય ૠષિવરોએ માનવજીવનનું ધ્યેય કે સાર્થક્ય ભૌતિક સુખસમૃદ્ધિની પ્રાપ્તિમાં કે ખાવા-પીવામાં ને ઈન્દ્રિયજન્ય ભોગપદાર્થોના સેવનમાં નહોતું માન્યું. આ દ્રશ્યમાન જગતની અંદર ને બહાર રહેલી સર્વોપરી સર્વશક્તિમાન સત્તા કે ચેતનાને ઓળખવાની સાધનાનો આધાર લઈને એ સત્તાના સતત સંપર્ક દ્વારા સનાતન શાંતિની સિદ્ધિ કરવાના ધ્યેયની એમણે સ્મૃતિ કરાવેલી. જીવનની ઉત્તરોત્તર ઉદાત્તતા દ્વારા 'સત્યં શિવં સુદરંમ્'નો સાક્ષાત્કાર કરવામાં જ જીવનનું સાર્થક્ય સમાયેલું છે એવો એમનો અભિપ્રાય હતો. પ્રજા એ સનાતન સંદેશનું સદા સ્મરણ કરે અને એને જીવનમાં મૂર્તિમંત કરવાની વિચારપૂર્વકની સાધનાનો આશ્રય લે તે માટે એ સંદેશને એમણે જુદાજુદા પર્વોમાં ગૂંથી લીધો. શ્રાવણીનું પરંપરાગત પર્વ એવા જ સર્વોપયોગી શાશ્વત સંદેશનું સ્મરણ કરાવે છે.

શ્રાવણીના પવિત્ર દિવસે યજ્ઞોપવિતને બદલવામાં આવે છે. યજ્ઞોપવિત પહેરનારા લોકો સવારે વહેલા ઉઠે છે ને સરિતાના સુંદર તટપ્રદેશ પર કે સમુદ્રકિનારે ભેગા થાય છે. ત્યાં અથવા એવા જ બીજા કોઈ સાનુકૂળ સ્થળમાં ભાતભાતની વિધિ કરવામાં આવે છે ને **यज्ञोपवितं परमं पवित्रं तथा यज्ञोपवितं लभमस्तु तेनः** બોલીને યજ્ઞોપવિત બદલવામાં આવે છે. જે અપરિણીત હોય તે ત્રણ સુત્રવાળા યજ્ઞોપવિતને ધારણ કરે છે. બળ તથા તેજ પ્રદાન કરનાર એ યજ્ઞોપવિતના ત્રણ સૂત્રો ત્રિગુણાત્મિકા પ્રકૃતિની, સ્વપ્ન, જાગૃતિ, સુષુપ્તિ - ત્રણ અવસ્થાની, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ - ત્રિવિધ શરીરની ને ત્રિલોકની સ્મૃતિ કરાવે છે. જીવ પ્રકૃતિના ગુણોમાં આસક્ત હોવાથી સુખદુઃખ જેવા દ્વંદ્વોમાં ને બંધનમાં પડેલો છે. ગીતાની ભાષામાં કહીએ તો

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥१३-२१॥

એ બંધન અવિદ્યાને લીધે છે. અવિદ્યાની એ ગ્રંથિને તોડવાથી જીવ દ્વંદ્વાતિત તથા બંધનમુક્ત બને છે ને કૃતાર્થ થાય છે. એ પછી એને માટે સ્વરૂપનો સાક્ષાત્કાર સહજ બની જાય છે. યજ્ઞોપવિતને ધારણ કરનારે સંધ્યા ગાયત્રી જેવા નિત્યકર્મો કરવા પડે છે, ને જીવનની સાત્વિકતાને વધારવાને માટે કેટલાંક વ્રતો તથા નિયમોનું પાલન કરવું રહે છે. જીવનમાં આત્મદર્શનના અલૌકિક આદર્શને નજર સમક્ષ રાખીને એની પૂર્તિ માટે પ્રયત્નો કરતાં એ ભારે જાગૃતિપૂર્વક આગળ વધે છે. એનાથી અનીતિ, અન્યાય, અધર્મ અથવા અનાચારનો આધાર ભૂલેચૂકે પણ નથી લઈ શકાતો.

આટલા બધા મહાન સંદેશને પ્રદાન કરનાર અને જીવનને તેજસ્વી, ઉજ્જવળ, પરમાત્મપરાયણ બનાવવાની દીક્ષા આપનાર યજ્ઞોપવિતની ભાવના વખતના વીતવા સાથે વિલુપ્ત થવા લાગી છે અને એને ધારણ કરનારા કેવળ ધારણ કરીને ને શ્રાવણીના દિવસે લોકાચાર પૂરતું એનું સ્મરણ કરીને જ સંતોષ મેળવે છે એ દુઃખદ છે. પર્વ રહ્યું છે, પરંતુ પર્વનો પ્રાણ નથી રહ્યો.

ગાયત્રીદેવીને **गायत्रीं त्र्यक्षरां बालां साक्षसूत्रकमंडलुम्** કહી છે, એના પરથી સૂચિત થાય છે કે વૈદિક કાળમાં કન્યાઓને યજ્ઞોપવિત આપવામાં આવતું. પાછળથી એ પ્રથાનો લોપ થવાથી સ્ત્રીનું લગ્ન થતાં એના વતીનું યજ્ઞોપવિત પુરુષ પહેરી લેતો. આજે પણ એ પ્રથા પ્રચલિત હોવાથી પુરુષ લગ્નજીવનમાં પ્રવેશ કરીને છ સૂત્રોવાળા યજ્ઞોપવિતને ધારણ કરે છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કન્યાઓને યજ્ઞોપવિતને પહેરાવવાની પ્રાચીન પ્રથાને પુર્નજીવિત કરી છે અને એ પ્રથા ક્યાંક ક્યાંક ચાલે છે પણ ખરી. પરંતુ પ્રથાની પાછળના પ્રયોજનની સ્મૃતિ ચાલુ રહે તો જ તે પ્રાણવાન બને છે. પુરુષો જ યજ્ઞોપવિતના મર્મને સમજીને એનો ઉચિત લાભ નથી લેતા તો સ્ત્રીઓમાં એનો પ્રચાર કરવાનો ઉત્સાહ કોઈ ભાગ્યે જ દર્શાવશે.

શ્રાવણીને રક્ષાબંધન પણ કહે છે. એ દિવસે ભાઈને બેન રક્ષા બાંધે છે. કહે છે કે માતા કુંતીએ અભિમન્યુને રક્ષા બાંધેલી. જો એમ જ હોય તો તો રક્ષા કોઈ પણ બાંધી શકે છે. પરંતુ ભાઈ-બેનની ભાવના ને સ્નેહીજનોની સદભાવના પૂરતું મર્યાદિત બનેલું આ પર્વ પણ જીવન પરિવર્તનમાં, પ્રેમીજનોના પારસ્પરિક પ્રેમસબંધને દ્રઢાવવામાં ઉપયોગી બની શકે તેમ છે. એ રીતે વિચારતા એની મહત્તા કે ઉપયોગિતા સ્પષ્ટ છે.

રક્ષાબંધન આ પવિત્ર પુણ્ય-અવસર પર આપણે ભારતમાતાને પ્રેમપૂર્વક અંતરના અંતરમમાંથી રક્ષા બાંધીએ ને સંકલ્પ કરીએ કે ભારતમાતાની શાનને વધારવા બનતું બધું જ કરી છુટીશું. એને વધારે ને વધારે સુખી ને સમૃદ્ધ કરવા પ્રયત્નો કરીશું અને એવી રીતે એનાં સાચાં સંતાનો બનીશું. એની સ્વતંત્રતાને ને શાંતિને, પ્રતિષ્ઠાને અને એકતા તથા અખંડિતતાને આંચ આવે એવું ભૂલેચૂકે પણ કશું નહિ કરીએ. એની આઝાદી, એકતા અને અખંડિતતાને અકબંધ રાખવા કોશિશો કરીશું. એના સાચા સૈનિકો બનીશું. આપણા દેશને એવા સંકલ્પો તથા પ્રયત્નો કરનારા આત્માઓની ખૂબ જ આવશ્યકતા છે. શ્રાવણીના પવિત્ર પર્વમાંથી એને માટેની પ્રેરણાની પ્રાપ્તિ કરીને તદનુસાર સેવાકાર્યમાં લાગી જઈએ, ને ભારતમાતાના ગૌરવને હૃદયમાં ધારણ કરીને એના ઉત્કર્ષ સારુ પોતપોતાના ક્ષેત્રમાં રહીને પુરુષાર્થ કરીએ તો આજનું પર્વ સફળ બનશે ને શ્રેયસ્કર થઈ પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## 26. નૂતન વર્ષ - દિવાળી

યોગી ભર્તૃહરિએ પોતાના વૈરાગ્યશતકમાં કહ્યું છેઃ

यत्रानेकः कवचिदपि गृहे तत्र तिष्ठत्यथैको
यत्राप्येकस्तदनु बहवस्तत्र चान्ते न चैकः ।
इत्यं चेमै रजनिदिवसौ दोलयनि द्वविवाक्षो
कालः काल्या भुवनफलके क्रीडति प्राणिशारैः ॥

અર્થાત્ એક ઘરમાં અનેક માણસો હતાં ત્યાં એક જ દેખાય છે. જ્યાં એક માણસ હતો ત્યાં કેટલાય થયા અને અંતે કોઈ પણ બાકી ના રહ્યું. એવી રીતે રાત અને દિવસના બે પાસા ફેંકતો કાળ પ્રાણીઓરૂપી સોગટીઓથી સંસારરૂપી વિશાળ સનાતન ચોપાટ પર કાળ સાથે ક્રીડા કરે છે.

એ કાળક્રીડાનું એક વિશેષ ચક્ર પૂરું થયું. એના વિશાળ રંગમંચ પરના એક અનોખા અભિનયનો અંત આવ્યો. એનો એક અંક પૂરો થયો. એની ઉપર કામચલાઉ પડદો પડી ગયો. એક વર્ષ -અલબત્ત માનવીય ગણના પ્રમાણેનું એક વર્ષ - પૂરું થયું. નૂતનવર્ષ અથવા બેસતા વર્ષનું એ પર્વ યુગોથી ઉજવાઈ રહ્યું છે તો પણ પુરાણું નથી થયું, નીરસ નથી બન્યું અથવા ઓછું આકર્ષક નથી રહ્યું. આજે પણ એને એવા જ અવનવા આનંદપૂર્વક ઉજવવામાં આવે છે. રોજ મોડા ઉઠનારા માણસો આજના પવિત્ર પર્વ દિવસના માહાત્મયનું સ્મરણ કરીને શાસ્ત્રમર્યાદાનું પાલન કરતા હોય તેમ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી ગયા હશે, સ્નાનાદિથી નિવૃત્ત થયા હશે, અથવા સાલમુબારક કહીને પ્રસન્ન થયા હશે. નાના-મોટાને પગે લાગ્યા હશે અથવા એમને પ્રણામ કરીને એમના શુભાર્શીવાદ મેળવીને ધન્ય બન્યા હશે. નવા વસ્ત્રો પહેરવાનું, મિષ્ટાન્ન જમવાનું ને મિત્રો મુરબ્બીઓ ને પૂજ્ય પુરૂષોને મળવાનું આજે સવિશેષ ધ્યાન રખાયું હશે. આજનો દિવસ એવી રીતે આનંદનો ને ઉત્સવનો હશે.

કાળચક્રનું એક વિશેષ વર્ષ પુરું થયું ને એક વિશેષ વર્ષ આરંભાયું. આપણે એનો ઉત્સવ કરીએ તે બરાબર છે. ઉત્સવ કરવાનો આપણને અધિકાર છે. આપણો સ્વભાવ છે પરંતુ એથી આગળ વધીને આપણે ચિંતન પણ કરવું જોઈએ અથવા કહો કે આત્મનિરીક્ષણ. વીતેલા વરસનો વિચાર કરીને એની સફળતાઓનું સરવૈયું કાઢીને, એના ગુણદોષોનો હિસાબ કરીને ક્ષતિઓને દૂર કરવાનો ને વિશેષતાઓને વધારવાનો, અશુભમાંથી મુક્તિ મેળવવાનો ને શુભને વધારે ને વધારે પ્રમાણમાં સુદૃઢ કરવાનો સંકલ્પ કરીએ, કાર્યક્રમ ઘડીએ અને એને વફાદાર રહીએ. આપણા જીવનના આદર્શોનું સ્મરણ કરીએ, જે લક્ષ્યાંકોની સિદ્ધિ કરવાના સંકલ્પો સેવ્યા છે તેમને સફળ કરવાના સંકલ્પો કરીએ. વીતેલા વર્ષના રાગદ્વેષો, મતભેદો, ને મનભેદો, ઈર્ષ્યાઓ ને મદમત્સરોને દફનાવી દેવાની કોશિશ કરીએ. જીવનને નવા વર્ષ દરમિયાન નવો આકાર આપવાનો નિર્ણય લઈએ, તો નૂતન વર્ષ સાચોસાચ નૂતનવર્ષ બની શકે ને કેલેન્ડરમાં જ ના રહે પરંતુ જીવનમાં મૂર્તિમંત બને. નૂતનવર્ષમાં માનવમાત્રને માટે એવી રીતે ઘણી ઘણી શક્યતાઓ રહેલી છે. એમને સાકાર કરીએ તો નૂતનવર્ષનો ઉત્સવ સફળ બને. બાકી તો કાળદેવતા પોતાનું કાર્ય કર્યે જાય છે, અને એક દિવસ નૂતન વર્ષની પરંપરા પણ પૂરી થશે. કારણ કે એનો ઉત્સવ કરવા માટે આપણે હોઈશું પણ નહિ.

આજના પવિત્ર પર્વ દિવસે કેવળ હાથ ના મેળવીએ, હૈયા પણ મળે એવું કરીએ. કેવળ મુખમાંથી જ મંગલ શબ્દોચ્ચાર ના કરીએ, અંતરને પણ અભિલાષાઓથી અલંકૃત ને શુભ ભાવનાઓથી ભરપૂર કરીને બોલતું કરીએ. આજે આંખમાં જ ચમક ના હોય, અંતરમાં અને આત્મામાં પણ હોય. વસ્ત્રપરિધાન કેવળ બહારનાં જ ના હોય, અંદરના - સદવિચાર, સદભાવ ને સત્કર્મોનાં - પણ હોય ને સાલ મુબારક બને ને બરબાદ ના થાય એને માટેનું અનુકૂળ મંગલમય આચરણ કરવાનો નિરધાર કરીએ. નૂતન વર્ષ આપણે માટે જ નહિ બીજા બધાને માટે, વધારેમાં વધારે માનવોને માટે, સમસ્ત રાષ્ટ્ર ને સંસારને માટે, સુખશાંતિ સમૃદ્ધિદાયક ક્લેશવિદારક, કલ્યાણકારક નૂતન વર્ષ બને એવું આપણે ઈચ્છીએ. આજના દિવસ દરમ્યાન જે ચેતના, ઉત્સાહ, સદભાવ ને તરવરાટ દેખાય છે તે આવતીકાલે શમી ના જાય પરંતુ કાયમ રહે, દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધ્યા કરે, અને એવી રીતે નૂતન વર્ષ આજના દિવસ પૂરતું મર્યાદિત નહિ પરંતુ કાયમનું બને એને માટે આપણે પ્રમાણિકપણે પ્રયત્નો કરીએ.

દિવાળી ને નૂતન વર્ષના પર્વો એકમેકની સાથે સંકળાયેલા છે. દિવાળી વર્ષનો છેવટનો દિવસ અને લક્ષ્મીપૂજનનો ઉત્સવદિવસ મનાય છે. એ દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરે છે. માણસે એવી રીતે પોતાના વીતેલા વરસના જીવનરૂપી ચોપડાને પૂરાપૂરો તપાસવો જોઈએ, ને જમા-ઉધારના પાસાનો પૂરેપૂરો વિચાર કરવો જોઈએ.

દિવાળીના દિવસે ઘરમાં ને ઘરની બહાર દીવા કરવામાં આવે છે. એ દીવા શાને માટે છે ને શેના છે ? માનવના જીવનમાં, દિલ અને દિમાગમાં એવા જ દીવા પ્રગટાવવાના છે. સ્નેહના, ક્ષમાના, દયાના, શીલના, સંયમના, જ્ઞાનના, સંપના, સદભાવના ને સેવાભાવનાં દીવા. જ્યાં જ્યાં અવિદ્યારૂપી આસુરી સંપત્તિનો અંધકાર છે ત્યાં ત્યાંથી તેને દૂર કરવાનો છે, ને નવા પ્રકાશને પ્રગટાવવાનો છે. આપણે જે બહારના દીવા કરીએ છીએ તે એની દીક્ષા માટે છે. આપણી અંદર પણ એવા દીવા થવા જોઈએ. સંપ, સ્નેહ, સહકારના એવા દીવા સમાજમાં પણ સર્વત્ર થવા જોઈએ. એને માટે આપણે આપણી શક્તિના પ્રમાણમાં બીજાને મદદરૂપ થવાનું વ્રત લેવું જોઈએ. સમાજમાં જ્યા જ્યાં નિરક્ષરતા, દીનતા, ભેદભાવ, દુઃખ અને એવા બીજા અંધકારના અવશેષ છે ત્યાં ત્યાંથી તેમને દૂર કરીને પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરવો જોઈએ.

દિપક આત્માનું પણ પ્રતીક છે. આત્માને શસ્ત્રોમાં જયોતિસ્વરૂપ - જ્યોતિઓનો જ્યોતિ કહ્યો છે. એ જ્યોતિને ઓળખવા માટે પવિત્ર, પ્રેમમય, પ્રકાશિત જીવન જોઈએ. એને સારૂં સમજપૂર્વકની સાધના જોઈએ. દિપક પ્રકટાવીને, મંદિરમાં અખંડ દિપક રાખીને ને દિપકની ઉપાસના કરીને આપણે આત્માનું સ્મરણ કરીએ છીએ અને આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ સેવીએ છીએ ખરા ? એવો સંકલ્પ ના સેવતા હોઈએ તો સેવવો જોઈએ. તો જ દિપાવલીનો ઉત્સવ સાર્થક ઠરી શકે.

પેલા ભક્તકવિએ કેટલું સુંદર ને સાચું કહ્યું છેઃ

દીવો કરો રે દીવો કરો
        દિલમાં દીવો કરો,
કૂડા કામક્રોધને પરહરો રે ... દિલમાં.

દયા દિવેલ પ્રેમ પરણાયું લાવો
        માંહી સુરતાની દિવેટ વણાવો,
પછી બ્રહ્મઅગ્નિને ચેતાવો રે ... દિલમાં.

દીવો અણભે પ્રગટે એવો,
        ટાળે તિમિરના જેવો,
એને નેણે તો નીરખી લેવો રે ... દીલમાં.

સાચા દિલનો દીવો જ્યારે થાશે
        ત્યારે અંધારુ મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે ... દિલમાં.

દાસ રણછોડ ઘર સંભાળ્યું,
        જડી કૂંચી ને ઉઘડ્યું તાળું,
થયું ભોમંડળમાં અજવાળું રે ... દિલમાં.

આપણા પરંપરાગત પર્વોને આવી જાગૃતિપૂર્વક ઉજવીએ તો કેટલો બધો લાભ થાય ? દિવાળી ને નૂતનવર્ષનો આનંદ એકાદ-બે દિવસ પૂરતો મર્યાદિત રહેવાને બદલે રોજનો બની જાય. જીવન ઉજ્જ્વળ અને અવનવું થાય.

☼ ☼ ☼ ☼ ☼

## 27. ભગવાન બુદ્ધની ભૂમિ

બોધિની પ્રાપ્તિ પછી ભગવાન બુદ્ધ સંસારમાં શાંતિનો સનાતન સંદેશ ફેલાવવા નીકળ્યા ત્યારે માર્ગમાં એમણે બકરાનું ટોળું જોયું. એ ટોળામાં એક બકરું સૌથી પાછળ અને લથડતી ચાલે ચાલતું હતું. એને દેખીને એમના દિલમાં કરુણા પેદા થઈ. બકરાવાળાને એમણે પૂછ્યું તો એણે ખુલાસો કર્યો કે બકરાને પગે ઈજા પહોંચી હોવાથી એ બરાબર નથી ચાલી શકતું, એટલે પ્રેમ અને કરુણાથી પ્રેરાઈને એ બકરાને એમણે પોતાના ખભા પર ઊંચકી લીધું.

પછી એમને ખબર પડી કે એ બકરાં તો રાજા બિંબિસારના યજ્ઞમાં બલિ થવા માટે જતાં હતાં. એથી તો એમનું હૈયું હાલી ઊઠ્યું.

દયાથી દ્રવિત થઈને એ પોતે બકરાંના ટોળા સાથે રાજા બિંબિસારના યજ્ઞમંડપમાં જઈને બોલ્યાઃ 'આ નિર્દોષ જીવોને છોડી દઈને બદલામાં મારો સ્વીકાર કરો. હું મારું બલિદાન આપવા તૈયાર છું.'

બુદ્ધ ભગવાનની એવી અનુકંપાભરી વાણીથી પ્રેરીત થઈને, રાજાએ બકરાંને છોડી દીધાં એટલું જ નહિ, પરંતુ પોતાના રાજ્યમાં યજ્ઞમાં થતી હિંસા કાયમને માટે બંધ કરવાની આજ્ઞા પણ કરી દીધી.

ભગવાન બુદ્ધે પોતાની હૃદયસ્પર્શી વાણીને વહેતી કરતાં એ અવસર પર કહ્યું કે પ્રત્યેક પ્રાણીને પોતાનું જીવન પ્યારું અને સૌથી વધારે પ્યારું છે. જે કોઈને જીવન આપી નથી શકતો તેને જીવન લેવાનો પણ અધિકાર નથી.

દયા ને પ્રેમની મૂર્તિ, અહિંસાધર્મને જીવનમાં આચરી બતાવનાર અને એનો સંદેશ દેનાર બુદ્ધની એ કથા મને એટલા માટે યાદ આવે છે કે એમની જન્મભૂમિ નેપાલથી એક સમાચાર આવ્યા છે. ઘડીભર માટે તો એમ થઈ જાય છે કે આ હકિકત નેપાલની છે ? અને જો એમ હોય તો, અહિંસા અને પ્રેમના મહાન પયગંબરનો પ્રેમ ને દયાનો સંદેશ એ માતૃભૂમિએ જ છોડી દીધો ?

હિંદુસ્તાન દૈનિકના ત્રીજી ડિસેમ્બર, ૧૯૬૪, ગુરુવારના અંકમાં સમાચાર છે કે 'યુદ્ધદેવીને પ્રસન્ન કરવાને માટે દસમી ડિસેમ્બરે પશ્ચિમી નેપાલના એક પ્રાચીન હિંદુ મંદિરમાં ઉચ્ચ નેપાલી હિંદુ પૂજારીઓ દ્વારા પાંચ હજાર પાડાઓનું ધાર્મિક અનુષ્ઠાન સહિત બલિદાન આપવામાં આવશે. ધાર્મિક અનુષ્ઠાન સહિત આપવામાં આવેલા બલિદાનના પાડાઓનું માંસ ગરીબોને વહેંચવામાં આવશે.'

'નવી દિલ્હી પહોંચતા સમાચારો અનુસાર, જ્યારથી લાલ ચીને અણુબોમ્બનો ધડકો કર્યો છે ત્યારથી ચીન અધિકૃત તિબેટની સાથેની સરહદને લીધે નેપાલી લોકો અણુયુદ્ધના પ્રચારથી ચિંતીત છે.'

'પાડાઓના આ બલિદાનનો ઉદ્દેશ મલેશિયા તથા હોંગકોંગની બ્રિટિશ ફોજોના હજારો ગુરખા સૈનિકોની અણુયુદ્ધથી રક્ષા કરવાનું છે. ગુરખા સૈનિકો ભારતીય ભૂમિસેનામાં પણ છે.'

'નેપાલના મહારાજાએ બલિદાનને માટે સો પાડાનું દાન કર્યું છે. આ ધાર્મિક સમારોહમાં લગભગ પચાસ હજાર નેપાલી ભાગ લેશે.'

વર્તમાનપત્રના આ સમાચાર સાચા હોય તો અત્યંત કમનસીબ અને દુઃખદ છે. ૧૯૬૪ના જમાનામાં પણ આવી સામૂહિક પશુહત્યા હયાતિ ધરાવે છે, એને રાજાનો સહકાર મળે છે, અને એવી હત્યાને ધાર્મિક સમારોહ તરીકે ઓળખવામાં આવે છે એ હજુ માનવોનો અમુક ભાગ કેટલો પછાત કે જંગલી મનોદશામાં જીવી રહ્યો છે તેની ખાતરી કરાવે છે. ભગવાન બુદ્ધના નામે અને જીવદયાના નામે આવી હિંસા બંધ થાય અને એને કોઈ પ્રોત્સાહન ના આપે પરંતુ લાગતાવળગતા સૌ એનો વિરોધ કરે એવું આપણે ઈચ્છીશું. ગુરખા સૈનિકોની રક્ષા આવી રીતે નહિ થઈ શકે. એથી યુદ્ધદેવી પ્રસન્ન પણ નહિ થાય. વીતી ચૂકેલા ઈતિહાસમાંથી કોઈ પાઠ શીખાયો હોય તો માણસે આવી ક્રૂર ક્રિયામાંથી કાયમને માટે મુક્તિ મેળવવી જોઈશે. ત્યારે જ સંસારમાં શાંતિ સ્થપાઈ શકશે. આજે તો આ કરુણ સમાચાર વાંચીને થાય છે કે ભગવાન બુદ્ધની ભૂમિ - માતૃભૂમિ આ જ છે કે બીજી ? માણસે અઢી હજાર જેટલાં વરસનો ઈતિહાસ શું વિસારી દીધો અને એમાંથી કોઈ જ પદાર્થપાઠ ના લીધો ? નિર્દોષ પશુઓની કતલ કદાપી શાંતિ નથી આપી શકતી, ને પ્રજાને પશુધનથી વંચિત કરે છે, એ હકિકત જેટલી જલદી સમજી લેવાય એટલી જરૂરી છે. નેપાળ તો પ્રગતિશાળી રાજ્ય કહેવાય છે, ને ત્યાંના રાજા પણ આધુનિક શિક્ષાસંપન્ન તેમજ વર્તમાન વિશ્વમાં વિચરી ચૂકેલા છે, છતાં પણ એ આવી ક્રિયાઓને સાથ આપે છે એ વિચિત્ર છે. શું આ જ પ્રગતિની પારાશીશી છે ?

☼ ☼ ☼ ☼ ☼

## 28. સામ્યવાદીઓના ઈશ્વર

'સામ્યવાદીઓ શું આત્મસાક્ષાત્કારમાં માને છે ?' કોઈએ મને પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન પૂછનારા ભાઈ અમેરિકન હતા.

મેં એનો ઉત્તર આપતાં કહ્યું કે, સામ્યવાદીઓ આત્મામાં જ માને છે કે કેમ એ વિવાદાસ્પદ છે. મોટાભાગના લોકોને લાગે છે કે તે આત્મા જેવી કોઈ વસ્તુમાં જ નથી માનતા તો પછી આત્માના સાક્ષાત્કારમાં તો માને જ કેવી રીતે ? ઈશ્વર કે પરમાત્મામાં પણ કેવી રીતે માને ? આત્મા, પરમાત્મા કે ઈશ્વરમાં અને એના સાક્ષાત્કારમાં માનનારે હૃદયની નિર્મળતા અથવા સત્વસંશુદ્ધિમાં માનવું જોઈએ. હૃદયની શુદ્ધિ, એની શુદ્ધિનો આગ્રહ અને ન્યાય, નીતિ, ધર્મ તથા અંતરંગ સાધનાના વિશ્વાસ વિના ઈશ્વરનો સાક્ષાત્કાર ના થઈ શકે. ઈશ્વરના સાક્ષાત્કારરૂપી સર્વોત્તમ સાધ્યમાં તેમજ ઈશ્વરમાં માનનારે એ સાધ્યની સિદ્ધિમાં સહાયભૂત થનારાં શુદ્ધ સાધનોનો આગ્રહ પણ રાખવો જોઈએ. ઈશ્વરનો સાક્ષાત્કાર છળકપટમાં રાચનારાં, અસત્ય અને અન્યાય તથા અત્યાચારનો આશ્રય લેનારાને કદી પણ નથી થતો. એને માટેનું ઉમેદવારીપત્રક ભરનારે દાનવતાના દુર્ગુણોથી મુક્ત થવાની કોશિશ કરતા રહીને, માનવતાના મહાગુણોથી મંડિત થવાનો આગ્રહ રાખવો જોઈએ. જોરજુલમ, ધામધમકી, ભય, દ્વેષ ને હિંસામાંથી નિવૃત્તિ મેળવીને સરળતા, નિષ્કપટતા, નિર્ભયતા, પ્રેમ અને અહિંસામાં પ્રતિષ્ઠિત થવું જોઈએ. સર્વ પ્રકારની આસુરી વૃત્તિ, પ્રવૃત્તિ તથા સંપત્તિની સાથે છૂટાછેડા લઈને અથવા તો સંબંધવિચ્છેદ કરીને દૈવીવૃત્તિ, પ્રવૃત્તિ તથા સંપત્તિના ઉપાસક થવું જોઈએ. એવી રીતે જીવનની સંપૂર્ણ અને મૂળભૂત શુદ્ધિ થાય અને સ્વભાવનું ઉર્ધ્વીકરણ થાય, તેમજ આત્મા, પરમાત્મા કે ઈશ્વરમાં અડગ શ્રદ્ધા થાય, ત્યારે જ ઈશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કારની સિદ્ધિ થઈ શકે છે. જીવનનાં દૈવી સંપત્તિનાં એ મૂળભૂત તત્વોની માવજતમાં અને માનવતાની અભિવૃદ્ધિ તથા સાધનની શુદ્ધિમાં પણ સામ્યવાદીઓ માને છે કે નહિ, તેમજ માને છે તો કેટલા પ્રમાણમાં એ એક સમસ્યા છે. આત્મસાક્ષાત્કારની વાત તો ઘણી આગળની વાત છે.

છતાં પણ સામ્યવાદીઓ તદ્દન નાસ્તિક છે અથવા તો પૂરેપૂરા માન્યતા વગરના છે એવું હું નથી માનતો. તે બિલકુલ વિશ્વાસ ધરાવતાં જ નથી એવું નથી. તે પણ મનુષ્યો છે, તેમને પણ હૃદય અથવા અંતરાત્મા છે, અને એ અંતરાત્માનો અવાજ અથવા વિશ્વાસ છે. એ વિશ્વાસ કયી વૃત્તિ, વ્યક્તિ ને કયા વિચારોમાં લાગેલો છે એ જુદી વાત છે, પરંતુ એનું અસ્તિત્વ છે એ વાત ચોક્કસ છે, અને કોઈક વાર એનું દિગ્દર્શન થઈ રહે છે.

મારી વાતને સ્પષ્ટ રીતે સમજવા એક ઉદાહરણ આપું. પ્રમુખ આઈઝનહોવરના વખતમાં ક્રુશ્ચોવે અમેરિકાની મુલાકાત લીધી ત્યારે એક નાનો છતાં સુંદર યાદગાર પ્રસંગ બન્યો. એ પ્રસંગ મારી દૃષ્ટિએ ઘણો મૂલ્યવાન છે અને મને અવારનવાર યાદ આવે છે.

અમેરિકાના પ્રમુખે ક્રુશ્ચોવને એક ચર્ચમાં દર્શન કરવા માટે આવવાનું કહ્યું તો ક્રુશ્ચોવે હસીને ના પાડી. તેમણે કહ્યું કે હું મંદિરમાં દર્શન કરવા નથી જતો એટલે તમે એકલા જઈ આવો. હું બહાર રહું છું.

અને ખરેખર ક્રુશ્ચોવે મંદિરમાં પ્રવેશ ના કર્યો.

અંદર જવાને બદલે બહાર રહેવાનું જ એમણે પસંદ કર્યું.

અમેરિકન પ્રમુખ મંદિરમાં એકલા જ દાખલ થયા.

એ પછી આગળ વધતા અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રુઝવેલ્ટની કબર આવી.

અમેરિકન પ્રમુખે અંદર આવવા માટે ક્રુશ્ચોવની સંમતિ માંગી તો ક્રુશ્ચોવે ઉત્તર આપ્યો કે આ તો મારા મિત્રની કબર છે. વિશ્વયુદ્ધમાં તે મારી સાથે હતા ને મારી પડખે રહીને લડ્યા છે. એટલે મને એમના પ્રત્યે પ્રેમ છે, અને આદરભાવ છે. એટલે એમની કબરને મારી અંજલિ આપવા માટે હું અવશ્ય આવીશ.

એમ કહી ક્રુશ્ચોવે કબરમાં પ્રવેશ કર્યો, કબરની આગળ ઘૂંટણીયે પડીને એને એમણે આદરભાવ અને અનુરાગની અંજલિ આપી.

એ પ્રસંગની માહિતી મળી ત્યારે મને થયું કે ક્રુશ્ચોવ અવિશ્વાસુ નથી, તે શ્રદ્ધાભક્તિ વગરના છે અને કશામાં માનતા નથી એવું પણ નથી. સમસ્ત સામ્યવાદ અને એના ઉપાસકો, આરાધકો કે અનુયાયીઓ વિશે એવું જ સમજવાનું છે. ઉપર ઉપરથી જોતાં તે અવિશ્વાસુ અને અમાન્યતાવાળા દેખાય છે, પરંતુ ઊંડા ઊતરીને તપાસીએ તો શ્રદ્ધાભક્તિ રાખે છે, આદર કે પૂજ્યભાવ રાખે છે, અને સન્માનની નજરે જુએ છે. ફક્ત એમના સિદ્ધાંત તથા દેવતા કે ઈશ્વર જુદા છે. તે રામ ને કૃષ્ણ, બુદ્ધ ને મહાવીર, તથા ઈશુ ને જરથુસ્તને ઈશ્વર નથી માનતા. તે તેમને માર્ગદર્શન નથી આપતા, અને પ્રકાશ તથા પ્રેરણા પણ પૂરી નથી પાડતા. તે તેમના જીવનના શાસક, તારક કે ઉદ્ધારક બનીને તેમના હૃદયમાં સ્થાન ધારણ નથી કરતાં. તેમના શાસક, તારક, ઉદ્ધારક, દેવતા કે ઈશ્વર તો માર્ક્સ છે, લેનિન છે અને એવા બીજા છે. એમના ઉપદેશ કે સંદેશને એ વેદવાક્ય માને છે. એમનાં સ્મૃતિચિન્હો આગળ ઘૂંટણીએ પડે છે, અને એમને સર્વેસર્વા સમજીને, પોતાના જીવન ને સમસ્ત જગતના જીવન, અધિશ્વર તેમજ તારણહાર માનીને અંજલિ આપે છે. એટલે એમની અંદર ઈશ્વરવાદની ભાવના છે. એ ભાવના કામ પણ કરી રહી છે. ફક્ત એ ભાવનાના ઉપાસ્ય દેવ જુદા છે એટલું જ. અને એમ તો આસ્તિક કે ઈશ્વરવાદી કહેવાતાં મહીમંડળના બધા જ મનુષ્યો ઈશ્વરના એક જ રૂપ અને નામને ક્યાં માને છે ? જુદા જુદા ધર્મ અને સંપ્રદાયોના જુદા જુદા દેવતા અને ઈશ્વરોની જેમ સામ્યવાદી સંપ્રદાયના પણ ભિન્ન-ભિન્ન દેવતા કે ઈશ્વર હોય એ સાવ સ્વાભાવિક છે. એમાં ના સમજાય તેવું કશું જ નથી. જગતને ઉત્પન્ન કરનાર, પાળનાર ને વિનષ્ટ કરનાર ઈશ્વરની શક્તિમાં સામ્યવાદીઓ નથી માનતાં, પરંતુ પોતાના દેવતાઓમાં સંસારને પેદા કરવાની, પાળવાની અને વિરોધી તત્વોનો નાશ કરવાની શક્તિ છે એવું તો તે માને જ છે, અને એ શ્રદ્ધાથી પ્રેરાઈને જ તે સામ્યવાદના પ્રચારના કામમાં પડેલા છે. સામ્યવાદ વૈજ્ઞાનિક સંશોધનમાં માને છે એટલે એ સંશોધનને અંતે, સૃષ્ટિ એક જ ચૈતન્યતત્વમાંથી પ્રકટીને એક જ ચૈતન્યતત્વને આધારે ટકી રહી છે, અને છેવટે એમાં લય પામે છે, એ વૈદિક સત્યનો સાક્ષાત્કાર અને સ્વીકાર કરે તો નવાઈ નહિ. એવી રીતે સામ્યવાદ ઈશ્વરવાદના પુરાતન ને સનાતન સિદ્ધાંતનું સમર્થન કરશે. શબ્દોમાં કદાચ ફેર પડશે પરંતુ ભાવ એક જ હશે.

એક બીજી વાત છે. સામ્યવાદ સંબંધી બીજી ગમે તેટલી વાતો કહેવામાં આવે, પરંતુ એક વાતનો ઈન્કાર નથી કરી શકાય તેમ કે તેની પાસેથી આપણે જનતાના પુનરુત્થાનનો પાઠ શીખવો પડશે. ગરીબ, પદદલીત, દીન, હીન અને દુઃખી તથા સર્વસાધારણની સેવાનો જે સંદેશ એણે અપનાવ્યો છે, તે આપણે

અપનાવી લેવો પડશે. સમાજમાંથી અન્યાય અને શોષણ તેમજ ભેદભાવ મીટાવવાની અને સૌને ભૌતિક રીતે સુખી કરવાની તથા તેને માટે સર્વસ્વનો ભોગ આપવાની જે લગન, ભાવના ને વૃત્તિ તેમાં દેખાય છે તે આપણે કેળવવી પડશે. આપણે ત્યાં જનતાના સર્વસાધારણ વર્ગની વરસોથી ઉપેક્ષા થતી આવી છે. તેવી ઉપેક્ષા હવે લાંબો વખત નહિ ચાલે. તેમને બેઠા કરવાનો મંત્ર આપણે એમની પાસેથી શીખવો પડશે. પરંતુ તે માટે તેમની પદ્ધતિઓને આપણે આદર્શ નથી માનતા. તેમના સાધનો સર્વસ્વીકાર્ય નથી થઈ શકતાં. આપણાં સાધનો માનવતાભર્યા પવિત્ર અને ઉત્તમ હશે. સામ્યવાદનો એ સેવાસંદેશ કાંઈ નવો નથી. ભારતીય સંસ્કૃતિએ એ શીખવેલો જ છે અને એ પણ વધારે સરસ અને અસરકારક રીતે. ફક્ત તે ભૂલાઈ ગયો છે. તેને તાજો કરીને જીવનમાં સાકાર કરવાનો છે. ભારતીય સંસ્કૃતિનો સમતાવાદમાંથી પ્રગટનારો સેવાસંદેશ આધુનિક સામ્યવાદના સેવાસંદેશ કરતાં અનેકઘણો વધારે પ્રેરક અને પ્રાણવાન છે. એ વાત વિદ્વાનોને વિદીત છે જ એટલે એ બાબતમાં સામ્યવાદને ગુરુ બનાવવાની જરૂર નથી. તેની અંદરનું જે સેવાતત્વ છે તે પણ ભારતીય જ છે. છતાં પણ એને સમાજના ઉત્કર્ષને માટે સહાયભૂત બનાવવાનું છે. અલબત્ત તેમાં જે નબળાઈઓ પેસી ગઈ છે તેના શિકાર નથી થવાનું.

☼ ☼ ☼ ☼ ☼



## 29. મધમાખી બનો

મેં પસંદ કરેલા વિષયનું શીર્ષક વાંચીને કોઈને થશે કે શું આપણે ફરીવાર મધમાખી બનવાનું છે અથવા તો મધમાખીના શરીરમાં પ્રવેશ કરવાનો છે ? માનવશરીરનો મહીમા સત્પુરુષો તથા સત્શાસ્ત્રોએ વિવિધ રીતે વર્ણવી બતાવ્યો છે. એ શરીર જેને તેને અને જ્યારે ત્યારે નથી મળતું. એની શક્તિ ને શક્યતા ઘણી મોટી છે. તુલસીદાસે રામાયણમાં એને 'સાધનાધામ' તથા 'મોક્ષનું દ્વાર' કહ્યું છે. એની મદદથી પોતાના અને બીજાના હિત માટેનો પુરુષાર્થ કરી શકાય છે. એવા સુંદર, સર્વોત્તમ શરીરનો ત્યાગ કરીને મધમાખીના કે એવા બીજા કોઈ હીન ગણાતા શરીરનો સ્વીકાર કરવાના પ્રસ્તાવ પર વિચાર પણ કોણ કરે ?

સાચું છે, એવા વિચારો કે મનોભાવોની સાથે આપણે અવશ્ય સંમત થઈશું. આપણે પોતે પણ માનવશરીરને મૂકીને મધમાખીના શરીરમાં પ્રવેશવાનો પ્રસ્તાવ કોઈની આગળ રજૂ નથી કરતા. આપણે તો મધમાખી બનતાં શીખવાની વાત જ કરી રહ્યા છીએ. એટલે માનવ તરીકે શ્વાસ લેતા રહીને, માનવ તરીકેનું અલગ અસ્તિત્વ મટાડી દીધા વગર, મધમાખી પાસેથી ગુણ ગ્રહણ કરી, એની જેમ જીવનમાં જરૂરી ફેરફાર કરવાની સૂચના જ આપી રહ્યા છીએ. એટલે એ સંબંધી અન્યથા ને નિરર્થક ભય રાખવાનું કોઈ કારણ નથી.

ત્યારે મધમાખી પાસેથી આપણે સૌએ કયો ગુણ ગ્રહણ કરવાનો છે ? કોઈ વળી બોલી ઉઠશે કે તમે પણ ખરા નીકળ્યા ! માણસ જેવો માણસ મધમાખી જેવા તુચ્છ જંતુ પાસેથી કોઈ વિશેષ ગુણ કે ઉપદેશ ગ્રહણ કરે એ વિચાર જ કેટલો બધો શરમજનક ને હાસ્યાસ્પદ લાગે છે ? માણસ જો મધમાખીને ગુરુ કરશે તો એનું ગૌરવ શું રહેશે ?

પરંતુ એની દલીલ નિરાધાર છે. કવિ દલપતરામે કહ્યું જ છે કે, 'લેવી નાના પાસેથી પણ ચાતુરીની વારતા' એ પ્રમાણે સાધારણ લાગતા પ્રાણી કે પદાર્થની પાસે પણ જો કોઈ જીવનોપયોગી પ્રેરક સંદેશ મળે તો તેને ગ્રહણ કરવામાં હરકત ના હોવી જોઈએ. સારી વાત તો દરેક પાસેથી શીખી શકાય છે. દત્તાત્રેયે પણ મધમાખીને ગુરુ કરીને એની પાસેથી પરિગ્રહ અથવા મમતા ના કરવાનો પદાર્થપાઠ પ્રાપ્ત કરેલો. એ હકીકત શ્રીમદ ભાગવતમાં વિસ્તારથી વર્ણવેલી છે. મધમાખીઓએ તૈયાર કરેલું મધ એમના કામમા ના આવ્યું અને બીજાઓએ લૂંટી લીધું, એ જોઈને દત્તાત્રેયને સર્વ પ્રકારના પુરુષાર્થો તથા પરિગ્રહો પરથી વૈરાગ્ય થયો. પરંતુ આપણે તો મધમાખી પાસેથી એક બીજી જ વાત શીખવાની છે. મધમાખી ફૂલ પર બેસે છે અને મધ એકઠું કરે છે એટલે કે સાર ગ્રહણ કરે છે. એવી રીતે આપણે સૌએ સારગ્રાહી થવાનું છે. મધમાખીએ તૈયાર કરેલા મધપૂડાને જોઈને આપણને કેટલું આશ્ચર્ય થાય છે ? એ મધપૂડાની પાછળ એનો કેટલો બધો એકધારો ઉદ્યમ રહેલો છે ? એવી રીતે જો આપણે પણ સંસારમાંથી શુભ ગ્રહણ કરીએ અને એવી સંચિત સૌરભમાંથી મધપૂડા જેવું રસવંતુ મધુમય જીવન તૈયાર કરીએ તો કેટલો લાભ થાય ? પ્રત્યેક વ્યક્તિ જો પોતાની મેળે સર્વોત્તમ જીવનનો મધપૂડો તૈયાર કરે તો જીવન સ્વર્ગસુખદ બની જાય એમાં સંદેહ નથી. ત્રિગુણાત્મકા પ્રકૃત્તિમાંથી પેદા થયેલી આ સૃષ્ટિ એકસરખી ને એકસરખા સ્વરૂપવાળી નથી. એમાં ફેરફાર થયા જ કરે છે, તેમજ એ શુભ તથા સત્યનું જ દર્શન તેમજ ગ્રહણ કરવાની ટેવ પાડવી આવશ્યક છે. સંસારમાં સર્વત્ર ને સૌમાં વત્તા ઓછા પ્રમાણમાં કાંઈ ને કાંઈ શુભ તો હોય છે જ. દુષ્ટ તથા અધમ કહેવાતા

મનુષ્યોમાં પણ કેટલાક સારા ગુણો જોવા નથી મળતા એમ નહિ. એ શુભ અથવા સદગુણોનું દર્શન કરતાં શીખવાની તથા એ મનુષ્યો વિશે અંતિમ અભિપ્રાય આપતાં પહેલાં એમની પ્રત્યે આંખમીંચામણ નહિ કરવાની અને એમાંથી કોઈ ને કોઈ જીવનોપયોગી સંદેશ ગ્રહણ કરવાની કળામાં કુશળ બનવાની જરૂર છે. મધમાખી બનતાં શીખવાનું કહીને આપણે એ જ હકીકત તરફ અંગુલિનિર્દેશ કરવા માંગીએ છીએ.

પરંતુ બધા માણસો એવી રીતે મધમાખી જેવા નથી બની શકતા. કેટલાક અથવા મોટાભાગના માણસો એવા હોય છે કે, બીજાનું સારુ નથી જોઈ શકતા, સારું બોલી કે લખી નથી શકતા. અને એથી આગળ વધીને બીજાની અંદર જે શુભ હોય તેની ચર્ચા-વિચારણા કરવાને બદલે જે થોડુંક પણ અશુભ હોય તેની જ ચર્ચા કર્યા કરે છે અને બીજામાં કશું અશુભ જેવું ના હોય તો પણ, પોતાની સ્વભાવસહજ પરંપરાગત અશુભ જોવાની ખાસીયતને લીધે, ના હોય ત્યાંથી અશુભ શોધી કે જોડી કાઢીને પણ વાણી તથા કલમ દ્વારા તેનો પ્રચાર કરતા ફરે છે. એવા માણસોની ગુણગ્રાહકતા તદ્દન બુઠ્ઠી થઈ ગઈ કે મરી ગઈ હોય છે. એમની આંખ અને એમના અંતરમાં અમીને બદલે વિષ વ્યાપ્યું હોય છે, તે જ બધે ઠલવાયા કરે છે. કોઈને માટે વખાણના કે કદરનાં બે શબ્દો બોલવાનો અવસર આવશે તો પણ તે પછી તરત જ એમના વિરુદ્ધનું કાંઈક કહી બતાવશે ત્યારે જ એમને ચેન પડશે. વિરોધ, ટીકા કે નિંદાનાં થોડાં વાક્યોથી જ એ પોતાના વક્તવ્યની પૂર્ણાહુતિ કરશે. એ પદ્ધતિ જ એમને પસંદ પડશે, મીઠી મધ જેવી લાગશે ને બીજી પ્રશસ્તિની પદ્ધતિ એમને માફક જ નહિ આવે. કાગડાની જેમ એમનું મન હંમેશા બુરાઈનો જ આશ્રય લે છે અને બુરાઈમાં જ આનંદ માને છે.

કોઈ વાર કોઈ સ્વાર્થ હેતુની સિદ્ધિ થતાં, કોઈ વાર કોઈ પૂર્વગ્રહને લીધે, સંકુચિતતાને પરિણામે સાચી વસ્તુ સમજી શકવાની શક્તિના અભાવને લીધે, પ્રકૃતિને લીધે, કે એવા બીજા કોઈ કારણને લીધે માણસ મધમાખી જેવો બનીને બીજાના ગુણ નથી જોઈ શકતો. કારણ ગમે તે હોય, પણ બીજાના ગુણ ના જોવાની ને ના મૂલવવાની એ વૃત્તિ તથા પદ્ધતિ આવકારદાયક કે કલ્યાણકારક તો નથી જ એ સાચું છે. સમજુ માણસે એ વૃત્તિ કે પદ્ધતિનો અંત આણ્યે જ છુટકો છે. કોઈ વાર એવું પણ બને છે કે એક વાર બીજાના ગુણ જોનાર તથા તેને માટે પેટ ભરીને પ્રશંસા કરનાર પાછળથી તેનું ઘસાતું બોલે છે તથા તેની વિરુદ્ધ પ્રચાર કરે છે. એની પાછળ નાનું કે મોટું, સાચું કે ખોટું - કારણ ગમે તો હોય, પરંતુ એ પણ માનવમનની નબળાઈનો જ એક પ્રકારનો પડઘો પાડે છે. જરૂર વગર કાયમ માટે કોઈની પ્રશંસા જ કર્યા કરવી એવું કહેવાનો આપણો ઉદ્દેશ જરા પણ નથી, આપણે તો એ હકીકત પ્રત્યે ધ્યાન ખેંચવા માગીએ છીએ કે માણસે ટીકાખોર વૃત્તિ ને નિંદાની પ્રવૃત્તિનો રસ કાયમને માટે છોડી દેવો જોઈએ. એ વૃત્તિ કદી પણ કલ્યાણકારક નથી થઈ શકતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. સ્થિતિ

ભગવાન બુદ્ધ એકાંત અરણ્યમાંથી મંદ ગતિએ આગળ વધી રહેલા. એમની પાછળ પડેલા એ અરણ્યમાં વસતા દસ્યુશ્રેષ્ઠ અંગુલિમાલે એમને જોઈને બૂમ પાડી, બુદ્ધ, ઊભો રહે.

ભગવાન બુદ્ધે શાંતિ તથા સ્વસ્થતાપૂર્વક ઉત્તર પૂરો પાડ્યો કે હું તો ઊભેલો જ છું. તારે ઊભા રહેવાનું બાકી છે.

અંગુલિમાલે પુનઃ એવું જ કહ્યું ને બુદ્ધે એવા જ ઉદગારો કાઢ્યા, ત્યારે અંગુલિમાલને અતિશય આશ્ચર્ય થયું. બુદ્ધની આગળ આવીને એણે પૂછ્યું કે તમે અસત્યભાષણ કરો છો ?

બુદ્ધે કહ્યું : 'બુદ્ધ કદી અસત્ય ભાષણ નથી કરતો. અસત્યભાષણ કરે તેને બુદ્ધ ના કહેવાય.'

'તો પછી ? તમે તો ચાલો છો, તો પણ કહો છો કે હું ઊભો છું. તો તે કેવી રીતે ?'

બુદ્ધ બોલ્યાઃ 'મારું શરીર ચાલે છે પરંતુ મન નથી ચાલતું, સ્થિર છે. બોધિપ્રાપ્તિ પછી એણે વિષયોના વનમાં વિહરવાનું કે પવનલહરથી હાલતી દિપશીખાની જેમ ચલાયમાન બનવાનું છોડી દીધું છે. તું હજી વિષયોમાં, વિકારોમાં, વાસનામાં ફર્યા કરે છે. તારે તારી અંદર સ્થિતિ કરવાની બાકી છે.'

ભગવાન બુદ્ધના એ શબ્દો ખૂબ જ પ્રેરક તથા જીવનોપયોગી સંદેશથી સભર છે. માનવનું મન મોટે ભાગે બહિર્મુખ બનીને ભટક્યા કરે છે. અસ્વસ્થ અને અશાંત બને છે. પદાર્થો, વિષયો, પ્રસંગો અને પરિસ્થિતિઓ એના પર પોતપોતાના સાનુકૂળ-પ્રતિકૂળ, સંમિશ્રિત પ્રભાવો પાડ્યા કરે છે. માનવ વાસના, વિકાર, સ્વાર્થ, અહં, મમતા અને આસક્તિનો દાસ બનીને અવનિમાં અટવાય છે. એણે આત્મસ્થ થવાની, પોતાની અંદરની દુનિયામાં ડૂબકી મારીને નિર્વિકાર, નિર્વાસનિક અવસ્થામાં આસીન થવાની, પ્રજ્ઞાસ્વરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્મનો પરિચય સાધી, પ્રેમ જગાવી, એમની સાથે અનુસંધાન સાધવાની આવશ્યકતા છે. માનવે બુદ્ધ બનવાનું છે, એટલે કે વિષયોના વાસનાયુક્ત અવિદ્યાજન્ય જગતમાંથી જાગીને આત્માના આ લોકમાં પદાર્પણ કરવાનું છે. એવા પદાર્પણ પછી શરીર સંસારમાં રહેશે, વિરોધાભાસી વાતાવરણમાં કે વ્યવહારમાં રહેશે તો પણ મન ચંચળ નહિ બને, વિદ્રોહ નહિ કરે, અશાંત નહિ બને. આત્મામાં સ્થિત રહેશે. જીવનના પરમ લક્ષ્યનું કદી વિસ્મરણ નહીં થાય.

"જૈસે નાવ ફિરે ચારો દિશ, ધ્રુવતારા પર રહત નિશાની"ની જેમ એના ચિત્તની વૃત્તિ, એની અસ્મિતા, પરમાત્માભિમુખ બનીને પરમાત્મા પ્રત્યે જ પ્રવાહિત થશે. આંખ જોશે છતાં નહિ જુએ એટલે કે પરમાત્માને જ જોશે. કાન સાંભળશે તો પણ નહીં સાંભળે, શરીર, મન, ઈન્દ્રિયો કાર્ય કરશે તો પણ અંતરાત્મા એથી અલિપ્ત રહેશે.

પળેપળે ચંચળ ચાલે ચાલતા માનવને આત્માની અંદર સ્થિતિ કરવાની, ગીતાની પરિભાષામાં સ્થિતપ્રજ્ઞ બનવાની, ઊભા રહેવાની આવશ્યકતા છે. બીજું બધું જ ચાલતું હોય પરંતુ એની વચ્ચે માનવ અડગ રીતે ઊભો રહેતો હોય, આત્મસ્થ રહેતો હોય એથી અધિક કલ્યાણકારક બીજું શું હોઈ શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## 31. શાંતિનો ઉપાય

તાપથી સંતપ્ત પ્રવાસી પંથમાં બેસીને પોકારો પાડવા લાગ્યો. અરે, કોઈ છાયા તો બતાવો, મારે છાયાની આવશ્યકતા છે. શીતળ છાયાની આવશ્યકતા છે. મને કોઈ ઘટાદાર વિશાળ વૃક્ષની પાસે તો પહોંચાડો.

પ્રવાસીની પાસે જ, એના પંથની એક તરફ જ વિશાળ ઘટાદાર વૃક્ષ હતું. એની શીતળ છાયામાં જઈને શાંતિ મેળવવાનું જ શેષ હતું. ત્યાં જવાનું પ્રવાસીના હાથમાં હોવા છતાં એ પોકારો પાડીને બેસી રહેલો. એવી રીતે પોકારવાથી એ વૃક્ષ પાસે પહોંચી શકે અને એને છાયા પણ મળી શકે ?

આજે સંસારમાં ચારે તરફ અશાંતિના ઓળા ઉતરેલા છે. માનવ સંપૂર્ણપણે સુખી નથી. સુખની શોધમાં છે. પરંતુ એ સુખ એને સાંપડે કઈ રીતે ? પડછાયાની પાછળ પડવાથી પ્રકાશ નથી મળતો. પ્રકાશની તરફ અભિમુખ બનવાથી પ્રકાશ, પ્રકાશવાન પદાર્થ અને પડછાયાની પ્રાપ્તિ આપોઆપ થાય છે. જેનામાં સુખશાંતિ આનંદ છે, એટલું જ નહિ, પરંતુ જે સ્વયં સુખસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પરમાનંદસ્વરૂપ છે તે પરમાત્મા પ્રત્યે અભિમુખ બનવાથી જ જીવન સુખમય, શાંત, સુસંવાદી, સ્થિર, સંપૂર્ણ, સાર્થક કે ધન્ય બને છે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી. પરંતુ વિષયાસક્ત, વિષયાભિમુખ મન એ વાતને ભૂલી જાય છે, અને યાદ રાખે તો પણ એ પ્રમાણે વર્તતું નથી. એને લીધે દુઃખી થાય છે ને ક્લેશ, અશાંતિ તથા બંધનોને અનુભવે છે. સમીપમાં જ રામભક્તિની સુરસરિતા કે સ્વર્ગગંગા છે તો પણ પિપાસુ પ્રાણ ઝાકળના બિંદુની કામના કરે છે. ધૂમ્રસમૂહને નિહાળીને તૃષાર્ત ચાતક, વરસાદનું વારિવાળું વાદળ સમજી બેસે છે. વિષયોમાં સુખ નથી છતાં તેમાં સુખ સમજે છે.

ઐસી મૂઢતા યે મનકી
હરિ રામભક્તિ સુરસરિતા આશ કરત ઓસકન કી ... ઐસી
ધૂમ્રસમૂહ નિરખી ચાતક જ્યોં તૃષિત જાનિ મતિ ધન કી
નહિ તહીં શીતલતા ન વારિ પુનિ હાનિ હોત લોચનકી ... ઐસી.

પરમાત્મા પ્રત્યે અભિમુખ થવાથી જ સુખશાંતિ સાંપડે છે. પરમાત્માથી વિમુખ બનવાથી દુઃખ મળે છે. શાસ્ત્રો અને સંતોએ એ અનુભવ વાતને અવારનવાર કહી બતાવી છે. માનવ એને જીવનવ્યવહારમાં વણી લે એટલી જ વાર છે.

પ્રકૃતિના પંથે પ્રયાણ કરનારો માનવપ્રવાસી પ્રશાંતિની શોધમાં છે. પ્રસન્નતાની ઈચ્છા રાખે છે. એણે પ્રકૃતિને નાથીને બાહ્ય સુખોપભોગના સાધન વસાવ્યા છે. પરંતુ પ્રકૃતિના આટલા બધા એકધારા પ્રવાસ પછી હવે એને લાગે છે કે જીવનમાં અશાંતિ અને અસંતોષના ઓળા ઉતર્યા છે. સંતાપ નથી શમ્યા. શાંતિનો સૂર્યોદય નથી થયો. પ્રસન્નતાનું પુનિત પ્રભાત નથી પ્રકટ્યું. ધન્યતાના ઉલ્લાસસૂચક મંગલમય વિહંગગીતો નથી ગવાતા. સાર્થકતાની સ્વસ્થ સમીરલહરી પોતાનું લલિત લાસ્યનૃત્ય નથી શકતી. એનો પ્રાણ પોકારે છે. શાંતિને ઝંખે છે. એને આપણે કહીએ છીએ કે શાતિની સ્વર્ગગંગામાં સ્નાન કરો. તમે શાંતિસ્વરૂપ છો.

સુધાસ્વરૂપ છો. તમારી અંદર રહેલા શાંતિના સ્વર્ણભંડારને શોધી કાઢો કે હસ્તગત કરવાનો પ્રયત્ન કરો. પછી સઘળા સંતાપો શાંત થશે. જીવન અને એનો પ્રવાસ સરસ, સાર્થક બનશે.

☼ ☼ ☼ ☼ ☼

## 32. સંસ્કારોના સિંચનનો સમય

સંસ્કારોના સિંચનનો - જીવનને સુંદર બનાવવાનો સર્વોત્તમ સમય કયો ? શાસ્ત્રો અને સંતો કહે છે કે શૈશવનો, કિશોરાવસ્થાનો કે યુવાવસ્થાનો સમય. ભર્તૃહરિ મહારાજે પોતાના પ્રસિદ્ધ ગ્રંથ વૈરાગ્યશતકમાં કહ્યું છે કે :

યાવત્સ્વસ્થમિદં શરીરમરુજં યાવચ્ચ દૂર જરા ।
યાવચ્ચેન્દ્રિયશક્તિરપ્રતિહતા યાવત્ક્ષયો નાયુષઃ ॥
આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન ।
પ્રોદીપ્તે ભવને પ્રકૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદ્રશઃ ॥

એટલે કે જ્યાં સુધી શરીર સ્વસ્થ અને શક્તિશાળી છે, વૃદ્ધવસ્થા દૂર છે, ઈન્દ્રિયોની શક્તિ અકબંધ છે, અને આયુષ્યનો ક્ષય નથી થયો, ત્યાં સુધી આત્મોન્નતિ અથવા આત્મકલ્યાણને માટે પ્રયત્ન કરવો જોઈએ. ઘરને આગ લાગે ત્યારે કૂવો ખોદવાની પ્રવૃત્તિ કરવાથી કંઈ નથી વળતું.

શૈશવ, કૌમાર્ય અને યૌવન જીવનનો ઉષઃકાળ છે. જીવનની વસંત છે. એનો ઉપયોગ કરીને ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારની સમુન્નતિ સાધી શકાય. એ સમયના સંસ્કારો સમસ્ત જીવનપર્યંત કામ કરે છે, જીવનમાં ચિરસ્થાયી અથવા વજ્રલેપ જેવા બને છે. એટલા માટે જીવનના એ સ્વર્ણસમયને સાચવી લેવો અને સુધારવો આવશ્યક છે. આપણે ત્યાં તો કહેવામાં આવે છે કે, માતાના ઉદરમાં જ ભાવિ શિશુનું સંસ્કારનિર્માણ થાય છે. એથી આગળ વધીને કહેવું હોય તો કહી શકાય કે પતિપત્ની શરીરસંબંધ માટે પ્રવૃત્ત બને તે સમયના સંકલ્પો અથવા મનોભાવો ભાવિ શિશુના જીવનઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. સંસ્કારોનાં મૂળ એટલાં બધાં ઊંડા છે. છતાં પણ સામાન્ય રીતે એટલું કહી શકાય કે, કિશોરાવસ્થા ને યુવાવસ્થા જીવનના સંસ્કારનિર્માણની, આધ્યાત્મિક અભ્યુત્થાનની અગત્યની અવસ્થા છે. બુદ્ધ, મહાવીર, જ્ઞાનેશ્વર મહારાજ, શંકરાચાર્ય, ગુરુ નાનકદેવ અને સમર્થ રામદાસના જીવનમાં એ અવસ્થાનાં વિકાસનાં સર્વોત્તમ, સર્વશ્રેયસ્કર સુપરિણામો જોવા મળે છે.

આમ તો જીવનના અંતસમય સુધી જીવનસુધારની તક છે, આધ્યાત્મિક અભ્યુદયનો અવસર છે. માનવ છેલ્લી ઘડીએ જાગે તો પણ પોતાનું કલ્યાણ કરી શકે છે. જીવનની છેલ્લી ક્ષણ સુધી આત્મોન્નતિની આશા રહેલી છે. એ છતાં પણ જે વહેલો જાગે છે ને કાર્ય કરવા માંડે છે, એ સહેલાઈથી ને વહેલી તકે આત્મોત્કર્ષને સાધી લે છે. એની પાસે અધિક સમય રહે છે એમાં શંકા નથી. જીવનનો ઉત્તરકાળ અથવા અંત સમય એની જીવનસાધનાની સિદ્ધિનો શાંત, સુખમય, સફળ સાર્થક સમય બની રહે છે. માટે આત્મોન્નતિના માર્ગે જેટલા વહેલા જાગીને આગળ વધાય એટલું આવકારદાયક છે, આશીર્વાદરૂપ છે.

ઉત્તિષ્ઠ જાગ્રત.

ઊઠો, પ્રમાદને દૂર કરીને પુરુષાર્થી બનો ને વિવેકના જગતમાં જાગો. આજથી, અત્યારથી જ જાગ્રત બનો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૩. વિચાર અને આચાર

એક ઠેકાણે એક પંડિતપ્રવરનું પ્રવચન ચાલી રહેલું. પંડિતપ્રવરનું પ્રવચન અત્યંત આકર્ષક, અવનવું, આહ્લાદક હતું. શ્રોતાઓ એથી મંત્રમુગ્ધ બની ગયા. પ્રવચનની પૂર્ણાહુતિ સમયે પંડિતપ્રવરે એકાદશી વિશે વિસ્તારથી વિવરણ કર્યું. એ સાંભળીને શ્રોતાઓની પ્રસન્નતાનો પાર ના રહ્યો. વિદાય વખતે એમનામાંના થોડાક શ્રોતાઓએ એમને અભિનંદન આપી જણાવ્યું કે તમારું પ્રવચન ખૂબ જ સારું હતું. એકાદશી ના કરતા હોય એમને પણ કરવાનું મન થઈ જાય એવું. તમે તો એકાદશી કરતા જ હશો. આજે એકાદશી છે.

પંડિતપ્રવરે પ્રત્યુત્તર આપતાં કહ્યું કે, મેં એકાદશી નથી કરી.

નથી કરી ?

ના.

તો તમે બોલો છો તો ખૂબ સુંદર રીતે.

પંડિતપ્રવરે કહ્યું કે ઉપવાસ કરું તો મારાથી પ્રવચન સારી રીતે થઈ શકે નહીં.

શ્રોતાઓ પર શબ્દોની અસર થોડીક વિપરિત થઈ. એમણે કહ્યું કે તમે એકાદશીનો ઉપદેશ આપીને અથવા એકાદશીને મહીમા સંભળાવીને પણ એકાદશી નથી કરતાં તો અમે શા માટે કરીએ ? કેટલાકે કહ્યું કે, એકાદશીવ્રત ના કરતા હોય એમાં આપણે શું ? આપણે તો એને ઉપયોગી માનીને કરવું જ જોઈએ. તો પણ મોટાભાગના શ્રોતાઓ પર પંડિતપ્રવરના પ્રવચનનો પ્રતિકૂળ પ્રભાવ પડ્યો.

મોટા મનાતા માનવો જેને આદર્શ, ઉપયોગી કે પ્રમાણભૂત સમજતા હોય એને આચારમાં ઉતારવાનો, અનુસરવાનો કે એ પ્રમાણે ચાલવાનો પ્રયાસ ના કરે તો અન્ય માનવો પર એમનો પ્રભાવ જોઈએ તેટલો ના પડી શકે. પ્રભાવ જેટલો વાણીનો ને વિચારનો નથી પડતો એટલો આચારનો પડે છે. આચાર વિનાના વિચારો ધારી અસર નથી ઉપજાવી શકતા. એથી ઊલટું, ઉત્તમ આદર્શો કે સિદ્ધાંતો કે વ્રતોનું પરિપાલન બીજાને માટે પ્રેરક તથા પથપ્રદર્શક ઠરે છે. માટે જ ગીતામાં કહ્યું છે કે, ઉત્તમ માનવોએ ઉત્તમ જીવન જીવવાનો આગ્રહ રાખવો જોઈએ.

આજે આપણા સમાજમાં જે આચારની અવ્યવસ્થા, સંકરતા ને શિથિલતા દેખાય છે, તેને દૂર કરવી હોય તો સમાજના શ્રેષ્ઠ મનાતા, અગ્રગણ્ય ગણાતા માનવોએ જીવનનું પરિશોધન કરવું પડશે. માનવતાનાં મૂલ્યોને વળગી રહેવું પડશે. જીવનના સઘળા ક્ષેત્રોમાં જવાબદાર ઉચ્ચાસને બેઠેલા પુરુષો જો એવું કરવા માંડશે તો એની અસર સર્વસાધારણ જનતા પર પડ્યા વિના નહીં રહે, ને સમસ્ત સમાજમાં નવજીવનની અવનવી પવનલહરી ફરી વળશે.

☼ ☼ ☼ ☼ ☼

## 34. કર્તવ્યપાલન

હિમાલયના હિમાચ્છાદિત પર્વતીય પ્રદેશમાં વરસોથી મોટરડ્રાઈવર તરીકે કામ કરતા એક ગઢવાલી ડ્રાઈવરે વાતવાતમાં મને જણાવ્યું, આ પ્રદેશમાં મોટર ચલાવવાનું કાર્ય કઠિન છે. નાના-મોટા એટલા બધા વળાંકો આવે છે કે વાત નહીં. અને રસ્તો પણ કેટલો બધો કપરો છે ? એક બાજુએ પર્વત અને બીજી બાજુએ ઊંડી ઊંડી ખીણ - એમાંથી સરી જનારી પુણ્યસલિલા સરિતા ભગવતી ભાગીરથી. જો જરી પણ ધ્યાન ચૂક્યા તો ખલાસ. અમે તો ખતમ થઈ જઈએ જ પરંતુ સાથે સાથે અન્ય અનેકને ખતમ કરીએ. અમારું મન વાતોમાં ન હોવું જોઈએ. આજુબાજુના કુદરતી સૌંદર્યયુક્ત દ્રશ્યોમાં પણ ના હોવું જોઈએ.

મેં પૂછ્યું : તમને કોઈ વાર કંટાળો નથી આવતો ?

એમણે ઉત્તર આપ્યો : કંટાળો આવે તો પણ કર્તવ્યપાલનના વિચારથી એ કંટાળો ચાલ્યો જાય છે. એને અમે ખંખેરી કાઢીએ છીએ.

મધરાતના શાંત સમયે ટ્રેનમાં મોટાભાગના મુસાફરો સૂતાં હોય, કેટલાક ઝોકાં ખાતા હોય, એવે વખતે સાવધાન અથવા જાગ્રત રહીને એન્જીનને ચલાવનાર ડ્રાઈવરનો વિચાર કરો છો ? એને આળસ નહિ આવતી હોય ? એ જો નિદ્રાધીન બની બેસે તો ટ્રેનને અને એના ઉતારુઓને જોખમમાં મૂકે.

જંગલોમાં અને એકાંત પર્વતપ્રદેશમાં રાષ્ટ્રની સીમાની સુરક્ષા સારું, સર્વપ્રકારનાં બાહ્ય સુખોપભોગો, સ્વજનો અને સગવડના સાધનોને તિલાંજલિ આપીને અડીખમ રીતે ઊભા રહેતા સનિકોનો વિચાર કરો. એ સૌ પોતપોતાના કર્તવ્યપાલનનું મહત્વ સમજીને, એમાં અભિરુચિ રાખીને, એનું અનુષ્ઠાન કરતાં પોતાનો સમય પસાર કરે છે. રાષ્ટ્રજીવનની સ્વસ્થતા, સુરક્ષા તથા સમુન્નતિને માટે એવી નિષ્ઠા આવશ્યક હોય છે અને આશીર્વાદરૂપ ઠરે છે. એકેક ઈંટ એકઠી મળીને, સુવ્યવસ્થિત રીતે સંધાઈને, દિવાલના નિર્માણકાર્યમાં સહાયક બને છે. પ્રત્યેક પુષ્પ પોતપોતાના સ્થાનને સંભાળીને મનહર માળાની રચનામાં પોતાનો સહયોગ પ્રદાન કરે છે. એવી રીતે પ્રત્યેક વ્યક્તિ જ્યાં છે ત્યાં રહીને, જે પણ કર્મ કરે છે તે, સારામાં સારી રીતે, સાવધાનીપૂર્વક કરવાનો આગ્રહ રાખીને પોતાની ને બીજાની સેવા કરે છે અને સમાજની સ્વસ્થતા, સુવ્યવસ્થા, સંવાદિતા, શાંતિ અને સમૃદ્ધિમાં ફાળો ધરે છો. પ્રત્યેક વ્યક્તિ યાદ રાખે કે પોતે એકલી નથી, પરંતુ પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સાથે સંકળાયેલી છે. એમને માટે પોતાનું કર્તવ્ય છે, એ કર્તવ્યનું પાલન અહંતા તથા સ્વાર્થવૃત્તિથી રહિત બનીને કરવામાં જ સાર્થક્ય સમાયેલું છે, કલ્યાણ છે. જો એમ થાય તો આપણી આજુબાજુનું ચિત્ર કેટલું બધું બદલાઈ જાય ? સંસારમાં સ્વર્ગનું સર્જન થાય. મૃત્યુલોક અમૃતલોક બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## 35. કેળવણી

થોડાક વખત પહેલાં અમે અમદાવાદથી લક્ઝરી બસમાં બેસીને રાજકોટ જઈ રહેલા. અમદાવાદના બસસ્ટેન્ડ પર બસ આવી એટલે મુસાફરો પોતપોતાની સીટ પર બેસવા માટે આગળ વધ્યા. એ દરમ્યાન એક કોટ-પાટલુનવાળા ગૃહસ્થ બસમાં સૌથી પહેલાં ચઢી ગયા, અને એમનો સામાન મૂકવા માંડ્યા. બીજા મુસાફરો બસમાં બેસવા માટે આગળ વધ્યા પરંતુ પેલા ગૃહસ્થે બસના પ્રવેશદ્વાર આગળ ઊભા રહીને એમનો રસ્તો રોકી રાખ્યો. થોડી વાર પછી એમણે નીચે કૂદકો માર્યો. એક વયોવૃદ્ધ પુરુષના પગ પર એમનો પગ પડતાં સહેજમાં જ બચી ગયો. એ બૂમ પાડી ઊઠ્યા. બીજા મુસાફરો પણ કહેવા માંડ્યા કે તમે લક્ઝરી બસના પેસેન્જર છો અને આવું બીનજવાબદાર વર્તન કરો છો ? એ ગૃહસ્થે ગર્જના કરી કે તમે તમારા મનમાં શું સમજો છો ? હું તો એમ.એ., એલ.એલ.બી. છું. કોઈએ કહ્યું અરે ભાઈ, તમે એમ.એ., એલ.એલ.બી હો તેથી શું થયું ? તમારું વર્તન તો અભણ માણસથી પણ ખરાબ છે. તમારા કરતાં તો અભણ માણસનો વ્યવહાર સારો હોય છે.

પેલા મહાશય બસની અંદર આવીને ધૂમ્રપાન કરવા લાગ્યા. અમે અંદર જઈને જોયું તો એમણે અમારી સીટને રોકી રાખેલી. અમને એ આગળ જ વધવા નહોતા દેતા. મેં બસના કંડક્ટરને વાત કરી. કંડક્ટરે એમની પાસે ટિકિટ માગી તો સૌને આશ્ચર્ય થયું. એમની પાસે ટિકિટ જ ન હતી. એમણે બસનું રિઝર્વેશન જ નહોતું કરાવ્યું. પરંતુ એ એમ સહેલાઈથી સમજે એવા ન હતા. એમને જેમતેમ કરીને નીચે ઉતારવા પડ્યા. નીચે ઉતરતી વખતે એમણે જણાવ્યું કે હું જોઈ લઈશ. હું એમ.એ., એલ.એલબી. છું.

એક બીજા સાધારણ શિક્ષાપ્રાપ્ત પુરુષ એ જ બસમાં મુસાફરી કરવા આવેલા. તે સેવાભાવી અને સંસ્કારી લાગ્યા. તે બીજાને એમની સીટ પર બેસવામાં મદદ કરતા અને એમના સામાનને પણ યોગ્ય રીતે મુકાવતા. એ બન્ને દ્રશ્યો પરસ્પર વિરોધી અને વિચારપ્રેરક હતાં.

કેળવણી એનો આશ્રય લેનારને કેળવે નહિ, વિનયી, શિસ્તપ્રેમી, અનુશાસનાત્મક, શુદ્ધ, સત્યનિષ્ઠ ના બનાવે તો એની કિંમત કેટલી ? કેળવણી કેવળ ચિંતન, મનન કે જ્ઞાનવિજ્ઞાનની સામગ્રી નથી. મસ્તિષ્કની શોભા નથી. વિવિધ વિષયોની નિતનવી માહિતી નથી, ડીગ્રી નથી. તે તો તન, મન, વચન, વર્તનની વિશુદ્ધિ છે. એ જ એક એવી વસ્તુ છે જે માનવને પશુ કરતાં જુદો પાડે છે. વિચારશીલ ને વિવેકી બનાવે છે, સમાજજીવનમાં સ્વસ્થતાપૂર્વક શ્વાસ લેતાં ને બીજાને સ્વસ્થતાપૂર્વક શ્વાસ લેવા દેતાં શીખવે છે, માનવને માનવતાથી મંડિત કરે છે. કેળવણી જીવનનું આમૂલ પરિવર્તન, ઉદાત્તીકરણ અને સ્વભાવનું સંશોધન અથવા ઉર્ધ્વીકરણ છે. માટે પેલા પ્રાચીન સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે જેનામાં વિદ્યા નથી, તપ, દાન, જ્ઞાન, શીલ, સદગુણ કે ધર્મપરાયણતા નથી, તે મૃત્યુલોકમાં ભૂમિને ભારરૂપ છે અને મનુષ્યરૂપે પશુની પેઠે શ્વાસ લે છે.

येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भूमि भारभूता, मनुष्यरुपेण मृगाश्चरन्तिः ॥

વિદ્યા અથવા કેળવણી તપ છે, દાન છે, જ્ઞાન છે, શીલ છે, સદગુણ છે, ધર્મ છે - એવો પણ એનો ભાવાર્થ કરી શકાય. વિદ્યા માનવને બીજું બધું બનાવે - વકીલ, ડોક્ટર, ઈજનેર, અધ્યાપક, વેપારી બધું જ - પરંતુ માનવ ના બનાવે તો શું કામનું ? વિદ્યા પોતાને ને પોતાના કર્તવ્યને જણાવનારી હોવી જોઈએ ત્યારે જ તેને આદર્શ કહી શકાય.

☼ ☼ ☼ ☼ ☼

## 36. આશીર્વાદરૂપ અવસ્થા

યોગસાધનાની વિશેષતા, મહાનતા અને ઉપકારકતાનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે, યોગાગ્નિમય શરીરવાળા યોગીને મૃત્યુ, ઘડપણ કે રોગ નથી આવતા. એ ત્રણેની અસરથી એ મુક્ત રહે છે.

**प्राप्तस्य योगाग्निमयं शरीरम् ।**

યોગાગ્નિમય શરીરનો અર્થ યોગની સાધના દ્વારા પરિપક્વ કે સિદ્ધ થયેલું શરીર એવો લઈ શકાય.

ઉપલક દૃષ્ટિએ જોતાં યોગની સાધના દ્વારા સિદ્ધ થયેલા શરીરવાળા યોગીની અવસ્થાની એ વાત ઘણી જ અસામાન્ય અને અસંભવિત લાગે છે. અલબત્ત એ અસામાન્ય તો છે જ, પરંતુ અસંભવિત તો નથી જ. અસંભવિત જેવી એટલા માટે લાગે છે કે એવી ઉત્તમોત્તમ અવસ્થાએ પહોંચેલા યોગીપુરુષોના દર્શન-સમાગમનો લાભ કોઈને ભાગ્યે જ મળતો હોય છે. એવી અવસ્થાએ પહોંચવાની કોશિશ પણ સમ્યક્ સાધનાપદ્ધતિનો આધાર લઈને કોઈ ભાગ્યે જ કરતું હોય છે. અને કોશિશ કરે તો પણ સફળતાપૂર્વક એમાંથી પાર પણ કોઈક જ ઉતરતું હોય છે. સામાન્ય રીતે સંસારમાં જે દેખાય છે તે ચિત્ર જુદું જ હોય છે. જન્મ, મૃત્યુ જરા ને વ્યાધિ સૌને સારું સ્વાભાવિક હોય છે અને સ્વાભાવિક તથા અપરિહાર્ય હોય છે એવું માનવામાં આવે છે. એનાથી મુક્ત થવાની ઈચ્છા માણસને થાય છે ખરી, પરંતુ એનાથી સંપૂર્ણપણે મુક્ત થઈ શકાય છે એવું માનવાની એની તૈયારી નથી હોતી. એવી આત્મશ્રદ્ધાનો એમનામાં અભાવ હોય છે એટલે એ સંદર્ભમાં જોતાં, યોગ અને યોગી વિશેનાં આવાં વિધાનો એના મનમાં આશ્ચર્ય ઉપજાવે એ સહેલાઈથી સમજી શકાય તેવું છે.

યોગ અને યોગી વિશેનું એવું વિધાન ખાસ કરીને હઠયોગ અને હઠયોગીના સંબંધમાં સાચું ઠરે છે. પ્રાચીન ભારતમાં હઠયોગની જે સાધના પરંપરા શરૂ થઈ એનો એ મુદ્રાલેખ હતો એમ કહીએ તો ચાલે. હઠયોગની સાધનાનું લક્ષ્ય પરમાત્માનો સાક્ષાત્કાર હતું એ સાચું છે, પરંતુ એ પણ એટલું સાચું છે કે સાધનાના પ્રયોજકો કે પુરસ્કર્તાઓ શરીરને પણ મહત્વનું માનતા અને જુદીજુદી ક્રિયા-પ્રક્રિયાઓની મદદથી શરીરને વૃદ્ધાવસ્થા તથા વ્યાધિથી રહિત તેમજ મૃત્યુંજય અથવા અમૃતમય બનાવવામાં રસ લેતા. મત્સ્યેન્દ્ર અને ગોરખ જેવા કેટલાક યોગીપુરુષો એ અવસ્થા પર પહોંચેલા ખરા. પ્રકૃતિના સ્વાભાવિક નિયમો પર વિજય મેળવીને એ અલૌકિક અવસ્થા પર પહોંચવાની મહત્વાકાંક્ષા માનવમનમાં ઉત્પન્ન થઈ, અને એને માટે એણે સમજપૂર્વકની સુયોજીત સાધનાનું નિર્માણ કર્યું, એ પણ એને માટે જેવી તેવી ગૌરવવાળી અભિનંદનીય વાત નથી. માનવ-સંસ્કૃતિનું અને ભારતની આધ્યાત્મિક સાધનાનું એ એક અમર, અમુલખ, ઉજ્વળોજ્વળ પાસું છે. એના પરથી વિશેષ ખાતરી થાય છે કે ભારતવર્ષનો પ્રાચીન, માનવજીવનની ઉત્ક્રાંતિની વિચારણાની દૃષ્ટિએ પણ જરાકેય પાછળ નહોતો, બલ્કે ઘણો જ આગળ હતો.

મૃત્યુ, વૃદ્ધાવસ્થા ને વ્યાધિના વિજયની એવી અસાધારણ અવસ્થાએ પહોંચેલા કોઈ કોઈ વિરલ મહાપુરુષોનાં દર્શન-સમાગમનો લાભ કોઈક વિરલ સાધકોને મળતો હશે. યોગની પરમ સંસિદ્ધિની એ વાત સામાન્ય કક્ષાના સાધક તેમજ માનવના જીવનમાં ચરિતાર્થ થયેલી ના દેખાય એ સહેજે સમજી શકાય એવું

છે. એટલા માટે જ યોગના એ ઉત્તમોત્તમ વિધાન માન્ય રાખવા છતાં એમને માટે અનુકરણીય અને ઉપયોગી થાય એવો એક ભાવાર્થ રજૂ કરવાનું મન થાય છે.

યોગીને વૃદ્ધાવસ્થા નથી હોતી એવા વિધાનને બીજી રીતે સમજી શકાય કે એ ચિર-યુવા હોય છે. એનું શરીર વૃદ્ધાવસ્થાની અસર નીચે આવેલું લાગે, તો પણ એનું મન હંમેશા સ્ફૂર્તિ, તાજગી તથા ચેતનાથી ભરેલું હોય છે. વૃદ્ધાવસ્થાનો સંસ્પર્શ એને નથી થઈ શકતો. એ શિશુ જેવો શુદ્ધ ને સરળ તથા યુવાન જેવો નૂતન ને વીર્યવાન હોય છે. નિરોગી શરીર એની મુખ્ય મૂડી હોય છે. એને કોઈવાર રોગ આવે તો પણ એની આત્મનિષ્ઠા એથી અલિપ્ત રહી શકે છે. મૃત્યુ એને મૂંઝવણમાં નથી મૂકી શકતું. આત્માની અમરતાનો નિશ્ચય હોવાથી એ એનાથી નિર્ભય ને નિશ્ચિંત રહે છે. એટલી સિદ્ધિ માણસ મેળવી લે તો પણ ઘણું. એવી અવસ્થા એને માટે આશીર્વાદરૂપ થઈ પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. બ્રાહ્મી સ્થિતિ

ભગવાન કૃષ્ણે ગીતાના બીજા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહ્યું છેઃ

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वा स्यामंतकालेऽपि ब्रह्मनिर्वाण मृच्छति ॥

હે પાર્થ, આ બ્રાહ્મી સ્થિતિ છે. એને પામ્યા પછી માનવને મોહ નથી થતો, અગ્નિને ઉધઈ નથી લાગતી, મહામણિને મેલ નથી લાગતો. લોઢું પારસના સ્પર્શે સુવર્ણ બની જાય તે પછી તેને કાટ નથી ચઢતો. તેવી રીતે સ્થિતપ્રજ્ઞનું મન અને અંતર અહર્નિશ નિર્મોહ રહે છે.

એ શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવવામાં આવ્યું છે કે એ બ્રાહ્મી સ્થિતિમાં અથવા સ્થિતપ્રજ્ઞ દશામાં જીવન દરમ્યાન સ્થિતિ ના કરી શકાય અને જો જીવનનાં અંત સમયે, અંતકાળે પણ પ્રતિષ્ઠિત બની શકાય તો પરમાત્માના અલૌકિક અનુગ્રહથી મુક્તિનો મહાનંદ મેળવીને કૃતાર્થ થવાય છે.

એ વિધાનમાં ઉદારતા થતા વિશાળતા ટપકે છે. પૂર્ણતાના પ્રવેશદ્વારને, મુક્તિના મંગલમય મંદિરને, સદાને માટે, સૌ કોઈને સારૂં ખુલ્લું રાખવામાં આવ્યું છે. સમસ્ત જીવન દરમ્યાન કોઈ કારણે કોઈ સાધના ના થઈ હોય તો પણ કશું જ બગડી ગયું નથી. જીવન છે, છેલ્લો શ્વાસ છે ત્યાં સુધી હાથમાં બાજી છે. માટે હિંમત હારવાને બદલે, આશાને છોડવાને બદલે જીવનની સુધારણાનો, આત્મિક વિકાસનો અંતિમ પ્રામાણિકતાપૂર્વકનો પ્રયત્ન કરી લો. એવું એમાં અજ્ઞાત આશ્વાસન આપવામાં આવ્યું છે.

જીવન જાગૃતિપૂર્વકની સાધના સિવાય એમને એમ જ વહી ગયું  હોય તો પણ છેક છેલ્લી ઘડીએ જાગીને પરમાત્માની કૃપા મેળવી શકાય છે. એ સંબંધમાં મહારાજા પરીક્ષિતનું ઉદાહરણ ઉત્તમ છે. પરીક્ષિતને શમીક મુનીના સુપુત્ર શ્રૃંગીનો શાપ મળ્યો ત્યારે એમની પાસે વિશેષ વખત નહોતો રહ્યો. તો પણ એ સમયને સુવર્ણસમય સમજીને એમણે સ્વનામધન્ય સંતશિરોમણી શુકદેવજીના શ્રીમુખથી ભાગવતનું શ્રવણ કરીને અંતકાળે ભગવાનમાં સ્થિતિ કરી અને મુક્તિ મેળવી. એવી રીતે અંતકાળે ભગવાનમાં સ્થિતિ કરીને કોઈ પણ ધન્ય બની શકે છે.

'અંતકાલેડપિ' એટલે 'અંતકાળે પણ' શબ્દોનો બીજો પણ અર્થ છે. જીવન દરમ્યાન તપવ્રત સાધના અથવા આરાધનાથી ઉત્તમ સ્થિતિની પ્રાપ્તિ કરી હોય એમણે પણ અંતકાળે જાગ્રત રહેવું જરૂરી છે. અંતકાળ જો કોઈ કારણે બગડી જાય તો મુક્તિને મેળવવામાં મુશ્કેલી ઊભી થાય છે. એવા પુરુષોએ અંતકાળને પણ જીવનનો સોનેરીકાળ સમજીને સાવધાન રહેવું જોઈએ. ભાગવતમાં રાજર્ષિ ભરતનું ઉદાહરણ જોવા જેવું છે. ભરતજીને અંતકાળે મૃગશાવકમાં આસક્તિ અથવા મમતા થવાથી તે કર્મ-ધર્મ-સાધનાત્મક અનુષ્ઠાન અને પરમાત્માની નિષ્ઠામાંથી ચલિત થઈ ગયા તો એમને મુક્તિ મળવાને બદલે પુનર્જન્મ લેવો પડ્યો. એટલે મહાનતાના ગમે તેવા સુમેરૂ શિખર પર પહોંચ્યા પછી પણ મનોવૃત્તિ તથા નિષ્ઠા છેવટ સુધી પરમાત્મામાં જ જોડાયેલી રાખવાની આવશ્યકતા છે. સાધકે શરૂઆતમાં જાગ્રત રહેવું પડે છે અને પાછળથી આત્મજાગૃતિ એને માટે  સહજ બની જાય છે. જીવનમાં સ્વાભાવિક રીતે જોડાયેલી કે સહજ બનેલી જાગૃતિથી મોહ નથી થતો. મોહ થવાનો સંભવ નથી રહેતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. વદનં પ્રસાદસદનમ્

કેટલું સરસ વાક્ય છે ? કોઈ પાવન પળે, ધન્ય ક્ષણે, કોઈક સ્વાનુભવસંપન્ન સત્પુરુષ દ્વારા એનું સર્જન થયું છે. વદન કેવું છે ? તો કહે છે કે પ્રસાદનું સદન.

પ્રસાદ એટલે પ્રસન્નતા. જેમનું મુખમંડળ સદાય પ્રસન્ન કે પુલકિત હોય છે, તે ધન્ય બને છે ને ધન્ય કરે છે. તે જ્યાં વસે છે ને વિચરે છે ત્યાં ઉત્સવ કરે છે. ઘરમાં ને ઘરની બહાર આનંદ અનુભવે છે અને આનંદ અર્પે છે.

પ્રસાદનો અર્થ પરમાત્માની કૃપા પણ લઈ શકાય, પરમાત્માની કૃપા જેના પર વરસે છે તેના અંતરમાં પ્રસન્નતા પ્રગટે છે, અને એ પ્રસન્નતાનું પ્રતિબિંબ વદન પર, વાણીમાં, રોમરોમમાં ને અંગપ્રત્યંગમાં પડે છે.

જીવનમાં આજે પ્રસન્નતા ઘટી ગઈ છે. માનવ પ્રસન્ન દેખાવાનો પ્રયત્ન કરે છે, એવા કિમીયા કરતો દેખાય છે તો પણ સાચી સ્વાભાવિક પ્રસન્નતા કોઈક બડભાગીને જ પ્રાપ્ત થાય છે એ સૌ કોઈના જીવનમાં નથી હોતી.

પ્રસન્નતાથી પુલકિત માનવને મળવાનું ગમે છે, એની સાથે ફરવાનું અને વ્યવહારમાં ઉતરવાનું પસંદ પડે છે. એ અન્યના દુ:ખોને હળવાં કરે છે. અન્યને માટે આશ્વાસનરૂપ બને છે. એવા માનવને કષ્ટો, વિરોધો, વિઘ્નો, ચલાયમાન નથી કરી શકતાં. જીવનની વિષમતાઓની વચ્ચે એ સુખદ શાંત સ્મિત કરી શકે છે. એનો જીવનપ્રવાસ હળવો બને છે.

એવા માનવનું વદન પ્રસાદનું-પ્રસન્નતાનું સદન હોય છે. એમાંથી પ્રસન્નતાનો પ્રાદુર્ભાવ થાય છે. એવું જીવન કેટલું બધું ઉત્તમ લાગે ? એવી પ્રસન્નતા કોઈ બડભાગીને જ મળે છે.

એક વેપારી કહેતા કે હું સદા પ્રસન્ન રહું છું. મારા જેવો પ્રસન્ન માનવ બીજો કોઈ જ નથી. પરંતુ એ પ્રસન્નતા કેટલી બધી અસ્થાયી હતી તેની ખબર એમને થોડી વારમાં જ પડી ગઈ. વેપારમાં મોટી ખોટ જવાથી એમનું જીવન નીરસ બન્યું. એ શોકમગ્ન બની ગયા અને આત્મઘાત કરવા તૈયાર થયા. એમને જીવનનો ત્યાગ ના કરવા માટે પુષ્કળ સમજાવવા પડ્યા. બીજા એક ભાઈ લગ્નપ્રસંગે ખૂબ જ સુખી દેખાયા ને પ્રસન્નતાથી પુલકિત બનીને ફરવા લાગ્યા. સમસ્ત સંસારમાં સૌથી વધારે સુખી એ જ હોય એવું લાગવા માંડ્યું. પરંતુ લગ્ન પછી થોડેક દિવસે એમની પત્નીનો સ્વર્ગવાસ થતાં એમની પ્રસન્નતા ટળી ગઈ. એ અતિશય શોકમગ્ન બની ગયા.

સાનુકૂળ સંજોગોમાં તો પ્રસન્ન રહી શકાય છે પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રસન્નતાથી પુલકિત બનવાનું છે. એવી કળામાં કુશળ થવાનું છે. તમારા મુખમડળનું સ્મિત એક મહાન મૂડી છે. એને સૂકવા ના દેતા, એને સદાયે સાચવી રાખજો. એનું સંવર્ધન કરજો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. જીવનયાત્રા

માનવજીવન કેટલું બધું મૂલ્યવાન, કેટલું બધું અનેરું, આર્શીવાદરૂપ છે ? મહીમંડળની એ મોટામાં મોટી મૂડી છે. એના રૂપમાં ઈશ્વરે માનવ પર એમના અસાધારણ અનુગ્રહની વર્ષા વરસાવી છે. છતાં પણ એનો મહિમા બહુ ઓછા માનવો સમજે છે. માનવસમાજનો એક વર્ગ એવો પણ છે જે જીવનને વેઠ સમજે છે, ઉપાધિ કે વળગાડ સમજે છે, બોજો માને છે, અભિશાપમાં ખપાવે છે. એ જીવે છે ખરા પણ ના-છુટકે, કોઈ બીજો વિકલ્પ નથી દેખાતો માટે જીવે છે. જીવનને દોષ દેતા, ફરિયાદ કરતા, વિષના કટોરાને પીતા હોય તેમ ક્લેશપૂર્વક જીવે છે. એ સંદર્ભમાં ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણે જીવન વિશે જે કાંઈ કહ્યું છે તે ખાસ સમજવા ને યાદ રાખવા જેવું છે.

આપણા ત્યાં સફર શબ્દ છે, પ્રવાસ શબ્દ છે, મુસાફરી શબ્દ પણ વપરાય છે. ભગવાને ગીતામાં એમાંથી કોઈયે શબ્દને વાપરવાને બદલે એક અભિનવ છતાં સરસ, સુમધુર, સારગર્ભિત શબ્દનો પ્રયોગ કર્યો છે - એ શબ્દ છે યાત્રા. યાત્રા શબ્દમાં જે ધ્વનિ છે, વ્યંજના છે, એની પાછળ જે પવિત્રતા છે, ભાવમયતા, મંગલકારકતા છે તે સફર, પ્રવાસ, પરિભ્રમણ, પર્યટન, મુસાફરી જેવા કોઈયે શબ્દમાં નથી. પ્રવાસ, સફર, પર્યટન ગમે તેવા સ્થળનું હોઈ શકે પરંતુ યાત્રા તો પવિત્ર સ્થાનની જ હોય. પવિત્રતાથી ભરેલી પ્રવૃત્તિ જ હોય. જીવનયાત્રા, શરીરયાત્રા. ગીતામાં કહ્યું છે - **शरीरयात्रापि व ते न प्रसिध्येदकर्मणः।**

તું કર્મ નહીં કરે તો તારી શરીરયાત્રાની પ્રસિદ્ધિ નહીં થાય, સાર્થકતા નહીં સધાય.

યાત્રા શબ્દ સૂચવે છે કે જીવન આશીર્વાદરૂપ છે, મંગલમય છે, નિરર્થક નથી પરંતુ પરમોચ્ચ ધ્યેયથી સંપન્ન છે. એનું ધ્યેય અલૌકિક છે. એ ધ્યેયની પૂર્તિના પ્રયત્નો થવા જોઈએ. એ ધ્યેયની દિશામાં જ ઉત્તરોત્તર આગળ વધવું જોઈએ. યાત્રાના માર્ગમાં વચ્ચે અનેક તીર્થો આવે, સૌંદર્યસ્થાનો મળે, ચિત્તાકર્ષક દ્રશ્યો દેખાય, તો પણ યાત્રી એમાં આસક્તિ કરીને, કાયમી મુકામ માનીને, નથી બેસી રહેતો. એમને એ અવલોકે છે, એમનો આસ્વાદ લે છે, એમની વચ્ચે વચગાળાનો વિશ્રામ પણ કરે છે, પરંતુ એનું ધ્યાન પોતાના ગંતવ્યસ્થાન તરફ હોય છે. ત્યાં ના પહોંચાય ત્યાં સુધી એને ચેન નથી પડતું, શાંતિ નથી સાંપડતી. જીવનની મંગલમય મહાયાત્રા સંબંધી પણ એવું જ સમજવાનું છે. એ યાત્રામાં આવતાં અનેકવિધ દ્રશ્યો, અનુભવાતા રસો, અને રૂપોમાં આસક્ત થવાને બદલે યાત્રાના પ્રયોજનને યાદ રાખીને એની પૂર્તિ માટે સર્વ કાંઈ કરી છૂટવું જોઈએ.

યાત્રા શબ્દમાંથી એક બીજો ધ્વનિ પણ નીકળે છે. યાત્રા દરમિયાન માર્ગમાં બીજા કેટલાય સહયાત્રી મળે છે. એમાનામાંના કેટલાકની સાથે વાતો થાય છે, સ્નેહ બંધાય છે, એમને એક અથવા બીજી રીતે સહાયતા પણ પહોંચાડાય છે. યાત્રા દરમિયાન એ આનુષંગિક પ્રયોજનની પણ પૂર્તિ થાય છે. જીવનની મહાયાત્રામાં પણ જે સહયાત્રીઓનો સમાગમ થાય, સ્નેહ સાંપડે, એમને હૂંફ આપી શકીએ, એક અથવા બીજી રીતે સહાયતા પહોંચાડી શકીએ, અને એમની યાત્રાને સરળ, સુખમય, શાંતિપ્રદ, સમુન્નત, શ્રેયસ્કર કરવામાં શકવર્તી સ્મરણીય ફાળો આપી શકીએ તો એથી અધિક ઉત્તમ બીજું શું હોઈ શકે ? આપણી પોતાની

જીવનયાત્રા સફળ કે સાર્થક કરવાની સાથેસાથે અન્ય અનેકની જીવનયાત્રાને પણ એવી રીતે સફળ કે સાર્થક કરી શકીએ.

યાત્રામાં જીવનોપયોગી વ્રતો પળાય છે, નિયમો લેવાય છે, ને આદતો કેળવાય છે. વ્યસનો ને દુષ્કર્મોથી દૂર રહેવાય છે. જીવનની યાત્રામાં પણ એવી રીતે તપ-વ્રત-નિયમનો આશ્રય લઈને આગળ વધીએ તો એના સાચા ફળની પ્રાપ્તિ થાય. એ ચિરસ્મરણીય બની જાય. આપણે માટે અને અન્યને માટે પણ.

☼ ☼ ☼ ☼ ☼

## 40. માયા

ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે, **मम माया दुरत्यया** - મારી માયાને જીતવાનું કામ ખૂબ જ કપરું છે. મોટા મોટા મેધાવી પંડિતો, વિદ્વાનો ને મુનિવરો પણ એ કાર્યમાં પાછા પડે છે અથવા અશક્તિ અનુભવે છે. માયાનું મૂળ આશ્રયસ્થાન મન છે અને મનનો સંયમ શી રીતે સાધવો એ સવાલ છે. આજથી નહિ પરંતુ યુગોથી, સંસ્કૃતિના ઉષઃકાળથી એ સવાલ સામાન્ય અને અસામાન્ય માનવને સતાવી રહ્યો છે. એનાં ઉકેલનાં સાધનો અનાદિકાળથી શોધાઈ રહ્યાં છે.

સ્વાનુભવસંપન્ન, સ્વનામધન્ય સંતો તથા શાસ્ત્રોએ એને માટે બે પ્રકારની પદ્ધતિઓ રજૂ કરી છે. એક પદ્ધતિ આત્મજ્ઞાનની પરંપરાગત પાવન પદ્ધતિ છે. એ પદ્ધતિ પ્રમાણે જણાવવામાં આવે છે કે પ્રત્યેક માનવ મૂળભૂત રીતે શુદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે. **शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि संसारमाया परिवर्जितोऽसि । अयं आत्मा ब्रह्म ।** આત્મા સચ્ચિદાનંદ છે, પરમાત્મસ્વરૂપ છે. સૂર્યની ઉપર વાદળ આવી જાય ને સૂર્ય એનાથી થોડા વખતને માટે ઢંકાઈ જાય પરંતુ વાદળ સૂર્યને વિકૃત નથી કરતું અથવા સૂર્ય પર એની વિપરીત અસર પણ નથી થતી. વાદળ હઠી જતાં સૂર્યનું દર્શન સુસ્પષ્ટ બને છે, એવી રીતે અવિદ્યાનું મોહમય આવરણ હઠવાથી શુદ્ધ બુદ્ધ મુક્ત આત્માનો સ્વાનુભવ શક્ય કે સહજ બને છે. અવિદ્યાને લીધે જ માનવ પોતાના વાસ્તવિક સ્વરૂપને ના સમજવાથી પોતાને દીન-હીન, પતિત, બદ્ધ અને અશાંત સમજે છે. અવિદ્યાની નિવૃત્તિ થવાથી એ જાણે છે કે પોતે પૂર્ણ છે, મુક્ત છે, વિરાટ છે. એને શોક, મોહ, રાગ, દ્વેષ, અહંતા, મમતા, ભય, વાસના, માયાની અસર નથી રહેતી. એ પ્રકૃતિના પાશમાંથી સહેલાઈથી ને સંપૂર્ણપણે છૂટી જાય છે.

માયામાંથી મુક્તિ મેળવવા અથવા પ્રકૃતિના પ્રભાવમાંથી છૂટવા માટેની બીજી પદ્ધતિ સર્વાન્તર્યામી સર્વેશ્વર પરમાત્માની શરણાગતિની છે. પરમાત્માની પરમ સનાતન શક્તિ આપણી અંદર અને બહાર સર્વત્ર વિદ્યમાન છે. એવો અડગ આત્મવિશ્વાસ રાખીને એનું સાચા ભાવે, સર્વતોભાવે, શરણ સ્વીકારવામાં આવે, ચિંતન-મનન નિદિધ્યાસન કરવામાં આવે અને એની સહાયતા માંગતા એના અસાધારણ અનુગ્રહની અભિલાષા સેવવામાં આવે, તો સાધકનું કામ સરળ બને છે. ઈશ્વરની કૃપાથી એનો માર્ગ મંગલ અને મોકળો થાય છે. પોતાના શરણાગત ભક્તની સર્વપ્રકારે, સંપૂર્ણપણે ઈશ્વર સંભાળ રાખે છે. માતા જેવી રીતે બાળકને રક્ષે છે તેવી રીતે તેની પ્રતિપળે, પ્રતિસ્થળે, પ્રતિપદે, પરિપૂર્ણપણે રક્ષા કરે છે. તેને નિર્ભય તથા નિશ્ચિંત બનાવે છે. શોકમાંથી, મોહમાંથી, ભયમાંથી, આસક્તિઓની વિભિન્ન ગ્રંથિઓમાંથી ક્રમે ક્રમે મુક્તિ અપાવે છે. શાશ્વત શાંતિમાં સ્નાન કરાવે છે, અને પોતાના દેવદુર્લભ દર્શનનો લ્હાવો આપીને સર્વપ્રકારે કૃતાર્થ બનાવે છે.

ગીતામાં ભગવાને એ જ સંદર્ભમાં જણાવ્યું છે કે જે મારું જ શરણ સ્વીકારે છે તે આ મહાભયંકર સુદુસ્તર માયાને સહેલાઈથી તરી જાય છે. **मामेव ये प्रपद्यंते मायामेतां तरन्ति ते ॥**

ઈશ્વરનું સ્નેહયુક્ત શરણ લેવા માગનારને એમનું અધિકાધિક સ્મરણ કરવાથી અને સંતપુરૂષોની સંગતિથી મોટી મદદ મળે છે.

☼ ☼ ☼ ☼ ☼

## 41. મનનું મહત્વ

શાસ્ત્રો તથા સત્પુરુષોએ મનને બંધન અને મોક્ષનું, શાંતિ અને અશાંતિનું, અભ્યુત્થાન અને અધઃપતનનું, સુખ તેમજ દુઃખનું, એકમાત્ર અગત્યનું કારણ કહી બતાવ્યું છે. એમના અભિપ્રાયને અનુસરીને વિચારીએ તો મગજ સંવાદ તથા વિસંવાદનું, સ્થિરતા અને અસ્થિરતાનું, મૂળભૂત કારણ છે. એ એક એવું અમોઘ અસરકારક માધ્યમ છે જેની મદદથી આત્મોન્નતિના ક્ષેત્રે સફળતા સહિત સંગીન રીતે આગળ પણ વધી શકાય છે અને પાછળ પણ પડી શકાય છે. એ સ્વર્ગની સૃષ્ટિ પણ કરે છે ને નરકના નિર્માણમાં પણ નિમિત્ત બને છે. પળમાં પ્રસન્નતા તો પળમાં અપ્રસન્નતા, ક્ષણમાં આહ્લાદ તો ક્ષણમાં અવસાદ ધરે છે.

સામાન્ય રીતે પરંપરાગત પ્રાચીન કહેવત ચાલી આવે છે કે માનવ જેવા વિચારોને સેવે છે તેવો જ ઓછા-વત્તા પ્રમાણમાં બને છે. વિચારોનો પ્રભાવ વ્યવહાર પર અથવા મનનો પ્રભાવ તન પર પણ પડે છે. માટે જ કહ્યું છે કે - **तन्मे मनः शिवसंकल्पमस्तु** - મારું મન પવિત્ર વિચારોથી સંપન્ન બનો

એક પુરુષને ઘરના બધાં જ પ્રેમભાવે જોયા કરતાં. એમની પત્ની પણ એની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરતી. પરંતુ એમના મનમાં કોણ જાણે કેમ પણ એવી અવિદ્યામૂલક ગ્રંથિ પડેલી કે દુનિયામાં મારું કોઈ જ નથી અને મારા પ્રત્યે કોઈને પ્રેમ નથી. એટલે એ અહર્નિશ ઉદાસ રહેતા. એમની આજુબાજુનું અસાધારણ ઐશ્વર્ય પણ એમને આનંદ આપી શકતું નહી. આખરે એમણે અવસાદગ્રસ્ત બનીને આપઘાત કર્યો. બીજા પુરુષે પોતાના મનને એવી રીતે કેળવ્યું કે સૌ પ્રત્યે પ્રેમભાવ પ્રકટે અને સૌ કોઈ સારું જ લાગે. પરિણામે એમનું જીવન અભાવ અને આપત્તિની વચ્ચે પણ આનંદ અનુભવવા લાગ્યું. એ એમના જીવનને ઉત્સવમય બનાવી શક્યા.

એટલે મન પર જીવનનો આધાર છે. એટલા માટે તો આધ્યાત્મિક ઉત્કર્ષને માટે કરાતી સઘળી સાધનાઓ મનને વિશુદ્ધ, ઉદાત્ત અને અનાસક્ત બનાવવા માટેની પ્રેરણા પૂરી પાડે છે. જ્ઞાન, ભક્તિ, યોગ કે કર્મ દ્વારા છેવટે તો મનની સર્વતોમુખી સંશુદ્ધિ જ સાધવાની છે. મન સંશુદ્ધ અને સમુદાત્ત બનશે એટલે વાસનારહિત, ક્લેશરહિત, બંધનમુક્ત બનશે. અંદરથી જ શાંતિ અથવા આનંદનો અનુભવ કરશે. પોતાના મૂલાધાર જેવા સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માના સાક્ષાત્કારના સર્વોત્તમ સુખાસ્વાદને પામીને કૃતાર્થ બનશે.

☼ ☼ ☼ ☼ ☼

## 42. અનાસક્તિ

પદ્મ પાણીની વચ્ચે પ્રકટે છે, પરંતુ એની અસરથી દેખીતી રીતે જ અલિપ્ત રહે છે. એનાં પત્રોને પાણીની અથવા કાદવની અસર થતી નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં એની સ્મૃતિ કરાવતાં કહેવામાં આવ્યું છે કે **पद्मपत्र मिवांभसा ।**

અગ્નિને ઉધઈ નથી લાગતી. મહામણિની પાસે મેલ નથી ટકતો. ચંદ્રની ચારે તરફ અભ્રોનાં આવરણો આવે છે તો પણ ચંદ્રની કે ચંદ્રની ચારુતા પર એમનો અલ્પ પણ પ્રભાવ નથી પડતો. ચંદ્ર અને એની ચારુતા એથી અલિપ્ત જ રહે છે. શાસ્ત્રો તથા સત્પુરૂષોએ સંસારના વિરોધાભાસી વાયુમંડળની વચ્ચે, પાર વિનાની પ્રતિકૂળ પરિસ્થિતિઓની વચ્ચે એવી રીતે અસંગ રહેવાનો સંદેશો પૂરો પાડ્યો છે, અને એને અનાસક્તિનું નામ આપ્યું છે. અનાસક્તિ મનની અવસ્થા કે ભૂમિકા છે. એનો અર્થ પદાર્થોનો બાહ્ય પરિત્યાગ નથી. ઘર, કુટુંબ કે પરિવાર પ્રવૃતિને ત્યાગીને દૂર સુદૂરવર્તી સરિતાપ્રદેશ, ગિરિગહ્વર અથવા અરણ્યમાં જતાં રહેવું એવો પણ નથી. જગતને ધિક્કારવું અને કર્તવ્યના અનુષ્ઠાનને તિરસ્કારવું એવો પણ નથી. એનો અર્થ તો સૌમાં રહેવું છતાં પણ સૌથી પર બનીને રહેવું, સૌની વચ્ચે વસવું છતાં પણ હ્રદયમાં - અંતરના અંતરતમમાં કોઈને પણ ના વસાવવું, કોઈની મમતા અથવા આસક્તિ ન રાખવી એવો થાય છે. તન સંસારમાં પરંતુ મન પરમાત્મામાં. શ્વાસ સ્થૂળ જટિલ જગતમાં પરંતુ વાસ સૂક્ષ્માતિસૂક્ષ્મ જગતના અધીશ્વરમાં.

પરમાત્માની પ્રીતિ વિના, અલૌકિક આત્મજ્ઞાન વિના અથવા આત્મનિરીક્ષણ વિના એવી અનાસક્તિનો આવિર્ભાવ નથી થતો અને થાય છે ત્યારે સાચી સુખાકારી, શાંતિ તથા પ્રસન્નતાની પ્રાપ્તિ સહજ બને છે. જગત જગદીશ્વરની લીલા લાગે છે. બાધક બનવાને બદલે સાધક લાગે છે. પ્રવૃતિ અભિશાપરૂપ નહિ પરંતુ આશીર્વાદરૂપ ઠરે છે.

સમાજમાં ધનની, પદની, પ્રતિષ્ઠાની, સત્તાની, ઐશ્વર્યની, બાહ્ય સુખોપભોગની સ્પર્ધા અને એમાંથી પરિણમનારી રાગાસક્તિ વધી જાય છે ત્યારે સમાજજીવન અસ્થિર, અવ્યવસ્થિત, અશાંત બને છે. એને સ્વસ્થ, સુવ્યવસ્થિત, શાંત રાખવા માટે પ્રત્યેક વ્યક્તિએ પોતપોતાના સ્થાનમાં સમ્યક રીતે શ્વાસ લેતાં, અનાસક્ત રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. આરંભમાં એવો પ્રયાસ કરવો પડે છે અને આગળ પર એ પ્રયાસ સહજ બને છે.

આસક્તિ બંધન છે, અનાસક્તિ જીવનમુક્તિની કલ્યાણકારી કેડી છે.

☼ ☼ ☼ ☼ ☼

## 43. જ્ઞાનના પ્રકાર

જ્ઞાન બે પ્રકારનું કહેવાય છે : બૌદ્ધિક જ્ઞાન અથવા શ્રવણ, વાંચન, મનનના પરિણામે પ્રાદુર્ભાવ પામેલું જ્ઞાન અને સ્વાનુભૂતિના પરિણામે સાંપડેલું જ્ઞાન. એક પરોક્ષ જ્ઞાન અને બીજું અપરોક્ષ જ્ઞાન. એક શાસ્ત્રોનું, ગ્રંથોનું અને બીજું પોતાનું, આચારમાં અનુવાદિત થયેલું જ્ઞાન. બંને પ્રકારના જ્ઞાન પરસ્પર પૂરક છે. સમાજમાં એ બંને પ્રકારના જ્ઞાનવાળા માનવો દેખાય છે. એક પ્રકારના માનવો સિદ્ધાંતો, આદર્શો, વ્રતો તથા નિયમોની કદી ખૂટે નહિ તેવી મોટી મોટી વાતો કર્યા કરે છે, અન્યને એમની ભલામણ કરે છે અને ઉપદેશ આપે છે, પરંતુ પોતાના જીવનમાં એમનો અનુવાદ નથી કરી શકતા. કેટલીકવાર તો એમના અનુવાદનો આગ્રહ પણ નથી સેવતા. એમને જે જ્ઞાન મળે છે તે એમનું પોતાનું નથી બનતું.

બીજા પ્રકારના માનવો બોલે છે ઓછું, પરંતુ કરવાનો આગ્રહ અધિક રાખે છે. એ સિદ્ધાંતો, આદર્શો તથા જીવનોપયોગી સ્વર્ણસંદેશાને વ્યક્તિગત જીવનમાં ઉતારવાનો અથવા આત્મસાત્ કરવાનો આગ્રહ રાખે છે. એવા માનવોનું મનોબળ અથવા આત્મબળ વધારે દેખાય છે. એમના જીવન બીજાને માટે ઉદબોધક અને પ્રબોધક બને છે. પ્રેરક ઠરે છે.

જીવનની સાચી શાંતિ અને સંવાદિતા, આદર્શો ને સિદ્ધાંતોનું પોપટ- પારાયણ કરનારાને નથી મળતી પરંતુ એમને અનુસરીને જીવનારાને મળી શકે છે. એમના જીવનમાં સ્થિરતા આવે છે એમની અંદર અસાધારણ અખૂટ આત્મબળનો આવિર્ભાવ થાય છે. એમની વાતો વિશ્વસનીય તેમજ વાસ્તવિક લાગે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં 'જ્ઞાન વિજ્ઞાન સહિતમ્' શબ્દપ્રયોગ કરીને સૂચવવામાં આવ્યું છે કે, બૌદ્ધિક જ્ઞાનનો અનુભવાત્મક અપરોક્ષ જ્ઞાન સાથે સમન્વય થાય છે ત્યારે જ્ઞાન સર્વાંગસુંદર, સંપૂર્ણ બને છે. તેવું જ્ઞાન સર્વ પ્રકારના અશુભ ભાવો, વિચારો, વ્યવહારોમાંથી વિમુક્તિ આપે છે. જીવનને નિર્મળ, નિર્ભય, નિર્લેપ, નિરહંકાર બનાવે છે અને અવનવો આકાર ધરે છે.

સમાજમાં બૌધિક પ્રતિભાસંપન્ન પુરુષો વધે એ આવરદાયક છે તો પણ અનુભવસિદ્ધ ઉદાત્ત જીવનવાળા સત્પુરુષો વધે એ સમાજની સુખાકારી, શાંતિ, સ્વસ્થતા, સમુન્નતિ અને સુદૃઢતાને માટે ખૂબ જ આવશ્યક છે. આપણે એવા જ જ્ઞાની નહિ, વિજ્ઞાની બનવાનો સંકલ્પ કરીએ.

☼ ☼ ☼ ☼ ☼

## 44. અધ્યાત્મયોગનું અનુષ્ઠાન

કઠ ઉપનિષદમાં યમદેવે નચિકેતાને કહ્યું છે. નચિકેતા ! અધ્યાત્મયોગના સફળ સમજપૂર્વકના અનુસરણ અથવા અનુષ્ઠાનથી માનવ દેહદેવળમાં વિરાજેલા દેવોના દેવ પરમદિવ્ય પરમાત્માનો સાક્ષાત્કાર સાધી શકે છે, અને એ ધૈર્યવાન શ્રેષ્ઠ સાધકપુરુષ હર્ષ તથા શોક જેવા દ્વંદ્વોમાંથી અથવા એમની અનુકૂળ-પ્રતિકૂળ પ્રતિક્રિયામાંથી મુક્તિ મેળવે છે.

अध्यात्मयोगाधिगमेन देवं ज्ञात्वा धीरे हर्षशोकौ जहाति ।

એ ઉદગારોમાં યમદેવે અધ્યાત્મયોગ શબ્દનો પ્રયોગ કરેલો છે. એ શબ્દપ્રયોગ મૌલિક, અભિનવ અને સારગર્ભિત છે. અધ્યાત્મની વ્યાખ્યા આપતાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે स्वभावोऽध्यात्ममुच्यते । એટલે કે સ્વભાવને અધ્યાત્મ કહેવામાં આવે છે. માનવ મૂળભૂત રીતે સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે. એ પરમાત્મા સ્વરૂપ, પરમાત્માનો અલૌકિક અંશ છે. શુદ્ધ બુદ્ધ મુક્ત છે. એ જ એનો સ્વભાવ છે. પ્રકૃતિના પાશમાં બંધાઈને, ત્રિગુણાત્મિકા પ્રકૃતિના ગુણધર્મોમાં આસક્ત બનીને, પોતાના સ્વરૂપનું વિસ્મરણ કરીને, એ સ્વ-ભાવમાં પ્રતિષ્ઠિત બનવાને બદલા પર-ભાવમાં પ્રવાહિત બને છે. જે સાધના અથવા આરાધના દ્વારા એ પ્રકૃતિના પાશમાંથી મુક્તિ મેળવીને સચ્ચિદાનંદ પરમાત્મા તરફ વળે છે અને છેવટે પોતાના શુદ્ધ, બુદ્ધ, મુક્ત પૂર્ણસ્વરૂપનો અથવા પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે તે સાધના અથવા આરાધનાને અધ્યાત્મયોગ તરીકે ઓળખવામાં આવે છે. એને અધ્યાત્મ પણ કહી શકાય.

અધ્યાત્મયોગની મદદથી માનવ સ્વરૂપનો સાક્ષાત્કાર સાધી શકે અથવા પરમાત્માના અપરોક્ષ અનુભવથી કૃતાર્થ બની શકે. પરંતુ એને માટે એણે ધીર બનવું જોઈએ એવો ગર્ભિત સંકેત પણ ઉપનિષદના એ મંત્રમાંથી મળી રહે છે. માટે તો તેમાં ધીરઃ શબ્દપ્રયોગ કરાયો છે. જે ધીર બને છે, વીર બને છે, સંપુર્ણ સ્થિરતા, સ્વસ્થતા, મક્કમતાપૂર્વક આગળ વધે છે; જીવનના મુખ્ય સાધનાત્મક ધ્યેયને ભૂલ્યા વિના સઘળા સંજોગોમાં સર્વ સ્થળે સઘળી શક્તિથી એની સિદ્ધિના પાર વિનાના પ્રામાણિક પ્રયત્નોમાં લાગેલા રહે છે અને કોઈ કારણે આડા માર્ગે અટવાતાં, ભ્રાંતિમાં ભળતા કે પ્રથભ્રાન્ત બનતા નથી, ને ગમે તેટલો વખત વીતે કે ગમે તેટલો ભોગ આપવો પડે તો પણ સિદ્ધિને પામીને જ અટકે છે; તે જ ધીર તથા વીર છે. પરમાત્માદર્શન, સ્વરૂપ સાક્ષાત્કાર, અથવા આધ્યાત્મિક અભ્યુત્થાનને માટે એવી ધીરતા-વીરતાની અનિવાર્યરૂપે આવશ્યકતા હોય છે.

હર્ષ અને શોક, જયવિજયની, લાભહાનિની તથા અપ્રાપ્તિની, સ્તુતિ અને નિંદાની સર્વ સામાન્ય પ્રતિકિયા છે. એ પ્રતિકિયામાંથી બીજી નાનીમોટી અનેક પ્રતિકિયાઓ પેદા થાય છે ને માનવને પરવશ બનાવે છે. એ પરવશતા, દીનતામાંથી મુક્તિ મેળવવા માટે અધ્યાત્મયોગનું આલંબન અત્યંત આવશ્યક છે. ઉપનિષદે એ પણ સુસ્પષ્ટ કર્યું છે. આધ્યાત્મિકતાનું અનુષ્ઠાન જીવનને વધારે ને વધારે સ્વસ્થ, સ્થિર, સંવાદી, શાંતિસભર, સંયમી, પરમાત્માદર્શી કરે છે. આજે સર્વત્ર એવા જીવનની આવશ્યકતા પ્રતીત થાય છે ત્યારે ઉપનિષદનું એ વચન વિશેષ મહત્વ ધારણ કરે છે. બીજો કોઈ વિકલ્પ જ ક્યાં છે ?

## 45. સિદ્ધાંતનિષ્ઠા

રામાયણમાં તલવારના બે પ્રયોગોનો પરિચય થાય છે. તલવાર એક જ છે, એનો ઉપયોગ કરવા માંગનારો રાવણ પણ એક જ છે, પરંતુ એનો ઉપયોગ જુદાજુદા પાત્રો સામે, જુદીજુદી પરિસ્થિતિમાં કરવામાં આવ્યો છે. એની પ્રતિક્રિયા પણ પૃથક પૃથક પડી છે.

આરંભનું એક પાત્ર મારીચનું છે. રાવણે એની પાસે પહોંચીને એને સીતાના સંભવિત હરણ માટે મદદ કરવા અને સુવર્ણમૃગ બનીને પંચવટીના પાવન પ્રદેશમાં રામ-સીતાને સંમોહીત કરવા વિહરવાનો આદેશ આપ્યો. મારીચે એ આદેશનો વિરોધ કરતાં રાવણને નીતિ અથવા સદાચારનો સમુચિત ઉપદેશ આપ્યો, ને જણાવ્યું કે હું મારા સિદ્ધાંતોમાં અથવા આદર્શમાં અચળ છું. મારાથી એવું જઘન્ય કાર્ય નહીં કરી શકાય. એને માટે સહયોગ નહિ આપી શકાય, અને તારે પણ પરસ્ત્રીને માતા સમાન પવિત્ર સમજીને એના અપહરણનો અમંગલ વિચાર ન સેવવો જોઈએ. રાવણે એને અનેક પ્રકારે સમજાવી જોયો છતાં એ માન્યો નહીં ત્યારે એનો નાશ કરવા માટે પોતાની તલવાર તાણી. તલવારના પ્રહારના સંભવિત પરિણામને વિચારીને મારીચની સિદ્ધાંતનિષ્ઠા અથવા આદર્શપ્રિયતા ડગી ગઈ. એણે તરત જ નમતું જોખ્યું. તલવારની દૈવી વૃત્તિ આગળ માનવની અધમ અમંગળ આસુરી વૃત્તિનો વિજય થયો.

બીજી વાર એ જ રાવણે તે જ તલવારનો પ્રયોગ સિદ્ધાંતનિષ્ઠ સીતા સમક્ષ કર્યો. પરંતુ રામના અનન્ય અનુરાગમાં ડૂબેલી સીતા એથી લેશ પણ ડરી તથા ડગી નહીં. એ આદર્શમાં મક્કમ અથવા અચળ રહી. રાવણની પટરાણી બનવાનું પ્રલોભન અને મૃત્યુનો ભય પણ એને ચલયમાન ના બનાવી શક્યો. રાવણની તલવાર પ્રહાર સિવાય જ પાછી વળી. રાવણ પોતે પણ સીતાને એક મહિનાની વધારાની મુદત આપીને પાછો ફર્યો.

આ ઘટના સૂચવે છે કે સમાજમાં મારીચ જેવા તથા સીતા જેવી પ્રકૃતિવાળા માનવો શ્વાસ લે છે. એક પ્રકારના માનવો આદર્શો તથા સિદ્ધાંતોનું પોપટપારાયણ કરી જાય છે, એમના જાપ જપે છે, બીજાને ઉપદેશ આપવામાં પણ પાછા નથી પડતા, પરંતુ અણીને વખતે પ્રલોભન, ભય, લાલસાના પાશમાં સપડાઈને આદર્શ કે સિદ્ધાંતને છોડી દે છે. છેવટ સુધી ગમે તેવો નાનો કે મોટો ભોગ આપીને વળગી રહેતા નથી. બીજા પ્રકારના માનવો ગમે તેવો ભોગ આપવો પડે તો પણ સસ્મિત આપીને પ્રલોભનો, ભયો, લાલસાઓ કે ધામધમકીને વશ ના થઈને, મૃત્યુના ભયને પણ ગૌણ ગણીને, નીતિને, સદાચારને, આદર્શને કે સમજપૂર્વક સ્વીકારેલા પોતાના સિદ્ધાંતને વળગી રહે છે.

સમાજમાં મારીચો ને કુંભકર્ણો વધે છે ત્યારે સમાજની સ્થિરતા, સ્વસ્થતા, સુખાકારી ભયમાં મૂકાય છે. પરંતુ સીતા તથા વિભીષણોની સંખ્યા વધે છે ત્યારે શાંતિ, સુદૃઢતા, સંવાદિતા વધતી જાય છે.

કુંભકર્ણે રાવણને સન્માર્ગગામી બનવાનો સદ્દપદેશ પ્રદાન કર્યો પરંતુ પોતે એ ઉપદેશને અનુસરી શક્યો નહીં. એણે રાવણને માટે જ યુદ્ધ કર્યું. વિભીષણે રાજ્યાશ્રયને પરિત્યાગીને એનું અનુસરણ ન કર્યું. રાવણની સાથે સદાયને માટે સંબંધ-વિચ્છેદ કરીને રામનું શરણું લીધું. પરિણામે કુંભકર્ણનો નાશ થયો અને વિભીષણનો સમુદ્ધાર. મારીચ મૃત્યુ પામ્યો અને સીતાનો વિજય થયો.

## 46. સરળ સાધના

મહાભારતમાં કહ્યું છે કે શ્રુતિના વાક્યોમાં વિભિન્નતા છે. સ્મૃતિઓ પણ ભિન્નભિન્ન અનેકવિધ અભિપ્રાયોને રજૂ કરે છે. મુનિઓનાં વચનો પણ વિવિધ છે. એ દ્વિવિધાપૂર્ણ વચનોમાંથી કયા વચનોને પ્રમાણભૂત, અનુકરણીય અથવા આદર્શ માનવા એ પ્રશ્ન છે. ધર્મનું સારતત્વ અંતરના અંતરતમમાં રહેલું છે. એને સમજનારા સ્વાનુભવસંપન્ન સત્પુરુષો જે માર્ગે આગળ વધે છે અને આગળ વધવાનો આદેશ આપે છે એ જ માર્ગ છે.

શ્રુતિર્વિભિન્ના સ્મૃતયોઽપિ ભિન્નાઃ નૈકો મુનિર્થસ્ય વચનઃ પ્રમાણમ્ ।

ધર્મસ્ય તત્વં નિહિતમ્ ગુહાયામ્ મહાજનો યેન ગતઃ સ પંથા ॥

સંતશિરોમણી મહાત્મા કબીર એવા જ એક ઉચ્ચતમ શ્રેણીના સ્વાનુભવસંપન્ન સત્પુરુષ હતા. એમણે માનવજાતિના મંગળને માટે ધર્મના સારતત્વોની અથવા જીવનવિકાસની સાધનાની સરળ શબ્દોમાં સારગર્ભિત શૈલીમાં રજૂઆત કરી છે. એમણે એમના પેલા પ્રસિદ્ધ પદમાં જણાવ્યું છે કે પ્રિયતમ પરમાત્માની પ્રાપ્તિ માટે અવિદ્યાના આવરણને અળગું કર.

'ઘૂંઘટકા પટ ખોલ રે તોહે પિયા મિલેંગે'

અને પ્રિયતમ પરમાત્માની પ્રાપ્તિને માટેની સરળ સાધના પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહે છે કે સૌની અંદર એ પરમાત્માનો વાસ છે. સૌ એમનું પવિત્ર પ્રતિનિધિત્વ કરે છે. માટે મધુરભાષી બનતાં શીખો. સૌ પ્રત્યે પ્રેમ રાખીને મધુર છળરહિત માનવોચિત વ્યવહાર કરો. સંસારમાં રહીને ધન, વૈભવ, સૌંદર્ય, યૌવનાદિ બાહ્ય પદાર્થોનો ગર્વ ન કરો. એ તો ક્ષણભંગુર છે, પરિવર્તનશીલ છે. વ્યોમમાં એકાએક પ્રકટીને ચમકનારી અને અદૃશ્ય થનારી ચપલાની પેઠે ક્ષણજીવી છે. માટે એમનો મોહ રાખવાને બદલે નિત્ય સનાતન પરમાત્માના પ્રેમનો પ્રાદુર્ભાવ કરો. પરમાત્માને ઓળખવા માટે પ્રવૃત્ત બનો. એ સર્વેશ્વર સર્વાન્તર્યામીનું સાચા દિલથી શરણ સ્વીકારીને, એમને ઓળખવા માટે એકાંતમાં આસન વાળો. એકાગ્ર ચિત્તે એમનું અન્વેષણ કરો. ઈન્દ્રિયોના દ્વારોને બંધ કરો. મનને સંકલ્પ-વિકલ્પોમાંથી મુક્તિ આપો. એમ કરતાં આનંદ આનંદ થઈ જશે. શોધ પૂરી થશે. જીવન મંગલમય મહોત્સવ જેવું બનશે.

કહત કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ.

મન, વચન, કર્મથી પવિત્ર જીવન જીવવાનો સંદેશો પાઠવવાની સાથે સાથે કબીરે અંતરંગ સાધનાત્મક અભ્યાસક્રમનો આધાર લેવાનો પાઠ પૂરો પાડ્યો છે. આજનો માનવ, એ મહાપુરુષે પ્રદર્શાવેલી સરળ સુસ્પષ્ટ સાધનાને અપનાવીને આત્મોન્નતિ, આત્મશાંતિ અને આત્માનુભૂતિને મંગળ માર્ગે આગળ વધી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## 47. સંગ

એક દિવાલર દિલના પુરુષે અન્યને માટે જમણવાર કરવાની ઈચ્છાથી સો લીટર દૂધ મંગાવ્યું. એમનો વિચાર દૂધપાક કરાવવાનો હતો. એમની અનુપસ્થિતિમાં એમના એક સંબંધીએ વિચાર્યું કે આટલા બધા દૂધમાં એક જ છાંટો છાસનો નાખીએ તો શું બગડવાનું ? આટલા બધા દૂધમાં છાસનો એક છાંટો ક્યાંય ભળી જશે. એણે પોતાના એ વિચારને ચરિતાર્થ કર્યો, તો પરિણામ કેવું આવ્યું ? દૂધ ફાટી ગયું. એમાંથી દૂધપાક ના થઈ શક્યો.

ગુજરાતના ભક્તકવિ પ્રીતમદાસે એવા ભાવાર્થને રજૂ કરતાં ગાયું છે-

કિંચિત કુસંગે રે બોધ બગડે ઘણો,<br>
સો મણ દૂધ માંહે રે, છાંટો પડે છાસનો,<br>
વળતી એનાં જુદાં થાય વખાણ,<br>
કિંચિંત કુસંગે રે બોધ બગડે ઘણો.

એવી રીતે કુસંગ એક ક્ષણનો અથવા એકદમ સાધારણ હોય તો પણ મનને મલિન કરે છે. બુદ્ધિને બગાડે છે ને જીવનભરની સાધનાને વિકૃત બનાવે છે. કુસંગ પુસ્તકોનો હોય, વ્યક્તિઓનો હોય, કે વાતાવરણનો હોય : જોવાથી, સાંભળવાથી, સ્પર્શ દ્વારા, ચિંતન, મનન કે સ્મરણની મદદથી કરાતો હોય, પરંતુ છે ઘાતક અને જીવનના સર્વોચ્ચ વિકાસમાં બાધક. એ ચિત્તને ચંચળ કરે છે અને પોતાના અપનાવેલા આદર્શોમાંથી ભ્રષ્ટ કરવાની શક્તિ ધરાવે છે. જીવનભરની સંસ્કારોની ને સત્કર્મોની કમાણીને બરબાદ કરે છે. માટે જ દેવર્ષિ નારદજીએ પોતાના ભક્તિદર્શનમાં- નારદ ભક્તિ સૂત્ર ગ્રથમાં- જણાવ્યું છે, મીઠા સ્વાનુભૂતિસૂચક શબ્દો દ્વારા ભલામણ કરી છે કે -

દુસ્સંગઃ સર્વથા એવ ત્યાજ્યઃ ।

અર્થાત્ કુસંગનો સર્વ પ્રકારે ને સર્વ સ્થળે, સર્વ કાળે પરિત્યાગ કરવો જોઈએ. આત્મિક વિકાસના સાધકોએ એ શબ્દોનું સદાય સ્મરણ કરવા જેવું છે.

કુસંગનો ત્યાગ કરવા જેવો છે, તેમ જીવનવિકાસના સાધકોએ સત્સંગ, સારા પુસ્તકોનો, સત્પુરુષોનો, સારા અનૂકુળ વાયુમંડળનો સમાગમ સદા કરવાનો છે. સત્સંગ જીવનોપયોગી રસાયન છે અથવા રસાયનની ગરજ સારે છે. મનને મલિનતામાંથી મુક્ત કરે છે, બુદ્ધિને સુધારે છે અથવા ઉદાત્ત બનાવે છે, આત્માને આલોકિત કરે છે, અને પરમાત્માનો પરિચય પામવાની શક્તિ બક્ષે છે. અંતરને શાંતિ અર્પે છે. ક્ષણવારનો પણ સત્સંગ ખરેખર તારક બને છે. એનો મહિમા વર્ણવતાં આદ્ય શંકરાચાર્ય મહારાજે ગાયું છે-

'ક્ષણમપિ સજ્જન સંગતિરેકા, ભવતિ ભવાટવિ તરણે નૌકા.'

સત્સંગ કદાચ મળે જ નહિ તો અસંગ અથવા સંગરહિત રહેવું. પરંતુ કુસંગ તો કદાપિ ના કરવો.

અસંગ પણ અવર્ણનીય આનંદ આપે છે. એ દ્વારા માનવ પોતાનો સંગ કરતાં શીખે છે અને જીવનવિકાસની અભિરુચિવાળા સાધકને માટે 'સ્વ'નો સંગ અતિશય આવશ્યક અમોઘ આર્શીવાદરૂપ છે.

☼ ☼ ☼ ☼ ☼

## 48. રામનવમી વિશે

રામનવમી રામના પાર્થિવ પૃથ્વી પરના પરમપવિત્ર પ્રાકટ્યનો પર્વદિન છે. વરસો પહેલાં એમનો પ્રાદુર્ભાવ પીડાગ્રસ્ત પૃથ્વીના પ્રાણને પ્રશાંતિ પ્રદાન કરવા માટે થયેલો. રામનવમીના પર્વ દિવસે એમની સ્મૃતિ સજીવ બને છે. જનતા ઉત્સવ કરે છે, મંદિરોમાં મંગલ આરતી, પૂજા, આરાધના થાય છે. કહેવામાં આવે છે કે તે દિવસે બપોરે બાર વાગ્યે રામજન્મ થાય છે. પરંતુ એ હકીકત સાચી છે ? શું સાચેસાચ રામજન્મ થાય છે ?

બહારના રામજન્મની વાત હું નથી કરતો, હું તો અંદરનાં રામજન્મની વાત કરું છું. અંતરની અયોધ્યા છે- એમાં રામજન્મ થયો છે કે થાય છે ? ત્યાં કોનું શાસન ચાલે છે - રામનું કે રાવણનું ? એ જીવન ધર્મપરાયણ હશે; નીતિ, ન્યાય, શુદ્ધિ, સંયમ, સદગુણ, સાત્વિકતા, સેવાની મર્યાદામાં રહીને ચાલતું હશે, રામમય બનતું હશે, તો તો રામનો જન્મોત્સવ મનાશે; એથી ઊલટું જીવનમાં દુર્ગુણ, આસુરી સંપત્તિ, અધર્મ, અનાચાર વધતાં જતાં હશે ને પરધનને પથ્થર માનવાની ને પરસ્ત્રીને માતા સમજવાની સદવૃત્તિનો નાશ થયો હશે તો રાવણનો જન્મ થઈ ચૂક્યો છે- એવું નિશ્ચયાત્મક રીતે સમજી લેવું.

રામ, જે કાંઈ શુભ, સત્ અને મંગલ છે એનાં અને રાવણ, અશુભ, અસત્ અને અમંગલના પ્રતીક છે. જીવનમાં અને જગતમાં રામની પ્રતિષ્ઠા થાય છે, રામ વધે છે ત્યારે જીવન ને જગત સુખશાંતિથી સંપન્ન, સમૃદ્ધ અને શક્તિશાળી બને છે. ને રાવણત્વ અથવા રાવણોની સંખ્યા વધે છે ત્યારે જીવન ને જગત દુઃખી, દીન, દાંભિક દાવાનળથી દગ્ધ બની બેસે છે. દર વર્ષે રામનવમીને દિવસે મંદિરોમાં અને ભાવિકોનાં સદનોમાં રામજન્મ થાય છે તેમ અંતરમાં, અણુએ અણુમાં, વિચાર, વૃત્તિ અને વર્તનમાં પણ રામજન્મ થતો હોત ને રાવણના નાશનો નિશ્ચય બળવાન બનતો હોત તો ? સમાજને કેટલો બધો લાભ થાત ? હજુ પણ કશું મોડું થયું નથી. ને થયું હોય તો પણ વધારે મોડું કરવાનું કારણ નથી.

રામનવમી આપણને શું શીખવે છે ?

સત્યનો પ્રેમ, નિઃસ્વાર્થ સેવા, નિર્વૈર વૃત્તિ, પવિત્રતા, સમાજને પીડી રહેલા-અશાંત કરનારા આસુરી પરિબળોનો પ્રતિકાર, શુભની સુરક્ષા, અશુભનો-અધર્મનો મુકાબલો, વિલાસ નહીં પણ સંયમ, લોભ નહીં પણ ત્યાગ, રાગ નહીં પણ અનાસક્તિ, દીન-દુઃખી-પદદલિત-પછાત પ્રત્યે સહાનુભૂતિ. રામનું જીવન શીખવે છે કે જીવન કેવળ વ્યક્તિગત સુખશાંતિ, સમુન્નતિ, સિદ્ધિ કે મુક્તિને માટે જ નથી; અન્યની ઉત્ક્રાંતિ, સુખ-શાંતિ-સમુન્નતિ ને સિદ્ધિ, મુક્તિ માટે પણ છે. એનો ઉપયોગ એટલા માટે પણ થવો જોઈએ. રામનું જીવન કર્તવ્યના પંથ પર પ્રયાણ કરવાનો અને આવશ્યકતા હોય તો એને ખાતર ફના થવાનો પદાર્થપાઠ પૂરો પાડે છે. રામનું જીવન શીખવે છે કે જીવન બીજાને માટે મંગલ મહોત્સવરૂપ, સુખદ-સ્મૃતિરૂપ, અલૌકિક, અમોઘ આશીર્વાદરૂપ બનવું જોઈએ. અભિશાપરૂપ ના થવું જોઈએ અથવા વિસ્મૃતિ ને અવજ્ઞાને પાત્ર ના થવું જોઈએ. રામનું જીવન શું શું સારું, શ્રેયસ્કર નથી શીખવતું ?

સુવર્ણમૃગની મોહિનીમાં પડેલાં રામ ને સીતાએ એને મેળવવાનો મનોરથ કર્યો. રામ, સીતાના હઠાગ્રહથી એની પાછળ ધનુષ્ય લઈને દોડ્યા. પરિણામે સીતાનો વિયોગ થયો. માયાના વિષયોરૂપી

સુવર્ણમૃગની સંમોહિનીમાં સપડાયેલા જીવાત્માને પણ એવી રીતે સદ્ બુદ્ધિ અને શાંતિરૂપી સીતાનો વિયોગ વેઠવો પડે છે. રામનું જીવન શીખવે છે કે માનવે સંસારના બાહ્ય ચળકાટોમાં કે રૂપરંગોમાં લેશ પણ આસક્ત ના થવું, સંસારમાં સંમોહક સ્વરૂપો એની અંતસ્થ શાંતિને હરીને તેને દુઃખી કર્યા વિના નહીં રહે.

દશરથ અને કૌશલ્યાને ત્યાં રામ પધાર્યા, એ શું સૂચવે છે ? દશ ઈન્દ્રિયોના રથમાં વિરાજેલો ઈન્દ્રિયોનો અધીશ્વર આત્મા દશરથ છે. સદસદ વિવેકવાળી સાત્વિકી વૃત્તિ કે પ્રજ્ઞાશક્તિ કૌશલ્યા છે. એ કુશળતાયુક્ત છે. એમને ત્યાં આત્મારામ- આનંદરૂપી રામનો અવતાર અવશ્ય થાય. જનકવિદેહીને ત્યાં જગદંબા જન્મે. સનાતન શાંતિ-શીલની મૂર્તિ સીતા પણ પ્રકટે. રામ અને સીતાના પ્રાકટ્યને માટે જીવન દશરથ અને કૌશલ્યા જેવું ધર્મમય અને જનક જેવું આસક્તિરહિત પરમાત્માપરાયણ જોઈએ.

રાજા દશરથની કથાનો બીજો પણ સૂચિતાર્થ છે. દશરથને ત્રણ પત્ની હતી. એક પત્નીવાળો જીવ સુખી નથી થતો તો ત્રણ પત્નીવાળો ક્યાંથી થાય ? કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી ત્રિગુણાત્મિકા પ્રકૃતિનાં પ્રતિનિધિ છે. સત્વ, રજ, તમ ત્રણ ગુણો છે. ત્રિગુણાત્મિકા પ્રકૃતિમાં પડેલો જીવ સુખી ક્યાંથી હોય ? એવો જીવ બંધનોનો શિકાર બને છે. રામાયણ જીવનમાત્રની કથા છે. દશરથ શરીરના રથનો સ્વામી છે. સત્વગુણ કૌશલ્યાનું સ્વરૂપ છે, જે નિર્ણય કરવામાં કુશળ છે. શુભ-અશુભ, આત્મા-અનાત્મા, જીવ-શિવના નિર્ણય કરવામાં જે કુશળ છે તે સાત્વિક પ્રકૃતિ. સત્વગુણથી જ્ઞાન પેદા થાય છે, બુદ્ધિ નિર્મળ થાય છે, શુભ-અશુભની સમજણ આવે છે. સુમિત્રા રજોગુણનું સ્વરૂપ છે. કૈકેયી તમોગુણ છે, મોહનું પ્રતીક છે. કૈકેયી અવિદ્યાનો શિકાર બની હતી. એણે અજ્ઞાનથી રામને વનવાસ આપ્યો. જીવને તમોગુણ ઘેરી વળે ત્યારે સારાસારનું ભાન ગુમાવી દે છે.

જેણે ત્રિગુણાત્મક પ્રકૃતિની સાથે લગ્ન કર્યું છે તે મહારાજા દશરથ શરીરમાં જીવાત્મા રૂપે છે. એવા આત્માની પાસે રામ નથી રહી શકતા. એ આત્માનંદથી વંચિત બને છે. એ શાંતિરૂપી સીતાને પણ ખોઈ બેસે છે. દશરથની જીવનકથાનો એવો ધ્વનિ છે.

☼ ☼ ☼ ☼ ☼

## 49. શ્રેય અને પ્રેય

કઠ ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે-

**श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विविनक्ति धीरः ।**
**श्रेयो हि धीरोऽभिप्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥२॥**

સંસારમાં શ્રેય અને પ્રેય નામના દ્વિવિધ માર્ગો છે. વિવેકી પુરુષ એમનો સુચારુરૂપે વિચાર કરે છે. આત્મોન્નતિને લક્ષમાં લઈને એની સિદ્ધિને માટે જ્ઞાની-પુરુષ શ્રેયને પસંદ કરે છે અને જીવનના ધારણપોષણને મહત્વનું માનીને મંદબુદ્ધિનો માનવ પ્રેયને પસંદ કરે છે.

શ્રેય એટલે આત્મવિકાસની સાધના દ્વારા થનારું આત્મકલ્યાણ અને પ્રેય એટલે સાંસારિક સમુન્નતિ. પંખીની બંને પાંખની પેઠે જીવનવ્યોમમાં સારી રીતે વિહરવા માટે માનવને એ બન્નેની આવશ્યકતા છે. વર્તમાનકાળમાં માનવનું મેધાવી મન જીવન સાથે સંબંધ ધરાવનારા પ્રત્યેક વિષય કે પદાર્થને, જીવનમાં પેદા થનારી પ્રત્યેક સમસ્યાને, અનોખી રીતે, વિશાળતાપૂર્વક વિચારે છે તથા મૂલવે છે. સાંપ્રત સમયમાં માનવનું મન અશાંતિને, અસ્વસ્થતાને અને વિસંવાદિતાને અનુભવે છે. અશાંતિનો, અસ્વસ્થતાનો, વિસંવાદિતાનો અંત આણવા માટે શ્રેયને એટલે કે આત્મિક ઉન્નતિના અભ્યાસક્રમને અપનાવવાની આવશ્યકતા છે. સુવિચારશીલ માનવો એ વાતને સમજતા જાય છે. એટલે કે સત્સંગ, સ્વાધ્યાય, સંકીર્તન અને ધ્યાનના કાર્યક્રમો વધતા જાય છે. આત્મોન્નતિને અપનાવ્યા સિવાય શાંતિ સાંપડવાનો સંભવ અત્યંત ઓછો છે.

પરંતુ એનો અર્થ એવો નથી કે જીવનમાં એકલા આત્મકલ્યાણનું અથવા શ્રેયનું જ મહત્વ છે, અને પ્રેયનું નથી. પ્રેય અથવા સાંસારિક સમુન્નતિ, સમૃદ્ધિ અથવા સુખાકારી વિના જીવન સર્વાંગીણ બની શકે નહીં. ભૌતિક સુધારણાના ક્ષેત્રનો આપણે અનાદર કરવા નથી માગતા. એવો અનાદર અનુચિત અનાવકારદાયક અને અસ્થાને છે. માનવ કેવળ બાહ્ય સુખોપભોગની પાછળ પડે છે, એને મેળવવાની પ્રવૃત્તિ આદરે અને એમાં આસક્તિ કરીને આત્માને ભૂલી જાય અથવા આત્મવિકાસની અવજ્ઞા કરે એ આપણે નથી ઈચ્છતા. તેમ એવું પણ નથી ઈચ્છતા કે જીવનમાં આત્મોન્નતિને જ અગત્યની માનવામાં આવે. ભૌતિક અને આત્મિક બંને પ્રકારની ઉન્નતિને જીવનમાં સાધવામાં આવે એ આવકારદાયક છે. બીજા શબ્દોમાં કહીએ તો જીવનમાં ભૌતિક અને આત્મિક ઉભયવિધ વિકાસના સમન્વયની આવશ્યકતા છે. એવો સમન્વય જ શ્રેયસ્કર થઈ પડશે.

કેટલાક માણસો માને છે કે આત્મોન્નતિની એકાંતિક સાધના તો જીવનના ઉત્તરકાળમાં કરાવી જોઈએ. અત્યારે જે સોનેરી સમય સાંપડ્યો છે તે સમય દરમિયાન સાંસારિક સમુન્નતિને સાધીએ અને સુખોપભોગ કરી લઈએ. પરંતુ એવી માન્યતા બરાબર નથી. પહેલાં સાંસારિક સુખાકારી કે સમુન્નતિ અને પછી આત્મોન્નતિ એવી ભેદદૃષ્ટિ યોગ્ય ના કહેવાય. કોને ખબર છે કે વર્તમાન જીવનની પરિસમાપ્તિ ક્યારે થશે ? જીવનના સોનેરી સમયને અથવા જીવનની વસંતઋતુને આત્મોત્કર્ષની સાધનામાં લગાડી દેવી જોઈએ. ભર્તૃહરિ મહારાજે વૈરાગ્યશતકમાં કહ્યું છે કે-

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो ।
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ॥
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान् ।
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

અર્થાત્ આત્મોન્નતિનું અને સાંસારિક સમુન્નતિનું કાર્ય યુવાવસ્થામાં જ થાય એ આવશ્યક છે. એ બંને કાર્યો સાથે કરાવાં જોઈએ. દિવસમાં સવારે તથા સાંજે ધ્યાન, જપ, સ્વાધ્યાયનો કાર્યક્રમ ગોઠવીને એને વફાદાર રહેવું અને દિવસના બીજા ભાગ દરમ્યાન સંસારની પ્રવૃત્તિ કરવી, તે પણ જાગૃતિપૂર્વક, જીવનના વિકાસમાં મદદ મળે તે માટે કરવી. તેવી રીતે જીવનમાં શ્રેય અને પ્રેયનો સમન્વય સાધવાથી શાંતિ સાંપડશે. જીવન વધારે ને વધારે રસમય, આહ્લાદક, સ્વસ્થ અને શાંતિપ્રદ બનશે.

☼ ☼ ☼ ☼ ☼

## 50. એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ !

આપણે કોઈને કહીએ કે પાણી લાવો તો તે પાણી લાવે, પરંતુ બીજી જ પળે જણાવીએ કે પાણી નહીં જળ લાવો, તો શું એ કોઈ બીજી વસ્તુ લાવે ? જળને બદલે નીર કહીએ, વારિ કે સલીલ નામ આપીએ તો પણ પદાર્થ તો એ જ લાવવામાં આવે. ભાષાશાસ્ત્રીઓ એને વૉટર, પાની વગેરે નામોથી ઓળખાવે છે. માનવે પોતાની સુવિધા અને જીવનચર્ચા માટે ભાષાના શબ્દકોષનું સર્જન કર્યું છે. પાણીને માટેના ભિન્ન-ભિન્ન ભાષાઓના શબ્દો કે પર્યાયો જુદા પરંતુ એ શબ્દો દ્વારા સૂચવાતો વ્યંજનાત્મક પદાર્થ એક જ હોય છે. એવું જ ઈશ્વરના સંબંધમાં સમજી લેવાનું છે. ઈશ એટલે શાસન કરવું અને ઈશ્વર એટલે સંસારનું શાસન કરનાર. એ શાસન કરનારી કોઈ વ્યક્તિ નથી પરંતુ પરાત્પર પરમ સર્વશક્તિમાન શક્તિ છે. એને કોઈ ગોડ કહે છે, કોઈ અહુરમજદ અથવા અલ્લા કે ખુદા તરીકે ઓળખાવે છે, કોઈ ઈશ્વર, પરબ્રહ્મ કે પરમાત્માનું અભિધાન આપે છે, તો વળી કોઈ બીજા નામથી પોકારે છે. નામો જુદાંજુદાં પરંતુ નામી એક જ છે. વેદે એને માટે સત્ શબ્દનો પ્રયોગ કર્યો છે. સત્ એટલે જે પૂર્વે હતા, આજે છે અને ભવિષ્યમાં રહેશે તે. અજર, અમર, શાશ્વત સત્તા. જેને જન્મ-મરણ, વ્યાધિ-વાર્ધક્ય-વિકાર કશું નથી તે. વૈદિક ઋષિઓ કહે છે કે ‘સત્ય પરં ધીમહિં’ - એ પરમ સત્યસ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન ધરીએ છીએ. ‘સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ-પરમાત્મા સત્યસ્વરૂપ, પરમ જ્ઞાનરૂપ અનંત છે.’ **सदेव सौम्य ईदम् आसीत ।** હે સૌમ્ય ! સૌથી પહેલાં સૃષ્ટિની શરૂઆતમાં આ સત્ય જ હતું એટલે કે સત્યસ્વરૂપ પરમાત્મા જ હતા.

ઉપનિષદે એવી રીતે પરમાત્માનો કેવો સરસ વિચાર રજૂ કર્યો છે ! સત્ય એક જ છે, પરમાત્મા એક જ છે, પરંતુ વિદ્વાનો, પ્રાજ્ઞો કે પંડિતો એમની અનેકવિધ અભિવ્યક્તિ કરે છે, એમને જુદાજુદા નામે વર્ણવે છે. ‘એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ’ - આટલું સમજી જઈએ તો ? ધર્મ અને સંપ્રદાયોમાં ઈશ્વરને નામે જે વાદવિવાદો અને ઝઘડાઓ ચાલે છે એમનો અંત આવી જાય, અને સૃષ્ટિમાં શાંતિ સ્થપાય. આપણે સમજી લઈએ કે આપણને આપણી માન્યતાના પરમાત્મા પ્રિય છે, તેવી રીતે બીજાને પણ પ્રિય છે. આપણી પેઠે બીજાને પણ એમને માટેની માન્યતાને સેવવાનો માનવીય અધિકાર છે.

જુદાંજુદાં નામો તથા રૂપોને જ સર્વ કાંઈ સમજીને દુરાગ્રહને વળગીને બેસી રહેવાને બદલે એમની પાછળના અંદરના અને બહારના તત્વને જ મહત્વનું માનીએ અને ધ્યાનમાં રાખીએ તો ઈશ્વરને નામે સર્વ પ્રકારના પૂર્વગ્રહોમાંથી મુક્તિ મેળવીને કોઈની સાથે નિરર્થક અનાવશ્યક ઘર્ષણમાં ના ઊતરી પડીએ. સરવાળે આપણને અને બીજાને લાભ જ પહોંચે.

વેદાદિ ધર્મગ્રંથો જણાવે છે કે એ એક જ પરમસત્ય કે પરમાત્મતત્વ સમસ્ત સૃષ્ટિમાં અને સૃષ્ટિના સ્વરૂપમાં પ્રસરેલું ને પથરાયેલું છે. વિદ્વાનો એને જુદાજુદા નામે ઓળખે છે અને ઓળખાવે છે તો પણ પ્રજ્ઞાનો પરિપાક થતાં આજુબાજુ અંદરબહાર બધે જ એ પરમાત્મતત્વનો સ્વાનુભવસહજ બને છે અને પરિણામે જીવન સંવાદી, શાંત, સુખદ તેમજ સુધામય બની રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## 51. ઈશ્વર

ઈશ્વર ક્યાં છે ? માણસો ઈશ્વરની શોધ કરવા સાંસારિક જીવનનો પરિત્યાગ કરીને વિવિક્તવાસી બને છે; ગિરિ, સરિતાના અથવા અરણ્યના એકાંત પ્રદેશમાં પ્રવેશીને આસન જમાવે છે. મૌન ધારે છે, તીર્થોમાં વિચરે છે, વ્રત-તપ તથા સ્વાધ્યાયનો આશ્રય લે છે, સંતોનું શરણ શોધે છે, અને એમ અનેક પ્રકારના પ્રયત્નો પ્રારંભે છે. કેટલીકવાર એમને એમની શોધમાં નિરાશા પણ સાંપડે છે. પહેલાં માણસ બહારની દુનિયામાં એને પામવાનો પ્રયત્ન કરે છે. પરંતુ અંતે એને અવલોકવાની અભિપ્સાથી પ્રેરાઈને અંતર્મુખ બને છે, અને પોતાના દિલમાં ડોકિયું કરે છે.

ગુરુ નાનકદેવ કહે છે કે 'કાહે રે બન ખોજન જાઈ?' ઓ ઈશ્વરને શોધનારા ! એને શોધવા વનમાં શા માટે વિચરે છે અને વસે છે ? એ તો અંતર્દર્શી છે, ઘટઘટમાં રમનાર છે. તારી સાથે જ રહે છે. ફૂલમાં જેમ ફોરમ, નદીમાં નીર, પૃથ્વીમાં ગંધ વગેરે છે, એમ તારાથી અલગ થઈ શકે એમ જ નથી.

ઉપનિષદના ઋષિ કહે છે '**हृदि हृदेष आत्मा**'। ગીતા કહે છે, '**ईश्वरः सर्वभूतानां हृदेशेऽर्जुन तिष्ठति ।**' ઈશ્વર સૌના હૃદયપ્રદેશમાં વાસ કરે છે. એને મળવા માગનારે ત્યાં જ મનને એકાગ્ર અથવા કેન્દ્રિત કરીને એમને પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ પછી આસપાસ જે કાંઈ છે એ જડચેતનાત્મક પણ એના પ્રતીક જેવું જ પેખાશે કે અનુભવાશે. પક્ષીઓના સુમધુર સ્વરોમાં, સરિતા અને સ્તોત્રના અભિસરણમાં, તારકમાં, પુષ્પોમાં, ધરતીની ધૂળમાં, સર્વત્ર એની આભા અવલોકાશે. ગરીબ અને અમીર, સાક્ષર-નિરક્ષર, સૌ એની પ્રતિમૂર્તિ જેવા લાગશે. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે !' એ ભક્તકવિ નરસૈંયાએ વ્યક્ત કરેલા ભાવોનો સ્વાનુભવ એને સારું શક્ય અને સહજ બનશે. પછી એને માટે ઈશ્વર ક્યાં છે એવો પ્રશ્ન નહિ રહે. ઈશ્વર ક્યાં નથી એ જ પ્રશ્ન હશે.

એ ઈશ્વરને આપણી આજુબાજુ સંસારમાં સર્વત્ર અનુભવી શકાય છે. માતાના, પિતાના, સ્વજનો અને સ્નેહીઓના રૂપમાં એ જ રમે છે. પોતાના પ્રેમને પ્રકટ કરે છે, અને પોતાની લાગણીને વહેતી મૂકે છે એમની અંદર ઈશ્વરનું દર્શન કરીએ એ આવશ્યક છે.

☼ ☼ ☼ ☼ ☼

## 52. શાંતિની સમસ્યા

ઘરમાં ફીટીંગ કરવામાં તો કોઈ પ્રકારની કસર નહોતી રાખી. કેટલું સરસ ફીટીંગ? અને એ પણ અત્યંત આધુનિક. દીવાલોમાંથી પસાર થતાં દોરડાં બહાર દેખાતાં જ નહિ. આખા ઘરને આલોકિત કરવા માટે જાતજાતના રંગબેરંગી બલ્બ પણ ખરીદેલા. ટ્યુબલાઈટનો પણ પાર ન હતો. અને એ છતાં પણ આશ્ચર્ય એ હતું કે વારંવાર પ્રયત્નો કર્યા છતાં પણ ઘરમાં પ્રકાશ થતો જ નહીં. બલ્બ, ટ્યુબલાઈટ, સમસ્ત ફીટીંગે જાણે કે સત્યાગ્રહ કરેલો. પરંતુ ઘરનો માલિક એમ સહેલાઈથી નિરાશ થાય એવો ન હતો. એ પણ સંપૂર્ણ સત્યાગ્રહી હતો. એણે ઈલેકટ્રીકના એક્સપર્ટને બોલાવીને તપાસ કરાવી તો જણાયું કે ઘરમાં બીજું બધું જ હતું. સરસ ફીટીંગ, સુંદર બલ્બ, મજાનું મીટર, પરંતુ મીટરનું જોડાણ પાવરહાઉસ સાથે કરવામાં નહોતું આવ્યું. એટલે પ્રકાશ ક્યાંથી પથરાય ? પાવર હાઉસ સાથે મીટરનું જોડાણ થયું એટલે પાવરહાઉસમાં પ્રાદુર્ભાવ પામતો પ્રકાશ મીટરમાં, મીટર મારફત ઈલેકટ્રિકના ફીટીંગમાં, એ દ્વારા બલ્બમાં તથા ટ્યૂબલાઈટમાં અને છેવટે સમસ્ત ઘરમાં પથરાઈ ગયો. ઘર પ્રકાશથી પરિપ્લાવિત બની ગયું.

શાંતિની સમસ્યા માટે આ વાત વિચારવા જેવી છે. આજે માણસો ફરિયાદ કરે છે કે જીવનમાં બીજું બધું છે પરંતુ શાંતિ નથી. પૂછે છે કે શું કરીએ તો શાંતિ છવાય ? આપણે એમને કહીએ છીએ કે તમારા જીવનનું જોડાણ બરાબર નથી થયું માટે જ જીવનમાં અંધકાર છે, અશાંતિ છે, અસંતોષ છે અને નીરસતા છે. જીવનને શાંતિમય કરવા માટે શાંતિસ્વરૂપ પરમાત્મા સાથે સંબંધ બાંધવો પડશે. વૃત્તિના વાયરને ઠીક કરી, મનના મીટર સાથે જોડી દઈ, એનો સંબંધ પરમાત્માના પાવરહાઉસ સાથે કરવાનો રહેશે. પછી સમસ્ત જીવન તન, મન, અંતર બધું જ પરમ પ્રસન્ન, પુલકિત, પ્રકાશિત અને પાવન બનશે. એ સિવાય શાંતિનો બીજો કોઈ અમોઘ અકસીર માર્ગ નથી.

આપણી પાસે ટ્રાન્ઝિસ્ટર હોય પરંતુ સુચારુ અવસ્થામાં ના હોય તો એની દ્વારા સુમધુર સંગીતનું શ્રવણ કરી શકાય ખરું ? ટ્રાન્ઝિસ્ટરમાં સેલ બરાબર ના હોય, અને એ સંગીતના સ્વરની દિશા પ્રત્યે અભિમુખ ના થયું હોય તો પણ સંગીતનું શ્રવણ અશક્ય બને. જીવનમાં આપણે જે શાંતિનું શાશ્વત સુરીલું સંગીત સાંભળવા માંગીએ છીએ એનું પણ એવું જ સમજી લેવાનું છે. એ શાંતિ સંગીતના સ્વાનુભવ માટે આપણા હૃદયરૂપી રેડિયો બરાબર જોઈએ. એમાં શ્રદ્ધાભક્તિના સેલ હોવા જોઈએ અને પરમાત્મા પ્રત્યે એ અભિમુખ બનવા જોઈએ. પરમાત્મા સનાતન શાંતિસ્વરૂપ હોવાથી એમની સાથેનો સંપર્ક પ્રસ્થાપિત ના થાય ત્યાં સુધી કોઈને પણ શાંતિ ના મળી શકે એ દેખીતું જ છે. એને બદલે પરમાત્માભિમુખ અને વિષયાવિમુખ બને તો જીવન શાંતિથી સંપન્ન બની શકે, અને એવી શાંતિથી સંપન્ન બને જેનો કદી, કોઈયે પરિસ્થિતિમાં, કોઈયે કારણે હ્રાસ કે નાશ ના થાય. ગીતામાં કહેવામાં આવ્યું છે- ઈશ્વર સર્વભૂતાનાં ।

ઈશ્વર સૌના હૃદયપ્રદેશમાં વિરાજમાન છે. એમનું શરણ લેવાથી અથવા એમનો સંપર્ક સાધવાથી પરમ શાંતિની સંપ્રાપ્તિ સહજ બને છે.

☼ ☼ ☼ ☼ ☼

## 53. પ્રજ્ઞાવાદ

થોડા દિવસ પહેલાં હું ટ્રેઈનમાં મુસાફરી કરી રહેલો. દિલ્હીથી અમદાવાદની એ ટ્રેઈનમાં મારા ડબ્બામાં એક સદગૃહસ્થે અજમેર સ્ટેશનથી પ્રવેશ કર્યો. એમણે મારો ઉપલક પરિચય પૂછ્યા પછી અનેક પ્રકારની ફરિયાદો કરવા માંડી. એમણે કહ્યું કે દુનિયા ખૂબ જ બગડી ગઈ છે. જ્યાં જોઈએ ત્યાં અશાંતિ, અસ્વસ્થતા, અવ્યવસ્થા જ જોવા મળે છે. ક્યાંય સેવાધર્મનું દર્શન નથી થતું.

મેં એમને પૂછ્યું કે તમે એ અશાંતિ, અસ્વસ્થતા, અવ્યવસ્થા અને વિસંવાદિતાને દૂર કરવા માટે શું કરો છો ?

તેમણે ઉત્તર આપ્યો કે પ્રચાર. એ બધાની સામે જનમત જગાવું છું અને ઉહાપોહ મચાવું છું.

મેં તેમને પૂછ્યું કે એથી શું વળશે ?

તેમણે જણાવ્યું કે ક્રાંતિ થશે.

ક્રાંતિ થશે ?

હા, અને મને એથી શાંતિ થશે.

મેં એમને જણાવ્યું કે તેથી તો ઊલટી અશાંતિ પેદા થશે. અસંતોષની સમસ્યા ઉકલશે નહીં પરંતુ અકબંધ રહેશે. ઘરનું કોડિયું આજુબાજુ છવાયેલા અંધકાર સામે ઉહાપોહ કરે તો એથી શું વળે ? એ પોતે જ જો પ્રકાશવંતુ બને અથવા પોતાની જ્યોતિને જગવી દે તો ઘરમાં પ્રકાશ પથરાય. ઘરના અંધકારની સમસ્યા આપોઆપ ઉકલી જાય. તમારા પોતાના જીવનમાં શુદ્ધિ, સ્વસ્થતા, શાંતિ, સંતુષ્ટિ છે ખરી ? તમારી જીવનજ્યોતને તમે જાગ્રત કરી શક્યા છો ?

એમણે કહ્યું કે હું તો ઉપદેશક અથવા સુધારક છું. મારું કાર્ય સંસારને સુધારવાનું છે.

પરંતુ સંસારની સાથે સાથે તમારું જીવન પણ સુધરવું જોઈએ કે નહિ ?

એની ચિંતા હું કરતો નથી.

આ પ્રસંગ મેં એટલા માટે આલેખ્યો છે કે એવા માનવો આપણા જગતમાં અનેક મળે છે, જેમને બીજાને સુધારવાની ચિંતા છે, બીજાનો ઉદ્ધાર કરવો છે, પરંતુ પોતાનો ઉદ્ધાર નથી કરવો, પોતાની જાતની સુધારણા નથી સાધવી. એ બહાર બધે જ દોષદર્શન કરે છે પરંતુ પોતાની અંદર દૃષ્ટિપાત નથી કરતા. ત્યાં જે અલ્પતા, અશાંતિ, અવ્યવસ્થા, અશુદ્ધિ અને અસ્વસ્થતાનાં અનેકવિધ આવરણો ઊભાં થયાં છે, જે અતિ ગાઢ અંધકાર છવાયો છે, એનો ઈલાજ નથી કરતા; એ વિશે ગંભીરતાપૂર્વક નથી વિચારતા. એમનામાં પાંડિત્ય હોય છે, પરંતુ એનો ઉપયોગ પરોપદેશ માટે જ કરાતો હોય છે. એમની વિદ્વતા બીજાને માટે વપરાય છે, એમના પોતાના અભ્યુત્થાનનું સાધન નથી બનતી. એમની અશાંતિ, અશુદ્ધિ અને અવ્યવસ્થા એમને નથી સાલતી.

ગીતાની પરિભાષામાં કહીએ તો એમની અંદર કોરા પ્રજ્ઞાવાદનું દર્શન થાય છે. આપણે ત્યાં સમાજવાદ, સામ્યવાદ, મૂડીવાદ જેવા શબ્દો પ્રચલિત છે પરંતુ ગીતાએ પ્રજ્ઞાવાદનો શબ્દપ્રયોગ કર્યો છે. એમાં ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે કે જે શોક કરવા યોગ્ય નથી, એનો તું શોક કરે છે અને પ્રજ્ઞાવાદના

પ્રભાવમાં પડીને પ્રાજ્ઞનાં જેવા વચનો બોલે છે ! એવો પ્રજ્ઞાવાદ આપણી આજુબાજુ વધ્યો છે, એ આપણી પ્રવર્તમાન પરિસ્થિતિની કરુણતા છે. પ્રજ્ઞાવાદ છે તો સારો, પરંતુ જો આચારથી છૂટાછેડા લે તો આશીર્વાદરૂપ નથી બની શકતો કિન્તુ અભિશાપરૂપ ઠરે છે.

દુર્યોધનની દશા એવી જ હતી. એ ધર્મના મર્મને જાણવાનો દાવો કરતો'તો પણ ધર્મપરાયણ જીવન નહોતો જીવતો. અધર્મની મીમાંસા કરી શકતો પરંતુ અધર્મમય જીવન જીવનારો અને અધર્મનો સમર્થક હતો. એના અધર્મનો અંત નહોતો આવ્યો; એથી ઊલટું એણે અધર્મનો વિસ્તાર કરેલો. મહાભારતમાં એ કહે છે જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ, જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિઃ ! અર્થાત્ હું ધર્મ શું છે તે જાણું છું, પણ તેમાં પ્રવૃત્ત થઈ શકતો નથી, અને હું અધર્મ શું છે તે જાણું છું, પરંતુ તેમાંથી નિવૃત્ત થઈ શકતો નથી. જો એની ધર્મમાં રુચિ ને પ્રવૃત્તિ હોત તો એ પાંડવોના ન્યાયોચિત અધિકારનો નાશ કરીને સામ્રાજ્યનો સર્વેસર્વા બની બેસત ? શું તે અનેક જાતના કાવાદાવા કરત અને પાંડવો સાથેના યુદ્ધમાં ઉતરત ? શ્રીકૃષ્ણની સલાહની અવગણના કરત ? એ મિથ્યાભિમાની, દુરાચારી, આતંકકાર હોત ખરો ?

આજના મોટા ભાગના માનવોની અવસ્થા એવી જ છે. એ પણ દુર્યોધનનું જ પ્રતિનિધિત્વ કરે છે. અવસર આવતાં એ ધર્મની, ન્યાયની, નેકીની મોટીમોટી વાતો કરી શકે છે, ઉપદેશ-વાણી પણ સંભળાવે છે, બીજાના સુધાર અને સમુદ્ધારનો દાવો કરે છે, પરંતુ એમનું પોતાનું જીવન અધર્મ, અન્યાય, અનૃતથી આવૃત હોય છે. એ પોતાનાં જ સુધાર અને સમુદ્ધારની પ્રવૃત્તિ નથી કરતા. એવા માનવો શાંતિને બદલે અશાંતિની અને સંવાદિતાને બદલે વિસંવાદિતાની જ સૃષ્ટિ કરે છે.

આપણે એવા કોરા પાખંડી પ્રજ્ઞાવાદથી બચીએ અને આપણા સુધાર અને સમુત્કર્ષમાં પ્રવૃત્ત થઈએ તો સારું. આપણે દીવા બનીશું એટલે પ્રકાશ તો આપોઆપ પાથરી શકીશું. ફોરમવંતા ફૂલ થઈશું એટલે ફોરમને ફેલાવીશું. સલિલ ભરેલી સ્વાદુ સરિતા સમાન બનીશું એટલે બીજાની તૃષાને આપોઆપ શમાવી શકીશું.

☼ ☼ ☼ ☼ ☼

## 54. દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્

બે વરસ પહેલાંની વાત છે.

ઉત્તરપ્રદેશના એક પ્રખ્યાત ઉદ્યોગપતિ દહેરાદૂન શહેરમાં પોતાના મકાનનું નિર્માણ કરાવતા હતા. મકાનની નિર્માણકળામાં એમને અતિશય રસ હતો. એક દિવસ સાંજે ઊંચું જોઈને ઉતાવળે પગલે ચાલતા હતા, ત્યાં જ ભૂલથી એમનો પગ નાનકડા ખાડામાં પડી ગયો. પરિણામે એમના પગને ભયંકર હાનિ પહોંચી. છ મહિના જેટલો વખત પગે પ્લાસ્ટર રાખવું પડ્યું, અને હજુ પણ એ પગ પૂર્વવત્ સારો નથી થઈ શક્યો.

એક સદગૃહસ્થ મારી સાથે વાર્તાલાપ કરતા ચાલી રહેલા ત્યારે બરાબર ધ્યાન ના આપવાને લીધે એમનો પગ રસ્તા પર પડેલી કેળાની છાલ પર પડ્યો, લપસ્યો અને એમને થોડુંક વાગ્યું પણ ખરું.

એક મોટર ડ્રાઈવરને મોટર ચલાવતાં વાતો કરવાની અને આજુબાજુ જોવાની આદત હતી. એ આદતને લીધે એણે એક વાર એકાગ્રતાને ગુમાવી અને મોટર-અકસ્માત કરી બેઠો. એ પોતે તો ઘવાયો જ પરંતુ મોટરમાં બેઠેલા બીજાને પણ ઘવાવું પડ્યું. એક માણસનું તો ઘટનાસ્થળ પર જ મૃત્યુ થયું.

નિશાન તાકનાર નિશાનબાજ પોતાના લક્ષ્ય પ્રત્યે બરાબર ધ્યાન ના રાખે અને સહેજ પણ ગફલતમાં પડે તો નિશાનને સારી પેઠે તાકી કે ભેદી ના શકે. પથ પરથી પસાર થનારો પ્રવાસી જો આંખને ઉંચી રાખીને ચાલે, આજુબાજુનું આવશ્યક ધ્યાન ના રાખે, અને જે પથ પરથી પસાર થતો હોય એનું અવલોકન ના કરે તો એની દશા કેવી કરુણ થાય તેની કલ્પના સહેલાઈથી કરી શકાય તેમ છે. પથમાં પડેલા કાંટા-કાંકરા એને વાગે, પથ પરનાં ખાડા-ટેકરાઓ એને મુસીબતમાં મૂકે અને પોતાના પ્રવાસપથને ભૂલીને એ બીજા ભળતાં જ પથ પર ચઢી જાય.

જીવનના પુણ્યપ્રવાસનું પણ એવું જ સમજી લેવાનું છે. જીવનનો પ્રવાસ આપણે ધારીએ, માનીએ અને સમજીએ છીએ એનાં કરતાં ઘણો વધારે જટિલ છે. એમાં પાર વિનાના પ્રલોભનો, ભયસ્થાનો, વિઘ્નો, કષ્ટો, પ્રતિકૂળતાઓ, વિષમતાઓ, ચઢાણ-ઉતરાણો આવે છે. એમાં અધઃપતનના શતમુખ વિનિપાતમાં લઈ જનારા ખાડાઓનો પાર નથી. પ્રકૃતિના વિષયો, રૂપરંગો અને સંમોહક પદાર્થો પ્રવાસીને મંત્રમુગ્ધ કરે છે ને વારંવાર ભાન ભૂલાવે છે. એ બધાથી બચવા પ્રવાસનો પંથ પૂરો કરીને પોતાના લક્ષ્ય, ગંતવ્યસ્થાન કે ધ્યેયપ્રદેશ પર પહોંચવા અને એવી રીતે પ્રવાસને સાર્થક કરવા જીવનમાં પ્રતિપળે, પ્રતિસ્થળે, પ્રત્યેક પરિસ્થિતિમાં અને પ્રત્યેક પગલે જાગ્રત રહેવાની આવશ્યકતા છે.

જીવનપથના સ્વાનુભવસંપન્ન મહાપુરુષો કહેતા ગયા છે કે દૃષ્ટિપૂંત ન્યસેત્ પાદમ્ અર્થાત્ જે પગલું ભરવું તે દૃષ્ટિથી પવિત્ર કરીને જ ભરવું. દૃષ્ટિથી પવિત્ર કરીને એટલે ? જીવનના જટિલ છતાં જ્યોતિર્મય પથ પર પ્રવાસ કરનારે સામાન્ય સ્થૂળ દૃષ્ટિથી નહીં, પરંતુ સદ્સદ વિવેકની, શુભાશુભને પારખવાની, પોતાના આંત્યતિક કલ્યાણને સમજવાની દીર્ઘ દૃષ્ટિથી, વિવેકવૃત્તિથી, સદબુદ્ધિથી અથવા પરમ પાવની પ્રજ્ઞાથી સંપન્ન થવું પડે છે. જે કાર્ય કરીએ, નિર્ણયો લઈએ, સંકલ્પો ઘડીએ, અને યોજનાઓ બનાવીએ, તે સમજીને, શુભાશુભનો વિચાર કરીને જ બનાવીએ તો જીવનનો પુણ્યપ્રવાસ સુખમય, સફળ, શાંતિદાયક થાય. આપણે માટે જ નહિ, બીજાને માટે પણ આશીર્વાદરૂપ બની જાય.

## 55. સા વિદ્યા યા વિમુક્તયે

આપણે ત્યાં વિદ્યાના મૂળભૂત મહત્વના ધ્યેય તરફ અંગુલિનિર્દેશ કરતાં કહેવામાં આવ્યું છે કે વિમુક્તિ માટે હોય, મુક્તિ મેળવવા માટે કામ લાગે, તે વિદ્યા. 'સા વિદ્યા યા વિમુક્તયે'. વિદ્યાલયોમાં ઠેકઠેકાણે એ સૂત્રાત્મક સારગર્ભિત શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવે છે અને સૌ એમાંથી પોતપોતાની રીતે પ્રેરણાની પ્રાપ્તિ કરે છે. શબ્દોનું યાંત્રિક અથવા રૂઢ રીતે રટણ કરવામાં આવે ત્યારે કેટલીકવાર એમની પાછળની ભાવનાને વિચારવાનો અવસર ઓછો રહે છે અને એ ન્યાયે એ પરંપરાગત, પ્રચલિત સૂત્રના અર્થને સમજવાની વૃત્તિ પણ કેટલેક ઠેકાણે મરી પરવારી છે.

વિદ્યા મુક્તિને માટે છે એનો એક અર્થ તો એ થયો કે એ મુક્તિને માટે છે, દુન્યવી ભોગોપભોગને માટે નથી. વિદ્યાનું લક્ષ્ય કેવળ ભૌતિક ભોગોપભોગો ના હોય. ભૌતિક સમૃદ્ધિ કે સમુન્નતિમાં એ માનવને મદદરૂપ બને ખરી, પરંતુ એનું પ્રયોજન એટલેથી જ પૂરું નથી થતું. એથી આગળ વધીને, એ એનો આધાર લેનારને માનસિક અને આત્મિક રીતે પણ મદદ કરે છે અથવા મુક્તિ ધરે છે. એ મુક્તિ કેવી જાતની છે તેની ખબર છે ? દુર્વિચારોમાંથી મુક્તિ, દુર્ભાવોમાંથી મુક્તિ, દુષ્કર્મોમાંથી મુક્તિ. કામક્રોધાદિ વેગોમાંથી, મોહ-મમતા-વાસના-અહંતા- રાગદ્વેષાદિમાંથી મુક્તિ, અને એ સૌની જનની-અવિદ્યામાંથી મુક્ત બનીને સર્વ પ્રકારની પરવશતા તથા અશાંતિમાંથી મુક્તિ. જેને શાસ્ત્રોમાં જીવનમુક્તિ કહેવામાં આવે છે, તેની પ્રાપ્તિ. એવી મુક્તિ ભૌતિક વિદ્યાથી મળવાની સંભવના નથી રહેતી; એને માટે અધ્યાત્મવિદ્યાની અનિવાર્ય આવશ્યકતા છે.

અત્યાર સુધી 'સા વિદ્યા યા વિમુક્તયે'નો એવો સામાન્ય અર્થ કરાય છે કે વિદ્યા પોતાની મુક્તિ માટે છે, અથવા એનો આશ્રય લેનારને મુક્તિ આપે છે; પરંતુ એનો એટલો અર્થ જ નથી કરવાનો. વિદ્યા દ્વારા માનવને પોતાને તો સર્વ પ્રકારનાં દુઃખો, પૂર્વગ્રહો, બંધનો, અશાંતિનાં આવરણો અને અવિદ્યાગ્રંથિમાંથી મુક્તિ મળે જ છે. પરંતુ જીવન કેવળ પોતાની જ સુખશાંતિ-મુક્તિ તથા પૂર્ણતાને પામીને સંતુષ્ટિ સહિત બેસી રહેવા માટે નથી. એ કોઈ વ્યક્તિગત સ્વાર્થપૂર્તિની સાધના નથી. એ માનવની દૃષ્ટિને વિશદ અને વિશાળ બનાવે છે, એનાં હૃદયને ઉદાર અને ઉદાત્ત કરે છે અને આત્માને આલોકિત કરીને સમસ્ત સંસારની સાથે એકાત્મતાનો અનુભવ કરાવે છે. માનવ સૌથી વધારે સુસંસ્કૃત અને સમજદાર મનાય છે એટલે આપણે એની પાસેથી અપેક્ષા રાખીએ છીએ કે એ એકલપેટો નહિ બને, પોતાની જ શાંતિ, સુખાકારી, સમૃદ્ધિ, સમુન્નતિને માટે નહિ વિચારે કિન્તુ બીજાની શાંતિ, સુખાકારી, સમૃદ્ધિ, સમુન્નતિને લક્ષમાં લેશે, વિચારશે અને એને માટેની યોજનાઓને સાકાર કરવાના પ્રયત્નો આદરશે. જે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની સદભાવનાને અનુસરીને સમસ્ત વસુધાને કુટુંબવત્ સમજે છે અથવા એથીયે આગળ વધીને 'आत्मवत् सर्वभूतेषु'ના મહામંત્ર પ્રમાણે ચરાચરને આત્મારૂપે અનુભવે છે, એ સંવેદનથી રહિત નથી હોતો. એ તો સૂક્ષ્મ સંવેદનથી સંપન્ન બનીને અન્યને સુખશાંતિ પહોંચાડવા તથા બંધનમુક્ત બનાવવાના પ્રામાણિક પ્રખર પ્રયત્નો કરે છે. વિદ્યા ત્યારે જ સાર્થક થાય છે ને સફળ ઠરે છે.

એટલે 'સા વિદ્યા યા વિમુક્તયે'ના પ્રચલિત અર્થમાં સંશોધન કરીને એવો અર્થ કરવો જોઈએ કે વિદ્યા પોતાની જ નહિ પરંતુ બીજાની સુખશાંતિ-સમૃદ્ધિ-સમુન્નતિ અથવા મુક્તિ માટે છે, હોવી જોઈએ અને એના એવા ઉપયોગ અથવા વિનિયોગમાં જ એની સાર્થકતા સમાયેલી છે. પોતાને વિદ્યાવાન અથવા શિક્ષાસંપન્ન માનનારા આટલું સમજશે ખરા ?

☼ ☼ ☼ ☼ ☼

## 56. શાંતિની વિચારણા

માનવ પોતાની શાંતિની જેટલી ચિંતા કરે છે, એટલી ચિંતા બીજાની શાંતિની ક્યાં કરે છે ? પોતાના સુખનો અને પોતાના આનંદનો જેટલો વિચાર તથા પ્રયત્ન કરે છે તેટલો વિચાર તથા પ્રયત્ન બીજાના સુખસંતોષ અને આનંદને માટે ક્યાં કરે છે ? એને પોતાનાં બંધનો સાલે છે ખરાં, પરંતુ બીજાનાં બંધનો એટલા પ્રમાણમાં સાલે છે ખરાં ? એ પોતાની સમૃદ્ધિ ને સમુન્નતિને ચાહે છે કે ઝંખે છે તેવી જ રીતે બીજાની સમૃદ્ધિ કે સમુન્નતિને ચાહે છે કે ઝંખે છે ? - એ પ્રશ્નોના પ્રત્યુત્તરો મોટેભાગે 'ના' માં જ મળશે. અને એટલા માટે પણ જગતમાં દુઃખના દાવાનળ છે, અશાંતિના ઓળા છે, બંધન છે, પીડા છે અને પરિતાપ છે. મોટાભાગના માનવસમાજની અશાંત અવસ્થાનું મુખ્ય કારણ એ પણ છે. માનવ જે દિવસે બીજાના જીવનને સુખી, સંવાદી, શાંત, સંતુષ્ટ, સમૃદ્ધ અને સમુન્નત કરવાની ચિંતા કરશે અને એથી પ્રેરાઈને એમને પોષક પ્રવૃત્તિ પ્રારંભશે, તે દિવસથી સમાજમાં સ્વર્ગના સર્જનનું મંગલમય પ્રભાત પ્રકટ થશે. માનવ પોતાના સુખનો જ વિચાર કરે એની સાથે સાથે બીજાના સુખને પણ વિચારે તો આ પાર્થિવ પૃથ્વીમાં મોટામાં મોટું પરિવર્તન આવી જાય.

બીજાની શાંતિ માટેની ભાવના ઉપનિષદના શાંતિપાઠમાં અત્યંત અસરકારક રીતે રજૂ થઈ છે.

ઋષિ ત્યાં કહે છે કે -

ॐ ग्रौह शांतिः अंतरिक्ष शांतिः पृथीवी शांतिः ।
आपः शांतिः ओषधयः शांतिः वनस्पतयः शांतिः ।
विश्वे देवाः शांतिः कामः शांतिः क्रोधः शांतिः ।
ब्रह्मः शांतिः सर्वः शांतिः शांतिरेव शांतिः ।
सामः शांतिरेभी ॐ शांतिः शांतिः शांतिः ॥

સ્વર્ગને શાંતિની પ્રાપ્તિ થાઓ, અંતરીક્ષમાં રહેનારા જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ, પૃથ્વી પરના જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ, પાણીમાં વસનારા જીવોને શાંતિ મળો, ઔષધિમાં અને વનસ્પતિમાં વાસ કરનારા જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ, વિશ્વની દૈવી શક્તિઓ શાંતિથી સંપન્ન બનો, સમસ્ત જગતને શાંતિ સાંપડો, શાંતિ ને ઊંડી સનાતન શાંતિની સૌને પ્રાપ્તિ થાઓ, અને મને પણ એ શાંતિ મળી જાઓ. ઋષિ બીજાની શાંતિની કામના સૌથી પહેલાં અને પોતાની શાંતિની પ્રાર્થના છેવટે કરે છે. આજનો કોઈ શાંતિપાઠ લખનારો માનવ હોત તો પહેલાં પોતાની શાંતિકામના કરત ને પ્રાર્થત કે સઘળી શાંતિ મને જ આપી દો. પછી મારી મિસીસને, મારા સંતાનો ને સુહૃદને પ્રદાન કરો. એમ કરતાં જો વધે તો બીજાને શાંતિ આપજો. ઋષિ તો સમજે છે કે સમસ્ત સંસારને જે શાંતિ સાપડશે તે શાંતિ સંસારનું એક અવિભાજ્ય અંગ હોવાથી મને પણ મળી રહેશે.

બીજાની શાંતિની કામના કે પ્રાર્થના કરનાર એ શાંતિને માટે પ્રવૃત્તિ પણ કરે છે, અને પોતાના જીવન દ્વારા તન, મન, વચન, ધન, પદ દ્વારા બીજાને અશાંત ના કરાય, ભૂલેચૂકે પણ દુઃખી ના બનાવાય

તેનું ધ્યાન પણ રાખે છે. એવી રીતે પોતે તો શાંતિ મેળવે જ છે, પરંતુ બીજાના જીવનમાં પણ શાંતિ પાથરે છે. આપણે સૌ એવી ભાવનાને સેવીએ અને એવી પ્રવૃત્તિ કરીએ તો ?

☼ ☼ ☼ ☼ ☼

## 57. સાધનાનો સમન્વય

માનવની પાસે પંચમહાભૂતનું શરીર છે. એ શરીર ગમે તેવું પરિવર્તનશીલ, મલિન અને વિનાશશીલ લાગતું હોય તો પણ તિરસ્કરણીય નથી. એને સાધના કરવા માટેનું અમોઘ સુંદર સાધન અને મુક્તિનું મંગલદ્વાર કહેવામાં આવ્યું છે. એની દ્વારા 'સ્વ' અને 'પર'ની સમુન્નતિ સાધી શકાય છે. એની અવજ્ઞા કદી પણ ના કરી શકાય. એના મોહમાં અથવા એની આસક્તિમાં ના પડીએ એ બરાબર છે, પરંતુ એના પ્રત્યે દુર્લક્ષ તો ના જ રાખી શકાય. એને અભિશાપરૂપ માનવાની, દંડ દેવાની અને નિર્બળ બનાવવાની વૃત્તિ તથા પ્રવૃત્તિને તંદુરસ્ત, અભિનંદનીય કે આદર્શ ના કહી શકાય. એને સ્વસ્થ, સુદૃઢ, શક્તિશાળી અને નીરોગી રાખીએ અને સત્કર્મના અનુષ્ઠાન માટે સાધન બનાવીએ એ આવશ્યક છે. એનો આધાર લઈને જ આત્મવિકાસની સાધના કરી શકાશે ને બીજાં લોકકલ્યાણનાં કાર્યોમાં પ્રવૃત્ત થઈ શકાશે.

પરંતુ માનવ એકલા શરીરનો જ નથી બનેલો. એની પાસે મન પણ છે, એ મનને નિર્મળ, સાત્વિક, સુદૃઢ, સંસ્કારી, સદવિચાર સંપન્ન ના બનાવવામાં આવે અને નિયંત્રણમાં ના રાખવામાં આવે ત્યાં સુધી જીવનની સાચી શાંતિ ના સાંપડી શકે અને વિકાસ પરિપૂર્ણ ના બને. દૃઢ મન અને સંશય-વિપર્યયરહિત નિશ્ચયાત્મિકા સદબુદ્ધિ જીવનની મહામૂલી મૂડી છે. એનો ઈન્કાર કોઈનાથી નહિ કરી શકાય. એ મનને સુખ તથા દુઃખમાં, સંપત્તિ ને વિપત્તિમાં, લાભ અને હાનિમાં, જય તથા પરાજયમાં તથા અધઃપતન અને અભ્યુત્થાનમાં સ્વસ્થ રાખવું, નિર્લિપ્ત બનાવવું અને આસક્તિ તેમજ અહંતારહિત કરવું - એ સાધનાનું અનુષ્ઠાન પણ કરવાનું છે, જેથી જીવનના ને જગતના અનુકૂળ અને પ્રતિકૂળ પ્રવાહો એને ચલાયમાન, પથભ્રાંત અથવા અશાંત ના કરી શકે.

શરીર, મન અને બુદ્ધિ ઉપરાંત માનવને હૃદય છે. એ હૃદય પ્રેમમય, સહાનુભૂતિસંપન્ન, સુવિશાળ અને સંવેદનશીલ બને અને એ છતાં પણ એ સંવેદનશીલતાનો પ્રવાહ માનવને પરવશ બનાવીને પોતાની સાથે ખેંચી ના જાય એનું એણે ધ્યાન રાખવાનું છે. પ્રેમ હોય છતાં મોહ ના હોય, દયા કે કરુણા હોય છતાં મમત્વ ના હોય, અને સરળતા, મધુરતા, ઊર્મિશીલતા હોય છતાં તટસ્થતા હોય એવી ભૂમિકાની એણે પ્રાપ્તિ કરવાની છે. પ્રાણના સઘળા વિકારો અને લૌકિક-પારલૌકિક લાલસાઓ અને વાસનાઓથી ઉગરવાનું છે.

પરંતુ માનવ તન, મન અને અંતરનો જ બનેલો છે ? ના, એની પાસે જ્યોતિની પણ જ્યોતિ જેવો અજર-અમર આત્મા છે, અને એનું મૂળભૂત વાસ્તવિક સ્વરૂપ એ જ છે. એનો એણે સાક્ષાત્કાર કરવાનો છે. કેવળ બૌદ્ધિક રીતે જ નહિ પરંતુ બુદ્ધિ તથા મનનું અતિક્રમણ કરીને એનો સીધો, પ્રત્યક્ષ સંપર્ક અથવા સ્વાનુભવ કરવાનો છે. અંદર જે શક્તિ છે, શાંતિનો સમુચ્ચય અને પ્રજ્ઞાનો પવિત્રતમ ભંડાર છે, તેની ઉપલબ્ધિ કરવાની છે. એને સ્વાનુભૂતિ પણ કહી શકાય. ત્યારે પોતાની - જીવનના મૂલાધારની - શોધ પૂરી થાય છે. જીવન સફળ, સાર્થક, શાંતિમય બની જાય છે.

એટલે સાધનાનો એવો અભ્યાસક્રમ જ માનવને માટે આશીર્વાદરૂપ ઠરે અને એ સાધનાના નામને યોગ્ય ઠરે. જે એના તન-મન-અંતર અને આત્માનો સંયુક્ત વિકાસ સાધે, એ સર્વેના મહત્વને સ્વીકારે, ન્યાય આપે અને માનવને પૂર્ણ માનવમાં પલટાવે. એ દૃષ્ટિએ વિચારીએ તો કહી શકાય કે યોગ, ભક્તિ, જ્ઞાન

તથા કર્મ સૌનો સમન્વય કરવો જોઈએ. સાધક સાધકાવસ્થાને વટાવીને સિદ્ધાવસ્થાએ પહોંચે છે. પૂર્ણ માનવ જેનો આધાર લઈને પોતે આગળ વધે છે તે પોતાની આજુબાજુના જગતને તો નહિ જ ભૂલે. એને માટે પણ શક્ય એટલું કરી છૂટશે એવી આશા રાખીએ.

☼ ☼ ☼ ☼ ☼

## 58. વિચારની શક્તિ

એક માણસ માંદગીના જ વિચારો કર્યા કરતો. પોતે ખૂબ જ બિમાર છે, સંસારમાં સૌથી વધારે બિમાર છે, એવી ભાવનાઓનું સેવન કરતો. પરિણામે સ્વાસ્થ્યને ના સાચવી શકતો. વારંવાર માંદગીમાં અને કેટલીક વાર તો ભયંકર માંદગીમાં સપડાતો. દવાઓ કરતો તો પણ દવાઓ એને લાગુ પડતી નહિ. એની પાસે અઢળક સંપત્તિ હતી તો પણ એનો ઉપયોગ એ નહોતો કરી શકતો. એ વિચારતો કે સંસારમાં હું સૌથી વધારે કંગાળ છું, મારી પાસે કશું જ નથી. મારે વધારે ને વધારે ઐશ્વર્ય મેળવવાની અને એને માટે મહેનત કરવાની આવશ્યકતા છે. એના અનેક મિત્રો અને સ્વજનો હોવા છતાં એ માનતો કે સંસારમાં મારું કોઈ જ નથી, હું એકલો જ છું. મારા જીવનમાં કશો રસકસ નથી. એવા વિપરીત વિચારોને લીધે એનું મુખમંડળ મ્લાન રહેતું, દિલ દુઃખી રહેતું અને જીવનના રહ્યાસહ્યા આનંદને અનુભવવાનું કાર્ય એને માટે આકાશકુસુમ સમાન અશક્ય બની જતું.

એની પડોશમાં રહેતો બીજો માણસ અભાવગ્રસ્ત હોવા છતાં પોતાને અભાવગ્રસ્ત માનવાને બદલે આનંદપૂર્વક જીવતો. એ પોતાને સુખી સમજતો અને પોતાની તથા બીજાની સુખાકારી અને શાંતિના સંકલ્પો કરતો. એનું શરીર કોઈ વાર અસ્વસ્થ બનતું તો પણ એને અન્ય ઔષધની આવશ્યકતા ના પડતી. એનો આનંદી સ્વભાવ એને માટે ઔષધ સમાન બની જતો. એ વહેલી તકે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરતો. પહેલો માણસ અકાળે વૃદ્ધ થઈ ગયેલો, જ્યારે બીજો માણસ વૃદ્ધાવસ્થામાં પણ યુવાન દેખાતો.

માનવના વિચારોની અસર એના મન તથા તન પર ઘણી મોટી, શકવર્તી પડે છે. માટે તો કહ્યું છે કે માનવ જેવા વિચારો કરે છે તેવો બને છે. વિચારો એનો ઘાટ ઘડે છે. એને સુધારે છે ને બગાડે છે. આનંદ અર્પે છે ને શોકમાં ધકેલે છે. સ્વસ્થ રાખે છે ને અસ્વસ્થ બનાવે છે. આજે માનવ જેવો છે, એવો એના ભૂતકાળના ભાવો, વિચારો, સંકલ્પોને લીધે છે અને ભવિષ્યમાં જેવો બનવા માગશે એવો એના વર્તમાનકાળના ભાવો, વિચારો, સંકલ્પોને અનુસરીને એમને અનુરૂપ બની શકશે. વિચારો, ભાવો તથા સંકલ્પોમાં ધાર્યા કરતાં ઘણી મોટી શક્યતા ને શક્તિ સમાયેલી છે. એ દ્વારા માનવ પોતાની કાયાપલટ કરવાની સાથે સાથે એથી આગળ વધીને બીજાની કાયાપલટ કરી શકે છે.

વૈદિક ઋષિવરે કહ્યું છે કે મારું મન પવિત્ર, કલ્યાણકારક, હિંસક નહીં પરંતુ અહિંસક, દ્વેષયુક્ત નહીં પરંતુ પ્રેમપૂર્ણ, ભંજનાત્મક નહિ પરંતુ મંડનાત્મક ભાવો અને વિચારોથી સંપન્ન થાવ. **तन्मे मनः शिवसंकल्पमस्तु ।** - એ કથનમાં ઘણો મોટો, સર્વોપયોગી, સૂચિતાર્થ સમાયેલો છે. આપણે એનો લાભ લઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## 59. દેવતાનું દર્શન

દેવતાઓ જે રૂપમાં આપણી પાસે આવે છે, તે રૂપમાં આપણે તેમને નથી પૂજતા; પરંતુ તેમની પથ્થરની પ્રતિમાઓને પૂજીએ છીએ : એવી પાંગળી આપણી પૂજા છે !

ઉત્તમોત્તમ ને ફોરમવંતા ફૂલોથી આપણે તેમને શણગારીએ છીએ ને તેમના શરીરે સુગંધિત પદાર્થો ને અત્તર લગાડીએ છીએ. પરંતુ આપણા પથપ્રદર્શક થઈને જે આપણા માર્ગને સાફ કરવા આવે છે, એમનું અપમાન કરીએ છીએ ને કેટલીવાર એમને અપશબ્દો પણ કહીએ છીએ. એવી પાંગળી આપણી પૂજા છે !

વરસોની ઉપાસનાને અંતે પણ તે હાલતા નથી, ને એક અક્ષરેય બોલતા નથી. છતાં પણ અચળ શ્રદ્ધા ધારણ કરીને આપણે તેમની પૂજા કરીએ છીએ; પરંતુ અમૃતનો વરસાદ વરસાવીને, વહાલથી ભરેલા વચને આપણી અશુદ્ધિનો અંત આણવા જે તન તોડીને મહેનત કરે છે, એમની આપણે અવગણના કરીએ છીએ, એમનો સત્કાર પણ કરતા નથી : એવી પાંગળી આપણી પૂજા છે !

જે આપણી સામે, સાથે ને આજુબાજુ જ રહે છે, એમની તરફ જોતા પણ નથી; જે આપણા માટે આંસુ સારે છે, મહેનત કરે છે ને બલિદાન આપે છે, એમને આપણે ઓળખતા પણ નથી; ને દૂરના દેવને પૂજીએ છીએ. આવી આંધળી આપણી આરાધના છે !

એક યુવકને જગદંબા પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો. એ જગદંબાની ઉપાસના કરતો. એને જગદંબાનાં સાક્ષાત્ દર્શનની આનંદાનુભવની આકાંક્ષા જાગી. એથી પ્રેરાઈને એ એકાંત અરણ્યમાં આવેલા દેવમંદિરે ગયો અને અનશન આરંભીને આરાધનામાં બેઠો. એકાદ અઠવાડિયામાં એનું શરીર સુકાઈ ગયું અને નિર્બળ બન્યું. એને ઘોર નિરાશા, ચિંતા અને અસફળતાને પરિણામે અશ્રદ્ધા થઈ. એક દિવસ સ્વપ્નમાં એને એક સુકુમારી કન્યાએ દર્શન આપીને કહ્યું કે હું તો તારા ઘરમાં માતારૂપે વિરાજમાન છું, છતાં પણ મારી પ્રત્યે તું સારો વ્યવહાર નથી કરતો. મારું પૂરતું ધ્યાન નથી રાખતો, મને દુઃખી કરે છે અને હવે મારા સાક્ષાત્કારની ઈચ્છા રાખે છે ? મને ઓળખવાની દૈવી-દૃષ્ટિની તો પ્રાપ્તિ કર. એ પછી તને સમજાશે કે હું તો તારી સાથે ને પાસે જ છું. તું જ મારાથી દૂર છે.

યુવકની આંખ ઉઘડી. એને નવીન દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ થઈ. ઘેર પહોંચીને એણે માતાની સેવા કરવા માંડી.

આપણામાંના અનેકને એવી રીતે પરમદેવ પરમાત્માના દર્શનની ઈચ્છા થઈ આવે છે, પરંતુ આપણી સમીપમાં અને આજુબાજુ એ પરમ દેવતાનો પવિત્ર પ્રકાશ પથરાયેલો છે એને પેખવાનો પ્રયત્ન આપણે ભાગ્યે જ કરીએ છીએ. દૃષ્ટિ બદલાય તો સૃષ્ટિ બદલાય અને સમસ્યા પણ ઉકલી જાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૦. ધર્મસ્ય તત્વં નિહિતં ગૃહાયામ્

ધર્મના સારતત્વ પરમાત્મા છે. સઘળા સુસંસ્કૃત શ્રેષ્ઠ ધર્મો ધર્મના સારતત્વરૂપે પરમાત્માનું સમર્થન અને પ્રતિપાદન કરે છે. ધર્મો પરમાત્માને પામવાની સાધના પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. ધર્મનું અનુષ્ઠાન જીવનને નિર્મળ કરવા, જ્યોતિર્મય બનાવવા, અને સ્વરૂપના સાક્ષાત્કાર દ્વારા પરમાત્માને ઓળખવા માટે જ કરવામાં આવે છે અને કરાવું જોઈએ. ધર્મ જો માનવને પોતાના એ મૂળભૂત ધ્યેયથી દૂર લઈ જાય અથવા વિપથગામી બનાવે અને બીજી આડવાતોમાં અટવાવે તો એ ધર્મ માનવની સાચી સેવા ના કરી શકે અને સાચા ધર્મના નામકરણને યોગ્ય પણ ના ઠરે. એણે માનવના અંતરાત્માને ઉદાત્ત કરી, આલોકિત બનાવી, પરમાત્માભિમુખ કે પરમાત્મપરાયણ બનવાની ક્ષમતા ધરી પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક કરવો જ જોઈએ.

ધર્મના સારરૂપ અથવા પરમતત્વરૂપ એ પરમાત્મા ક્યાં વિરાજે છે ? મહાભારતમાં યક્ષના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે યુધિષ્ઠરે જણાવ્યું છે કે એ હૃદયરૂપી ગુફામાં વિરાજમાન છે. એનો અર્થ એ થયો કે એમના અવલોકનની આકાંક્ષાવાળા માનવે એમના અવલોકનકાર્યમાં સફળતા મેળવવા માટે પોતાના હૃદયમાં દૃષ્ટિપાત કરવો જોઈએ અથવા પોતાની અંદર, પોતાના દીલની દુનિયામાં ખોજ કરવી જોઈએ. માનવ મોટેભાગે બહિર્મુખ બનીને દેવસ્થાનોમાં, તીર્થોમાં, શાસ્ત્રોમાં, કર્મકાંડોમાં અને સાધનાત્મક ક્રિયાકલાપોમાં એમની શોધ કરે છે. એથી સાત્વિકતા વધે છે, પરમાત્માપરાયણતા તથા પવિત્રતા પણ કેળવાય છે અને જીવનના આધ્યાત્મિક ઉચ્ચત્તમ આદર્શ પ્રત્યે જાગ્રત થવાય છે એ સાચું, પરંતુ માનવે એમનાથી ઉપર ઊઠીને, અંતર્મુખ વૃત્તિને ધારીને, અંતરંગ સાધનાત્મક અભ્યાસક્રમનો આધાર લઈને, મનને સ્થિર અને શાંત કરી, પોતાની અંદર રહેલી પરમાત્માની પરમજ્યોતિને પેખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ત્યારે જ પરમાત્માના સાક્ષાત્કારની કે પરમ તત્વના દર્શનની સાધના સફળ થઈ શકે.

ગુરુ નાનકદેવે એ સંદર્ભમાં જ કહ્યું છે કે વનમાં એમને શોધવા માટે શા માટે જાય છે ? એ તો અંતરની અંદર બેઠેલા છે, અલિપ્ત છે, તારામાં સમાયેલા છે.

**'કાહે રે બન ખોજન જાઈ,**
**અંતરદર્શી સદા અલેપા તો હી સંગ સમાઈ'**

પુષ્પમાં પરિમલ, દર્પણમાં દૃશ્ય, સરિતામાં સલિલ ને મધમાં મધુતાની પેઠે એ તારા અંતરાત્મા બનીને વિરાજમાન છે.

સમસ્ત બ્રહ્માંડ પણ એક વિશાળ અનંત ગુફા જ છે. એની અંદર, એના અણુએ અણુમાં એ પરમાત્માનો પરમપવિત્ર પ્રકાશ પથરાયેલો છે. એ પાવન પ્રકાશને પેખવાની ટેવ પાડીએ તો સમસ્ત સંસાર પરમાત્માના પરમધામ જેવો લાગશે. ઈશાવાસ્ય ઉપનિષદે જણાવ્યું છે કે 'ઈશાવાસ્યમિદં સર્વમ્' - સઘળું પરમાત્માથી છવાયેલું છે. એવો અસાધારણ અનુભવ પણ સહજ થઈ જાય.

**'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,**
**જૂજવે રૂપે અનંત ભાસે'**

એ સ્વાનુભવસંપન્ન ભક્તકવિ નરસિંહ મહેતાની સ્વાનુભૂતિ સાથે આપણો અંતરાત્મા પણ સુસંવાદી સૂર પુરાવે.

☼ ☼ ☼ ☼ ☼

## 61. જીવનનો પુણ્ય પ્રવાસ

પ્રવાસનો પંથ અને એમાંય પર્વતીય પ્રદેશના પ્રવાસનો પંથ ધાર્યા જેટલો સરળ નથી હોતો. એમાં અનેક પ્રકારની આકસ્મિક અણધારી આપત્તિઓ આવે છે. પ્રવાસીને એમનો સસ્મિત સામનો કરીને એમાંથી માર્ગ કાઢવો પડે છે.

અમે બદરીનાથની યાત્રામાં જોશીમઠથી મોટરમાં આગળ વધ્યા ત્યારે સંધ્યાનો સમય સમીપ હતો. થોડીવારમાં સંધ્યાની સુરખી આકાશના આંગણમાં છવાવા લાગી. એવે વખતે પ્રવાસ કરવાનું પ્રવાસી ભાગ્યે જ પસંદ કરે. અમારા સાથીઓએ પણ સ્વાભાવિક રીતે જ પસંદ ના કર્યું. કિન્તુ મારી ઈચ્છા બદરીનાથ પહોંચીને ત્યાંના પુણ્યપ્રદેશમાં વિશ્રામ કરવાની હોવાથી સૌ મને કે કમને આગળ વધ્યા. અમારી બંને ટેક્ષીઓ જોષીમઠથી નીચે ઉતરતી આગળ વધી. પાંચેક મિનિટનું અંતર કપાયું ત્યાં તો અમારા ટેક્ષી ડ્રાઈવરે ટેક્ષીને બ્રેક મારીને બૂમ પાડી કે ખતમ. મરી ગયા ! એ ગભરાઈ ગયો. નાહિંમત બન્યો. સમીપવર્તી પર્વત પરથી એક મોટો તોતીંગ શિલાખંડ નીચે પડ્યો, અને અમારા માર્ગને રોકીને ઊભો રહ્યો. ડ્રાઈવરે જો સમયસૂચકતા વાપરીને બ્રેક ના મારી હોત તો એના આઘાતથી અમારી મોટરના ફૂરચેફુરચા ઊડી જાત અથવા મોટર નીચે ગંગામાં પડત.

બંને ટેક્ષીઓ રસ્તામાં અટકી પડી. આજુબાજુ અંધકારના ઓળા ઉતરવા માંડ્યા. હવે શું કરવું ? આગળ વધવાની મુશ્કેલી હતી. અને એ પર્વતીય માર્ગે પાછળ પણ જઈ શકાય તેમ ન હતું. મેં સૌને પ્રાર્થના કરવાની સૂચના કરી. એવે વખતે પ્રાર્થના કોણ કરે ? સૌનાં મન વિક્ષિપ્ત હતાં. મેં શાંતિપૂર્વક, સર્વેશ્વર પરમાત્મામાં શ્રદ્ધાભક્તિ સહિત એમના અસાધારણ અનુગ્રહ માટે પ્રાર્થના કરી. ત્યાં તો એક ચમત્કાર બન્યો. હા, એને ચમત્કાર જ કહી શકાય. અમે જે પથ પરથી પસાર થઈને આગળ વધેલા તે પર્વતપથ પર દૂર કેટલાક મજૂર જેવા માણસો દેખાયા. અમારી પ્રાર્થનાને માન્ય રાખીને એ દેવદૂતની જેમ અમારી પાસે પહોંચી ગયા. એમણે એમના ઓજારોથી પેલા પાષાણખંડને પથની એક બાજુએ ખસેડી દીધો. એ પછી અમારી મોટરો આગળ વધી. મેં અને અન્ય સૌએ સર્વેશ્વર પરમાત્માનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

જીવનના પુણ્યપ્રવાસનું પણ ઓછેવત્તે અંશે એવું જ છે. એ પુણ્યપ્રવાસ સદાને સારું, સરળ, સુખસભર, શાંતિમય નથી હોતો. એમાં પાર વિનાની પ્રતિકૂળતાઓ, પ્રલોભનો, પરિતાપો, પીડાઓ આવ્યા કરે છે. પાષાણો પથરાયા હોય છે કે પડે છે. એમાં મખમલની મુલાયમ જાજમો નથી બિછાવી હોતી. ગુલાબો ક્વચિત અને કંટક જ અધિક હોય છે. છાયા સ્વલ્પ અને તાપની માત્રા વિશેષ હોય છે. તો પણ જીવનના એવા જટિલ પુણ્ય-પ્રવાસમાં નિરાશ થવાનું, નાહિંમત બનવાનું કે નાસીપાસ થવાનું નથી.

પાર વિનાની પ્રતિકૂળતાઓ, પીડાઓ, પ્રલોભનવૃત્તિઓ અને અનેકવિધ અવરોધોની વચ્ચેથી પણ મનને બનતું મક્કમ કે મજબૂત રાખીને સર્વેશ્વર પરમાત્માનું શરણ લેતાં ને સ્મરણ કરતાં આગળ વધીએ તો પ્રતિકૂળતાઓને પાર કરીને પ્રવાસને પ્રશાંતિપૂર્વક પૂરો કરી શકીએ. જીવનના જટિલ પ્રવાસને સાચા અર્થમાં પુણ્યપ્રવાસ કરીએ.

☼ ☼ ☼ ☼ ☼

## 62. દુરાચાર

ચારે તરફથી ફરિયાદ કરવામાં આવે છે કે દેશમાં દુરાચાર વધતો જાય છે. માનવતા, નીતિમત્તા, નેકી અથવા પ્રામાણિકતાના ને પવિત્રતાના પાયા હાલી ઊઠ્યા છે ને તૂટવા લાગ્યા છે. સત્તાની સ્પર્ધા, પદ ને પ્રતિષ્ઠાની લાલસા, અધિકારનો ઉન્માદ, છળકપટ, યેનકેન પ્રકારેણ પોતાનું મહત્વ તથા પ્રભુતા જાળવવાની ને ખુરશીને સાચવવાની પ્રવૃત્તિ, વાતો મોટી પરંતુ વર્તન ખોટું. જેમ તેમ કરીને ધનસંગ્રહ કરવાની કે સંપત્તિશાળી બની જવાની તૃષ્ણા, સિદ્ધાંતનિષ્ઠા અને આદર્શનો અભાવ, લાંચરૂશ્વત, કાળાબજાર - દેશમાં ઠેરઠેર એનું દર્શન થાય છે. આઝાદી પછી એ બધું ઘટવાને બદલે ઉત્તરોત્તર વધતું જાય છે. એ ફરિયાદ ઓછાવત્તા પ્રમાણમાં સાચી હોય તો પણ એનો ઉપાય શું ? એને મટાડવાનો માર્ગ કયો ? સરકાર પોતાની રીતે જે કરવા જેવું હશે તે કરશે, પરંતુ આપણે પણ એ દિશામાં સક્રિય એવું કરી શકીએ.

એક ગામમાં એકાએક વીજળીનો સંબંધ કપાવાથી અંધારું ફરી વળ્યું. લોકોએ અંધાર, અંધારની બૂમો પાડવા માંડી. એ વખતે કેટલાક યુવકોએ પોતાના ફાનસ સળગાવ્યાં અને પહોંચાડી શકાય તેટલા ઘરોમાં મીણબત્તીઓ પહોંચાડી. થોડા વખતમાં તો મોટાભાગના ઘરોમાં રોશની ફરી વળી ને લોકોની ફરિયાદ દૂર થઈ ગઈ. ગામના બધા માર્ગો મેલા થઈ ગયા ને લોકો ફરિયાદ કરવા લાગ્યા ત્યારે એ યુવકોએ પોતાના માર્ગો સાફ કર્યા ને ગામને સ્વચ્છ કરવાનું સેવાકાર્ય આરંભ્યું.

આપણે પણ કેવળ ફરિયાદો કરવાને બદલે અને બીજાને દોષ દઈને બેસી રહેવાને બદલે આપણા પોતાના જ ઘરની ગંદકીને દૂર કરીએ અને આપણી જીવનશેરીઓને સ્વચ્છ કરવાનો પ્રયત્ન આદરીએ, બીજાને એ શુદ્ધિકાર્યનો ચેપ લગાડીએ અને સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીને સમજીને કોઈ પણ સંજોગોમાં દુરાચારી ન થવાનો ને સદાચારી બનવાનો સંકલ્પ સેવીએ તો આસપાસનો અંધકાર ધીમેધીમે છતાં મક્કમ રીતે દૂર થાય અને આજુબાજુની અશુદ્ધિનો અંત આવે. શુદ્ધિની શરૂઆત આપણા પોતાના જ જીવનથી કરીએ. આપણી પોતાની જીવનવાટિકામાં પરિમલ પુલકિત પ્રાણવાન પુષ્પો પ્રકટાવીએ. સમાજ વ્યક્તિનો જ બનેલો છે, વ્યક્તિઓનો સમૂહ છે, એનું ધ્યાન રાખીએ. એકેક વ્યક્તિ આદર્શ જીવન જીવવાનો સંકલ્પ સેવશે, આગ્રહ રાખશે, સુધરવા માંડશે, સંનિષ્ઠ બનશે, તો સમસ્ત સમાજનું વાયુમંડળ વિશદ થશે, ઉદાત્ત બનશે. થોડી કે વધારે વ્યક્તિઓ પણ આદર્શ જીવન જીવવાનો પ્રયાસ કરશે તો એની અસાધારણ અસર અન્ય અને અનેક પર પડ્યા વિના નહિ રહે.

☼ ☼ ☼ ☼ ☼

## 63. ભાડૂતી ઘર

એક ભાડૂતે શહેરમાં તાજેતરમાં તૈયાર થયેલા નવા જ મકાનને ભાડે રાખ્યા પછી એની સારી પેઠે સંભાળ રાખીને અને સરસ રીતે સાચવીને ચિત્તાકર્ષક બનાવી દીધું. એની દિવાલોને સુંદર રંગે રંગી દીધી, એની આગળની ઉજ્જડ જેવી જગ્યાનો ઉપયોગ કરીને સરસ બગીચો બનાવી દીધો, પ્રવેશદ્વારને આકર્ષક બનાવ્યું અને આખાયે મકાનને સરસ રીતે સજાવી દીધું. જે પણ એની મુલાકાત લેતા એ એના અવલોકનથી આશ્ચર્યચકિત અને આનંદમગ્ન બની જતા. એની મુક્ત કંઠે, કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય પ્રશંસા કરતા. વાહવાહ પોકારી ઉઠતા.

એની બાજુમાં તાજેતરમાં જ તૈયાર થયેલા એવા જ એક બીજા મકાનને બીજા ભાડૂતે ભાડે રાખેલું. એણે એને સારી પેઠે સાચવવાને બદલે બગાડી નાંખેલું. એની દિવાલો પરના રંગને ઉખાડી નાખેલો, આંગણાને અશુદ્ધ કરેલું, અને બારીના કેટલાક કાચને તોડી નાખેલા. મુલાકાતીઓ એને અવલોકીને પ્રસન્ન બનવાને બદલે ઉદાસીનતા ધારણ કરતા. એમને એ સ્મશાન જેવું લાગતું. ભાડૂતે એને સારું રાખવાનો અને શણગારવાનો પ્રયાસ જ નહોતો કર્યો.

માનવને મળેલું માનવશરીર અને જગત પણ ભાડૂતી મકાન જેવું જ છે. કેટલાક માનવો એમાં આવીને એને સુરક્ષિત રાખે છે, શણગારે છે, વધારે ને વધારે સારું કરવાનો પુરુષાર્થ કરે છે, તો કેટલાક એને બગાડે છે, એની શોભામાં વધારો કરવાને બદલે ઘટાડો કરે છે. જે ઘર પોતાનું નથી એને પોતાનું સમજે છે, એમાં મમતા અને આસક્તિ કરે છે અને એને છોડવાનો સમય આવતા બેચેન બને છે, શોક કરે છે, ને સંતાપ અનુભવે છે.

માનવજીવન અને જગત એક ભાડૂતી ઘર જેવું છે. એમાં મમતા અથવા માલિકીભાવ કરવો અસ્થાને છે. એના મૂળ માલિક આપણે નથી. આપણે તો ભાડૂત છીએ, એ યાદ રાખવાનું છે. આ ઘરમાં શ્વાસ લેવાનું સૌભાગ્ય સાંપડ્યું છે ત્યારે એને અધિકાધિક સ્વચ્છ, સુંદર, સમૃદ્ધ અને સમુન્નત કરવાનો અને એના ગૌરવને જાળવી રાખવાનો પ્રયત્ન કરીએ એ આવશ્યક છે. એને બગાડવાનો, આસુરી સંપત્તિથી ભરી દેવાનો પ્રયાસ તો ન જ કરીએ. આ જગત-ઘરને છે એનાં કરતાં વધારે સરસ, શોભાસ્પદ બનાવવાનો વ્યક્તિગત તથા સમષ્ટિગત પ્રયાસ કરીએ તો એના સ્વરૂપને પલટાવી શકીએ. એવું ના કરીએ તો આપણા સિવાય બીજા કોઈનેય દોષ દેવાનો ના હોય. ભાગ્યને, ગ્રહ-નક્ષત્રને, કાળને, કર્મને, ઈશ્વરને, કોઈનેય નહીં.

☼ ☼ ☼ ☼ ☼

## 64. સહયોગ

આપણે ત્યાં પુરાતન કાળથી જુદાજુદા યોગો પ્રચલિત છે : હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ધ્યાનયોગ, લયયોગ, કુંડલિનીયોગ, નાદાનુસંધાન યોગ વિગેરે. આત્મિક વિકાસના સાધકોને માટે એ બધા યોગો આશીર્વાદરૂપ છે, તો પણ આપણું લક્ષ એક બીજા આવશ્યક યોગ તરફ કેન્દ્રિત કરવામાં આવે એ જરૂરી છે. એ યોગ સહયોગ છે. સત્કર્મોના સમ્યક અનુષ્ઠાનને માટે સહકાર કરવાનો યોગ. આપણા વ્યક્તિગત અને સમષ્ટિગત જીવનને સમુન્નત બનાવવા માટે એ યોગની આજે અને આવતીકાલે ખૂબ જ મોટી આવશ્યકતા છે.

દોરો એકલો હોય છે ત્યારે એટલો બધો સુદૃઢ અને શક્તિશાળી નથી હોતો. પરંતુ બીજા દોરાઓ સાથે એનો સહયોગ સધાય છે, ત્યારે એનું સ્વરૂપ બદલાઈ જાય છે. અનેક દોરાઓનું એક રજ્જુ બને છે. એ કેટલા બધા કામમાં આવે છે ? એનું સામર્થ્ય કેટલું બધું વધી જાય છે ? સૂર્યકિરણોનું કેન્દ્રિકરણ કરવામાં આવે છે ત્યારે એ દઝાડી પણ શકે છે અને ઉષ્મા આપે છે. પાણીને કેન્દ્રિત કરીને એની અંદરથી વિદ્યુતશક્તિનો આવિર્ભાવ કરવામાં આવે છે. કીડી એકલી હોય છે ત્યારે એટલી બધી શક્તિશાળી નથી હોતી. એ જ્યારે સહયોગ સાધે છે ત્યારે ભયંકર સાપને પણ મૂંઝવીને મારી નાખે છે. માનવ પણ સત્કર્મો માટે પારસ્પરિક સહયોગ સાધે તો એમનું સામર્થ્ય વધી જાય. સંઘબળની શક્તિ વિશાળ છે. એ શક્તિ સમાજના દુઃખદર્દને દૂર કરવાના ને બીજાની સમુન્નતિ સાધવાના સત્કર્મમાં લાગે તો એનું પરિણામ અત્યંત આશ્ચર્યકારક આવે.

વિચારોનો ભેદ હોય તો પણ એક સર્વસામાન્ય કલ્યાણકાર્યને કાજે, એક ઉત્તમ આદર્શની સિદ્ધિને માટે, સહયોગ સાધી શકાય છે. વયનો ને વ્યક્તિગત પરિસ્થિતિનો, સાક્ષરતાનો ને નિરક્ષરતાનો, ગરીબી અને અમીરીનો ભેદ પણ એમાં વચ્ચે નથી આવતો. પોતપોતાની વ્યક્તિગત વિચારધારાઓને ગૌણ ગણીને અને સમષ્ટિગત શાંતિ, સુખાકારી, સમૃદ્ધિને પ્રાધાન્ય પ્રદાન કરીને સૌ કોઈ સહયોગની ભાવનાને જીવનમાં વણી શકે છે.

સહયોગ રચનાત્મક કામોમાં કરાવો જોઈએ. ભંજનાત્મક કે ખંડનાત્મક કુકર્મોમાં ના કરાવો જોઈએ. હિંસા, ચોરી, સ્વાર્થપૂર્તિ, શોષણખોરીને માટે જે સહયોગ થાય છે, એ અનર્થકારક છે, અભિનંદનીય નથી. પરંતુ સમાજને સમુન્નત કરવા માટે પ્રત્યેક ક્ષેત્રે કરાતો સહયોગ આવકારદાયક છે. એવા સહયોગ સિવાય સમાજની કાયાપલટ કદાપી ના કરી શકાય.

☼ ☼ ☼ ☼ ☼

## 65. ભક્તિના પ્રકારો

તુલસીકૃત રામાયણના અરણ્યકાંડમાં રામ અને શબરીના મેળાપ તથા વાર્તાલાપનો પ્રેરક પ્રસંગ છે. રાવણે પંચવટીમાંથી સીતાનું હરણ કર્યું તે પછી રામ અને લક્ષ્મણ, સીતાની શોધ કરવા માટે નીકળ્યા. શોધતા શોધતા તેઓ બેઉ શબરીના આશ્રમમાં આવી પહોંચ્યા.

કમળનયન, વિશાળબાહુ, માથે જટા ને મુકુટવાળા, ગળે માળાધારી શ્રીરામને જોઈને શબરી હરખઘેલી બની. એમના ચરણમાં પડી ગઈ. પ્રેમમગ્ન બની એ કશું બોલી ન શકી. રામના ચરણનું પ્રક્ષાલન કરી એણે એમને બેસવા માટે આસન આપ્યું, અને એમની આગળ કંદમૂળ તથા સરસ ફળ મૂક્યાં. રામ અત્યંત પ્રેમ તથા પ્રસન્નતાપૂર્વક એની પ્રશંસા કરીને ખાવા લાગ્યા.

શબરીને અસાધારણ આનંદ થયો. એના જીવનમાં મંગલ ઉત્સવ થયો. જીવનની ધન્યતાની વીણા એના અંતરમાં વાગી ઊઠી. ભાવવિભોર બનેલી શબરી બે હાથ જોડીને ભક્તિભાવે એમની આગળ ઊભી રહી કહેવા લાગી : ‘હે પ્રભુ, હું તમારી પ્રાર્થના-પૂજા કેવી રીતે કરું ? હું તો અધમ ગણાતી જાતિની અને એક મંદમતિ સ્ત્રી છું.’

ત્યારે શ્રીરામ બોલ્યા : ‘શબરી, હું તો એક ભક્તિના સંબંધને જ મહત્વ આપું છું. માણસ ઉત્તમ વર્ણનો, કુળનો અથવા તો ધર્મનો હોય; ધનવાન, બળવાન, ગુણવાન તથા ચતુર હોય, તેમજ સ્વજન અને સેવકોથી યુક્ત હોય, છતાં જો ભક્તિ વગરનો હોય તો તેને જળ વગરના વાદળ જેવો જાણવો. તેના જીવનની કશી કિંમત નથી. એવું જીવન કોઈનું કલ્યાણ નહીં કરે. ભક્તિ જ શ્રેય સાધી શકે છે. એ ભક્તિના નવ પ્રકાર છે. એ નવધા ભક્તિનો એક પ્રકાર પણ જેનામાં પૂરેપૂરા પ્રમાણમાં હોય તેને હું પ્રિય માનું છું. તારી અંદર તો ભક્તિના સઘળા પ્રકારો પૂર્ણતાએ પહોંચ્યા છે. એટલે જ મહાયોગી અને ઋષિમુનિઓને પણ દુર્લભ હોય એવી મારી કૃપા તને પ્રાપ્ત થઈ છે અને મારાં દર્શનનો લાભ ઘરબેઠાં મળી ગયો છે.’

શબરી સાથેના સુખદ વાર્તાલાપ દરમ્યાન તુલસીદાસે રામના શ્રીમુખમાં નવધા ભક્તિના રહસ્યની જે રજૂઆત કરી છે તે ભક્તિમાં માનનાર અને રસ લેનાર પ્રત્યેક સ્ત્રીપુરુષે યાદ રાખવા જેવી છે. આ રહી તે રજૂઆત (એનો ભાવાર્થ ગુજરાતીમાં આપેલો છે) :

ભક્તિનો પહેલો પ્રકાર સંતપુરુષોનો સમાગમ કરવો તે - એટલે જીવનમાં ભક્તિનો અરુણોદય થવાનો હોય ત્યારે મન સંતપુરુષો તરફ વળે છે અને પવિત્ર જીવનવ્યવહારવાળા નિષ્કપટ, ઈશ્વરપ્રેમી સંતપુરુષોના સહવાસમાં સ્વર્ગસુખ સાંપડે છે.

ઈશ્વરની લીલાના કથાપ્રસંગોમાં તથા જીવનના સુધાર અને વિકાસની વાતોમાં વૃત્તિ થવી એ ભક્તિનો બીજો પ્રકાર છે. સંતોનો સમાગમ આવી વૃત્તિને કેળવવા માટે જ હોવો જોઈએ. તો જ એ લાભદાયક થાય.

ત્રીજી ભક્તિ નમ્રતાને ધારણ કરવી અને ગુરુની શ્રદ્ધાથી સેવા કરવી તે અને ચોથી ભક્તિ સરળ હૃદયથી ઈશ્વરના ગુણ ગાવા તે છે.

અખંડ વિશ્વાસ સાથે ગુરુએ આપેલા કે પોતે પસંદ કરેલા મંત્રનો નિરંતર જપ કરવો તે પાંચમા પ્રકારની ભક્તિ છે, ને છઠ્ઠી ભક્તિ જુદાજુદા વ્યવહારિક કર્મોમાંથી મનને ઉપરામ કરી, સજ્જનને છાજે તેવી રીતે આચરણ કરતાં મન તથા ઈન્દ્રિયોનો સંયમ કરવો તે છે.


જગતમાં-જડ ચેતનમાં બધે ઈશ્વરનું દર્શન કરવું તથા સંતપુરુષોને ઈશ્વર કરતાં વધુ માનીને મળવું એ સાતમી ભક્તિ. સંતોષી બનવું અને બીજાના દોષને સ્વપ્ને પણ જોવા નહિ એ આઠમી ભક્તિ અને નવમી ભક્તિ સરળ તથા છળકપટથી રહિત થઈ હર્ષ-શોકનો ત્યાગ કરી એક ઈશ્વરનો જ ભરોસો રાખવો તે છે.

શ્રીમદ ભાગવતમાં ભક્ત પ્રહલાદે વર્ણવેલી નવધા ભક્તિ કરતાં આ નવ પ્રકારની ભક્તિ જરા જુદી પડે છે. છતાં રામાયણમાં વર્ણવેલી એ ભક્તિ ઘણી ઉપયોગી હોવાથી તેને જીવનમાં તદાકાર કરવી જોઈએ.

આ બધા પ્રકારનો વિચાર કરતાં સહેજે સમજી શકાય છે કે ભક્તિ માત્ર ભાવજગતમાં જીવવાનું સાધન નથી, પરંતુ સમસ્ત જીવનમાં ક્રાંતિ કરનારું, જીવનની શુદ્ધિ કરનારું અને જીવનમાં નવો પ્રાણ રેલી માનવીને ઈશ્વરપરાયણ બનાવનારું મહાન બળ છે. સાધક અથવા પરમાર્થના પથિકે એ દૃષ્ટિએ જ એનો આધાર લેવાનો છે. ભક્તિના એ પ્રકાર પોતાના જીવનમાં પ્રત્યક્ષ થાય છે કે નહિ તેનું ધ્યાન ભક્ત રાખે છે. નહિ તો જપ, વ્રત, સ્વાધ્યાય તથા તીર્થાટન જેવા બાહ્ય સાધનોનો આધાર તે લેશે તો તે સાધનો શુષ્ક બની તેને ભક્તિ તથા તેનાથી મળનારા ઈશ્વરાનુગ્રહનો સાચો સ્વાદ નહિ આપી શકે.

☼ ☼ ☼ ☼ ☼

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

*